બનામે ખુદા.

જેહાંગીરનામું

ફારસી ઉપરથી ગુજરાતીમાં

રચનાર—"મશરેક"

તે

મી૦ સોહરાબ શાહેરિયાર ઈરાની

તે

"પરસ્તાને-ચકરમ," "બેચેન-દુન્યા," "ઘેલા ઘાંચીનું કુટુંબ," "શયલા કુંવારી" અને "દમશીર કે શમશીર?" નામની વાર્તાઓના તથા "ઝાલીમ ખબીસ," "અડડા અઠડી," ઉર્દુ ઉપરથી "દેખાવલી દાફણુ," "નીતીમાન નરગેઝ" અને "જીગરમાં તીગર" નામના નાટકોના રચનાર.

કીંમત રૂપીઆ બે.

☞ આ "જેહાંગીર નામુ" એરચશા રૂસ્તમજી હીરજીબેહેદીને મુંબઇ એલફીન્સટન સરકલ કોટમાં આવેલા પોતાના ધી "કયસરે હિન્દ પ્રીંટીંગ વર્કસ"માં છાપ્યું છે, અને એના રચનાર સોહરાબ શહેરિયાર ઇરાનીએ મુંબઇ ધોબીતળાવ કાશીનાથ હાઉસમાં પોતાને માટે પ્રગટ કીધું છે.

અર્પણ.

મ્હારાં ભલાં અને નેક માતપીતા

બાઈ દૌલતબાઈ ખુશરૌ સનદલ મુબારકાઈ

શાહેરિયાર ખોદાદાદ નામદાર તાફ્તી

જેઓએ સખ્ત મહેનત કરી મ્હને કેળવણી આપી કે જે કેળવણીના અમૃત ફળ આજે હું ચાખું છું—જે માત-પીતાએ પોતે સાધારણ વહેવારૂ કેળવણી પામેલાં હોઇ મ્હને ઉંચી કેળવણી આપવાની કાલજી કરી—તે પ્યારા મા-બાપને મ્હારી કેળવણીના દરખ્તનું ફળરૂપી આ

જેહાંગીરનામું

તેમને અર્પણ કરીને

મ્હારી ઉપર એઓએ જે બુલંદ ચાહ દેખાડયો તેનો બદલો મ્હારી આખી ઝીંદગી પુરી થતાં સુધીબી હું વાલી શકું એમ નથી, છતાં આ નજીવી સેવા હું તેમની પ્યારી ખીદમતમાં રજુ કરીને પાક ખુદા એમની ઉમ્રદરાઝી કરે એવી દુઆ ચાહુંછું.

લી૦ દુવાગીર બેટો,

સોહરાબ.

દીબાચો.

શુક્ર તે બારેહકતાલાના કે ફરીથી એકવાર હું વાંચનારાંઓની જનાબમાં હાઝર થયો છું.

મ્હારી સંખ્યાબંધ ટુંકી વાર્તાઓ જુદે જુદે ઠેકાણે પ્રગટ થઇ પસંદગી પામ્યા પછી મ્હારી કેટલીક વાર્તાઓના પુસ્તકો પ્રગટ કરવાનો મેં વીચાર કર્યો અને બે વરસમાં આ ચોથા પુસ્તક સાથે મ્હારા મ્હેરબાન અઝીઝોની પ્યારી પનાહમાં હું દાખલ થયો છું. તમામ કોમીડીઓની રચેલી "પરસ્તાને ચકરમ" માંની ધરખમ નીરદોશ રમૂજો લોકપ્રીય થવા પછી, તમામ ટ્રેજીડીઓની "બેચેન દુન્યા" સાહીત્યના ખરેખરા સમજદાર વર્ગની કસોટીમાંથી કસાઇને ફતેહમંદ થઇ, જે પછી એક પારસી સંસારી લાંબી સીરીઓ-કોમીક વાર્તા "ઘેલા ઘાંચીનું કુટુંબ" બાદ, આજે હું આ મ્હારૂં "જેહાંગીરનામું" સાહીત્યના અને ઇતીહાસના શોકીનો સનમુખ ધરૂંછું.

આજે મ્હને એવડી ખુશાલી પયદા થાય છે, કેમજે હું મ્હારા વડવાઓનો ઇતીહાસ મ્હારા હમદીનો અને સાહીત્ય-પરસ્તારોના હાથમાં મુકવાને સામર્થવાન થયો છું, જે ઇતીહાસ ઘણોજ થોડા જણાયલો હોવાથી એક શેરદીલ પહેલવાન વડવાની સુંદર કારકીર્દી ફુઝુલ નહીં જાય અને આજના ઝમાનાની પારસી ઔલાદ તે ઇતીહાસથી વાકેફ થાય એવી મ્હારી મરઝીને ફતેહમંદ થયલી જોઇ હું ખરા દીલથી ખુશી છું.

મરહુમ નેક શાયર ફીરદૌસી તુસીએ શાહનામું લખીને ભલા ભલા ઇરાની પહેલવાનો અને પાદશાહોની કીર્તીને રોશન કીધી, અને તે મરહુમે પહેલવાન જેહાંગીર વીશે કાંઇ ધ્યાન નહીં આપેલું હોવાથી

નામવર જેહાંગીર શાહનામેહુથી દુર થયો! મગર, એક બીજા મોહમેદન શાયરે નામવર જેહાંગીરને યાદ કીધો, અને મરહુમ અબ્દુલ ક઼ાસીમે ગોયા જેહાંગીરની કીર્તીને રોશનીમાં મુકી દીધી.—એ મરહુમ શાયર અબ્દુલ ક઼ાસીમ હયરાતીની ફારસી બેતબાઝી ઉપરથી મેં આજનું મારૂં ગુજરાતી જેહાંગીરનામું રચી પ્રગટ કીધું. પાક ખુદા હયરાતના એ મરહુમ શાયરને બહીસ્તના આલા દરજ્જાનું સુખ બક્ષે, કે જેણે જેહાંગીરને આશકાર કીધો, અને જેના લેખ ઉપરથી મેં મ્હારો આજનો લેખ રચી લીધો.

હું મ્હારા આ જેહાંગીરનામા વીશે કાંઇબી બોલું એ બેશક આપબડાઇ સમાન ગણાય, અને તેથી મ્હારૂં જેહાંગીરનામું કેવું છે તેને માટે બે બોલ લખવા સારૂં મેં મ્હારા મીત્ર મી૦ પેસી ભેસાન્યાને આગ્રહ કીધો, ભાઇ પેસીને મેં જે હોય તે ખરૂંનરૂં જણાવવા કહયું, અને એ ભાઇએ મ્હારે માટે બે બોલ તો એવા તતરાવેલા તતરાવી કાઢયા છે કે ન પુછો વાત! મ્હારા એ નેકખ્વાહ મીત્ર કમ ફુરસદવાલા હોવાથી લખાણો લખવા માટે વખ્ત ફાજલ પાડી શકતા નથી, તોબી એવણ જયારે જીવપર ઝોરાવરી વાપરીને રાતના કોઇકવાર ઉજાગરો કરીને થોડુંક ચીત્રી કાઢે છે ત્યારે કાંઇ એવું કરી મુકે છે કે તકલીદી છાતણીઓમાં આગ લાગે છે, અને ખુશબુદાર પરસ્તાનોપર તડકો પડે છે!! ભાઇ પેસી ઈતીહાસના ખાં છે, અને મરાઠી ભાશાના ઉસ્તાદ છે.

મેં મ્હારૂં આ જેહાંગીરનામું મ્હારા વ્હાલાં માતપીતાને અર્પણ કર્યું છે, અને એથી વધારે મીઠી અર્પણ–પત્રીકા એક લેખક માટે આખી દુન્યામાં કદીબી મલી શકેજ નહીં. પાક ખુદા પછી કાંઇબી વધારે અઝીઝ હોય તો માતપીતાં, અને જયારે પાક પરવરને પ્રાણ અર્પણ હોય તો તેની પછી એક લેખક માટે પોતાનો કીમતીમાં કીમતી પ્યારો લેખ તે વ્હાલા માતપીતાને ચરણે ધરવા માટે સઉથી પહેલા મુમકીન થવો જોઇએ.

ઉપલી પ્યારી અર્પણ–પત્રીકા પછી મેં એક અશો યાદને યાદ કીધી છે, અને મ્હારા આ પ્યારામાં પ્યારા પુસ્તકમાં આજે હું તે અકેલો એક ફોટો રજુ કરૂં છું જે એક મ્હારા મરહુમ પ્યારા ભાઇનો છેઃ મરહુમ મરઝબાન નામદાર કુચેબીઆગી મ્હારા મસીઆઇ–ભાઇ થાય, જે ભાઇ પોતાની ભર જવાનીની શુરૂઆતમાં પોતાના વૃધ્ધ પ્યારા પીતાને, વહાલાં ભાઇ–બ્હેનોને તથા પોતાની પ્રીય મ્હેરદારને ગમમાં ગીરફતાર છોડીને આ દુન્યા તજી થોડુંકપરજ બ્હેસ્તનશીન થયા છે. મ્હારા નેક ભલા માસા, તેઓને બીચારાને છેલ્લા દોઢ વરસમાં ઘણાજ જબુન બે ફટકા લાગ્યા છે, એક નવજવાન બેટી પછી આ ભરજવાન બેટો જવાથી તેમના સાદા–સુખી ઘરમાંથી બે ચીરાગ ઓલવાઇ ગયાં છે, જે માટે એ વૃધ્ધ નેક મનશનીના પીરમર્દની જેટલી દયા ખાઇએ તેટલી ઓછી છે. પાક ખુદા હવે તો એમના ઘરનાં બીજાં ચીરાગોને સલામત અને સુખી રાખે એવી આ ભાણેજની દુઆ છે.

હવે મ્હારે થોડુંજ જણાવવાનું છે.–મ્હારૂં આ જેહાનગીરનામું હું છાપનાર છું તેની ખબર થતા મ્હારાં લગભગ બસો મ્હેરબાનોએ પોતાના મુબારક નામો ઘરાક તરીકે આગલથીજ નોંધાવ્યા છે, અને શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એદનવાલા એમ. વી. ઓ. સાહેબે પોતાના મરહુમ માનવંત પીતાશ્રીની અશો યાદમાં આ જેહાનગીર નામાની પચાસ નકલ ખરીદી છે. વલી, મ્હારા એક અઝીઝ મીત્ર મી૦ બરજોરજી એચ. બારીઆએ પોતાના મરહુમ નેક ધણીઆણી ગુલબાઇની યાદમાં ધર્મ ખાતે મોકલાવવા એકસો નકલ ખરીદીને મ્હને ઘણો આભારી બનાવ્યો છે.–વલી, આ જેહાંગીરનામું પોતાના પ્રેસમાં ઘણી સુંદર છપામણીમાં ઘણી જલદીથી છાપી આપવા માટે હું "કયસરે–હીન્દ" પ્રેસના લાયકીવાલા માલેક મ્હારા મ્હેરબાન મીત્ર ભાઈ એરચશાહ ર. હીરજી બેહેદીનનોબી ઘણો આભારી છું.

હવે પછી હું આ જેહાનગીરનામાની અસલ ફારસી બેતબાજીનું પુસ્તક પ્રગટ કરવા માંગુછું. ફારસી એબારતમાં શાયર અબુલ ફાસીમે જેમ લખ્યું છે તેમ ગૂજરાતી તાઇપમાં એ પુસ્તક છપાશે, અને મ્હારૂં આ ગૂજરાતી જેહાનગીરનામું જેણે વાંચ્યું હશે તેને ફારસીની મતલબ જાણવાની કાંઇ જરૂર રહેશે નહીં, મગર ફારસી ભાશાની શીરીન ઝબાનીનો મીઠાસ કેવો છે તેની મઝાહ મલશે. સુંદર એ ફારસી બેતોને તેની સંપુર્ણ ગોઠવણથી ગૂજરાતીમાં લખવાની હું ઉમેદ રાખુંછું, જેથી વાંચનારાં મ્હેરબાનો ફારસીના બરોબર મીઝાન પ્રમાણેજ વાંચી શકશે. એ પુસ્તકની એક રૂપીઓ કીંમત રાખી છે, અને આશા છે કે આ મ્હારા પુસ્તકના મ્હેરબાન મુરબ્બીઓ તે પુસ્તક માટેનો પોતાનો ઓરડર બી મોકલી આપી આ સેવકને પોતાના ઉપકારમાં દાબી દેશે.

લી૦ દુવાગીર,

સોહરાબ શાહેરિયાર ઇરાની

"મશરેક."

બહેશતનશીન મરઝબાન નામદાર કુચેબીઓગી.



જનમ:
રોજ આદર, માહા આરદાદ
સને ૧૨૬૧ ય. જ. કદમી
ઈ. સ. ૧૮૯૧.

ઉ. વ. ૨૫.

મરણ:
રોજ અનેરાન, માહા તીર
સને ૧૨૮૬ ય. જ. કદમી
ઈ. સ. ૧૯૧૬.

અનામે પાક ખુદા.

જેહાંગીરનામું.

લખનાર—મી૦ સોહરાબ શાહેરિયાર ઇરાની,

("મશરેક")

પ્રકરણ ૧ લું.

માહારૂખે દેલનવાઝ અને રૂસ્તમ પાહેલવાન.

જેહાંપહેલવાન રૂસ્તમ (તહેમતન) ના હાથથી અંજાણપણે તેનો પોતાનો દીલેર બેટો પહેલવાન સોહરાબ ખંજરથી માર્યો ગયો, જેથી રૂસ્તમ દીવાનો જેવો બનીને જંગલે જંગલ ભટકવા લાગ્યો. દીવસોની એવી બુરી હાલતની રખડપટ્ટી પછી તે માઝનદરાનનાં જંગલમાં જઇ લાગ્યો, જ્યાં તેણે એક ખુબસુરત છોકરીને જોઇ. તે છોકરીને જોઇને તેનું દીવાનાપણું ગોયા દુર થયું, અને તે ઇશ્કની ઝનજીરમાં અસીર થયો!

તે છોકરી નૂરની પુટલી હતી ! તેના ચહેરાપર ખુદ ખુરશીદજ જાણે ચમકી રહયો હતો, તેની બે ચશ્મો નરગેઝના ફુલની મીસાલ હતી, તેની તે નરગેઝ સમ ચશ્મોની ઉપરના બે ભવાં તીર છોડવાની કમાન મીસાલ વાંકદાર હતાં, અને તેનું કદ સરોવરના જેવું સીધું સુંદર હતું ! પહેલવાન રૂસ્તમ તો તે સુંદરીને જોઇને બેઘડી છક થઇને દીવાન્યત ભૂલી ગયો, દુન્યા ભૂલી ગયો, બલકે ખુદને પોતાનેબી તે ભૂલી ગયો !—આહહા ! તેની સામે એક દુન્યાની સુંદરી ઉભી નહીં હતી, મગર આસમાની હુરી એક ઉભી હતી !

રૂસ્તમ ઉપર જ્યારે તે નૂરની પૂટલીની નઝર પડી, ત્યારે તે શરમથી ગભરાઇને પોતાના રહેઠાણ તરફ ચાલી ગઇ. રૂસ્તમ તેને જોતો રહયો, અને પછી તે જ્યારે તેની નઝરથી દુર થઈ ત્યારે તેને પોતાનો ઘોડો ત્યાંજ એક ઝાડ સાથે બાંધ્યો, અને આસાએશ લેતો પડીને તે સુંદરીનોજ ખ્યાલ કરવા લાગ્યો.

તે સુંદરીએ પોતાની કનીઝ (દાસી) ને રૂસ્તમ કોણ છે અને તે કયાંથી આવ્યો છે તેની ખબર કહાડવા મોકલી. કનીઝ પહેલવાન રૂસ્તમની તરફ ગઇ, અને અદબથી પુછવા લાગી "આપનું મુબારક નામ શું છે? અને આએ અમારી તરફના જંગલમાં આપનું કામ શું છે ?"

રૂસ્તમઃ "હું રૂસ્તમે ઝાલેઝર છું, કીસમતથી દોરવઇને અહીંઆ આવ્યો છું. અફસોસ છે કે મેં મ્હારાજ બેટાને મ્હારે હાથે મારી નાંખ્યો છે, અને શીકસ્તા દીલથી જંગલમાં ભટકતો અહીંઆ કદમ ભર્યાછ. ત્હમારા મુબારક જંગલમાં જે હુરને મેં જોઇ તેનાથી મ્હારૂં દુખ લગભગ દુર થયુંછ. મ્હારૂં મુકામ ઝાબુલેસ્થાન છે, અને હું પહેલવાન રૂસ્તમ પોતે છું. હવે જ્યારે તુને મ્હારા નામની ખબર પડીછ તો મ્હનેબી તે પરીરૂહનું નામ કહેશે તો ખુશીમાં

આરબી ખુશી જામશે, અને દુખી દીલ શાદમાન થશે. તે માહા-પારાનું નામ શું છે? અને તે કોણુ છે?"

કનીઝઃ "અએ પહેલવાન, તેનું નામ માહારૂખે દેલનવાઝ છે, અને તેના જેવી ખુબસુરત આખા માઝનદરાનમાં એકબી ઐારત નથી. તે સુંદરીનાં બાપનું નામ મસીહાએ આબેદ છે, અને તે પીરમદ એક ઘણોજ પહરેઝગાર શખ્સ હોવાથી વસ્તીથી દુર આએ જંગલમાં રહેઠાણુ કરી રહેલો છે."

રૂસ્તમઃ "તો અએ મ્હેરબાન ઓરત, તું મસીહાએ આબેદનું રહેઠાણુ બતાવનારી મ્હારી રાહબર થશે? તે સુંદરીના સીધારવા પછી ઘણુાજ ટુંક વખ્તમાં તું તેની તરફથી મ્હારી પાસે આવેલી છે એટલે હું નહીં ધારતો કે આપણુને બહુ દુર જવું પડશે. હું ધારૂંછ કે પહેલવાન રૂસ્તમની રાહબર બનવામાં તું ખુશી માનશે, કેમ?"

કનીઝે ઘણી ખુશીથી હા પાડી, અને રૂસ્તમને તે પોતાની શેઠા-ણીના રહેઠાણુ તરફ લઇ ગઇ. તેણે રૂસ્તમને પોતાના શેઠ તે પેલા પીરમર્દ આગળ મોકલ્યો, અને રૂસ્તમે કેવી આતુરતા સાથે વાત કીધી તેના અહેવાલથી વાકેફ કરવા પોતે પોતાની મલીકા આગળ ગઇ. કનીઝે પોતાની ન્હાની ખાતુનને મરી મસાલા સાથે કેફીઅત સંભ-ળાવી, જે સાંભળીને તે જવાન ખુબસુરત સુંદરી ગોયા ગુલાબના ફુલ માફક ખીલી રહી.

રૂસ્તમ પીરમર્દના ઓરડા તરફ ગયો, ત્યારે બંધ દરવાઝાની બ્હાર તેણે એક નોકરને ઉભેલો જોયો, જેણે ઘણી સલુકથી નમીને રૂસ્તમને પુછ્યું કે 'તે કોણુ હતો, અને શું માંગતો હતો?'

રૂસ્તમઃ "મ્હારૂં નામ પહેલવાન રૂસ્તમ છે, તુને મ્હારે એક તકલીફ આપવાની છે. તસ્દી લઇને તું મસીહાએ આબેદ પાસે જા અને જઇને કહે કે 'એક શખ્સ તમારા આંગણાં આગળ ખોટી થયલો

ઉભેલો છે, અને તે આજનો દીવસ ત્હમારે ત્યાં પહરોણો રહેવા મગછેછ.'"

પહેલવાનનો પયગામ લઇને તે નોકર અંદર ગયો. ઝઇફ પહરેઝગારે જ્યારે નોકરની વાત સાંભળી, ત્યારે તે પોતે ઉઠી જઇને રૂસ્તમને લેવા ગયો. તેણે જઇને રૂસ્તમના હાથ પકડીને ચુમ્યા, અને ઘણી ખુશીથી બોલ્યો "આવ મ્હારા નેકખ્વાહ, તું ભલે આવ્યો, હું ત્હારીજ રાહ જોતો હતો."

રૂસ્તમ તે નેકમર્દની સાથે તેના ઓરડામાં દાખલ થયો, અને તેઓ બન્ને વાત કરવા બેઠા.

"અએ રોશન દીદાર, તુંજ શું છે રૂસ્તમ પહેલવાન?" પેલા પીરમર્દે ખુશમીઝાજથી પુછ્યું.

"મ્હને રૂસ્તમે ઝાલે સામ કહેવામાં આવેછ, અને ખરૂંજ કહયું ત્હમે કે હું રૂસ્તમ પહેલવાન છું." રૂસ્તમે નમીને તે પીરમર્દ આગળ ઝાહેર કીધું "હું ઘણો તઅજ્જુબ છું કે આપ મારા નામથી કેમ વાકેફ થયા? આપને આપના નોકરે તો નહીંજ કહયું હોય!"

"નહીં, મ્હારા પહેલવાન, મ્હારા નેકખ્વાહ, ત્હારા પ્યારા પગલાંની મુબારક પધરામણી થશે એની ખબર તો મ્હને કાલ રાતની થઇ હતી." તે બુઢો શખ્સ બોલ્યો "મેં કાલે રાતના એક સ્વપ્નો જોયો હતો કે તું નામવર મ્હારે ત્યાં પધારનાર છે, અને તેથી ત્હારીજ રાહ હું જોતો હતો."

રૂસ્તમ: "અએ પીરમર્દે પાકીઝેહ પાકદીન, આફ્રીન સદહઝાર કે તું એવી આધાહીથી ખબરદાર થાયછ."

અને તે પછીની થોડીક ગુફ્તેગો બાદ મસીહાએ આબેદ સાથે પહેલવાન રૂસ્તમે ખાણું લીધું, અને પછી તેને માટે જે એક ઓરડો આરાસ્તા ખાસ બતાવવામાં આવ્યો, ત્યાં રૂસ્તમે આસાએશ લીધી.

થોડોક વખ્ત રહીને રૂસ્તમે એક નોકર પાસે પેલી કનીઝને તેડાવી, અને તેને કહયું "અએ મ્હેરબાન, મેં જ્યારથી ત્હારી મલીકાને જોઇ ત્યારથી હું તેનીપર આશક છું, અગર જો ત્હારી ખાતુનની ખુશીઓ મ્હારી ઉપર હોય તો હું પીરમર્દ સાહેબની રજા પુછી લઉં."

તે કનીઝ રૂસ્તમની વાત સાંભળીને મનમાં ઘણી ઘણી રાઝી થઇ, મગર કેટલીક ઓરતોની "નાજી—નાજી" ની રીત મુજબ "મનમાં ભાવે અને મુંડી હલાવે" તે રીત વાપરીને બહાણું કાઢી રૂસ્તમને કહેવા લાગી "અએ ઇરાનના ઝબરદસ્ત પહેલવાન, તું કયાં ને તે કયાં? તું દુન્યાનો મોટો લોખંડી બદન શુરવીર, અને મ્હારી ખાતુન જંગલમાં રહેતા એક પહરેઝગારની એક નાદાન છોટી બેટી!"

પહેલવાન રૂસ્તમે હસીને કહયું, "તું મ્હારી આગલ બહાણું ના કાઢ, મેં જે કાંઇ ત્હને કહયું છે તે જઇને ત્હારી છોટીબી સાહીબાને કહે, અને મ્હને તેનો પ્યારો જવાબ લાવી આપ."

કનીઝ શરમાઇને ત્યાંથી નમન કરીને ચાલી ગઇ, અને રૂસ્તમનું કહેણ કહયું. કનીઝની વાતથી તે ગુલરૂહ ઘણી શાદમાન બની, અને બોલી: "કનીઝા, જા, તુ જઇને તે નામવર પહેલવાનને કહે કે હું તો તેની સાથે શાદી કરવા ઘણી ખુશી છેઉં; લેકીન મ્હારો અખત્યાર મ્હારા પીદર ધરાવે છે, તો તેવણે મ્હારા પીદરની રજા તેવણના મત મુજબ પહેલીજ પુછવી જોઇએ. જેમ પીદર કહે તેમ બચ્ચાંઓએ ચાલવું જોઇએ એ સબક મેં ઘણા ધ્યાનથી દીલમાં કોતર્યો છે."

કનીઝ, રૂસ્તમ આગલ પાછી ગઇ; અને પોતાની ખાતુનની મરઝી જણાવી, જે સાંભલીને તે જેહાં પહેલવાનની હોશ જાણે તાઝી થઇ રહી! તહેમતને મસીહાએ આબેદના પેલા ખાસ નોકરને તેડીને તેને એક હીરો બક્ષેસ આપતા કહયું કે "ત્હારા બુઝર્ગ શેઠની પાસે જઇને કહે કે તેની પરીચહેર છોકરી દેલનવાઝનો હાથ મ્હને શાદીમાં આપે."

પેલા કીમતી હીરાની બક્ષેસ મેલવીને ખુશી થયલો નોકર દોડીને તે નેક પેગામ મસીહાએ આબેદને કહેવા ગયો, જેના જવાબમાં તે પીરામર્દે કહ્યું, "અગર જો દુન્યા વરણનો નામવર પહેલવાન મ્હારી બેટીને પોતાની ધણીઆણી તરીકે લાયક સમજતો હોય તો મ્હારા સરોચશ્મથી હું તે નામવરનો હુકમ બજા લાવવા તૈયાર છું, હું તેને મ્હારી બેટીનો હાથ આપવા ખુશી છું."

નોકરે જઇને રૂસ્તમને તે ખુશાલી કહી. રૂસ્તમે પોતાની બાઝુ ઉપર બાંધેલો એક હાર જેમાં ખીચોખીચ કીમતી હીરાઓ જડેલા હતા, તે મસીહાએ આબેદ ઉપર મોકલાવ્યો. મસીહાએ આબેદે તે પછી લગનની તૈયારી કીધી.

અને બીજેજ દીવસે રૂસ્તમ પહેલવાનના લગન માહારૂખે દેલનવાઝ સાથે થયાં.



પ્રકરણ ૨ જું.

જેહાંગીરનો જનમ, બચપણ, અને જવાની.

પહેલવાન રૂસ્તમ ચાલીસ દીવસો સુધી પોતાની મ્હેરદાર માહારૂખે દેલનવાઝ સાથે માઝનદરાનના તે જંગલમાં રહયો, અને તે મૂદ્દત પછી તે જેહાંપહેલવાનને ખુશીની ખબર થઇ કે તેની નેક બાનુ હમેલદાર બની હતી.

પોતાના અતી બહાદુર નરેશેર બેટા સોહરાબના જેવોજ બહાદુર એક છોકરો પોતાની બાનુને અવતરે એવું દીલમાં તહેમતને ચાહયું. તેણે દુવા કીધી કે તે સુકાયલા સઝર (મરહુમ સોહરાબ) ને બદલે હવે તેવીજ બીજી હરીઆલી પયદા થાવ !

અને પોતાની બ્હાલી મહેરદારને તે હાલતમાં જોઇને રૂસ્તમ તેની અને તેના બાપની રજા લઇ થોડાક વખ્ત માટે શીકાર કરવા જવા સારૂ નીકલ્યો. રૂસ્તમ થોડા વખ્ત માટે શીકારગાહે ગયો, લેકીન તે દેવોની પાછલ પડીને મહીનાઓના મહીના સુધી લડાઇ અને લડાઇ કરવામાં રોકાઇ ગયો જેથી તે માહારૂખે દેલનવાઝની તરફ જઇ શકયો નહીં ! અને તેહેમતન તે પછી વરસોના વરસો સુધી પ્યારા ઇરાન, ઝાબુલેસ્થાન અને માઝનદરાનથી દુર થયો.

નવ મહીનાની મૂદ્દત પૂરી થઇ ગઇ.

અને તે બાદ પહેલવાન રૂસ્તમની ખુબસુરત મ્હેરદાર દેલનવાઝે એક તેવોજ પોતાના જેવો દેખાવલો અને પોતાના ધણી જેવો ફોલાદી-બદન બેટો જણયો. પહેલવાન રૂસ્તમનો તે છોકરો જાણે પહાડનો

એક ન્હાનો ટુકડોજ હતો, અને તેને જનમ આપતી વખ્તે માહારૂખે દેલનવાઝને ઘણી સખતી સહેવવી પડી. ખુશી થયલા મમાવાએ (મસીહાએ આબેદે) તે દોહીત્રાનું નામ "જેહાંગીર" રાખ્યું.

બાળક જેહાંગીર પોતાની માતાનું દુધ પીને ધરાતો નહી હતો, ત્યારે તેના પહરેઝગાર મમાવાએ તેને માટે દુધ ધવાડનારી દાયા રાખી; એના દુધ ઉપરબી તે ધરાયો નહી ત્યારે બીજી એક ધવાડનારી રાખી, પણ તેથીબી જ્યારે નહીંજ વલ્યું ત્યારે તે બાળકને ધવાડવા બ્હારની ત્રીજી મદદ લેવી પડી! પોતાની માદર અને ત્રણ ધવાડનારીઓ એ ચારના દુધથી તે બચ્ચાને ધીર રહેતી હતી, તેબી તે કોઇવાર ભુખ્યુ રહેતું!!

દીવસો પછી દીવસો ગબડી ગયા, અઠવાડીયાંઓ વીતી ગયા, મહીનાઓ પુરા થતા ચાલ્યા, અને વરસો વીટવા લાગ્યા પણ રૂસ્તમ આવ્યોજ નહીં: અને તેનો બેટો જેહાંગીર તેનાજ જેવો ઝોરાવર ઉધરતો ગયો. સામ અને નરીમાનની દીલેરી, રૂસ્તમનું શરીર, અને મરહુમ ભાઇ સોહરાબનું કુવ્વત તેનામાં પોખાયલું હતું.

પહેલવાનનો છોકરો એટલે તેની રમત ગમતબી ન્હાનપણથીજ બધી પહેલવાની હતી. ગોર્ઝ (ગુરૂજ), કમન્દ, શમશીર, ખંજર એ જેહાંગીરના બચપણનાં રમકડાં ગોયા હતાં! અને પંદર વરસની ઉમરે તો તે ભલા કોઇ મોટા અને ઝોરદાર શખ્સની મુકાબલે કુસતી ખેલવામાં, તીર અને કમન્દ ફેંકવામાં, અને શમશીરની પટાબાઝી ચલાવવામાં બહાદુર હતો!

તહેમતન રૂસ્તમનો તે પહેલવાની બદનનો છોકરો જેહાંગીર વીસ વરસની ઉમરનો થાય તેટલાં તો મોટા મોટા ઝાડને થડમાંથી ઉખેડીને ઉડારી દેતો, ગમે તેટલો જોશમાં એક ઘોડો દોડતો હોય તો તે ઘોડાની પુછડી પકડીને તેને જેહાંગીર એકદમ ઉભો રાખી દેતો, પહા ઉપર ગોર્ઝનો એક ફટકો મારીને પહાડના તે ભાગનો ચુરેચુરો કરી નાંખતો!

ખુદ માઝનદરાન શહેરમાં તે છોકરાને વાસ્તે મોટી વાતો થઇ રહી, અને જેહાંગીર જેવો એકબી આદમી આખા શહેરમાંથીબા મલવો મુશકીલ હતો! સીર્ફ એક તમાચોજ જો જેહાંગીરના હાથનો પડે તો ભલો એક મર્દબી ઝમીનદોસ્ત થઇ જાય એવી તે ખુબરૂ ઇરાની પહેલવાનની ખીલતી-ફુલતી જવાની હતી!

બુઝર્ગ મસીહાએ પહરેઝગાર અંદેશો કરતો હતો કે કોઇ વખ્તે દુશમન બનેલા લોકો જમાવ થઇને સામટા જવાન જેહાંગીરપર હુમલો કરીને તેને મારશે. તેથી, તે એક દીવસે પોતાની બેટીને કહેવા લાગ્યો, "અએ નામવર બેટી, તું જેહાંગીરને કહે કે તે શહેરમાં નહીં જાય અને જાય તો લોકોને છેડે નહીં. પાક ખુદા નખ્વાહીસ્તા કદાચને લોકોનું એક ટોળું જમાવ થઇને જેહાંગીરના જાનપર કોઇ વબાલ લાવશે તો પછી આપણા બેઉના સીના ગમથી ચાક થઇ જશે. શહેરમાં એ જે મસ્તીઓ કરેછ તેની રોજની ફરીઆદ લાવવામાં આવેછ. હમણાં ઇરાન અને તુરાનની લડાઇ ચાલેછ, અને રૂસ્તમ પહેલવાનને તે ક્યાં છે તેનો પતો નથી મલતો એટલે ઇરાનીઓ જરા નબલા છે એમ મેં સાંભળ્યુંછ. જો આપણો જેહાંગીર ઇરાનીઓ તરફથી આવી ન્હાની ઉમરમાંથી લડાઇમાં ઉતરશે તો હું ધારૂંછ કે પાક ખુદા કરશે તો એ ઘણીજ મોટી નામના અને કીર્તિ મેળવશે. એને મે લડાઇનો હુન્નર શીખવેલો છે, અને એ લડાઈમાં પોતાની શમશીર તથા બાઝુના ઝોરથી દુશમનોને દાબી નાંખશે."

બાપના સખુન સાંભળીને માહારૂખે દેલનવાઝે કહયું "જેવી આપની મરઝી. પાક ખુદાએ નસીબમાં જે લખ્યું હશે તેજ થશે. જેહાંગીર લડાઇમાં હમણુંથી જાય એમ જો આપને વાજબીજ લાગતું હોય તો મોકલો, મ્હારી ના નથી, પહેલવાન રૂસ્તમ જ્યારે મ્હારી આગલથી ચાલી ગયા ત્યારે મ્હને દુઃખ થયું હતું, અને તેના જેવું બીજું દુઃખ મ્હારા વ્હાલા બેટાની જુદાઇનું મ્હને થશે."

મસીહાએ આબેદ: "મ્હારી બેટી, ત્હારા જેહાંગીરનો પાક ખુદા નીગાહબાન થશે. તું બીલકુલ ફીકર ના રાખ, હમણાં ટક મ્હને હાથ આવેલી દેખાયછે, તેથીજ જેહાંગીરને લડાઇમાં મોકલવા હું ઇચ્છુંછ. હાલમાં તુરાનના અફ્રાસીઆબ પાસે મોટા મોટા પહેલવાનો છે, અને એ મોટા પહેલવાનોને મારવા ઇરાન તરફથી જ્યારે રૂસ્તમ નથી તો તેનો બેટો જેહાંગીર તુરાનીઓને ખાક ચાટતા કરી નાંખશે. હું ઇરાનના શાહ કાઉસ પાસે એને મોકલી આપશ, તો કાઉસ એને જરૂરજ પનાહ આપશે અને ખુશાથી લડવા મોકલશે."

માહારૂખે દેલનવાઝે પોતાના પીદરને કહયું કે તેવણને જેમ ઠીક લાગે તેમ પોતાની મરજીને અમલમાં મુકવી.

६६६१

પ્રકરણ ૩ જું.

રૂસ્તમની ગયરહાજરીમાં અફ્રાસીઆબનો ઇરાન ઉપર ધુંજારો.

જેહાંગીરને તે પછી તેનો મમાવો સમજાવે છે, જે બીના હાલમાં જાણવા અગાઉ આપણુને બીજી તરફ નજર નાંખવી પડશે.—આપણે તુરાનનો શહેનશાહ અફ્રાસીઆબ એ વખ્તે શું ફંદ ફરેબમાં મશગુલ છે તે જોઈશું.

તુરાનનો જાદુગર શહેનશાહ અફ્રાસીઆબ જે રૂસ્તમ પહેલવાનના ઇરાનથી ચાલી જવા વીશે ઘણા વરસો પછી હમણાં હમણાંજ વાકેફગાર થયલો છે, તે હવે તે ટકનો લાભ લેવાનો વીચાર કરતો પોતાના પહેલવાનોને અને અફસરોને બોલાવીને તેઓ આગલ ભાષણ કરે છે.

અફ્રાસીઆબ: "અએ મ્હારા શુરવીરો, રૂસ્તમ પહેલવાન ઇરાનથી કેઠે ચાલી ગયો છે, અને જયાં ગયો છે ત્યાંબી તેનો હાલમાં કાંઈ પત્તો નથી માટે આ એક સોનામોહર જેવી ટક આપણુને મલી છે. મ્હારો દુશમન જો કોઈબી મ્હારાથી ઝબરદસ્ત થયો હોય તો તે ફકટ રૂસ્તમ પહેલવાનજ હતો, અને તેથી હવે મ્હને ઇરાનના શાહ કાઉસની કે તેના બીજા પહેલવાનોની દરકાર નથી. શાહ કાઉસ મ્હારી આગળ સીર્ફ એક મુઠ્ઠીભર ખાક છે. કાઉસના મુલકથી રૂસ્તમ દુર થયોછ, તો ફરામર્ઝ, તુસ, અને ગુરગીનની મ્હને કોઈ પરવાહ નથી. અએ મ્હારા વઝીર પીરાને દાનેશ, આપણે હવે ફુલની માફક ખીલી નીકલશું ! અએ મ્હારા દીલેર હામુન અને પપુર, આપ જેવા નરશેરો તુરાન

તરફથી છો તો મ્હને ઇરાનને ખાક બનાવી નાંખતાં કાંઇબી વીલંબ લાગવાનો નથી. મ્હારા વઝીરે નામવર, આપ તમામ હાથ નીચેના તુરાની બાદશાહોને લખીને આમંત્રણ દો કે તુરાન તરફથી લડવા માટે પોત પોતાના લશકરને લઇને અફ્રાસીઆબની ફોજને તેઓ આવી મલે."

ઉપલા ભાષણ પછી તુરાનના તમામ અફસરો પોતપોતાને કામે વલગી ગયા, અને બધા લડાઇની તૈયારી કરવા પડયા. થોડા વખ્તમાં અફ્રાસીઆબની હાથ નીચેના તમામ બાદશાહો પોતાની ફોજને લઇને તુરાન આવી પહોંચ્યા. અને તેઓ અફ્રાસીઆબના મોટા લશકરને મલ્યા. બદગૂમાન કેરસીવેઝ તે જંગી તુરાની લશકરનો સીપાહસાલાર બન્યો, અને તમામ ફોજને ઇરાન ઉપર હુમલો કરવા દોરવી ગયો !

તુરાન છોડી ગયા પછી ઇરાનની સરહદ ઉપર પહોંચતાજ તેઓએ લૂટફાટ ચલાવવા માંડી; અને ઇરાની રૈયતોના ઘરબાર ઉપર હુમલો કરીને તેઓને હયરાનબી કીધા, અને લૂટીબી લીધા !

હવે, ઇરાનમાં શાહ કાઉસને જ્યારે તુરાનીઓના હુમલાની ખબર પડી ત્યારે તે બહુજ મોટા અંદેશા અને વીચારમાં પડી ગયો, કેમજે રૂસ્તમ પહેલવાન નહીં હતો અને બીજા પહેલવાનોબી ઝાબુલેસ્થાનમાં હતા. જે દીવસે તુરાનીઓના હુમલાની ખબર શાહ કાઉસને થઇ તે દીવસે જમશેદી નવરોઝનો ખુશ તહેવાર હતો. શાહ કાઉસ જમશેદી નવરોઝની ખુશાલી કરતો હતો, અને તેજ વખ્તે જ્યારે તુરાનના લશકરના ચઢી આવ્યાની વાત તેણે જાણી કે તેની ખુશી ગમીમાં ફેરવાઇ ગઇ ! તેણે તુરતજ પોતાના એક પયગામચીને ઝાબુલ તરફ ઝાલની પાસે મોકલી આપ્યો.

શાહ કાઉસે ઝાલેઝર ઉપર પયગામ મોકલતાં જણાવ્યું કે "અએ નેકબખ્ત ઝાલ, હવે તુંને હરામ છે કે તું ઝાબુલેસ્થાનમાં રહે; કેમજે દગલબાઝ અફ્રાસીઆબ ફરીથી ઇરાન ઉપર ચઢી આવ્યો છે અને તે ઝબરદસ્ત એક મોટા લશકર સાથે ઇરાનનું તખ્તોતાજ લેવાની કોશી-

શમાં ત્રાસ મચાવતોજ ધસી આવ્યોછે. એક મીનીટનો ચયનો કરારથી તું ઝાબુલમાં ના લેતો, પણ પવનની પીઠ ઉપર આવતો હોય, તેમ તુરતજ ઇરાન ચાલી આવજે. મ્હારી ચશ્મ રાત અને દીવસ ત્હારીજ રાહ જોઇ રહેશે."

પયગામચી ઉપલા પયગામ સાથે ઝાલ આગળ જઇ પહોંચ્યો, અને ઝાલેઝરે તે વાંચીને, તેને તુરાનીઓ વીશે રસ્તામાં કાંઇ જાણ્યું હતું કે કેમ તે વીશે પુછ્યું. પયગામચીએ જણાવ્યું "તુરાનીઓના ઝુલ્મનો કંઇ શુમારજ નથી, તેઓ મુફલીસ રૈયતોને બરબાદ કરે છે, અને માલદારોને મુફલીસ બનાવે છે. ઘરબાર આગથી તારાજ કરે છે."

ઝાલે તે સર્વે ગુસ્સાથી વાંચ્યું અને સાંભળ્યું, જે પછી તેણે તુરતજ ઇરાન જવાની તૈયારી કીધી. તેણે પોતાની સાથે પોતાના બીજા બેટા ઝવારા (રૂસ્તમના ભાઇ) ને, પૌત્ર ફરામર્ઝને, ફરામર્ઝના બેટા સામને, અને બીજા એવા શેર જેવા પહેલવાનોને લીધા, અને તેઓ એક અઠવાડીઆની અંદર શાહ કાઉસની પાસે જઇ લાગ્યા.

શાહ કાઉસની દરબારમાં ઝાલ જેવો ગયો કે તેનો ઘણો આદર-સત્કાર શાહ કાઉસે કર્યો, અને બોલ્યો "અએ નેકબખ્ત પહેલવાન, મ્હને સમજ નથી પડતી કે પહેલવાન રૂસ્તમ ઇરાનને અને ઝાબુલે-સ્થાનને વરસો થયા કેમ છોડીને ચાલી ગયો! તેના ચાલી જવાની વાત સાંભળીને મ્હને મોટામાં મોટી દીલગીરી પયદા થઇ."

ઝાલ: "નામવર શાહ કાઉસ, રૂસ્તમ પોતાના પહેલવાન બેટા સોહરાબના મોતના ગમથી દુ:ખી અને દીવાનો જેવો થઇને ચાલી ગયોછે, અને તે કયાં ગયો તથા તેનું શું થયું તેની ખબર મ્હને પોતાનેબી નથી મલી. તમે બીલકુલ ફીકર ના કરો, અમો ઇરાનને તુરાનના હાથમાં કદીબી જવા નહીંજ દઇશું. ગુદર્ઝ, ગીવ, રહામ અને બેજનબી દેવોના ડોકાં એક ફટકામાં તોડી નાંખે તેવા છે. હાલમાંબી જે ઇરાની પહેલવાનોને હું મારી સાથે લેતો આવ્યોછ

તેઓમાંથી એકેકો પહેલવાન તુરાનના દસ દસ પહેલવાનોને ખાક ચાટતા કરી દેશે! એ બધા શેરનરો ત્હમારા હુકમ માટે સરોચસ્મથી તૈયાર છે, અને ઇરાનને માટે પોતાના જાન આપવાબી રાઝી અને ખુશી ખુશી છે. તુરાનના પહેલવાનો આપણા ઇરાની પહેલવાનો આગલ કુચ્છ બીસાદમાં નથી, તુરાનના અફ્રાસીઆબને ઇરાની પહેલવાનોજ ઉડારી મુકશે અને ત્હમારૂં ઇરાનનું રાજ્ય સલામત રહેશે. ત્હમે બીલકુલ બેફીકર રહો, કેમજે જે પાપી તુરાનના શાહે સીતમગર બનીને સીતમ ચલાવ્યોછ, તો તેનાજ સીતમમાં તે પોતેજ ગીરફ્તાર થઈ જશે અને હારી જઇ નાશ પામશે."

બધા ઇરાની પહેલવાનોએબી ઉઠીને શાહ કાઉસને નમન કરતાં કહયું "અમે ઇરાન માટે અમારા તમામ ઝોરથી લડશું, અને ઇરાનને પાક ખુદાની મદદ સાથ જરૂરજ બચાવશું."



પ્રકરણ ૪ થું.

ઇરાન અને તુરાનની લડાઇ—તુરાનની હાર.

ઈરાની લશકર સીપાહસાલાર ઝાલેઝરના હુકમ પ્રમાણે ટુકડી ટુકડીમાં ગોઠવાઇ ગયું, અને દરેક ટુકડીના અફસર તરીકે ઇરાની પહેલવાનોને નકકી કરવામાં આવ્યા. પેલી તરફથીબી, તેટલામાં, તુરાનનું લશકર કેરસીવેઝની સરદારી તલે આવી લાગ્યું,—અને હવે ઇરાન અને તુરાનની લડાઇ થઈ.

પહેલવહેલો તુરાન તરફથી "બાહરેમુન" નામનો પહેલવાન લડવા સારૂ મયદાને નીકલ્યો, તેણે આવતાને વાર સીંહની માફક એક ગરજના સાથનો પુકાર માર્યો અને બોલ્યો, "મ્હારૂં નામ બાહરેમુન છે, મ્હારી શમશીરથી હું કોઇને એક દમબી લેવા નહીં દેવશ, મ્હારી સામે જેને લડવું હોય તેને પોતાનો જાન હાથમાં લઇનેજ આવવું."

તુરાની પહેલવાનની તકકોબરીને દાબી દેવા ઇરાનીઓ તરફથી બેજન પહેલવાન બહાર પડયો. જેવો બેજન તેના ઉપર ધસી ગયો કે બાહરેમુને પોતાની તલવારનો એક ઝબરદસ્ત ફટકો બેજનપર માર્યો, પણ તે ફટકાને ઇરાની પહેલવાને પોતાની ઢાલ ઉપર લઇ લીધો અને તેજ પલે ઢાલના બે કટકા થઇ ગયા. તુરતજ દીલેર બેજને શેરની મુઆફેક પુકાર મારીને પોતાની શમશીરનો ઝર્બ તે તુરાનીપર લગાવ્યો. તુરાની પહેલવાનેબી ઢાલ પકડી, મગર બેજનની તલવાર તેની ઢાલને ચીરીને તેની ગરદન તરફ ઉતરી ગઇ. બાહરેમુને ગરદન હટાડી, પણ વીજળી જેવી ઉતરેલી ઇરાની પહેલવાનની શમશીરે તે તકકોબરી

ભરેલા તુરાનીનો હાથ ખભાં આગળથી ઉડારી નાંખ્યો! લહુનો ફુવવારો ગોયા તે તુંદ તુરાનીને ખભેથી ઉડવા લાગ્યો, અને તે કે જે ત્યારની શેખી અને આપબડાઇ મારતો હતો તે શુરા બેજનના એકજ ઝટકાથી ઘાયલ થયલો મયદાને જંગ છોડીને ન્હાસી ગયો!

તુરાનીઓ તરફનો બીજો પહેલવાન "પરશીદવર" નામનો આવ્યો, તે તુરાનીના હાથમાં એક મોટું ગોર્ઝ હતું અને તે ગોર્ઝનો ફટકો જેવો બેજનને મારવા ગયો કે બેજને તેના હાથપર શમશીર લગાવી. ગોર્ઝ તુરાનીના હાથમાંથી ઉડીને દુર પડયું, અને તુરાનીનો હાથનો પોંહચો છુટો પડી ગયો! તે હવે વધારે વાર મયદાનમાં ઉભો રહયો નહીં, કેમજે તેણે વધુવાર ત્યાં પોતાના માથાની સલામતી જોઇ નહીં, અને તેથી તેબી ન્હાસી ગયો!

ત્રીજો તુરાની પહેલવાન બેજન સામે લડવા આવ્યો. તેનું નામ "ગોરઅઝમ" હતું, અને તે અફ્રાસીઆબનો સગો હતો. તેણે તો આવતાંને વાર પહેલવાન બેજનને અપશબ્દ બોલતા કહયું "અએ બદરંગ, અમારા બે પહેલવાનોને તેં ઝખમી અને લાચાર કીધાછ; પણ જાણજે કે હવે તું મ્હારા હાથથી બચી શકનાર નથી કેમજે હું અફ્રાસીઆબનો સગો હોઇને ઝબરદસ્ત છેઉં, અને મ્હારો જોડીદાર લડવામાં કોઇ નથી. તુને હું ત્હારાજ લહુમાં આલુદા કરી મુકશ."

તે સાંભળીને બેજને કહયું, "ત્હારી બેહુદી બકવાઓ જંગે મયદાનમાં ચાલી શકનાર નથી, તું અફ્રાસીઆબનો સગો હોય તેથી જંગે મયદાન પાછલ હઠનાર નથી—મયદાન જંગનું છે, નહીં કે સગાઇનું. શમશીર કોઇની સગાઇને જોતી નથી." અને તેટલુંજ બોલીને તે નરેશેરે તુરાનીપર હુમલો કીધો. બેઉ તરફ ગોર્ઝ ઉંચકાયા, તુરાનીએ પહેલો ફટકો માર્યો અને બેજનને તે ફટકો એવો લાગ્યો કે જાણે પાહાડનો એક ટુકડો તેના દીલપર જઇ પડયો હોય! તેના ફટકાના જવાબમાં બેજનબી એક ફટકો લગાવ્યો, તુરાનીએ પોતાને બચાવ્યો

પણ ફટકો તેના ઘોડાના માથાપર લાગ્યો, જેથી ઘોડો તુરતંજ ઢગલો થઇને નીચે પડી ગયો! તુરાની ઘોડા વગરનો થઈ ગયો, અને તેણે જોયું કે હવે તો એક બીનીઝબી તે બેજન સામે ટકી શકનાર નહીં હતો, જેથી જીવ લઇને તેબી ન્હાઠો!

અફરાસીઆબે હવે જોયું કે કોઇ દગો કરવો જોઇએ, તેથી તે હીચકારાએ બેજન સામે પોતાના લશકરની એક મોટી ટુકડી મોકલી આપી! અને તેમની પાછલ પોતેબી ધસીને બેજન તરફ દોડયો ગયો!!

ઇરાની પહેલવાન ગીવ જે બેજનનો બાપ થતો હતો, તેણે અફરાસીઆબનો દગો પામી જઇને પોતે પોતાની ટુકડી સાથે જંગે મયદાનમાં જીપલાવ્યું.

તુરાનીઓનું આખું લશકર તે જોઇને ધસારો લાવ્યું. શાહ કાઉસે હવે પોતે જંગે મયદાનમાં જવાનું દુરસ્ત ધાર્યું, અને ઇરાનીઓનું લશકરબી તુરાનીઓપર ધસ્યું.

બેઉ તરફ લશકર—લશકરની લડાઇ થઇ. બહાદુર ઇરાની લશકરે એટલી મોટી કતલ ચલાવી કે લહુની નદી તુરાનીઓના ખુનથી વહી! ત્રણ દીવસો અને ત્રણ રાત સુધી લડાઇ એક સરખી ચાલી, અને ચોથે દીવસનો ખુરશીદ ઉગ્યો ત્યારે આસાએશ લેવા માટેનું પડઘમ તુરાનીઓ તરફથી વાગ્યું. ઇરાનીઓએ તે કબુલ્યું. અને બેઉ તરફ ઠાક ઉતારવા લશકર લડાઇથી અટકયું. ઇરાનીઓ થોડા માર્યા ગયા, લેકીન તુરાનીઓની એવી ભયંકર મોટી કતલ થઇ કે લાશની ઢગો ઠામેઠામ નઝરે પડવા લાગી!

લડાઈ બંધ થયા પછી અફરાસીઆબે પોતાના વઝીર પીરાન આગલ કહયું કે તેણે ઝીંદગી દરમ્યાન આવી ખુનખ્વાર મોટી લડાઇ જોઇજ નહીં હતી, અને તુરાનીઓની આવી મોટી કતલ થઇજ નહીં હતી.

આમમાં વઝીર પીરાને અફ્રાસીઆબને દીલાસો દઈને કહ્યું "નામવર શાહ, તું બેફીકર બાશ. આપણે ચીન તરફથી મોટું લશકર લાવીને લડશું અને ઇરાનીઓને હરાવશું. કાઉસને કાપી નાંખશું, તુસને બાલી નાંખશું, ગીવને, બેજનને, ઝાલને, ઝવારાને, ફરામર્ઝને અને બધા ઇરાનીઓ જેઓએ હમણાં આપણુને હરાવ્યા છે તેમને ખાકમાં લોટાવશું. અને આપ નામવર તુરાન ઉપરાંત ઈરાનનાબી શાહેનશાહ થશો."

અફ્રાસીઆબ તે સાંભલીને પીરાનને શાબાશી આપવા લાગ્યો અને પીરાને તે પછી અફ્રાસીઆબની બહાદુરીના વખાણ કીધા. બેઉએ એકબીજાની તારીફના નગારાં વગાડયાં!—અને તે પછી લડાઈ વધુવાર લંબાવવાનો પેગામ ઇરાનીઓપર મોકલીને; દેશદેશના બચેલા તુરાની લશકરોને બોલાવવા માણસો મોકલાવ્યા, અને ચીન તરફ પયગામચી રવાનઃ કીધો.

ઇરાન અને તુરાનની આવી રીતે તહકુબ થયલી લડાઇને છોડીને આપણે હવે જવાન પહેલવાન જેહાંગીર તરફ જઇશું. તેને તેનો મમાવો મસીહાએ આમેદ ઇરાન અને તુરાનની લડાઇ વીશે વાકેફ કરીને જંગમાં જવા માટે સમજાવે છે.

પ્રકરણ ૫ મું.

જેહાંગીરનું માઝનદરાન છોડી જવું.

મસીહાએ આબેદ જેહાંગીરને કહયું "બેટા, તુંને હું એક નેક વાત કહેવા માંગુછ, અને મ્હને આશા છે કે તું તે વાતથી નારાઝ નહીં થશે અને ગૂસ્સેબી નહીંજ કરશે."

જેહાંગીર: "અએ નેક મમાવા, ત્હમારા જેવો મ્હારો નેકખ્વાહ દોસ્ત આએ દુન્યાપર બીજો કોણ હોઇ શકે? ત્હમે જેબી કહેશો તે મ્હારા ભલામાંજ કહેશો, અને તેને વાસ્તે મ્હને ગૂસ્સાને બદલે ઓરબી ખુશાલીજ પયદા થશે."

મસીહા: "દુન્યામાં શું થાયછ તેની મ્હને કંઇબી ખબર રહેછ, બેટા. ત્હને જે કામ હું કરવા કહુંછ તેથી ત્હારૂં નામ દુન્યામાં આસકાર થશે, અને તમામ આલમના પહેલવાનો ત્હારા ગુલામ મીસાલ તુંને નમશે. હું તને ઇરાન તરફ મોકલવા માંગુછ. ઇરાનના અને ઝાબુલેસ્થાનના પહેલવાનો જે છે તે બધા ત્હારા સગા છે તું તેઓની તરફ જાય અને શાહ કાઉસને મલીને ઇરાનનું નામ કીર્તીવંતજ રાખે એવી મ્હારી મરઝી છે. ત્હારા પીદર રૂસ્તમે ઝાલબી ઝાબુલેસ્થાનના છે, અને આખી દુન્યામાં મશહુર છે કે ત્હારા પીદર રૂસ્તમ જેવો ઝબરદસ્ત પહેલવાન એકબી નથી.

જેહાંગીર: "મ્હારા પીદર ત્યારે હમણાં ઝાબુલેસ્થાનમાં છે?"

મસીહાઃ "નહીં, મ્હારા અઝીઝ, ત્હારા પીદર અહીંથી શીકાર કરવા રવાના થયા પછીથી કોઇએબી તેવણુને માઝનદરાનમાં, ઇરાનમાં કે કાબુલમાં જોયાજ નથી. તે નામવર પહેલવાન હમણાં કયાં છે તેની કોઇનેબી ખબર નથી."

જેહાંગીરે પોતાના બાપના ગૂમ થવાની ખબર ઘણી દીલગીરી સાથે જાણી, મગર તે ઝાલે સામની ઓલાદનો હતો તે વાત જાણીને વલી ખુશીમાં ગરકાવ થઇ ગયો.

જેહાંગીરઃ "હું ઇરાન જવા અને શાહ કાઉસને મલવા ઘણો ખુશી છું"

મસીહાએ આબેદે ખુશી થઇને જેહાંગીરને માટે સર્વે પ્રકારના હથીયારો તૈયાર કરાવ્યા, અને એક ઝોરાવર ઘોડો તેને બેસવા આપ્યો. એ ઘોડો રૂસ્તમના ઘોડા "રખ્શ"ની તોખમનાજ હતો, અને તેનું નામ જેહાંગીરે "કુહે પએકર" મુકયું. બસો માણુસોને જેહાંગીરની સાથમાં આપ્યા, અને તેના માથાપર હાથ મુકીને મસીહાએ આબેદે કહયું "પાક ખુદા ત્હારો નીગાહબાન થાય, અને તું ત્હારા પીદર રૂસ્તમ પહેલવાન જેવો દુન્યામાં આશકાર થાય!"

જેહાંગીરના સાથીઓ માઝનદરાનના તેવાજ ખુબરૂ જવાનો હતા, અને તેઓએ ઘણી ખુશીથી તે નવજવાન પહેલવાનના સાથે ઇરાન જવાનું કબુલ્યું.

પોતાની નેક માદર માહારૂખે દેલનવાઝને અને પોતાના પહરેઝગાર મમાવા મસીહાએ આબેદને મલી ભેટીને જેહાંગીર તેમની ભલી દુવાઓ લઇને ઇરાન તરફ જવા સારૂ નીકલ્યો.

પ્રકરણ ૬ થું.

જેહાંગીરની પહેલી લડાઇ અને તેનું અજાયબ બળ!

જેહાંગીર અને તેની સાથના બસો જવાનો ત્યાં આવી લાગ્યા, જ્યાં તુરાનની હદ હતી. તેઓ તે વખતે તુરાન જઇ લાગ્યા, જે વખતે અફ્રાસીઆબ તરફથી આવેલાં માણસો પહેલવાનો અને લશકરોને જમાવ કરીને ઇરાન સામે લડવા લેઇ જવા માંગતા હતા.

અફ્રાસીઆબના માણસો તુરાનમાં માઝનદરાનીઓને આવેલા જોઇ ખફા થયા, અને તેઓ કાંઇભી પુછ્યા કહયા વગર જેહાંગીર અને તેના રફીકો સામે હુમલો લઇ ગયા. જવાન જેહાંગીરે પોતાની શમશીર મ્યાનથી બ્હાર કાઢી, અને હુમલો લાવનારાઓમાં વગર દહેસ્તે ધસી ગયો. તેણે ઘણુાજ થોડા વખ્તમાં ત્રણુસો માણુસોને કાપી નાંખ્યા! કોઇને માથાથી પગ સુધી ચીરી નાંખ્યો, તો કોઇને કમરમાંથી બે કટકે તમામ કીધો! કોઇને ઉંચકીને હવામાં ઉડારીને તલવારપર જીલીને મારી નાંખ્યો, તો કોઇને ઝમીનપર પટકાને મૌતને સ્વાધીન કીધો!—જેહાંગીરની દીલાવરી જોઇને હુમલો લાવનારાઓમાંના બચેલાઓ ગભરાઇને ન્હાસી ગયા!

તે જોઇને જેહાંગીરના સાથીઓએ જેહાંગીરને કહયું "તે અફ્રાસીઆબના આદમીઓને છેડીને ત્હારો જાન જેમ જોખમમાં નાંખ્યોછ, તેમ અમારા બધાના જાનભી ધાસ્તીમાં મુક્યાછ. હવે આ

વાતની ખબર થતાંજ ધાટકી અફ્રાસીઆબનું લશકર આપણી તરફ આવશે અને આપણુને થોડા માણુસોને તો તેઓ ચુરો કરી દેશે."

જેહાંગીરઃ "તુરાનનુ આખું લશકરબી મ્હારી સામે આવે તો મ્હને ધાસ્તી નથી, કેમજે પાક ખુદાની જો મ્હારી ઉપર મહેર હોય તો પછી મ્હારો એક બાલબી વાંકો થનાર નથી.—ત્હમે જો એમ ડરપોક બની જયા કરશો તો ત્હમો ઓરતો કરતાંબી વધારે કમઝોર કહેવાશો."

લડાઇ તહકુબ કરાવીને પછી ઇરાન છોડી ન્હાસી આવેલા અફ્રાસીઆબને ઇરાન અને તુરાનની હદ વચેના મયદાનમાં તંબુ મારીને પડેલો આપણે જોઇશું, જયાં તેના એક અફસરે આવીને ખબર આપી કે ધણોજ એક મોટો પહેલવાન જે તદન જવાન ઉમરનો છે અને જે માઝનદરાન તરફને રસ્તેથી આવેલો છે, તેણે આપણા ત્રણસો સીપાહોને બોલ બોલતામાં કાપી નાંખ્યા એવો ઝોરાવર છે."

અફ્રાસીઆબે જેવી તે વાત સાંભલી કે તેના ઝખ્મપર નમક છંટાયું, અને તેને મનમાં અંદેશો કીધો કે આ નવી બલા શું આવી? અંદેશા પછી તેણે દશ હઝાર લશકરને જેહાંગીર સામે લડવા "ગરૂહી ઝરા" નામના અફસરની સરદારી હેઠળ મોકલી આપ્યું.

જેહાંગીરના દોસ્તોએ તે દશ હઝારની બલાને દુરથી આવતી જોઇને દીલગીરી સાથે જેહાંગીરને ચેતાવ્યું. મગર, જેહાંગીર તેઓની માફક દીલગીર થયો નહીં, બલકે ઓરબી ખુશી થયો. તે પોતાના ઘોડાપર કુદી બેઠો, અને શેરની હીંમતથી તે દશ હઝારની બલા સામે એકદમ ધસી જઇને બોલ્યો "અએ વગર આબરૂની ત્હમે કોમ, એક આદમી સામે હઝારોની સંખ્યા?"

તુરાની અફસર "ગરૂહી ઝરા" ને જેહાંગીરના શબ્દોથી શરમ પયદા થઇ, અને તેણે પોતાના એકેકા પહેલવાનને લડવા સારૂ મોકલવાનું દુરસ્ત ધાર્યું.

જેહાંગીરની સામે પહેલવહેલો જે તુરાની પહેલવાન લડવા આવ્યો તેનું નામ "અખલાગ" હતું. તેને જેહાંગીર સામે આવતાંજ કહયું કે "અએ પહેલવાન, જેટલો તું જવાન છે તેટલો તું કમઅકલ છે. અગર જો કમઅકલ નહીં હતે તો અફ્રાસીઆબ જેવા સાથે દુશમનાઇ તું કદીબી નહીંજ કરતે. તું અફ્રાસીઆબની સામે થઇને ત્હારૂં પોતાનું દીલ ગોયા આતીશમાં બાલવા સારૂ લઇ આવ્યોછ. તું નીચે આવીને મ્હારા ઘોડાની રેકાબને બોસો લે, અને તે પછી માફી બક્ષીને હું તુંને અમારા શાહ પાસે લઇ જાઉં."

જેહાંગીરે તે સાંભલીને પોતાના ઘોડાને તુરાની પહેલવાનની તરફ દોડાવ્યો, જેહાંગીરે ધસારાબંધ જતાનેવાર તે તુરાનીને કમરમાંથી પકડીને ઘોડાપરથી ઉઠાવી લીધો, અને તેને હવામાં એટલો તો ઝોરથી ઉછાલ્યો કે તુરાના પહેલવાન રમત કરવાના એક દડાની માફક ઉડયો, અને હવામાં છેક ચાલીસ ગજ ઉંચે ચઢી ગયો!! હવામાં ઉડેલો તુરાની જેવો નીચે ગબડતો ગબડતો આવ્યો કે જેહાંગીરે પોતાની શમશીરની એક આબાદ નેમથી મારીને તેને બે કટકા કરી નાંખ્યો!!

દશ હઝાર તુરાનીઓ જે દુર ઉભા રહીને લડાઇ જોતા હતા તેઓમાંનાં લગભગ બધાએ દાંતમાં આંગલી પકડી લીધી! જેહાંગીરનુ બળ જોઇને તેઓના બધાના દીલમાં ધાસ્તી બેઠી. ગરૂહીઝરાએ તુરાનીઓને સર્દ દીલના થતા જોઇને તેમની આગલ ઉશકેરણી ભરેલું ભાશણ કીધું, અને પછી બીજા એક પહેલવાનને જેહાંગીર સામે લડવા મોકલ્યો.

બીજા તુરાની પહેલવાને આવીને જેહાંગીરને કહયું "જેને તેં મારી નાંખ્યો તે મ્હારો સગો હતો, અને તેના કીનાના બદલામાં હું ત્હારૂં સર તનથી જાદું કરી નાંખશ."

જેહાંગીરે ઘોડાને એડ મારતા એક પુકાર કીધો, જે પુકારથી જાણે વાદલથી ગર્જના થઇ રહી હોય તેમ તે મયદાન ધ્રુજી રહયું.

જેહાંગીરે ઘોડાને તે તુરાનીની સામે દોડાવતાજ શમશીર મ્યાનમાંથી બ્હાર કાઢીને એવો એક ઝર્બ માર્યો કે તુરાની પહેલવાનની વચમાં પકડેલી ઢાલ કપાઇને તુરાની પોતેબી માથાથી ઘોડાના પેટ સુધી ચીરાઇ જઇ પડયો. ઝમીન ઉપર ૭ તુકડા પડેલા દેખાયાઃ બે ઢાલનાં, બે તુરાનીના, અને બે ઘોડાના !!

આખી તુરાની ફોજ દેહેશત ખાઇ ગઇ! તોબી, તેઓના સેપેહ-સાલારે બીજા એક પહેલવાનને મોકલાવ્યો.

આ ત્રીજા તુરાની પહેલવાનને તો જેહાંગીરે દમ ખાવાનોબી વખ્ત નહીં આપ્યો! તે જેવો આવ્યો કે જેહાંગીરે તેની સામે ધસી જઇને તેને ગીરેબાનમાંથી ડાબે હાથે પકડયો, અને જમણે હાથે તેની મૂડી પકડીને એક ચલ્લીની મૂંડી મરડી નાંખવામાં આવે તેવી સ્હેલાઇથી મરડી નાંખી, અને તેને તેમ મારી નાંખી ઝમીનપર ઉડારી નાંખ્યો!!

જેહાંગીરે જોયું કે હવે એમ એકેકા સાથે લડતા તેને વખ્ત ઘણો લાગવાનો હતો, જેથી તે એકદમ તુરાનીઓના આખા લશકરની સામે ધસી ગયો. તેણે તે દહેસ્ત ખાધેલા લશકરમાં ગોર્ઝ એવું તો વીજલીક ઝડપે ફેરવીને મારવા માંડયું કે એકેક ઝટકામાં લશકરોની આખી હારની હારને ઝમીનદોસ્ત કરી નાંખીને મારતો, અને વલી તેઓને છુંડીને આગલ વધી બીજાઓને ખલાસ કરતો!! તેનું ગોર્ઝ પવનની ઝડપે ઉપર જતું અને નીચે ઉતરતું, અને જયારે નીચે ઉતરતું ત્યારે સંખ્યાબંધ આદમીઓને જાન વગરના કરી નાંખતું!

દશ હઝારના તુરાની લશકરમાં દશ મીનીટબી જેહાંગીર સામે ટકવાની જાણે શકતી નહીં હતી, અને ગભરાયલું લશકર વધારે અને વધારે દહેસ્ત ખાઇને ન્હાસવા લાગ્યું!

આખું તુરાની લશકર એકેલા જેહાંગીરથી ન્હાસી ગયું!! અને તેઓનો અફસર ગરૂહી ઝરા માથુ કુટતો જઇને અફરાસીઆબને મલ્યો.

પ્રકરણ ૭ મું.

જેહાંગીર અફ્રાસીઆબની દરબારમાં!

અફ્રાસીઆબ: "ઘણુંજ અજબ છે કે દશ હઝાર ત્હમે માણુસો ફકટ એક માણુસને મારી કે હરાવી શક્યા નહીં!"

ગરૂહી ઝરા: "નામવર શહેનશાહ, એ માણુસ નહીં હતો, ગોયા કોઇ વબાલ આપણા લશકરપર હોય તેવો તે હતો. પહેલવાન રૂસ્તમથી ત્હમો દર કરોછ; મગર આએથી સમજો કે તેનોજ એક મુકાબલો છે! એ તો દડાની માફક માણુસને હવામાં ઉડારેછ, અને જાણે કોઇ મૂર્ગની મૂંડી તોડતો હોય તેમ પહેલવાનોની મૂંડી મરડી નાંખેછ! એને કોઇબી હરાવે તેમ નથી."

અફ્રાસીઆબ: "તેં મ્હારૂં નામ જે હતું તેબી ઝમીનદોસ્ત કરાવ્યું, કેમજે મેં જાણ્યુંછ કે એ નવો નીકલેલો પહેલવાન વીસ વરસની ઉમર વટીકનો હજુણ નથી, અને તેં બાયલાએ દશ હઝાર લશકર સાથે એવા એક છોકરાને માર્યો નહીં એ જાણીને દુન્યા મ્હારે માટે શું કહેશે? મ્હારા લશકર માટે શું બોલશે? તેં તુરાનીઓની આબરૂને ખાકમાં મેલવી દીધીછ."

અને એટલું ઘણાજ ગુસ્સાથી બોલતાં અફ્રાસીઆબ ગરૂહી ઝરાના દીલપર ધીકકારથી થુકયો, અને તેને અફસરના હોદાપરથી ઉતારીને તેના હથ્યાર છીનવી લીધા.

તે પછી અફ્રાસીઆબે પોતાના મોટા પહેલવાન હામુનને કહ્યું "અએ નામવર હામુન, તું જઇને એ કોઇ નવા પહેલવાનને સમજા-

ચીને આપણી તરફ ખેંચી લાવ, કે એના જેવા ઝબરદસ્ત પહેલવાનની મદદથી આપણે ઇરાન જીતી લઇ શકશું."

હામુન અફ્રાસીઆબને છોડીને જેહાંગીર તરફ ગયો. તેને પયગામ મોકલીને જેહાંગીરને મલવા માંગ્યું. જેહાંગીરે તેની મુલાકાત લીધી.

જેહાંગીર: "આપે શું કામ માટે તસ્દી લીધી?"

હામુન: "અએ નામવર પહેલવાન, હું તુરાનના શહેનશાહ અફ્રાસીઆબ તરફથી આવેલો છેઉં. અફ્રાસીઆબે ત્હમને સલામ કહીછે, અને કહેવડાવ્યુંછે કે શું કામ તુરાન સાથે દુશમનાઇ કરોછ? ત્હમે અગર જો તુરાનીઓના મદદગાર થાઓ અને અમારા પહેલવાન તરીકે રહો તો ત્હમને આલામાં આલા દરજ્જો દરબારમાં મલશે. ત્હમને તુરાનીઓના તમામ પહેલવાનના અને તમામ લશકરના સરદાર અને સીપાહસાલારનો હોદો આપવામાં આવશે."

જેહાંગીરે થોડોક વખ્ત સુધી વીચાર કર્યો, અને તે કોઇ ઠેડાવ-પર આવી જઇને હામુન સાથે જવા તૈયાર થયો.—તે હામુન સાથે અફ્રાસીઆબની દરબારમાં ગયો, અને તેની સાથે તેના દોસ્તોબી ગયા.



પ્રકરણ ૮ મું.

જેહાંગીર તુરાની લશકરના સીપાહસાલાર તરીકે!

અફ્રાસીઆબની દરબારમાં જેહાંગીર ગયો કે તુરાનીઓ બધા તેની જવાની અને તેનું મોટું પહેલવાની શરીર જોઇને તઅજ્જુબ તથા ખુશી થયા. તેઓ ખુશી એટલા વાસ્તે અકસર કરીને થયા કે તેમને એક ઘણોજ ઝોરાવર પહેલવાન મલી ગયો હતો!

અફ્રાસીઆબ: "અએ નામવર પહેલવાન, ત્હારો દીદાર જોઇ હું ઘણોજ ખુશી છું, ત્હારે માટે મ્હારા દીલમાં એવી મ્હેર આવી ગયલી છે કે જાણે તું મ્હારો કોઇ ખેશી હોય! ત્હારૂં મુબારક નામ શું છે?"

જેહાંગીર: "મ્હારૂં નામ જેહાંગીર છે. હું માઝનદરાન તરફનો રહીશ છું."

અફ્રાસીઆબ: "ત્હારા પીદર નામવરનું નામ શું છે?"

જેહાંગીરે તે સાંભલીને ખોટું બડાવતા કહયું "મ્હારા પીદરનું નામ મસીહાએ આબેદ છે, અને તેઓ એક ખુદા પહરેઝગાર છે."

અફ્રાસીઆબના દીલમાં જે વહેમ એ આગમજનો પડયો હતો કે જેહાંગીર ઇરાનનો હોય, તે વહેમ દુર થયો, અને તેને જેહાંગીરના પીદરના ખોટા નામના સાંભલવાથી માનીબી લીધું કે તે રૂસ્તમ પહેલવાનનો સગો નહીં હતો!

હામુનના મહેલમાં જેહાંગીરને વાસ્તે અને તેના સાથીઓને માટે જગ્યા કરવામાં આવી, અને તેઓની ઘણી આગતાસ્વાગતા તુરાનીઓએ કીધી.

હામુનની તરફ જેહાંગીર રવાના થયો કે પીરાન વઝીરે શાહ અફ્રાસીઆબ સાથે તેની તારીફની વાત કરતાં કહયું "નામવર શાહ, આપણા ઘણાજ મોટા નસીબ કે આવો એક પહેલવાન આપણને હાથ આવી ગયો. મેં એના જેવો પહેલવાન રૂસ્તમ સીવાય આજ લગી કેહેવી જોયલો યા જાણેલો નથી. એને આપણા લશકરનો સીપાહસાલાર બનાવીને ઇરાન સામે લડવા મોકલવામાંજ દાનાઇ થશે. એજ જવાન ઇરાન લેશે, અને શાહ કાઉસનું તખ્તબી આપને હવાલે કરશે. એ જવાને પોતાના બાપનું નામ મસીહાએ આબેદ કહયુંછ, પણ મ્હને તો લાગેછ કે એ ખુદ સામે નરીમાનની ઔલાદથી ઉતરેલો છે. એનું શરીર ગોયા પહેલવાન રૂસ્તમનીજ ઝીન્દા તસ્વીર છે!"

હોદા ઉપરથી ઉતરી પડેલો માઝી અફસર ગરૂહી ઝરા જે તે વખ્તે દરબારમાં એક ખુણાની અંદર બેઠલો હતો તેને પીરાનની વાત સાંભલીને જાણે કાંઇ નવુંજ ઝોર આવ્યું, અને તે ઉઠીને બોલ્યો "અએ શહેનશાહે નામવર, મ્હારી ત્યારે તું જોઇ શકશે કે કોઈજ તકસીર નહીં હતી. નામવર વઝીર પીરાન જેમ શંક લખ જાયછે તેમ એ ખુદ રૂસ્તમની ઔલાદનો છે, તો પછી દશ હઝાર લશકર સાથેબી હું હારી ગયો હોઉં તેમાં કાંઇ નવાઈજ નથી. એને આપ તુરાનમાં રાખોછ અને તુરાની લશકરનો સીપાહસાલાર બનાવોછ, પણ યાદ રાખજો કે કોઇ દીવસે એજ આપણને તબાહ કરી નાંખશે, માટે તમે એને સીપાહસાલાર બનાવવાને બદલે એનું ખુન કરાવો તેજ બહેતર થશે."

અફ્રાસીઆબ: "તું ત્હારૂં કપટ એ જવાન પહેલવાનપર કાઢી લેવા માંગેછ, પણ હું તેવા કપટથી એને મારી નાંખવા કદીબી ખુશી થાઉં નહીં. એ આપણીજ તરફથી લડીને જરૂર ઇરાન લેશે. અગર જો ખુદ રૂસ્તમબી હોય, યા ઝાલ યા સામબી હોય તોબી એ જ્યારે આપણીજ પક્ષમાં આવેલો છે તો એને હું ફેરવીને ઇરાન સામે લડાવી શકું. અગર જો ઇરાન સામે નહીં લડશે, તો પછી એનું ખુન કરવામાં હું પાછો નહીં હટીશ."

પીરાન વઝીરે શાહ અફ્રાસીઆબના બોલવાને ટેકો આપ્યો.

બીજે દીવસે દરબારમાં જેહાંગીર દાખલ થયો કે અફ્રાસીઆબે તેને પોતાની પાસે બેસાડયો, અને કહ્યું "અએ નામવર જેહાંગીર, હું ઇરાન ઉપર હુમલો કરવા ઇચ્છુંછ, અને શાહ કાઉસનાં તખ્તોતાજ લઇ લેવા માંગુછ. એ ઇરાનીઓનો એક રૂસ્તમ નામનો મોટામાં મોટો પહેલવાન હતો, જેની જોડી દુન્યામાં કેઠેશાબી મલવી મુશકીલ હતી. હવે રૂસ્તમ પહેલવાન હાલમાં કયાં છે તેની કોઇને ખબર નથી. તેથી એ પહેલવાન જયારે આપણી સામે લડનાર નથી તો હું ધારૂંછ કે આપણે ઘણી સ્હેલાઇથી ઇરાન જીતી શકશું. તુ નામવર જો અમો સાથે રહીને ઇરાનીઓ ઉપર હુમલો કરે અને ઇરાનીઓને મારવા કબુલ થાય તો હું તુને સીપાહસાલારનો હોદ્દો આપવા ઘણોજ ખુશી થઇશ."

જેહાંગીર: "નામવર શાહ, હું માઝનદરાનમાંથી મ્હારા બાપ મસીહાએ આબેદની રજા લઇને એજ મતલબે આવ્યો કે શીકાર કરૂં. શીકાર કરતાં કરતાં મ્હારા સાથીઓ અને હું ત્હમારી સરહદ ઉપર આવ્યા, અને જયારે ત્હમારા માણસોએ અમારા ઉપર હુમલો કીધો ત્યારેજ મ્હને લડાઇ કરવી પડી. હવે જયારે ત્હમે મ્હારા એક દોસ્ત થયલા છો, તો પછી ત્હમારો હુકમ બજા લાવવા હું સરોચશ્મથી કબુલ છેઉં."

અફ્રાસીઆબે ખુશી થઇને તે પછી કેટલીક જાતના હથીયારો મંગાવીને જેહાંગીરને ભેટ આપ્યા. જેહાંગીરે બધી ચીઝ ખુશીથી સ્વીકારી, પણ તીર મારવાની એક કમાન જે ભેટમાં અપાયલી તે નાપસંદ કરીને બાજુએ મુકી દીધી.

અફ્રાસીઆબે તે જોઇને કહયું "એ કમાન મ્હારી પોતાની છે. એ કમાન મ્હારા સીવાય બીજો કોઇબી તુરાની પહેલવાન ખેંચી શકતો નથી, અને એનાથી તીર મારી શકતો નથી એવી એ ભારી છે. અગર જો તું એને ખેંચી શકતો હોય અને તીર મારી શકતો હોય તો તેમ કર."

દીલાવર જેહાંગીરે તે સાંભલીને તે કમાન ફુલની માફક ફરીથી હાથમાં ઉંચકી લીધી, તેમાં તીર મુકયો, અને દરબારમાંની એક બારી આગલ જઇને તીર એટલો તો ઝોરથી ખેંચીને બ્હાર માર્યો કે તેના હાથમાંની કમાનના ટુકડે ટુકડા થઇ ગયા, અને તીર હવામાં એટલી તો ઝડપથી ઉડયો કે તે બોલબોલતામાં નઝરથી દુર જાણે ગાયબ થઇ ગયો!

અફ્રાસીઆબે દાંતમાં આંગલી કરડી લીધી! તેના તમામ દરબારીઓ અજાયબીથી ગોયા ફાટી ગયા!

તે પછી જેહાંગીરની કમાન દરબારમાં મંગાવવામાં આવી જે કેટલાક માણસોની મદદ સાથે લઇ આવવામાં આવી, અને તે કમાનથી એકબી તુરાની પહેલવાન તીર મારી શકયો નહીં!

અફ્રાસીઆબે ઘણી ખુશીની સાથે જેહાંગીરને સીપાહસાલારનો હોદો બક્ષ્યો, અને તે બપોરે પોતાની સાથે ખાણાંપર જેહાંગીરને બેસાડયો.

પ્રકરણ ૯ મું.

જેહાંગીરની મતલબ, ઈરાન અને તુરાનની ફરીથી તૈયારી.

જેહાંગીર જ્યારે પોતાના દોસ્તોને મહેલમાં જઇ મલ્યો, ત્યારે તેઓએ ઘણી અજાયબી સાથે જેહાંગીરને કહયું કે તેણે ઇરાન સામે લડવાનું કબુલ કરવામાં મોટી ભુલ કીધી હતી. તે પોતે ઇરાની હતો, તેના બાપદાદા ઇરાની હતા, તેનો શહેનશાહ કાઉસ ઇરાની હતો, અને તેથી શાહ કાઉસનીજ સામે લડવા જવા માટે તુરાની સીપાહસાલારનો હોદો લવામાં જેહાંગીરે ઘણુંજ ખોટું કીધું હતું.

જેહાંગીર: "મ્હારા અઝીઝો, એ હોદો લેવામાં મ્હારી ઘણી ઉંડી મતલબ છે. હું કદીબી મ્હારા પોતાના બાપદાદાના સગાઓને દગાખોર અને મ્હારા શાહને દગલબાઝ નહીંજ થવશ, અને મ્હારા નામને કલંકીત નહીંજ કરશ. હું અફ્રાસીઆબને ત્યાંજ રહીને ઇરાનના એ કટટા દુશમનનું કાટલું કાઢશ, અને તે જ્યારે આપ બધા જોશો ત્યારે અજાયબીથી ગોયા ડંગ થઇ જશો. આપ બધા અઝીઝો બેફીકર રહો."

નામવર જેહાંગીરની મતલબ તેના દોસ્તો પામી ગયા, અને તેથી તેઓ સઘળા ખુશી થઇને આપસ આપસમાં તે મતલબ ઉપર ખુશ ટાહેલાં ચલાવવા પડયા.

બીજે દીવસથીજ ઇરાન ઉપર પાછો હુમલો લઇ જવાની તૈયારી તુરાનીઓએ કરવા માંડી, અને મોટું એક લશકર જમાવ કીધું.

પેલી તરફ શાહ કાઉસને ખબર થઇ કે તુરાનીઓ ફરીથી ઇરાન ઉપર હુમલો લાવવાની તેયારી કરેછ, અને આ વખતે તેઓને એક

નવોજ કોઇ જવાન પહેલવાન મલ્યોછે, જે નહીં હાથ્થીથી દબે, બબરથી બીહે, કે સીંહથી ડરે તેવો છે! શાહ કાઉસને તે ખબર મલતાજ તેને દીલમાં મોટો અંદેશો પયદા થયો. તેણે પોતાના પહેલવાનોને પાછા બોલાવ્યા અને વીગત કહી.

તે સાંભલીને ગુદર્ઝે કહયું "નામવર શહેનશાહ, બીલકુલ ફીકર ના કરો. અમે એક જંગલી છોકરાથી ડરી જવાના નથી. તલવારથી તેના ટુકડા ઉડારી નાંખશું, તે જેબી હશે તેને અમે ઝમીનપર ખુનઆલુદા કરશું. જે તરનાર છે તે દરીયાવથી બીહતા નથી."

ગીવ અને ઝાલેઝરેબી તે પછી શહેનશાહને દીલાસો દીધો. સીપાહસાલાર ઝાલેઝરે કહયું "જે માણસ દગાખોર હોય છે તેનો કદીબી અંજામ સારો નથીજ થતો. પાક ખુદાના હુકમથી આપણે તુરાનીઓને ફરીથી હલાક કરી નાંખશું, અને હવે દગલબાઝ અફ્રાસીઆબને ન્હાશી જવાની ટકબી નહીંજ આપશું, પણ તેને તદનજ તબાહ કરશું."

તે પછી ઇરાનીઓએબી પોતાનું લશકર જમાવ કીધું, અને લડાઇની તૈયારી કરવા માંડી.

પ્રકરણ ૧૦ મું.

જેહાંગીર અને ગીવની લડાઇ! ગીવનું ગીરફતાર થવું!

—:o:—

થોડા દીવસ પછી જંગે મયદાનમાં ઇરાનીઓ અને તુરાનીઓ સામસામા થયા, અને રીવાજ મૂજબ પહેલો એક પહેલવાન બ્હાર પડયો.

પહેલવહેલો તુરાનીઓ તરફથી જેહાંગીર નીકલ્યો. તેના માથા-પર ઝરરીન એક કોલાહ હતી. તેની પીઠે એક રૂમી ઢાલ બાંધેલી હતી. ઘોડાની ઝીનની બાજૂમાં ગોર્ઝ હતું, ગરદનથી કમર સુધી પટામાં તીરો મુકેલા હતા. કમાન, ખંજર, ઢાલ અને હથીયારોથી પગ સુધી સજાયલો હતો!

જેહાંગીરે મયદાનમાં આવતાને વાર ગોર્ઝ ખેંચી કાઢયું, અને તે ગોર્ઝ ફેરવતો મયદાનની વચમાં એટલો તો ઝોરથી ઘોડાને એમ તેમ દોડાવવા લાગ્યો કે બધી ધુલની ધુલ ઉડી રહી. વલી ગોર્ઝને તે ઘણો ઉંચે ઉડારીને ઘણી સારી નેમથી ઝીલવા લાગ્યો, જે જોઇને ઇરાનીઓમાં અજાયબીનો સણુસણાટ પસરી રહયો.

ઇરાનીઓ તરફથી લડવા બેજનનો બાપ પહેલવાન ગીવ આવ્યો. ગીવે મયદાને પડતાંજ સીંહના જેવી ગર્જના કરીને ઘોડાને દોડાવ્યો. તેણે આવતાને વાર જેહાંગીરને કહયું "અએ જવાન, તું શું કામ તુરાન તરફથી ઇરાનીઓ સામે લડવા આવ્યોછ? તું પોતે તો ઇરાની હોય તેવી શકલ ધરાવેછ. ત્હારા બાપદાદા કોણ છે તે તું મ્હને

જણાવ, અને ઇરાનના શાહેનશાહ કાઉસ સાથે તું શું કારણથી લડવા તૈયાર થયોછ? તું જો શાહ કાઉસ પાસે આવશે તો ત્હારી ઇઝ્ઝત વધશે.”

જેહાંગીરઃ “અએ નામવર પહેલ્વાને બુઝર્ગ, મ્હારૂં નામ જેહાંગીર છે, અને હું આશા રાખુંછ કે તું ત્હારૂં નામબી મ્હને કહેશે.”

ગીવઃ “મ્હારૂં નામ ગીવ છે, અને હું ઇરાનના મોટામાં મોટા પહેલવાન રૂસ્તમનો જમાઇ થાઉં છું.”

જેહાંગીર મનમાં સમજી તો ગયો કે ગીવ તેનો બ્હનેવી હતો, તોબી ઢોંગથી બોલ્યો.

જેહાંગીરઃ “ઓહોહો! ત્હમે રૂસ્તમ પહેલવાનના જમાઇ છો! ત્હમે તો ત્યારે મોટા એક પહેલવાન છો, અને હું માઝનદરાનના એક પીર પહરેઝગારનો છોકરો! તોબી ત્હમે જાણજો કે હું અફ્રાસીઆબનો દોસ્ત છું, અને ત્હમો ઇરાનીઓના શાહેનશાહ કાઉસને મારીને તેના તખ્તોતાજ લઇ લેવાની તલબ રાખું છું. ચાલો ત્યારે હવે વાત ખલાસ કરીને આપણે લડશું. ત્હમે આવા મોટા ઇરાની પહેલવાન, રૂસ્તમ પહેલવાનના જમાઇ, અને જંગે મયદાનમાં લડવા આવ્યાછ કે સીપલાસ ચલાવીને એક છોકરાને લલચાવવા આવ્યાછ? હું આશા રાખુંછ કે ત્હમારી મોટામાં મોટી પહેલવાની હવે બતાવી આપશો મ્હને કે તે કેવી છે!”

જેહાંગીરનું સાંભલીને ગીવે એકદમ મ્યાનમાંથી શમશીર બ્હાર કાઢી, અને જેહાંગીર ઉપર ધસી ગયો. જેહાંગીરે પોતાના ઘોડાને બાજૂએ હટાવ્યો, અને ગીવનો ફટકો જે હવામાં ઉછલ્યો હતો તે છટકાવી નાંખીને ગીવની બાજૂએ દોડી જઇ તેનો હાથ પકડી લીધો, જોર કરીને તેના હાથમાંથી શમશીર જૂટવી લીધી, તેને કમરબંદમાંથી પકડીને ઘોડા ઉપરથી ઉંચકી લીધો, પોતાના ઘોડાપર બેસાડી લીધો,

અને એ રીતે તે મોટા ઇરાની પહેલવાનને જાણે તે એક રમકડું હોય અને તેની સાથે રમ્યો હોય તેમ તેને ઉંચકી ઉડાવી પોતાનો કેદી બનાવી તુરાનીઓનાં તંબુ તરફ ઘોડો દપતાવી ગયો !

સીપાહસાલાર પહેલવાન ઝાલેઝર તે જોઈને અજાયબીથી ગોયા ફાંટી ગયો, તમામ ઇરાનીઓમાં ગભરાતનીજ એક ધીમી ધ્રુજરી ચઢી ગઇ, અને તુરાનીઓ બધા ખુશાલીની ચીખથી ખુશીના દીવાના બની ગયા !

જેહાંગીરે પોતાના કેદીઓને ઘણી હીફાઝતથી રાખવાનું ફરમાન તુરાની છાવણીમાં જતાંજ આપ્યું, અને તે ગીવના હાથ બાંધીને તેને તુરાની તંબુમાં છોડી, પાછો જંગે મયદાનમાં જઇ ઉભો.

પ્રકરણ ૧૧ મું.

મામાં-ભાણેજની લડાઇ! ભાણેજનું કેદ પકડાવું!

જેહાંગીર જેવો મયદાને જંગમાં પાછો આવ્યો તેવોજ તેને પુકાર માર્યો "જેબી કોઈ મોટામાં મોટો પહેલવાન હોય તે મ્હારી સામે લડવા આવે."

તે સાંભલીને ગીરફ્તાર થયલા ગીવનો છોકરો બેજન જે પહેલવાન જેહાંગીરનો ભાણેજ થતો હતો તે ખુનભરી આંખોથી મયદાનમાં ધસી આવ્યો. તેના પીદર કેદ પકડાયા હતા, અને તેથી તે ગૂસ્સાથી ગોયા જલી જતો હતો. બેજનના હાથમાં નેઝા (નેજો) હતો.

તેને આવેલો જોઇ જેહાંગીરે પુછ્યું "તું કોણ છે?"

બેજને ગૂસ્સાથી જવાબ આપ્યો "મ્હારૂં નામ સમશીરે તેઝ છે, નામ પુછીને શું કરેછ? હું ત્હારૂં નામજ હમણાં દુન્યાથી કાઢી નાંખું છ તું ઘણોજ હુન્નરમંદ છે, તો હવે ત્હારો હુન્નર મ્હારી આગલ ચાલવાનો નથી. તેં હજુણુ ધરાની પહેલવાનોને જોયાજબી કયાં જે એટલો ફુગરઇ જાયછ કે જાણે દુન્યામાં તુંજ એક ઝોરાવર હોય! તેં એક પહેલવાનને ગીરફ્તાર કીધો તેબી કોઇ ત્હારા નસીબના ઝોરથીજ સમજ, પણ હવે હું તુને એવી રીતે મારી નાંખશ કે ત્હાસ તે કંગાલ મોતપર આખી દુન્યા અને પેલી દુન્યાબી રડે!!"

જેહાંગીર; "તે ભલે, મગર જયાં સુધી તું ત્હારૂં નામ મ્હને નહીં કહેશે ત્યાં સુધી હું ત્હારી સાથે લડવા આગલ વધીશ નહીં."

બેજન: "એમજ છે તો સાંભલ, મ્હારૂં નામ બેજનને ગીવે ગોદ્દ છે. હમણાં પકડાયલા પહેલવાન મ્હારા પીદર હતા, અને બાપનું વેર હું ત્હારીપર લઇશ."

જેહાંગીર સમજી ગયો કે બેજન તેની બ્હેનનો છોકરો હતો, અને તેને અંજાણ્યા બનીને કહ્યું "ઓહોહો ! ત્યારે તો ત્હારામાં ત્હારા બુઝર્ગ પીદર કરતાં વધારેજ જોર હશે, કેમ? તું બેજન છે, અને હું ધારૂંછ કે તું મીસલે અહરીમન છે. ત્હારા બાપની માફક તુંને બાંધી દઉં કે બીજી વખ્તે તું મયદાનમાં નહીં આવે."

સે સાંભલીને બેજન ઘણો જોશમાં આવી ગયો, તેને દોડીને પોતાનો નેઝા જેહાંગીરને મારવા ધાર્યો; મગર જેહાંગીરે તે નેઝાને પકડી લીધો અને હાથમાંથી ખેંચી કાઢયો, અને તેજ નેઝા બેજનની કમરમાં માર્યો.

જેહાંગીરના ફટકાએ બેજન ઘોડા ઉપરથી હેઠે પડી ગયો ! બેજન જેવો હેઠે પડયો કે જેહાંગીરબી પોતાના ઘોડાપરથી નીચે ઉતર્યો. જેહાંગીરે બેજનના હાથો બાંધ્યા, અને તેને પકડીને તુરાનીઓની છાવણી તરફ લઇ ગયો! જે દેખાવ જોઇને ઇરાનીઓ ધાસ્તી ખાઇ ગયા, અને શાહ કાઉસે પહેલવાન ઝાલેઝરને કહ્યું "આ જવાન મ્હને લાગેછ કે કોઈ માણુસ ઝાત નથી, પણ દેવ છે!"

★

પ્રકરણ ૧૨ મું.

જેહાંગીર અને તુસની લડાઇ! તુસનું હારવું!

જેહાંગીર પાછો ફર્યો, અને ઇરાનીઓ તરફથી તુરતજ તુસ મયદાને પડયો. તેના હાથમાંબી નેઝા હતો. તેણે જેહાંગીરને કહયું "તું હદની બ્હાર ગયોછ અએ જવાન, તેં ઇરાની પહેલવાનોને ગીરફતાર કરવામાં ભૂલ કીધીછ. તુરાનનો શાહ તુને શું નીહાલ કરવાનો હતો જે તેં તેની તરફથી લડવા સારૂ ત્હારી કમર કસીછ? તું ત્હારા ભલામાં કેમ નથી?"

જેહાંગીર: "અએ પહેલવાન, પહેલાં તું ત્હારૂં નામ મ્હને કહે કે તું કોણ છે? જયાંસુધી તું મ્હને ત્હારૂં નામ નહીં કહેશે ત્યાંસુધી હું ત્હારો એક સખુનબી સાંભળશ નહી."

તુસ: "મ્હારૂં નામ તુસે નૌઝર છે. હું શાહી તોખમનો છેઉં."

જેહાંગીર: "ઓહોહો! ત્યારે તું તો પહેલવાન ઉપરાંત એક શાહઝાદોબી છે! મ્હને મ્હારા બાપ મસીહાએ આબેદે ઇરાની પહેલવાનોના નામ કહેલા મ્હને જરા જરા યાદ છે, અને મ્હારી યાદદાસ્ત શકતી જો સારી હોય તો હું ધારૂંછ કે મીનોચેહેરના બેટા નૌઝરનો બેટો તું છે, કેમ? આ રસ્તો ભુલેલા નામવર શાહઝાદા, તું કાંય પહેલવાની કરવાપર મંડી ગયોછ? શાહઝાદાઓ ચમનથી મેવા મીઠાન ઉડાવે, કે હથીયારો સજાવે?"

તુસે તે સાંભળીને હવે લડવાનું શુરૂ કરવા ધાર્યું, અને તેણે નેઝા મુકી દઇને ગોર્ઝ ખેંચી કાઢયું; અને તે ગોર્ઝને જેહાંગીરના

માથાપર મારવા હવામાં ઉગામ્યો. જેહાંગીરે ગોર્ઝ ઉતરવા દીધો, તેણે ફટકો છટકાવ્યો, અને છટકાવા સમેટજ દોડી જઇને તુસનો હાથ પકડી લીધો, અને તેના હાથમાંથી ગોર્ઝ ખેંચીને તેજ ગોર્ઝ તુસને માર્યો! તુસે ઢાલ વચમાં ધરી લીધી, મગર જેહાંગીરનો ફટકો એટલો ઝબરદસ્ત હતો કે તુસની ઢાલના ટુકડે ટુકડા થઇ ગયા, અને ઘોડાના માથામાં તે ફટકો લાગ્યો. તુસનો ઘોડો તેજ પલે ઢગલો થઇને મરણ પામ્યો. તુસ ઝમીન પર પડ્યો અને તે ધરૂજવા પડ્યો કે હવે જેહાંગીર તેને મારી નાંખશે! ઘોડેથી કુદીને જેહાંગીરે તુસને પકડી લીધો અને તેટલીજ ઝડપથી તેના હાથ બાંધી લીધા! તે પછી તુસને તે તુરાનીઓની છાવણી તરફ લઇ ગયો.

આગલા બે ઇરાની પહેલવાનો ગીવ અને બેજનને જયાં બંધ કીધેલા હતા, ત્યાંજ તુસનેબી કૈદ રાખવામાં આવ્યો.

તુરતજ ઇરાનીઓ તરફથી "આસાએશનું પડઘમ વાગ્યું, અને લડાઇ તે દીવસને માટે બંધ પડી.

પ્રકરણ ૧૩ મું.

શાહ કાઉસ અને સીપાહસાલાર ઝાલેઝરની ગુફ્તેગો.

રાતના શાહ કાઉસના તંબુમાં બધા ઇરાની પહેલવાનો એકઠા થયા. કાઉસે ઝાલને કહ્યું "અએ નેક પહેલવાન, અમારો આએ વખત ઘણોજ કમનસીબ અને બારીક આવ્યોછ! આપણા ઝોરાવરમાં ઝોરાવર પહેલવાનોને આએ જવાન છોકરાએ રમવાના રમકડાની મીસાલ પોતાની ચુંગાલમાં પકડી લીધા, અને તેઓને ખેંચી ગયો! હું તો એમજ સમજુંછ કે જાણે ખુદ રૂસ્તમ પહેલવાન પોતેજ જવાન બનીને આવ્યો હોય અને આપણી સામે લડતો હોય! ઘણીજ તઅજજૂબની વાત છે! આવી દીલેરી મેં રૂસ્તમ સીવાય બીજા કોઇબી પહેલવાનમાં જોઇજ નહીં હતી! તુરાન અને ચીનમાં તો એવો કોઇબી પહેલવાન મ્હને લાગેછ કે નથીજ, અને તેથીજ હું અજાયબીમાં ગરકાવ થઇને માનુંછ કે ખુદ રૂસ્તમ નવા અવતારમાં જાણે હોય!"

ઝાલેઝરઃ "પાક ખુદા ત્હમને મદદ આપે અએ નામવર શહેનશાહ કાઉસ, અને ત્હમારા તખ્તોતાજ કાયમો દાયમ રહે! ત્હમને કદાચ શક જતોબી હોય કે રૂસ્તમે પોતાની ગયરહાઝરી દરમ્યાન શાદી કીધી હોય અને તેનો આએ બેટો હોય! હું તેમ સમજી શકુંછ ત્હમારી મતલબ, મગર મ્હને કહેવા દો કે રૂસ્તમની હોશ સોહરાબને મારી નાખવાથી એટલીતો ફરામોશ થઇ ગયલી કે તેને શાદી કરવાની

હોશ યા તમીઝ રહેલીબી નહીંજ. જો કે આજ લગભગ વીશ બરસો થયા મ્હારો બેટો નામવર રૂસ્તમ ગૂમ થયોછે અને તેથી આપણે શકમંદ બનીએ જઇએ કે કદાચ આ નવો નીકળેલો પહેલવાન રૂસ્તમનોજ બેટો હોય, મગર મ્હને ખાત્રી નથી. રૂસ્તમે સોહરાબનું ખુન એવું જોયલું કે તેને ઝમાનાની હવસથી નહીં રહેલી, અને આંખ ઉંચકીને કોઇની તરફ જોવાનીબી હોશ તેને નહીં થયલી. પછી તો કેમ કહી શકાય! પાક ખુદાની કુદરત ન્યારી છે! તમે તે ન્યારી કુદરતના પાક પરવરદેગાર ઉપરજ પુરેપુરો ભરૂસો મુકો, સઉ સારૂ થશે. એ છોકરો જો અમારીજ તોખમનો હશે તો સેવટે આપણીજ તરફની વલાણ તે જરૂરજ લેશે."

શાહ કાઉસ અને ઝાલેઝરની ગુફતેગો તે પછી ખતમ થઇ, જે બાદ ખાણું પીરસાયું, અંદેશામાં શાહ કાઉસે કાંઇ ઘણું ખાધુંબી નહીંજ.—ઝાલેઝરે પેહેરેદારોને ચોકસાઇથી પહેરો ભરવાનો હુકમ કીધો અને બાદ કુદરતની મીઠી બક્ષેસ ખાબનો લાભ લેવા સઉ વગેસગે થઇ ગયા.

પ્રકરણ ૧૪ મું.

અફ્રાસીઆબનો ઇરાની પહેલવાનોને મારી નાંખવાનો હુકમ.—જેહાંગીરનું અફ્રાસીઆબને સમજાવવું.

પેલી તરફ અફ્રાસીઆબના તંબુમાં બધા પહેલવાનો એકઠા મળ્યા. જેહાંગીર અફ્રાસીઆબની બાજુમાંજ બેઠેલો હતો. અફ્રાસીઆબે હુકમ કીધો કે ગીવ, બેજન અને તુસને લાવવામાં આવે. ગીરફ્તાર થયલા તે ઇરાની પહેલવાનોને બાંધેલા હાથોએ અફ્રાસીઆબ સામે ઉભા કરવામાં આવ્યા. અફ્રાસીઆબે ફુલાઇ જઈ તેઓને કહયું "કેમ, ઘણીજ બડાઇ મારતા હતાની? આખરે જોયું કે જેહાંને ત્હમને કેવી રીતે ગીરફતાર કીવા? એક કમઝોર કોહલાની માફક સીંહના પંજામાં પકડાઇ ગયા! હું ત્હમોને હવે કાપી નખાવીને ખાકમાં મીલાવી દઇશ. ત્હમારી પછી વલી ત્હમારા ઝાલેઝરની ગરદન હુંજ કપાવીશ જે ત્હમારા મરતા દમેબી યાદ કરજો. ત્હમારા ફરામર્ઝનેબી તીરથી હું વીંધાવી નાંખશ, શાહ કાઉસનેબી આતીશના શોહલામાં બાલી નખાવશ, ઇરાનના તાજોતખ્તબી હુંજ લઇશ, અને ઇરાનીઓને તમામ તબાહ કરાવીશ. ઇરાનનું રાજ્ય આએજ મારા શુરવીર પહેલવાન જેહાંગીરને હું આપી દઇશ, કે જે પહેલવાનબી છે અને નવજવાનબી છે."

તે સાંભળીને ગીવે અફ્રાસીઆબને કહયું "પાક ખુદાની વાત કોણ જાણેછ! શું તે પાક પરવરદેગાર કરનાર છે તેની ખબર મ્હને

અને તુને કયાંથીજ પડે ! પાક ખુદાના હુકમ વગર ઝાડનું એક પાંદડુંબી હાલી નથીજ શકતું. તું "એમ કરૂં" ને "તેમ કરૂં" ની ગુરૂરી ના કર, જેહાંનને પાક ખુદાવંદે જેહાંન આફરીને પયદા કીધું છે, અને પાક ખુદાજ ઝમીન અને ઝમાનનો એકલો માલીક છે. તું શું કરી શકશે ? કોઇબી ચીઝ કરી શકનાર નથી. મ્હારા ને ત્હારા જેવા નાચીઝ આદમીઓના બકવાથી કાંઇ દુન્યા બનતી નથી, જે બનાવનાર અને પયદા કરનાર છે તે તેજ પાક ખુદા છે ! અમારો જાનબી તેજ પાક ખુદાના હાથમાં છે, અને તે જે કરશે તેજ અમારીપર ઉતરશે."

અફ્રાસીઆબના કાનોમાં ઉપલા સખુનો ઉતર્યાં કે તે ગરમ આગ થઇ ગયો, અને જલ્લાદને હુકમ કીધો કે "ગીવને મારી નાંખીને ટુકડે ટુકડા બનાવે."

જલ્લાદ ગીવ તરફ જવા ગયો કે જેહાંગીરે તેને અટકાવ્યો, જેહાંગીરે અફ્રાસીઆબ તરફ ફરીને નમનતાઇથી કહયું "અએ શહેનશાહે નામવર, દાવ તો આપણાજ હાથમાં છે, હાલમાં એને મારવામાં ફાયદો નથી; આપણા નામને કીર્તીવંત બનાવવા બધા પહેલવાનોને ગીરફતાર કરીને સાથોસાથ મારી નાંખશું તો કોઇ કામ કરેલું કહેવાશે. હાલમાં ગીવ, બેજન અને તુસને કેદજ રાખો, બીજાને હું પકડીશ અને પછી સાથે તેઓનું કાતલું કાઢી નાખશું. શાહ કાઉસનેબી પકડીશુ, અને તેની સાથે જયારે એ બધા મરશે ત્યારે આપણું નામ થશે, માટે હાલમાં ત્હમે એ લોકને ફકટ બંધ રાખો."

અફ્રાસીઆબને લાગ્યું કે જેહાંગીરની સલ્લાહ ઘણી સારી હતી, જેથી તેણે પોતાનો હુકમ પાછો ખેંચી લીધો.

જેહાંગીરે હામુનને કહયું કે ત્રણેને લઇ જાઓ અને તંબુના એક ભાગમાં અસીર રાખો.

હામુને તેમ કીધું.

અફ્રાસીઆબે તે પછી જેહાંગીરની દીલાવરીની વખાણ કરતાં કહયું કે "આજથી ત્હમારી ખીદમતમાં દશ હઝાર ચુનંદા સીપાહો રહેશે."

તે પછી અફ્રાસીઆબ પોતાના શાહી તંબુમાં, અને જેહાંગીર હામુનવાલા પોતાના ખઇમાં (તંબુ) માં ખાબ કરવા ગયા.

પ્રકરણ ૧૫ મું.

ફ્રરામર્ઝ અને જેહાંગીર-ભાઇ-ભાઇની લડાઇ !

—:૦:—

રાતે પોતાનો સીહા લીબાસ ખુરશીદને જોઇને તજી દીધો, અને આફ્તાબ પોતાના ઝરરીન લીબાસમાં ઉગી નીકલ્યો, અને જેહાંન તેના નૂરથી ચલકતી થઇ રહી: મતલબ કે બીજો દીવસ થયો.

લશકર ખાબથી બીદાર થયલું તૈયાર થવા લાગ્યું. બેઉ બાજૂ તરફથી લડાઇનું નગારૂં વાગ્યું. શાહે તુર (અફ્રાસીઆબ) પોતાના ઘોડાપર સ્વાર થયો, અને પેલી તરફ શાહેનશાહ કાઉસ ઘોડાપર કુદી બેઠો.

ગાબ્યાની ઝુંડો (ઇરાની વાવટો) હવામાં ઉડી રહયો, અને ખુરશીદના કીરણથી તે લાલ, પીલો, અને લીલો દેખાતો હતો.

બને તરફ લશકર એવી રીતે સફ સમારીને ઉભેલું હતું કે જાણે પવનબી તેઓની વચેથી પસાર થઇ શકતો નહીં હતો ! ! અને વલી બેઉ તરફ એવી રીતે ઝોરથી નગારાઓ વાગ્યા કે બધી દુન્યા ધરૂજી રહી ! !

તૂરાનીઓ તરફથી જેહાંગીર મયદાને પડયો, અને ઇરાનીઓ તરફથી ફ્રરામર્ઝ બ્હાર પડયો.

ફ્રરામર્ઝે આવતાને વાર જેહાંગીરને કહયું કે "અએ માઝનદરાન તરફના છોકરા, તુને ઇરાનીઓ સાથે એટલી બધી શાની

દુશમનાઈ કે તુરાનીઓ તરફથી તું ઇરાનીઓની સામે થઈને લડેછ? તું પોતે તો મ્હને આપણા ઇરાની જેવોજ લાગેછ. યાદ રાખજે કે ઇરાનીઓ સાથે લડવામાં તું પસ્તાશે. તું ત્હારો પગ જહાંમાંથી કાઢી નાંખ, અને શહેનશાહ કાઉસની પાસે આવ. શાહ કાઉસને શું કામ તું દુખ દેછ? તું અમારા કોઇનું કહયું માનતો નથી, પણ હું આશા રાખુંછ કે તું મ્હારૂં માનશે."

જેહાંગીરે ફરામર્ઝના સખુન સાંભલ્યા, અને તેના દીલમાં મહેર આવી ગઇ. તોબી તે બોલ્યો "અએ કામકાર પહેલવાન, તું દીલેરનું નામ શું છે? ત્હારા સખુનથી મ્હારો જાન ગોયા ખીલેલા ફુલની માફક તાઝો થઈ ગયોછ."

ફરામર્ઝ: "મ્હારૂં નામ ફરામર્ઝ રૂસ્તમ છે. મ્હારા પીદરના જેવો નામવર એકબી પહેલવાન દુન્યામાં નથી. તે રૂસ્તમ, કે જે ઝાલે સામનો બેટો છે, અને જેનાથીજ ઇરાનના તાજોતખ્ત કીર્તીવંત ચોમેર છે."

જેહાંગીર મનમાં સમજી ગયો કે ફરામર્ઝ તેનો પોતાનો પ્યારો ભાઇ હતો. જેહાંગીરે પોતાનું ખરૂં નામ કહી દેવાનો વીચાર કીધેલ, પણ તેને બીજો એ વીચારબી થયા કે 'મ્હારે મ્હારા ભાઇનું ઝોરબી આઝમાવવું, અને તેને મ્હારૂં કુવવતબી બતાવી આપવું.'

જેહાંગીર: "ત્હારી વાત સાંભલીને હું દીલપઝીર થઇ ગયોછ, હું ખુશી છેઉં. તું કહેછ તે ખરૂં છે કે હું ઇરાની તોખમનો છું, મગર મ્હને તુરાની શાહે પોતાની મદદ આપેલી છે એટલે લાચાર છેઉં. હું શાહ કાઉસ પાસે નહીં આવશ, કેમજે એ પાદશાહીને લાયક નથી. મેં સાંભલ્યુંછ કે એજ શહેનશાહ કાઉસે ત્હમારા પહેલવાન રૂસ્તમ પીદરને, ત્હમારા ભાઇ મરહુમ સોહરાબ જ્યારે ઝખ્મી થયા ત્યારે, નુશ દારૂ નામની ઝખ્મ રૂજવાની દવાઇ નહીં આપી. મરહુમ સોહરાબ તે દવાઇ વગર બેહેસ્ત મુકામ થયો, અને પહેલવાન રૂસ્તમ તે નરેશેર બેટાના મોતથી દીવાનો જેવો બની જઇ જંગલોમાં

અટકતો થઇ ગયો." તેથી, હું કહુંછ કે શાહ કાઉસ પાદશાહીને લાયક નથી, અને એ બેદાદગર છે, એના જેવા કમીના માટે હું કદીબી કમમર બાંધું નહીં."

શાહ કાઉસને ગાલ દેતો સાંભલીને ફરામર્ઝ જેહાંગીર ઉપર ચીરડાઇને ગોર્ઝ ઉંચકીને ધસી ગયો. જેહાંગીરે તુરતજ ઢાલ આડી પકડી લીધી. જેહાંગીરની ઢાલને બદલે જો જેહાંગીરના શરીર પર તે ગોર્ઝ વાગ્યું હતે તો ચૂરેચૂરો થઈ ગયો હતે, અને આ નામું અહીંજ અટકી પડતે. લેકીન, ઢાલથી તે બચી ગયો, મગર ફરામર્ઝના તે ફટકાથી જેહાંગીર ઘોડા ઉપર ધ્રુજી રહયો! બીજી વખ્તેબી ફરામર્ઝે ગોર્ઝ માર્યું, પણ જેહાંગીરે તેબી છટકાવ્યું. આ બીજે ફટકોબી જેહાંગીરે ઢાલ ઉપરજ લઇને છટકાવ્યો હતો, મગર ગોર્ઝના આંચકાથી તેની આંખે અંધારા આવી ગયા અને તેને દુન્યા બધી સીહા સીહા જણાઇ! ફરામર્ઝે ગોર્ઝનો ત્રીજો ફટકો માર્યો અને જેહાંગીરે તેબી છટકાવ્યો, પણ તે ફટકાથી જાણે જેહાંગીર અરધો બીમાર થઇ ગયો! અને તે પોતાને મનથી વીચાર કરવા લાગ્યો કે 'હવે હું નહીં જીવશ.' જેહાંગીરને એવુંબી લાગ્યું કે તે પોતે ઘોડા ઉપરથી જે વખ્ત જાયછ તેમાં પડી જશે. ફરામર્ઝે જે ગોર્ઝ માર્યો તે જો તે પાહાડપર મારયો હતે તો પાહાડના તે ભાગનોબી ચૂરો થઇ જતે, મગર ગમે તેબી જેહાંગીર એક ઝબરદસ્ત પહેલવાન હતો.

હવે ગોર્ઝ મારવાનું જેહાંગીરને ફાળે આવ્યું, કેમજે તેને મૌકો મલતાંજ પોતાનું ગોર્ઝ ઉંચકીને એક શેરની મૂઆફેક બરાડ પાડતો તે ફરામર્ઝપર ધસી ગયો, અને તેને ગોર્ઝ માર્યું. ફરામર્ઝે ઢાલ આડી કીધી, વીજળી ચમકે તેમ ઢાલમાંથી આતશ ચમકયો!

ઇરાની લશકરમાં તે જોઇને ધાસ્તી પડી ગઇ કે તહેમતનનો છોકરો ફરામર્ઝ માર્યો ગયો હતો! પણ તે ખોટું હતું.

પ્રકરણ ૧૬ મું.

અજાયબ સંજોગે ફ્રેરામર્ઝનું હારવું !

જેહાંગીરે બીજો ફટકો લગાવ્યો, અને જો કે તેબી ફ્રેરામર્ઝે ઢાલ ઉપર પકડયો તોબી ફટકાનો આંચકો એવો હતો કે ફ્રેરામર્ઝે એક સર્દ આહ મારીને મનમાં માની લીધું કે હવે તેનો ઝમાનો તમામ થઇ ચુકયો હતો !

એક બીજા ઉપર ગોર્ઝનો હુમલો ચલાવ્યા પછી, શમશીર ચાલી. મગર શમશીરની પટાબાઝીમાં બેઉ એવા એક્કા હતા કે કટરાભાર લહુબી તેમના શરીરથી ટપકયું નહીં ! શમશીર બાદ નૈઝાની લડાઇ ચાલી, અને નૈઝાથી તેઓ ઘાયલ થયા, મગર તે નરેશેરોને તેવા ઝખ્મોની પરવાહજ કયાં હતી ?

બેઉ તરફની શમશીર પટાબાઝીમાં ભાંગી, અને નૈઝા મારતા મારતા તૂટયા ત્યારે તેઓએ ઘોડાપર બેઠા બેઠાજ એક બીજાની કમર પકડી લીધી. ફ્રેરામર્ઝ જેહાંગીરને ઘોડાપરથી નીચે પાડવા માંગતો હતો, અને જેહાંગીર ફ્રેરામર્ઝને ઝમીનપર પકડવા માંગતો હતો. બેઉએ એક બીજાને પુરતા ઝોરથી ખેંચ્યા તાણ્યા, મગર નહીં ફ્રેરામર્ઝને નુકશાન થયું, યા તો નહીં જેહાંગીરને ઝલલ પહોંચી.

થોડા વખતની ખેંચાખેચીની તે લડાઈ પછી ફ્રેરામર્ઝ જેવા ઝબરદસ્ત પોતાના ભાઇનેબી જેહાંગીરે ઝોર કરીને ઘોડાપરથી થોડોક ઉંચકી લીધો ! મગર, ફ્રેરામર્ઝ સાવધ રહ્યો, અને તેણે પોતાનું ઝોર એટલું વાપર્યું કે પાછો તે ઘોડાની પીઠપર બેઠો. પણ, તેજ વખ્તે

કમનસીબે એક અજાયબ સંજોગ બની ગયો ! ફ્રામર્ઝના ઘોડાએ પાછલા પગનો એક આંચકો ખાધો, અને મયદાને જંગમાં જંગલના ઉંદરોએ પાડેલા એક નહાના બોહનાં મોંઢામાં ફ્રામર્ઝના ઘોડાનો પગ દબાઇ ગયો, અને તેના સબબથી ઘોડો ઠોકર ખાઇને ઝમીનપર અફલાઇ પડયો !

એક જબરા જોંહોક સાથે ફ્રામર્ઝ ઉછળાઇને હેઠળ પડયો, જેવો તે પડયો કે તેવોજ તે ઉઠયો. પણ તેના ન્હાના ભાઇએ તેની ઉપર તુરતજ કમન્દ નાંખી, અને જેહાંગીરે કમન્દથી પોતાના મોટા ભાઈ ફ્રામર્ઝને કેદ પકડયો !

એક હઝાર તુરાનીઓ તે જોઇને દોડી આવ્યા, અને તેઓમાના કેટલાકે ફ્રામર્ઝને બાંધ્યો. જેહાંગીર ફ્રામર્ઝને લઇને તુરાનીઓના તંબુ તરફ ગયો. તેણે પોતાનાજ તંબુમાં ફ્રામર્ઝને કેદ રખાવ્યો, અને પોતાની બીજી સમશીર તથા નેઝા લઇને તે પાછો મયદાને પડયો.

પેલી તરફ ઇરાનીઓના શાહ કાઉસ સીનાચાક અને સીપાહ-સાલાર ઝાલેઝર દર્દનાક થઇ ગયા.

પ્રકરણ ૧૭ મું.

અફ્રાસીઆબ અને ફરામર્ઝની તકરાર.

રૂસ્તમ પહેલવાનનો ભાઇ ઝવારા હવે લડાઇ કરવા મયદાને જંગમાં જવા માંગતો હતો, મગર ઝાલેઝરે તેને અટકાવીને કહયું "આએ વખ્તે આપણો વખ્ત ઘણો બુરો આવેલો છે, અને તું એ કોઇ અહરીમન બચ્ચાની લડાઇમાં જાય એ મ્હને પસંદ નથી."

શાહ કાઉસ જે હવે ગોયા લહુના એક ટીપાં વગરનો ફીકકો બની ગયો હતો, તેણે ઝર્દ ચ્હેરાએ ઝાલને કહયું "હું ધારૂંછ કે આપણે લશકર લઇને એ જવાનને પકડીએ, અને શમશીરથી કાપી નાંખીને તેને રીઝરીઝ (ટુકડે ટુકડા) બનાવ્યે."

ઝાલેઝર: "નામવર શહેનશાહ, આપ જે કહો છો તે ખોટું છે. અવ્વલ તો એક માણુસની સામે આખા લશકરને અથવા લશ્કરની કોઇ ટુકડીનેબી મોકલવી તે ઘણુંજ નામોશી ભરેલું છે, અને બીજું તો એ છે કે અગર જેહાંગીરને આપણે મારી નાંખશું તો પેલી તરફ શાહ અફ્રાસીઆબ આપણા ઇરાની પહેલવાનો જે કેદ પકડાયલા છે તેમના ખુન કરશે. આપણા પહેલવાનો બીજા છે તે લડશે, અને સેવટે હું જઇને જોવશ એ છોકરો એવો તે કેવો ઝોરાવર છે!"

શાહ કાઉસે સીપાહસાલાર ઝાલેઝરની વાત કબુલી, અને તેઓ બેઉએ હવે કોણુને મોકલવો તે સંબંધી મસલહત કીધી. થોડો વખ્ત લડાઇ તહકુબ રાખવાનો નકકી ઠેરાવ કરીને તહકુંગાનું પડઘમ ઇરાનીઓએ વગાડયું.

લડાઇ તે વખત માટે બંધ થયલી ઝાહેર થવાથી જેહાંગીર મયદાનમાંથી પાછો ફરીને અફ્રાસીઆબની તરફ ગયો.

અફ્રાસીઆબે જેહાંગીરને પોતાની પાસે બેસાડીને શાબાસી આપતાં કહયું "તેં આજે એવું એક કામ કીધુંછ જે દુન્યામાં બાદશાહો અને શહેનશાહોની આગલ ત્હારૂં નામ કીર્તીવંત રહે! એમજ સમજ કે ફરામર્ઝને પકડવાથી તેં અરધા રૂસ્તમનેજ પકડયો! હવે ઇરાનીઓમાં ઝાલ સીવાય ત્હારી આગલ કોઇબી પહેલવાન કુચ્છ બીસાદમાં નથી. રૂસ્તમનો ખુદ ભાઇ ઝવારા તો ત્હારી આગલ કાંઇજ નથી. અગર જો તું ઝાલને ગીરફ્તાર કરે તો પછી દુન્યા તમામ તુને બીજો રૂસ્તમજ ગણે! તુને હું ઇરાન સર ઝમીનની બાદશાહી આપું."

જેહાંગીરઃ "નહીં નામવર, બાદશાહીના કરતાં મ્હને મ્હારી પહેલવાનીજ ભલી!"

અફ્રાસીઆબે હસીને તેની પીઠ ઠોકી.

તે પછી ફરામર્ઝને અફ્રાસીઆબની હજુરમાં લાવવામાં આવ્યો. અફ્રાસીઆબ ફરામર્ઝની બાજૂ અને કદ જોઇને અજાયબીમાં ગરકાવ થઇ ગયો. અફ્રાસીઆબે તેને કહયું "અએ પહેલવાને ઝાબુલી, કયાં ગયું ત્હારૂં તે ખંજરે કાબુલી? તું બધાને મારી નાંખતો હતો અને હરાવતો હતો તો હવે કેમ પકડાઇ ગયો? ત્હારા બાંધેલા હાથોએજ, તુને એમનો એમજ કાપી નાંખવામાં આવશે."

ફરામર્ઝઃ "અએ શાહે નામવર, હુન્નરના બાબમાં મ્હને મ્હેણુ ના માર. અમો શું છઇએ તે ખલક આખીને ખબર છે. ત્હને પોતાનેબી ખબર છે કે અમો ઇરાનીઓ શું છઇએ. શાહ કૈકોબાદના હીંગામની યાદ છે? મ્હારા પીદરે તુને એકજ ઝહેઝામાં એક પાંદડાંને ઉંચકે તેમ ઉઠાવી લીધેલો. તુને કાપી નાંખવાને વાસ્તે પાદશાહની આગલ મ્હારા પીદર લઇ જવાના હતા, મગર ત્હારી કમરના પટાના

તૂટી જવાથી તું મયદાનમાં પડી ગયો અને ત્હારા જાદુના ઝોરથી તું ગયો! મ્હારા નરેશેર પીદરના હાથમાંથી ન્હાસીને તું એક કોહલ્લાની માફક દોડી ગયો! હુંબી તેજ પીદરનો પીસર છું, તો મ્હને તું તાણો ના માર, અગર મ્હારો ઘોડો પડી નહીં જતે તો હુ લહુની એક નદદી બહાવી દેતે! કાપી નાંખવાનું કહીને મ્હને તું બીહવરાવ ના, કેમજે હું મૌતથી બીહતોજ નથી. દુન્યામાં જે પહેલ્લવાની કરેછ તે કાંઇ મરવાથી બીહતા નથી. મ્હને જે મૌતથી તું બીહરાવવાની કોશીશ કરેછે, તેજ મૌત કોઇ દીવસ ત્હારે માટેબી છે. દુન્યાનું ડાચું–જેહાંનતું જડબું–તુનેબી ચાવી નાખશે! ઝમીન ત્હારી હદદી હદદીનેબી ચબાવશે! તું મ્હને બીહીક ના બતાવ, ત્હારાથી કોઇ ચીઝ બનનાર નથી, જે કરશે તે તે પાક પરવરદેગાર કરશે. પાક ખુદાના હુકમ વગર એક કીડીબી મૌતને મલ્લતી નથી. તું તુંને પોતાને સંભાલી લે, નહીંતો કદાચ અજલ ત્હારીપર સ્વાર થઇ જશે!"

અફ્રાસીઆબ તે સાંભલીને ગૂસ્સાબાઝ બની ગયો, અને જલ્લાદને હુકમ કીધો કે ફ્રામર્ઝના જીગરમાં ખંજર ચલ્લાવી દે. ફ્રામર્ઝને મારવા જલ્લાદ દોડયો કે જેહાંગીરે તેને અટકાવ્યો, અને શાહ અફ્રાસીઆબને કહયું "અએ શાહ, તારા હાથ રોક, એટલી બધી તેઝી ના ચલાવ. મેં એક વખ્ત આપને સમજાવ્યું તેમજ આપણે કરશું, હાલમાં એમ ઉશ્કેરાઇ જવામાં નામનો નાશ થશે. હું શું કામ એ લોકને જંગે મયદાનમાં મારી નાંખતો નથી, અને ગીરફ્તાર કરૂંછ? સીર્ફ એટલાજ વાસ્તે કે આપણું નામ થાય કે એવા ચુનંદા ઇરાની પહેલવાનોને ઝીન્દા લઇ જવામાં આવ્યા હતા. મારી નાંખવામાં મરદાઇ નથી; બૂઝદીલ્લી છે, નામર્દી છે. ઝીન્દા પકડવામાં અને તેમને કેદ રાખવામાં નામ આલા દરજજાપર પહોંચે છે. આપણુને મારવાનું ત્યારે છે કે જયારે ઇરાનમાં કોઇ પહેલવાનજ બાકી નહીં હોય, આપણે મારશું ત્યારે એવા મારશું કે ઇરાનીઓના કોઇબી પહેલવાનો પોતાની મગરૂરી કરવા ઝીન્દા બાકી નહીં હોય!"

અફ્રાસીઆબના ધ્યાનમાં જેહાંગીરની તે વાત ઉતરી ગઇ, અને તેણે આએ વખ્તેબી પોતાનો હુકમ પાછો ખેંચી લીધો.

નેકનામ જેહાંગીરે હામુનને હુકમ અપાવ્યો કે ફ્રામર્ઝનેબી ગીવ, બેજન, અને તુસની સાથે હામુનના મોટા ખઇમાં (તંબુ) ના ભાગમાંજ કેદ રાખવો.

હામુનને તેમ કરવાનો હુકમ થયો, અને તે ફ્રામર્ઝને લઇ ગયો. જે બાદ બધા ખાબ કરવા સારૂ વગેસગે થઇ ગયા, અને પહેલવાન જેહાંગીર પોતાના વ્હાલા બીરાદર ફ્રામર્ઝના બંદીવાન રહેવાના સબબથી આઝોરદા દીલનો થયો.

પ્રકરણ ૧૮ મું.

જેહાંગીર અને સામની લડાઈ. સામનું જીતીને હારવું.

સ્હવાર થતાંજ લડાઇના નગારાં વાગ્યાં. જેહાંગીર લડવા સારૂ મયદાને જંગમાં આવ્યો.

ઇરાનીઓ તરફથી ફ્રરામર્ઝનો બેટો સામ નીકલ્યો, તેણે જેહાંગીરને કહયું "અએ પાકઝાત, તું કોઇનીબી શીખામણને ત્હારે કાન ધરતો નહીં! અફરાસીઆબનો ડંકો વગાડીને ઇરાનીઓને હયરાન કરવામાં તું આખીરશ ખતા ખાશે. તું માનતોજ નહીં હોય તો, તુરાનીઓનું કામ બંધ કરવા હું તુને ગીરફતાર કરૂં તો ખરો. ત્હારૂં લહુ રેડુંછ, અને ત્હારા મોતના સમાચાર તુરાનીઓ તરફ મોકલાઉંછ! તું શેરના પંજાથી ત્હારો પંજો મેલવવા આવ્યોછ, મગર શેરના નાખુનથી તું નહીં બચશે, ત્હારો પંજોબી ચીરાઇ જશે અને તું પોતેબી રીઝરીઝ થઇ જશે."

જેહાંગીરઃ "તુને એટલું બધું ઝોર છે, તો ત્હારૂં નામબી બતાવશે?"

સામઃ "હું આ આગમજ પકડાયલા જંગી પહેલવાન ફ્રરામર્ઝનો બેટો છું, અને મ્હારૂં નામ સામ છે. બાપનો કીનો લેવા હું તુને ઠાર કરશ."

એટલું બોલીને સામે જેહાંગીર ઉપર પોતાનું કમન્દ ફેંકયું, અને તે કમન્દમાં જેહાંગીરની ગરદન સપડાઇ ગઇ!!

ઈરાનીઓના લશકરમાં ખુશીની એક ચીખ પડી રહી, અને પીરોજવાન બધા શાદમાનીથી ગોયા હરખાઈ ગયા.

સામે જેહાંગીરને ઇરાનીઓના તંબુ તરફ ઘસડી જવા પોતાના ઘોડાને ફેરવ્યો. જેહાંગીરે જોયું કે સામ તેને ઘસડી ચાલ્યો, ત્યારે તેણે પોતે ઘોડો એવો ઝોરથી દોડાવ્યો કે તેનો ઘોડો સામના ઘોડાનીબી આગલ નીકળી ગયો. વળી તે પછી તુરતની પલેજ તેને ઘોડાને ફેરવીને છેક સામની નજદીકમાં લીધો, અને ઘણુંજ મોટું ઝોર વાપરીને તેણે સામને કમરમાંથી પકડીને તેના ઘોડા ઉપરથી ઉંચકી લીધો! સામ ઠીંગણો અને ન્હાના કદનો હોવાથી તેને જેહાંગીરે પોતાની બગલમાં મારી લીધો, અને તુરાનીઓની છાવણીમાં લઇ જઇને કૈદ કીધો!



પ્રકરણ ૧૯ મું.

જેહાંગીર અને તખારની લડાઈ. તખારનું શીકસ્ત પામવું.

સામની કમન્દ જે હજૂણ ગરદનપર લટકતીજ હતી તે જેહાંગીરે કાપી કાઢી, અને ઘોડો દોડાવીને પાછો મયદાને જંગમાં જઇ ઉભો.

તખાર પહેલવાન ઇરાનીઓ તરફથી બહાર પડયો, જે પોતાના હાથમાં અઝદાહની શકલનો બનાવેલો ભાલો લઇને આવ્યો.

તે જયારે જેહાંગીરની નઝદીક આવ્યો, ત્યારે જેહાંગીરે તેને કહયું "તું બહુજ તેઝીમાં આવ્યોછ, પણ મ્હને ત્હારી લડાઇની અગાઉ ત્હારૂં નામ જોણવુંછ."


તખારઃ "મ્હારૂં નામ જંગી તખાર છે. હું પહેલવાન સામનો ભાઇ, અને પહેલવાન ફરામર્ઝનો બેટો થાઉં છું. તું જે એટલું બધું કરી ચુકયોછ તો મ્હારી સામે ટકી શકનારજ નથી. તું અગર પાહાડબી હોય તો હું મ્હારા ભાલાથી ત્હારૂં સીનું ચાક કરી નાંખશ. અએ બદરગે બદતમીઝ, તું મ્હારો જાન લેનારો ભાલો ખા, કે તું હવે વધુવાર હુસ્યારી કરવા ઝીન્દા નહીં રહે."

તખારે તેમ બોલીને પોતાનો ભાલો મારયો, પણ જેહાંગીરે તે પકડી લીધો, અને વલી તેના હાથમાંથી ભાલો ખેંચી કાઢયો. જેહાંગીરે ભાલો પોતાના હાથમાં આવતાજ તખારને એવી રીતે કમરમાં માર્યો કે તે મરી નહીં જાય પણ ઝખ્મી થાય. દીલેર અને સુચેત જેહાંગીરના આડા મારેલા ફટકાથી તખાર ઝખ્મી થઇને ઘોડા

પરથી પટકાઇ નીચે પડયો. જેહાંગીરે ઘોડાપરથી ઉતરીને તેના હોટપર તમાચો મૂકી દેતા તેના હાથ પકડી લીધા, અને બાંધ્યા.

ઇરાનીઓ જે દમબદમ ગમથી દીલગીર થતા હતા તેઓની દીલગીરીમાં તખારનાં પકડાવાથી કાંઇક વધારોજ થયો, અને અફરાસીઆબની તરફનાઓ બધા ખુશાલીમાં શાદમાન બની રહયા.

જેહાંગીર તખારને ગીરફતાર કરીને તુરાનીઓની તરફ લઇ ગયો, અને તેના બીજા સગા પહેલવાનોની માફક પોતાના ભાઇના તે બેટાનેબી ત્યાં કેદ રાખ્યો, અને લડવાને સારૂ પાછો મયદાનમાં ઘોડો દપતાવી ગયો.



પ્રકરણ ૨૦ મું.

જેહાંગીર અને ગોસતહમની લડાઈ. ગોસતહમની હાર.

એક બીજો સ્વાર જેહાંગીરની સામે આવ્યો, જેને જેહાંગીરે તેનું નામ પુછ્યું. જવાબમાં તેણે જણાવ્યું કે "મ્હારૂં નામ ગોસતહમ છે, મ્હારા ભાઇનું નામ તુસે નૌઝર છે, જેને તેં ગીરફ્તાર કીધેલો છે. તૂસ મ્હારો ભાઇ તાજને લાયકનો હતો–"

જેહાંગીરે તેને વધારે બોલતો અટકાવીને તકારથી કહ્યું "ક્યાં છે તેનું તાજ? તે તુરાનની છાવણીમાં તાજ તો નહીંજ પહેડી શકશે, કેમ? હું ધારૂંછ કે ત્હારો ભાઇ તાજ વગરનો છે, અને તુ પોતે ભેજા વગરનો છે!"

ગોસતહમે તે સાંભલીને ચીરડાઇ જઇ જેહાંગીરને ગાલ દેતા કહયુ "અએ દેવની ઝાતના તું શયતાન ખસલત ખબીસ, તું પોતેજ મ્હને તો ભેજા વગરનો લાગેછ. અગર જો તું અકલવાલો હતે તો અમારા જેવા શાહઝાદાઓની આવી મશકરી નહીં કરતે, તું ત્હારી મગરૂરીથી હોશ ફરામોશ થઇ ગયોછ, બલકે ફુલઇને ફાટી ગયોછ જે આવી આવી તુંદ વાતો કરેછ."

તુસના તે લડવૈઆ બીરાદરે તેટલું બોલીને શમશીર મ્યાનમાંથી ખેંચી કાઢી, અને જેહાંગીર તરફ દોડી ગયો. જેહાંગીરે પણ પોતાની શમશીર ખેંચી કાઢીને ગોસતહમની શમશીર ઉપર પોતાની શમશીર મારી જેથી ગોસતહમના હાથમાંની તે તલવારના બે કટકા થઇ ગયા. એક

કટકો ઉડીને મયદાનમાં પડયો, અને બીજો બેકાર ન્હાનો ટુકડો તલવારની મૂઠ સાથે હાથમાં રહી ગયો.

જેહાંગીર તે જોઇને એકદમ ગોસતહમ તરફ દોડી ગયો, તેને કમરબંદમાંથી પકડીને ઉંચકી લીધો, તેને હવામાં દડાની માફક થોડેક છેટે ઉડાડયો અને બેઉ હાથો પસારીને તેને દડોજ પકડતો હોય તેમ પોતાના હાથોમાં જીલી લીધો! તેમ કીધા પછી તેના હાથ બાંધીને તેને પોતાના ઘોડાની પીઠપર પોતાની આગલ આડો નાંખીને પકડી રાખ્યો, અને તુરાનીઓની છાવણી તરફ લઇ ગયો.

તેનેબી તુરાની છાવણીમાં કૈદ રાખ્યો, અને પાછો મયદાનમાં લડવા દોડી ગયો.

પ્રકરણ ૨૧ મું.

કાકા—ભત્રીજાની લડાઇ. કાકાનો પરાજય!

જેહાંગીરે મયદાનમા આવીને પુકાર્યું કે "બીજો કોઇ ઇરાની પહેલવાન હોય તે મ્હારી સામે આવે."

ઇરાની પહેલવાન ઝવારા જે પહેલવાન રૂસ્તમનો ભાઇ થતો હતો, અને નામવર ઝાલે સામનો બેટો થતો હતો તે મયદાનમાં ઉતર્યો. તેને લગભગ બધા કાતીલ હથીયારો સજ્યા હતા. તેનો ઘોડો પવનની મીસાલે દોડતો બલકે ઉડતો હતો, અને જેહાંગીરની નઝદીક આવતા ઝવારાએ કહયું "નાદાન! દીલેરોને ગીરફતાર કરવામાંજ તેં આએ મયદાન ગજાવ્યું છ! તું ભવીષ્યનો વીચાર કરતો નથી કે તુરાન તુને શું બદલો આપશે! તુરાનીઓ દગલબાઝ છે, અને તેઓનો શાહ અફ્રાસીઆબ તેઓના કરતાંબી દગાબાંઝીમાં ચાર ચાસણી વધારેજ છે."

જેહાંગીરે તેની નઝરમાં નઝર નાંખીને કહયું "મ્હને ત્હમે ત્હમારૂં નામ કહો તો ઠીક. મ્હારો એવો રીવાજ છે કે લડવા અગાઉ સામેવાલાનું નામ પુછવું, અને નામ મલ્યા પછીજ લડવુંબી અને તેનું કાંઇ સાંભળવુંબી."

ઝવારાએ કહયું "મ્હારૂં નામ ઝવારા છે, અને મ્હારા પીતા સામે નરીમાનના બેટા ઝાલ છે."

જેહાંગીર: "ઠીક, તો આપના પીદર જ્યારે ઝાલ છે, તો અહીંબી ત્હમારે વાસ્તે તૈયાર જેહાંગીરની જાલ છે! હું ધારૂં છ કે હવે આપણે વાત મોકુફ કરશું, અને લડવાપર આમદા થઇશું."

તે સાંભલીને ઝવારાએ ગોર્ઝ ઉગામ્યું, જેહાંગીરે ઢાલને તૈયાર * વારાએ ગોર્ઝ માર્યું અને બચાવમાં રૂસ્તમ પહેલવાનના તે બેટાએ ઢાલને આગળ કીધી. બચાવ તો થયો, મગર જેહાંગીરના હાથને જે ઝુમબીશ થઇ તેથી જાણે તેનો હાથ અરધો નાતવાન થયો! ઝવારાએ ઉપરાસાપરી ત્રણ ગોર્ઝ માર્યાં, મગર જયારે જેહાંગીર તેથી ખલાસ નહીં થઇ ગયો અને તે પોતાને બચાવી શકયો ત્યારે ઝવારાએ ખરા દીલથી આફ્રીન કરીને પુકાર્યું "અએ જવાન પહેલવાન, તું ખરેજ કોઇ શેરનો બચ્ચો શેર છે."

અને તે વખાણના શબ્દો બોલતાં ઝવારાના દીલમાં એવીબી દહેશત બેસી ગઇ કે 'એ નવો પહેલવાન મ્હનેબી કદાચ હરાવશે.'

વળતા હુમલામાં જેહાંગીરે ગોર્ઝ મારવાની અગાઉ કહયું "અએ ઝવારા પહેલવાન, તું મ્હારાપર હુમલો કરી ચુકો, હવે તું મ્હારા ગોર્ઝનોબી સ્વાદ ચાખી લે. મ્હારા ગોર્ઝની મજાહ એવી છે કે તું લડાઈના મયદાનનેબી ભુલી જશે, અને સરકશ થઇને બીજી વખ્તે પહેલવાની કરવાની અગાઉ સાત વખત વીચાર કરશે."

જેહાંગીરે તેમ બોલીને ગોર્ઝ ચલાવ્યું, ઝવારાની ઢાલપર જયારે ગોર્ઝનો ફટકો પડયો ત્યારે એક મોટો આવાઝ થઇ રહયો. ડરપોક બની ગયલો ઝવારા પાછો મનમાં વીચારવા લાગ્યો કે "મ્હારૂં આવી બન્યું છે."

ઝવારા વીચારમાં હતો તેટલાં બીજો ફટકો ઉંચકાયો, તેના સારા નસીબથી તેના હાથે ફરીથી ઢાલ આડી કરી દીધી અને ફટકો ઢાલનેજ લાગ્યો. તે બચ્યો, પણ ફકત અંદેશો કરવા માટેજ.

તે પોતે સમજી નહીં શકતો હતો કે તેની હીંમતની ઓટ કેમ થઇ જતી હતી, અને તે કાંય એવો ડરપોક બની જતો હતો!

ઝવારાના મારેલા ત્રણ ગોર્ઝના બદલામાં જેહાંગીરેબી ત્રણ ફટકા ગોર્ઝના માર્યાં, મગર ઝવારાબી તેનીજ માફક બચી શકયો.

હવે નેઝાની લડાઇ ચાલી. ઝવારાએ પહેલાં નેઝો માર્યો જે જેહાંગીરની છાતીમાં વાગ્યો, જેહાંગીરે સાંપની માફક પેચ ખાધી, મગર તેના સીનામાંથી લહુ ટપકયા વગર રહયું નહીં. લહુની કયાં તેને પરવાહ હતી? નેઝાની લડાઈ ઝોરથી ચાલી, અને બેઉ તરફ તે પછી શમશીર ખેંચાઇ.

ગોર્ઝ, નેઝા અને શમશીરની લડાઇ થવા પછી બેઉએ એક બીજાની કમર ઘોડાપર બેઠા બેઠાએજ પકડી. જેહાંગીર પોતાના કાકાને ઝમીનપર નાંખી દઇને તેને પોતાનું ઝોર બતાવવા માંગતો હતો, અને ઝવારા આએ કોઇ નવા પહેલવાનને ઇરાનીઓના કુવ્વતનો સ્વાદ ચખાડવાની મરઝી રાખતો હતો. બેઉએ એકબીજાને પકડવાનું કીધું.

ખુરશીદ ગુરૂબ થવાનો વખ્ત હવે થવા આવ્યો હતો, અને ઝઝકળું પડવાનું શુરૂ થવાનું હતું તોબી તેઓ બેઉ એકબીજાની કમર મુકતા નહીં હતા!

નસીબે માઝનદરાનના તે ખીલેલા ફુલને યારી આપી દીધી અને એક મોટા ઝોરથી જેહાંગીરે ઝવારાને ઘોડાપરથી ઉંચકી લીધો, તેને પટકી નાંખ્યો, અને તેના હાથ બાંધીને તેને ગીરફતાર કીધો.

ઇરાની સીપાહસાલારે દુરથી જેવું તે જોયું કે તેના દીલમાનું લહુબી બંધાઇ ગયું! તે શીકસ્તા દીલ થઇ ગયો કે તેના ચુનંદા પહેલવાનો એક જવાન નવા પહેલવાનની આગળ કોઈ ચીઝમાંબી નહીં હતા, અને હરણને પકડીને ખેંચી જવામાં આવે તેમ તે પહેલવાનોને તે જવાન ખેંચી ગયો હતો!

આફતાબને અસ્ત પામવાને હવે ઘણોજ થોડો વખ્ત બાકી હતો, તોબી જાણે આખા દીવસની લડાઇથીબી ધરાયો નહીં હોય તેમ જેહાંગીરે તુરાની છાવણીમાં ઝવારાને છોડીને પાછું મયદાને જંગમાં જીપલાવ્યું! અને વળી તેણે આવતાને વાર પુકાર માર્યો કે "ઇરાની પહેલવાન બીજા કોઇ બાકી છે કે?"

પેલી તરફ ઝાલેઝરે હવે પોતેજ મયદાને પડવાની ખુશી બતાવી, મગર શાહેનશાહ કાઉસે તેને અટકાવીને કહયું "નહીં, હમણાં મયદાનમાં ત્હમે નહીં જાઓ એવી મારી મરઝી છે."

શાહ કાઉસના સખુન સાંભળીને રાહામ પહેલવાને પોતે મયદાનમાં જવાની ખ્વાહીશ કીધી. સીપાહસાલારે પોતાના શાહનો સખુન પ્યારો રાખીને રાહામને હીમતના શબ્દો કહીને રવાના કીધો.

રાહામ જેહાંગીર તરફ ઘોડો દોડાવી આવ્યો, જે વખ્તે તેની આંખમાં ઝહેર નાંખવામાં આવ્યું હોય તેમ તેના ડોળા ગૂસ્સાથી અંગાર બની રહયા હતા!

પ્રકરણ ૨૨ મું.

જેહાંગીર અને રાહામની લડાઇ. રાહામનું હારી જવું.

રાહામે આવતાને વાર શમશીર મ્યાનમાંથી બ્હાર કાઢી, મગર જેહાંગીરે તેને અટકાવીને કહયું "મ્હારી રસમ મુજબ ચાલવાને હું તું પહેલવાનને અર્ઝ કરૂં છું. મ્હારી ચાલ એવી છે કે મ્હારી સામે લડવા આવનારનું પહેલાં હું નામ પુછું."

રાહામ: "મ્હારૂં નામ રાહામ છે, અને હું પહેલવાન રૂસ્તમના શીક્ષકનો છોકરો છું. હું ધારૂં છ કે પટપટારો વધારે કરવાની જરૂર નથી, કારણકે આપણું કામ લડવાનું છે."

એટલું બોલીને મ્યાનમાંથી ખેંચેલી શમશીરને જે તેણે પાછી મ્યાનને સપુર્દ કરી દીધી હતી, તે ફરીથીં નહીં ખેંચી! મગર, તેને બદલે તેણે પોતાની કમાન હાથમાં લીધી અને ઝહેરીલો તીર તેમાં મુકીને જેહાંગીર તરફ ફેંકયો.

રાહામ જો રૂસ્તમના શીક્ષકનો છોકરો હતો, તો તેની સામે ખુદ રૂસ્તમનો બેટો લડતો હતો! તીર જાણે તહેમતનના બેટાથી શરમાતો હોય તેમ જેહાંગીરની ઢાલને લાગીને વાપસ થયો, અને પાછલા પગોથી ઉડતા તે બેઉ પહેલવાનોની વચેની ઝમીનપર બેકાર પડી ગયો!

રાહામે ઉપરાસાપરી ચાલીસ તીર માર્યાં, પણ એકબી તીર પહેલવાન જેહાંગીરને લાગી શકયો નહીં, બલકે જેહાંગીરના કપડાંનેબી તે છુબ નહીં શકયો!

જેહાંગીર મનમાં વીચાર કરવા લાગ્યો કે તે પોતે જો રાહામને તીર મારશે, તો એક ઇરાની પહેલવાન હમણુાંજ દુન્યાથી ઓછો થઇ

જશે અને બુદો ગુદર્ઝ પોતાના બેટાના મોતથી માહતમ કરશે! તેથી તીર તેના ઘોડાને મારવો, અને ઘોડાને ઝખ્મી કરીને રાહામને પાડવો અને તેનેબી ગીરફતાર કરીને મયદાનથી કાઢવો!

જેહાંગીરે પોતાની કમાનમાં તીર મુકીને નેમ લઇ ખેંચ્યો, અને તેણે જયાં મારવાનો વીચાર કીધો હતો ત્યાંજ તે વફાદાર તીર જઇને લાગ્યો! રાહામનો ઘોડો ઝખ્મી થઇને પડયો, અને એક ઝાડ તુટી પડતું હોય તેમ રાહામ તેના ઉપરથી ઢલી પડયો!

જેહાંગીર કુદયો, તેણે રાહામને તેના પગોપર ઉભો રહેવાનો વખ્તબી નહીં આપ્યો, અને તેને પોતાના દાવપેચમાં લઈને ગીરફતાર કીધો. જેહાંગીર રાહામને તુરાની છાવણીમાં કેદ કરવા લઇ ગયો.

અને હવે, ચળકતા દીવસનો શાહેનશાહ તુરમંદ આફતાબ ગુરૂબ થઇ જવાથી લડાઇ બંધ પડી.

પ્રકરણ ૨૩ મું.

જેહાંગીર અને ગુરગીનની લડાઇ. ગુરગીનની શીકસ્ત!

બીજે દીવસે લડવા જેહાંગીર જ્યારે બહાર પડયો, ત્યારે તેની સામે ઇરાની પેહલવાન ગુરગીન આવ્યો.

ગૂરગીને આવતાને વાર કહયું "હું ગૂરગીન છું, અને તુને જો પોતાનો જાન બચાવી લેવાનો હોય તો મ્હારી સામે ના લડતો. તું શું કામ ઝુલ્મી અફ્રાસીઆબની તરફેણ કરેછ? અફ્રાસીઆબ તે શાહ છે જેની નદદીનું પાણી સુખેથી કોઇ વાઘબી પી શકતો નથી! તે એક ઝાલીમ ખબીસ છે, અને ઝાલીમ તે જેટલો બધાપર છે તેટલોજ તે બેશરમ અને વલી બેમુરવ્વતબી છે. તું નેક શહેનશાહ કાઉસ બીન કૈકોબાદની પનાહમાં આવ અને જો કે તે કેટલો બધો મહેરબાન, આંખની શરમ અને દીલની મુરવ્વતવાલો છે. તુને સર-ફરાઝ કરશે, તુંને ઇરાની લશકરનો સરદાર બનાવશે. ત્હારી ઉપર શાહી ગંજનો વરસાદ ગોયા વરસશે. જો તું મ્હારૂં કહેવું કરશે નહીં, તો તું આખીરશમાં ખ્વાર. થશે."

જેહાંગીરે જવાબમાં કહયું "હું ધારૂંછ કે હવે તું એનાથી વધારે બીજું કાંઇબી બોલશે નહીં. તું મયદાને જંગમાં મ્હારી સાથે લડવા આવ્યોછ કે ફીલસુફી કરવા આવ્યોછ! હું ત્હારા સખુનપર મ્હારા કાનને તસ્દી લેવા દેવા માંગતો નથી, અને ત્હારી શીખામણ મ્હને જોઇતીબી નથી. ત્હારા પીદર, રૂસ્તમ પહેલવાનને શીખામણ શીખવી ચુકયા હશે; પણ ત્હારા પીદરનો પીસર કંઇ માઝનદરાની જેહાંગીરને શીખામણ શીખવી નહીંજ શકશે!"

ગુરગીને પોતાની વાતને "પત્થરપર પાણી" જોઇને નેઝા ખેંચી કાઢયો અને જેહાંગીરને માર્યો, મગર જેહાંગીરે પોતાને બચાવ્યો. બીજો નેઝાબી ફુઝુલ ગયો, લેકીન ત્રીજાથી ગુરગીને જેહાંગીરના હાથને ઝખ્મ કર્યો.

વલતા હુમલામાં જેહાંગીરે ભાલો ચલાવ્યો, અને પહેલેજ ફટકે તેણે ગુરગીનને લહુમાં રોળતો કરી નાંખ્યો હતે, મગર ગૂરગીને ઘોડાપરથી કુદકો માર્યો અને જેહાંગીરનો ભાલો તેના ઘોડાને લાગ્યો. પટપટયો ગુરગીન ઝમીનપર કુદતા સમેટજ ઇરાની છાવણી તરફ ન્હાસવા લાગ્યો, અને તેણે પોતાની પીઠ આપીને પોતાનું પોકળ બતાવ્યું!

જેહાંગીરે કમન્દ નાંખીને તેને પકડયો, અને તુરાની છાવણી તરફ તેને લઇ ગયો.

ગુરગીનને કેદ કરીને જેહાંગીરે પાછા આવીને વાદળની માફક ગર્જના કરીને કહયું "અએ ઇરાનના નામદારો, શહેનશાહ કાઉસ, અને તમામ ત્હમો દીલેરો, ત્હમારામાંથી જેઓ કોઇ મ્હારી સામે લડવાની ખ્વાહીશ રાખતા હોય તો આવી જાઓ."

લડાઇ તહકુબ રાખવાને વાસ્તે ઇરાની છાવણીથી પડઘમ વાગ્યું અને જેહાંગીર તુરાની છાવણી તરફ પાછો ફર્યો.



પ્રકરણ ૨૪ મું.

સીપાહસાલાર ઝાલેઝર શહેનશાહ કાઉસને શું કહે છે?

નામવર શાહ કાઉસે પોતાના શામીયાનામાં દરબાર ભરી. ઈરાની અફસરો એકઠા થયા અને શાહની જમણી બાજુએ સીપાહસાલાર ઝાલેઝર બેઠો. આઝોરદા દીલનો શાહ ગમથી બીલકુલ ઝર્દ થઇ ગયો હતો, તેની ચશ્મમાં એટલા થોડા વખ્તની ગમગીનીથીબી ખાડા પડી ગયલા ખુલ્લા જણાતા હતા; અને તે જેટલા શબ્દો બોલતો હતો તે બધા શબ્દોમાં તેનો સાદ ગલગલો થઇ જતો અને તે ભારી દીલથી દુખના એક પાહાડનેજ છાતીપર લઇ નીસાસાપર નીસાસા ખેંચતો હતો.

સીપાહસાલાર ઝાલ પણ કાંઇ ઓછો દીલગીર નહીં હતો. તેબી તુટેલા દીલનો થઇ રહયો હતો, તેના ગાલોમાં જાણે ખાડા પડયા હોય તેમ તેનો ચહેરો ઉતરેલો દેખાતો. તે કદીબી આવી બુરી હાલતને મલ્યો નહીં હતો, અને તેનું દીલ કદીબી એટલું બધું શીકસ્તા નહી થઈ ગયું હતું. તે જયાંબી પોતાની ચશ્મ ફેરવતો ત્યાં તે સીર્ફ ગમ અને ગમથીજ જોતો હતો. તેની છાતી અફસોસના આહથી ખેંચાતી અને તેટલીજ ઠંડી સાંસ સાથે પાછી ઉંચકાતી.

છાવણીની તે દરબાર ભરાયા પછી જે પહેલો ઉઠયો તે નામવર સીપાહસાલર હતો. તેણે ઉઠીને અદબથી છાતીએ હાથ દઇ ધીમા સાદે કહયું "ઉમ્રદરાઝ શાહે નામવરે કાઉસ, ઝમાનાની ચાલથી જો કે આપણે હયરાનો પરેશાન છઇએ, તોબી સબ્ર કર, ધીર ધર, અએ શાહ, પાક ખુદા એવા દીવસોબી દુર કરશે અને આપણને ગમોસીત-

મથી બચાવી લેશે. ઝમાનો એવોજ હોયછ, તેમાં કોઈ દીન ઝહરનું પ્યાલું તો કોઇ દીન શરબતની જામ હોયછ, કોઇ દીન સખતી હોયછ તો કોઈ દીન ખુશબખ્તી હોયછ. મગર, દુન્યા ઇનસાફની આરસી છે, જેમાં બદકાર પોતાની બદકારીઓની શકલ બુરા અંજામમાં જોયછ, અને નેકકાર પોતાની નેકી ખુશબખ્તીના ખુરશીદની મૂઆફેક ચલકતી નીહાલેછ; તેથી અફરાસીઆબની બુરાઇઓ તેની ઉપર બદ અંજામનો ઇનતેકામ લેશે, અને તહમારી નેકીઓ તહમને ખુશનુદ અને શાદમાન કરશે. તહમે બીલકુલ ગમ ના કરો, એ નવજવાન છોકરો જે કરી રહયોછ તે થોડાનેજ વાસ્તે, પાક ખુદા આપણીજ તરફ થશે અને આપણુ ઇરાનીઓને પોતાની પનાહ અને મદદ આપશે. કાલે પાહાડથી જેવો આફતાબ પોતાનું માથું બહાર કાઢીને દુન્યાને જોશે કે હું પોતે સ્વાર થઇને એ જવાનની સામે થવશ. એ ઝબરદસ્તના દસ્તને હુ પેચ આપી દેવશ, અને તેનો કાન પકડીને આપણી તરફ લઇ આવશ. એ પહેલવાન મર્દાને મર્દ જવાન છે, તો મનમાં કદાચ હસેબી કે મ્હારા જેવો બુઢો તેની સામે શું કરી શકવાનો હતો! લેકીન, પાક ખુદાની મદદથી અને તહમારી નેક દુવાથી હું બુઢોબી તહમો જોજો કે તેને કેમ તાબે કરૂંછ તે! ગઇ રાતના મેં એક ખાબ જોયોછ, જેમાં મ્હારા પીદર સામ મ્હારી નઝરે પડયા. મ્હારા પીદરે મ્હને એક વીટી બતાવીને કહયું કે 'બેટા ઝાલ, આએ વીટીમાં એક નંગ એવું ઉમેરાયલું છે જે બધા નંગોના કરતાંબી અફસર અને આલા છે.'—એટલું બોલીને મ્હારા પીદર સામે મ્હને તે વીટી આપી દેતાં તાકીદ કીધી કે તેને જાન મૂઆફેક અઝીઝ જાણીને ખુબ સાચવવી. મેં તે વીટી મ્હારા પીદરના હાથમાંથી લઇને મ્હારી આંગલીમાં પહેરી લીધી. અએ શાહેનશાહ કાઉસ, એ બાબદની વાત મેં હમણાંજ અત્રે રજુ કીધેલી છે, અને એવા ખુશ ખાબથી હું ઘણોજ શાદમાન છું. મ્હને એ સ્વપનાપરથી એક ખાત્રી ભરેલો ખ્યાલ આવેછ કે આએ જવાન પહેલવાન ઇરાનીજ છે, અને વલી તે અમારાજ કુટુંબનો

સામ અને નરીમાનની ઔલાદથી ઉતરેલો છે. જેટલા દીવસ એ મયદાને જંગમાં ઉતર્યોછે તેટલા દીવસ જો કે તેણે આપણા નામવર પહેલવાનોને ગીરફતાર કરીને આપણુને દર્દનાક બનાવ્યાછે, તોબી તે જ્યારેબી આવતો અને તેને હું દુરથી જોતો ત્યારે મ્હારૂં દીલ તેના તરફ ખેંચાઇ ખેંચાઈ જતું હતું, અને મ્હને તેને માટે માયા. ઉભરી નીકલતી. ખરી ખાત્રીથી માનો કે તે આપણોજ છે, અને વલી તે આપણુને બધાને નામથી અને સગાઇથી ઓલખે છે બી. પણ પોતાની કોઇ મ્હોંસ, મતલબ યા તેઝીના સબબે તે આપણી સાથે લડે છે, મગર લડતાં લડતાંબી તેને આપણા એકબી પહેલવાનને ઈજા નહીં પહોંચાડવાની કાલજી લેતો મેં ઘણીજ બારીકાઇથી જોયો છે. મ્હારી તેઝ આંખોએ મ્હને પૂરી શહાદત તે દેખાવથી આપી છે, અને હું માનુંછ કે તેણે ગીરફતાર થવલા આપણા પહેલવાનોપર એક બાલભારબી વબાલ નહીં પહોંચે એવોજ બંદોબસ્ત કર્યો હશે".

ઝાલનો તે દીલાસો અને તેના ખુશી ભરયા ખાબની વાત સાંભલીને તથા જેહાંગીરની ભલાઇની વાતપર યકીન લાવીને શહેનશાહ કાઉસે નામવર રીપાહસાલારને કહયું "હઝારો સાલ જીવે તું નામવર, મ્હને ત્હારા સખુનપર એતબાર મુકવાને વાસ્તે બીલકુલ આંચકો લાગતી નથી, અને હુંબી માનુંછ કે તે ત્હમારીજ ઔલાદનું એક કીંમતીમાં કીંમતી નંગ છે. તે આપણોજ ઘરાનો છે, તેનું કદ અને ઝોર શહાદત પુકારેછ કે તે ગોયા રૂસ્તમ પોતેજ છે"

બીજી ત્રીજી કેટલીક દરબારી વાતો અને લશકરી ગોઠવણના સંબંધની મસલહત કરીને ઝાલેઝરે રૂખસદ લીધી, અને તે લડાઇના મયદાનની શાહી છાવણીવાલી દરબાર બરખાસ્ત થઈ.

વખત વીટી ગયો, અને ત્યાં આવ્યો કે જ્યાં દુન્યાએ સીહાબુરકો ઓઢયો અને કાલા લીબાસમાં નીકાબપોશ થઇ: યાને રાત પડી.

પ્રકરણ ૨૫ મું.

આવવું જેહાંગીરનું અફ્રાસીઆબની પાસે, અને તલબ કરવું અફ્રાસીઆબનું ઇરાની બંદીવાનોને.

પેલી તરફ તૂરાનના શાહી શામયાનામાં દરબાર થઇ, અને ત્યાં શાહ અફ્રાસીઆબની પાસે જેહાંગીર આવીને બેઠો. પશંગના તે બેટા અફ્રાસીઆબે જેહાંગીરની ઘણી તારીફ કીધી, અને શાદમાનીથી ફુલી ગયલા તે તુરાની શહેનશાહે તારીફ કરવાની કોઇ હદબી નહીં જોઇ !

તારીફ કરીને તેણે વધાર્યું: "તેં દુન્યામાં એવી બહાદુરી કીધીછ કે જેની કોઇ બરોબરીજ નથી. ચુનંદા ઇરાની પહેલવાનો એમ સમજ કે ત્હારી આગલ મેંઢા મીસાલ થઈ રહયા, અને તેં ત્હારા એક આવાઝથીજ ગોયા તે મેંઢાના ગાદરીઆ બની રહેલા ટોળાંને ભરવાડ બનીને હાંકી લીધા."

તે પછી પશંગના તે કરતુકી બેટાએ ઇરાની પહેલવાનો જે ગીરફતાર થયલા હતા તેમને બધાને પોતાની નઝદીકમાં લાવવાનો હુકમ આપ્યો.

તેના હુકમ મૂજબ ઇરાનીઓને લાવતા હતા ત્યારે સઉથી પહેલા ઝવારા ચાલતો હતો, બધા ઇરાનીઓ ગીરફતાર થયલા છતાંબી લોખંડની જાલમાંના બબર મૂઆફેક શેરદીલ હતા. તેઓના ચહેરાપર સ્હેજબી ધાસ્તીની નીશાણી દેખાતી નહીં હતી.

તે ચૂનંદા પહેલવાનોને આજે પોતાના બંદીવાન જોઇને અફ્રાસીઆબનો ચહેરો શાદ બની રહયો, અને તે ઘણી ખુશીનો દીવાનો

ગોયા બન્યો! તેણે ઝવારાની સામે જોઇને કહયું "ત્હારે વાસ્તે બહુ બુરો ઝમાનો આવેલો છે, અને ત્હારી બદબખ્તીએ પોતાનું કામ ઘણુંજ સખ્ત રીતે બજાવેલું છે. મ્હારા દીલની અરમાન એ હતી કે ત્હમારા જેવા ઇરાની પહેલવાનો મ્હારા બંદીવાન થાય, અને આ ખુશાલી! આજે તે દીવસ આવી લાગ્યો, અને મ્હને તે દીવસે હસાવીને વધાવ્યો. ત્હમારી પહેલવાનીથી ભરેલો કુંજો મ્હારા બખ્તની ખુશીની લોખંડી કુંજીને અથડીને ફુટી ગયોછ, અને તેમાનું આબ હવે ઝમીનપર ઢોલાઇને સુકાઈ જશે. હવે રહયાછ ફકટ ઘણાજ કમ; ગુદર્ઝ, ઝાલ અને કાઉસ. એટલાબી આએ જવાનની બબરદીલી અને પહેલવાનીથી લહેઝા લહેઝામાં પકડાઇ જશે, અને તેઓબી ત્હમારામાં ઉમેરાશે કે જલ્લાદની શમશીરથી એકજ વખ્તમાં ત્હમો બધાનું લહુ ઉડતું કરવામાં આવશે, અને તે લહુના ફવ્વારાને હું મ્હારી ખુશી અને ખુશીની ચશમોથી જોઇશ, અને તેજ વખ્તે મ્હારૂં દીલ ઠંડું થઇ જશે. તૂરાનના પગોની નીચે હું ઇરાનને દાબી દઇશ, અને ખાક ચાટતું ઇરાન જે હાલ બુલંદ સર રાખેછ તે તે વખ્તે તુરાની ગૂલામ બની જશે, અને પોતાના બુલંદ સરને ઝમીનપર નમાવીને સીઝદો કરશે."

"નહીં" ઝવારાએ ગૂસ્સે થઇ જઇને પુકાર કીધો "નહીં, ઈરાન ગુલામ બનીને તુરાનને સીઝદો નહીં કરશે, સીઝદો કરશે તો તે વાસ્તે, કે તુરાન મરી ગયલું હશે અને તેનો જનાઝો ઉઠાવવાની તૈયારી કરવામાં આવતી હશે. અફ્રાસીઆબ, ત્હારી ઝબાનને સંભાળ, તેને કાતર મૂઆફેક ના ચલાવ. તું યાદ રાખ કે જેહાંનને તે પાક જેહાંન કીરતારે પયદા કીધુંછ, અને તેની દાનેશ લૂત્ફથી આદમી પયદા થયાંછ. તેથીજ, ફ્રીથી યાદ રાખ કે જે જાનનો આપનારો છે તેજ જાનનો લેનારો છે, એટલે તું શું ખાક કરી શકવાનો હતો? તુંબી તેનોજ બદો છે, તો ત્હારા જેવાથી તેના હુકમની સામે કેમ થવાનું હતું? તુ "હું કરૂં"—"હું કરૂં" ની ગુરૂરીમાં ના તણાઇ જા, કારણકે

કોઇબી ચીઝનો કરનાર તે પરવરદેગારે પાક છે. અગર હુકમ નહીં કુરે તે યઝદાને પાક, તો નહીં થઇ શકે એક કીડીબી હલાક!—તું અમને બીહક ના આપ, કારણકે અમારા જેવા દીલેરો મૌતની માતમ કદીબી કરતા નથી. મૌત પછી જાયછ જાન એક જગ્યે પાક, તો શું ડર કે મરે તખ્તપર યા મરતા ચુમેબા તે ખાક! કયાં રહયો કએમઝ જે દુન્યાનો શહેનશાહ હતો? મૌતને મલી ગયો, અને જે રહી શકયુ તે ફકત તેનું નામ! છે કયાં હુશંગ ને તૈમુરસે દીવબંદ, કયાં છે તે જમશીદે શાહે બુલંદ? ગયો કયાં ઝોહાકે બેદાદદીન, કયાં છે ફરીદુને બાઆફરીન? બોલ એ અફરાસીઆબ, તું કે જે મૌતથી અમને બીહવરાવેછ તે બોલ, કે એ બધા શું દુન્યામાં જીવતા રહી શકયાછ, કે અમે રહીશું? કયાં છે ત્હારો બાપ? કયાં છે માનોચેહેર? કયાં છે કૈકોબાદ? શું તે હજુણ સુધી અમર છે, કે અમે અમર રહી શકશું? ઝમાનાપર મૌતનો દસ્ત ઝોરથી પોતાનો હાથ જયારે દાબી દેશે ત્યારે અમારા જાનની કબજ થશે, અને તુંબી તબાહ થઇ જશે. વાસ્તે મૌતથી અમને ડરપોક બનાવવાની કોશીશ ના કર, તું ખુદને સંભાળી લે કે મૌત આવે ત્યારે તુને ત્હારી બદીઓના પાહાડથી આંસુઓની નદદી નહીં બહાવવી પડે!"

ઝવારાના શબ્દો સાંભળીને તુંદ શાહ અફરાસીઆબ ગૂસ્સાથી ગોયા જલી ગયો, અને તેણે જેહાંગીરને કહયું કે ઝવારાને અકેલાને તો તે વખ્તે મારી નાંખવો સઝાવાર હતું.

જેહાંગીર: "શાહે નામવર, એ એક કૈદી છે, અને એની પહેલવાનીપર જયારે પાણી ફરી ગયુંછ ત્યારે તેને સ્વભાવીક ગૂસ્સો પયદા તો થાયજ, અને જયારે ગૂસ્સો પયદા થાય ત્યારે તો માણુસની અકકલજ ગુમ થાય, અને તેવા કમઅકકલ વખ્તમાં તે જે ગમે તે બોલી દે તો તે માટે આપણુને મીઝાજ ખોહી દઇને કાંઇ ઉલટું નહીંજ કરવું

જોઇએ. મ્હારી સલાહ એ છે કે આપ એઓને ત્હમારી નઝર સામેથી એકદમ દુર કરી દો."

જેહાંગીરની સલ્લાહ માનીને અફરાસીઆબે ઈરાની બંદીવાનોને પાછા હામુનના તંબુમાં મોકલી આપ્યા.

વખત વીતી જવા પછી રાત પડતા સઉ ખાબ કરવા વગે સગે થઇ ગયા.



પ્રકરણ ૨૬ મું.

આવવું ઝાલેઝરનું લડાઈના મયદાનમાં, ગુફ્તેગો તેની જેહાંગીર સાથે, અને ઓલખવું બેઉનું એકબીજાને.

આફ્તાબે હવે પોતાની જગ્યા માહાતાબની પાસેથી પાછી મેળવી લીધી, અને માહાતાબે જે ઠંડી ઠંડી ફર્ઝ અદા કરી હતી તેથી આફ્તાબે તેના ઉપર ગૂસ્સે થઈ તેના રૂખસારપર પોતાના નુરની ચાદર નાંખીને તેને બંધ કરી પોતે ચન્નકાતને જન્મ આપીને રફ્તા રફ્તા તેઝ થયો: મતલબ કે બીજો દીવસ ઉગ્યો.

જેહાંગીરે પોતાના કપડાં પહેડીને કમર કસી લીધી. અફ્રાસીઆબે તેને જોયો, અને તુરાનનો તે શાહ બોલવા લાગ્યો "એ તુરાનની ઈઝઝત, આજે તું ઝરા ઠાક ઉતાર, અને મ્હને લડાઇના મયદાનમાં જવા દે કે શાહ કાઉસની સાથે લડું."

જેહાંગીરઃ "નહીં, ઓ હીમતવાન શાહ, તું આજે ના જા. આજનો દીવસ મ્હારો છેલ્લોજ લડવાનો રહેશે, કારણકે મેં તહારેજ મોંઢેથી સાંભળ્યું છ કે ઇરાની પહેલવાનો જે રહયા છે તે હવે ઘણા થોડા છે, અને આંગલી ઉપર ગણાઇ શકાય તેવા એ થોડા પહેલવાનોને તો આજની સ્હાંજ સુધીમાં હું પકડીને બાંધીબી લેવશ. મ્હને ઠાક ખાવાની કાંઇ ઝરૂરતજ નથી રહી, હું રાતની મીઠી નીંદથી એવો તાઝો છું કે જેવો પહેલે દીવસે હતો."

અફ્રાસીઆબે જેહાંગીરની વાત કબુલ કીધી, અને તેને જવા દેતી વખ્તે દુવા ગૂઝારી.

ઘોડાની પીઠપર કુદી જેહાંગીર એક વાઘની મૂઆફેક મયદાનમાં જૂસ્સાથી દોડી ગયો, અને ગોલ ચક્કર ઘોડો દોડાવી તેણે ધુગાનો એક ડુંગર ગોયા હવામાં ઉડારી દીધો!

પેલી તરફ શાહ કાઉસ, સીપાહસાલાર ઝાલ અને બુઝર્ગ ગુદર્ઝ જે અકકલ અને તદબીરમાં બેનઝીર હતો તે ત્રણે ઇરાની લશકરને મુખડે ઉભા રહી જેહાંગીરનો તમાશો અજાયબી સાથેજ જોતા હતા. લશકરના સીપાહોમાંથીબી તેની દોડાદોડી અને ચાલાકીના વખાણના શબ્દો ગણગણ્યા.

ઝાલેઝરે શાહ કાઉસને પોતે હવે લડવા જવાનો હતો તે કહયું, અને તેની રજા ચાહીને બોલ્યો "અગરજો હું ઝીન્દા પાછો આવશ, તો અફ્રાસીઆબના તાજો તખ્તને તબાહીના ગારમાં હોમાવીને આવશ."

કાઉસ: "પાક ખુદા મદદગાર બાશદ, ફ્તેહ કરી આવ મ્હારા નેકનામ પહેલવાન, બેઉ દુન્યાનો સાહેબ તુને પોતાની પનાહમાં લેશે."

મયદાનમાં ઝાલ જેવો આવ્યો, ત્યારે તેનો ધસારો એવો હતો કે જાણે દરીયાવમાંથી મગર યક-બ-યક જૂનૂનથી ધસીને બ્હાર પડયો હોય. ઝાલેઝરે જે કોલાહ માથે મુકી હતી તે તેના બાપના બપાવા કેરસાસ્પની કોલાહ હતી, અને તે ઝરરીન કોલાહ આફ્તાબની નૂરમંદ રોશનીન કીરણોથી આંખને આંજી નાંખે તેવી ચકચક ચકચક ચળકતી હતી.

ઝાલની કમાન સામની તરફની હતી, અને તીરને પગ અને પર આપનારી તે ચીઝ, પોતાની બાજુએ તે પહેલવાને ધરી હતી. તેનું ગોર્ઝ ફોલાદી હતું, અને તે ફોલાદી ગોર્ઝનો હાથો સાંપની પેચ મૂઆફેક વલાણદાર હતો. રૂસ્તમના તે પહેલવાની પીદરે બખતર જે શરીરપર પેહેર્યું હતું, તે તેના બપાવા નરીમાનનું હતું. પોતાના શીકારને જીવતા જાલમાં પકડવા માટે તેની કમરે એક કમન્દ બાંધેલી હતી.

ઝાલેઝર ઉપર જેવી જેહાંગીરની નજર પડી કે તે જવાન પહેલ-વાનની ચસ્મમાં માયા ઉભરી નીકલી. ઝાલના રૂખને જોઈને જેહાંગીર

જાણે ખુશી થઇ ગયો, તેણે પોતાની સામે આલ્લા યકબ્યાલની મહેરનો નક્શ જાણે તે દીદારમાં જોયો. તેણે કહયું "નામવર બુઝર્ગ, પાક ખુદા ત્હમારી ઉમ્રની રસીને ઐારબી ઘણા વરસો ટક લંબાવે, ત્હમો નામવરે શું કામ ત્હમારા તનને તસ્દી આપી અને ત્હમારા વ્હાલા જાનને તકલીફ આપીને આએ મયદાન પકડયું? શહેનશાહ કાઉસ પોતે કેમ નહીં આવ્યો? તે આવતે તો હું તેને દુન્યામાંથી નાબુદજ કરી નાંખતે, અને તેની હસ્તીને નીસ્તીની હવામાં ઉડારી દેતે એ શાહ કાઉસને વાસ્તેજ ખરૂં પુછો તો નામવર પહેલવાન રૂસ્તમ ગાયબ થઇ ગયો. અફસોસ! પ્યારા સોહરાબને જીવાડવા રૂસ્તમે એજ કાઉસ પાસે નુશદારૂ માંગ્યું, તો એ સંગદીલ, તંગચસ્મ, અને બેકદર કપટી શહેનશાહે દારૂ નહીંજ આપ્યું! પ્યારો સોહરાબ, પોતાના ઝખ્મથી આજીજ થઇને મૌતના હાથોમાં જઇ પડયો, અને રૂસ્તમ તે ઝોરાવરમાં ઝોરાવર બેટાના મૌતથી દીવાનો બની આજ વરસો થયા રખડતો થઇ ગયો અને કોણ જાણે કયાં ગૂમ થઇ ગયો! સંગદીલ શાહ કાઉસમાં જફા સીવાય વફાજ કયાં છે? અગર જો એક કતરાભાર વફાબી તેના જીગરના એક ખૂણામાં હોતે તો તે કદીબી એક દીલેરમાં દીલેર, એક બહાદુરમાં બહાદુર, કુવતના એક પાહાડ પ્યારા સોહરાબને એમ મરવા અને હલાક થવા નહીજ દેતે." અને એમ બોલતાજ જેહાંગીરની આંખોમાંથી નવધાર આંસુના ટીપાં સરી પડયાં, ઝાલેઝરે તે જોયું અને તેનું દીલબી તે લાગણીભર્યાં શબ્દોથી ખેંચાઇ ગયું. જેહાંગીરે વધાર્યું "ત્હમે એ વાત જાણોછ, છતાંબી ત્હમે તે સંગદીલ શાહની આવી અંધારી થઇ ગયલી રાતપર ત્હમારા સુંદર ચળકના ચીરાગની રોશની નાંખીને તેના રસ્તાને કેમ ઉજાલો બનાવોછ? ના બનાવો, તે ચીરાગને ફેરવી લેઓ, અને પ્યારા સોહરાબપર કપટ લેનાર તે સંગદીલને અંધારામાં ગોટાં ખાઇ ખાઇને મરવા દેઓ. માઝનદરાનમાંથી હું આવ્યો તે એજ ખ્યાલથી કે શાહ કાઉસને તાણાથી વીંધું, અને તેના કપટી દીલને ખંજરથી ભેદું! ત્હમારે ખાતર મ્હારા દીલમાં ઘણી માયા અને મહેર

ઉભરી નીકળીછ, અને તે માયાની ઝંજીરથી હું અસીર થઇને આપ સામે બેકાર થઇ રહયોછ! મગર, અગર જો હું ત્હમારી સાથ લડતો નથી તો મ્હારી બહાદુરી આઝમાવતો નથી, અને જો લડું છું તો યા પાક ખુદા, હું બેરૂ જેહાંનના તે સાહેબને શું જવાબ આપી શકશ? મ્હારી હાલત ડામાડોળ છે, અને મ્હારી સામે એટલું મુશકીલ એક કુફલ છે જેની કુંજી મલવીબી મહાલ છે."

ઝાલેઝરે જેહાંગીરની વાત ઘણી લાગણી સાથે સાંભલીને કહયું "ત્હારા બધા સખુનો જે તું બોલી ગયો તે રાસ્ત વ દુરૂસ્ત છે, અને તેની સચ્ચાઇ ખુદ પાક ખુદાને ઘર સુધીબી સાફ દીસતી છે. અમારી ઝમીન ઇરાન છે, અમારૂં વતન તેજ છે, અને ત્યાંના શહેનશાહને ચાહવાને અને તેને માન આપવાને અમો બંધાયલા છીએ. હોય, માણુસ ભુલને પાત્ર છે, અને જો શાહ કાઉસે એકવાર તેની ભુલ કીધી હોય, તો તેથી આપણને તેની અને તેના બાપદાદાની આપણા ઉપરની અનેક ભલાઇઓને ભૂલી જવી નહીંજ જોઇએ, અને તે અસંખ્ય ભલાઇઓને ખાતર તેથી કોઇ ભૂલપર ઢાંકપીછોડો કરવો એ માણસની નેક લાયકાતનો એક નાદર નમુનો છે. અમો અમારા એ પવીત્ર રીવાજને માનથી માથે ચડાવીને અમારા દેશના શહેનશાહને સદા માન આપવા, તેને સદા ચાહવા, અને તેને સદા મદદ કરવા તૈયાર છીએ. શહેનશાહ અગર અમારા સરપર શમશીરબી મારે, તોબી અમે એક ઉફ વટીક નહીં કાઢીએ. શહેનશાહ તે પાયો છે, અને તેથી તે પાયાથી દુર આપણે અમલો જઇએ તો ખાકમાં તબાહ થઇએ. સોહરાબની ઝીંદગી એટલીજ હતી, અને તે વ્હાલા મ્હારા પૌત્રની ઝીંદગીની રસી તેની ભર જવાનીમાંજ કમતાકાત થઇને તુટી ગઇ, તેના નસીબમાં એટલોજ વખ્ત જીવવાનું હતું, હવે ત્હારી પોતાની વાતપર ઉતરતા હું કહીશ કે મ્હને તુંબી તો ઇરાનીજ લાગેછ, અને મોટા કુટુંબનો હોય તેમ જણાએછ, અને જો તેમજ

હોય તો પછી તુને લાયક નથી કે તું તુરાની શાહની નોકરી બજાવે, યા તેને મદદથી કરે! ત્હારી પીઠ તુરાન તરફ કરી દે, અને જે ઇરાની પહેલવાનોને તેં ગીરફતાર કીધાછ તેમને છોડવી ઇરાન તરફ લઇ આવ. હું તુને એક સવાલ કરૂંછ, જેનો જવાબ સચ્ચાઇની પનાહમાં જઇને આપજે, પાક ખુદા જે સઘળે છે અને જે આપણુની નઝરે પડતાં નથી તેને યાદ કરીને તું જે બોલે તે રાસ્ત બોલજે. તું કોણુના તોખમનો છે, અને કયાંથી આવ્યોછ? તેં એવું કામ કીધુંછ જે રૂસ્તમ સીવાય બીજા કોઇએ પહેલવાને હાલમાં કીધું નહીં હોય, મ્હારા પીદર સામની પછી જે બીજી બહાદુરી મેં ઝબરદસ્ત જોઇ હોય તો તે રૂસ્તમ સીવાય ફકટ હારીજ છે. હવે મ્હને તું ખરેખરૂં કહી દે."

ઝાલના સખુનો કાનમાં ઉતર્યાથી જેહાંગીરને ખુશાલીનો જોશ આવી ગયો, અને તેની આંખો હર્ષના આંસુથી ભીંજાઇ ગઇ. તેણે પોતાના ગાલ આંસુથી ભીંજવીને કહયું "મ્હારા નેક બાબા, હું આપના નામવર બેટા રૂસ્તમ પહેલવાનનો છોકરો છેઉં. તકદીરે મ્હને અફરાસીઆબના રસ્તામાં મુકી દીધો, અને ઇરાનીઓપર તેણે મ્હને ઉશકેર્યો, મ્હારા અખત્યારની લગામ મ્હારા હાથમાંથી નીકલી ગઇ, જાણે કે એક તીર હું મારવા ગયો અને તે મ્હારી કમાનથી છટકી ગયો! મેં જે બધા આપણા સગાઓને ગીરફતાર કીધાછ તે બધા ઝનદાનમાં ઝીન્દા છે, હવે જો હું એકાએક બાજૂ ફેરવી દઉં તો અફરાસીઆબ આપણા ઇરાની કૈદીઓને મારી નાંખશે, તેથી હવે કોઈ હીકમત કરવી જોઇએ અને તેઓને ઝનદાનમાંથી છોડવવા બાદ અફરાસીઆબ ઉપર હુમલો કરવો જોઇએ. ઇરાનના એ દુશમનને જયાં સુધી હું તબાહ નહીં કરી નાંખશ ત્યાં સુધી મ્હને ન સુવાનો કરાર રહેશે, ન ખાવાનો! અય રોશન દીદાર મુરબ્બી, ત્હમારી સાથે મ્હને લડવું સઝાવાર નથી."

ઝાલેઝરે પોતાના તે વ્હાલા પૌત્રની ચશ્મમાં માયાથી પોતાની નઝર નાંખીને કહયું "અગર જો આપણે લડશું નહીં, મ્હારા વ્હાલા

બચ્ચા, તો અફ્રાસીઆબ સમજી જશે અને આપણું કામ બીગડી જશે. ઇરાની પહેલવાનોને તે દગલબાઝ શાહ ઝબેહ કરશે, અને પછી ત્હારૂં ખુન કેવા દગાથી કરવું તેનીજ ફીકરમાં તે રાત દીન ગૂંથાએલો રહેશે. આપણને બેઉને, તેથી, ઢોંગી લડાઇ કરવી પડશે, અને રાત પડે ત્યાંસુધી આપણે તેવીજ રીતે લડતા, બલ્કે રમત કરતા રહીશું. દીવસ જ્યારે બુરકાપોશ થશે, અને રાત પડશે ત્યારે આપણે બેઉ પોતપોતાના તંબુમાં પાછા ફરશું. તુરાનની તરફ આજે રાતે ગયા પછી તું આપણા પહેલવાનોને કોઇ તદબીરથી છોડજે, અને બધાને લઇને તું ઇરાનની છાવણી તરફ આવજે, શાહ કાઉસ તરફનો ત્હારો ગૂસ્સે છે તે પાક ખુદાને ખાતર અને મ્હારે ખાતર દુર કરજે અને ત્હારા બપાવાનું કહયું માનીને ઇરાની પહેલવાનોને છોડવીને તું વ્હાલા વતનની તરફેણમાં આવજે. આપણા ઇરાની પહેલવાનોને છોડવતી વખ્તે અફ્રાસીઆબને કાંઈ સણસારો જાય, અને તે ત્હારી ઉપર લશકર સાથે હુમલો લાવવાની કોશીશ કરે, તો તું રણસીંગડું ફુંકજે, જેથી હું આપણા ઇરાની લશકર સાથે તૈયારીમાંજ રહેવાથી એકદમ ત્હારી મદદે દોડી આવીશ, અને આપણે દુશમનોને તબાહ કરી નાંખશું.'

તે પછી બેઉએ વાત કરવાની છોડી દીધી, અને લડાઇ ચલાવવાની તૈયારી કીધી.

પ્રકરણ ૨૭ મું.

જેહાંગીરની પોતાના બપાવા સાથની ઢોંગી લડાઈ! અફ્રાસીઆબનો અંદેશો અને પીરાન સાથની તેની મસલહત.

——:o:——

બેઉ જણે પોતાની શમશીર મ્યાનમાંથી બ્હાર કાઢી, અને પટાબાઝી ચલાવી. શમશીરના ટુકડા થઈ જવા પછી, ગેર્ઝ કહાડયું અને બેઉ તરફ બન્નેએ ગેર્ઝ ઢાલપર મારવાની કોશીશ કીધી અને ઝોરથી ઉંચકાયલો હાથ ફીતુરથી ધીમો કરીને ઢાલપર લગાવતા ગયા. પછી તીર–કમાનથી લડયા અને એવી ખોટી નેમ લેવા કીધી કે બેઉ તરફ જાણે તીર છટકીનેજ ઝમીનને ચુમતી હોય!

એવી ઢોંગી લડાઇ તેઓએ રાત પડી ત્યાં સુધી ચલાવ્યાજ કીધી, બેઉ તરફ ઘણીજ સંભાલ લેવામાં આવી અને કોઇનેબી જરાકબી નુકસાન નહીં પહોંચે તેની ઘણી કાલજી લીધી.

દીવસનો સરદાર આફતાબ પોતાની છાવણી મગરીબ તરફ રવાના થયો, અને ઝાલ તથા જેહાંગીરેબી પોતપોતાની છાવણી તરફ ચાલ મુકયું.

જેહાંગીર અફ્રાસીઆબની આગલ જઈ પહોંચ્યો, કે તુરાનના શાહે તેને કહયું "અએ પુર હુન્નર પહેલવાન, આજની ત્હારી પહેલવાની કાંઇ કમ લાગતી હતી. તું દીલ રાખીને આજે લડયો નહીં, ત્હારૂં આજનું લડવું મન વગરનું હતું. સામના બેટા ઝાલ સાથે આજે તુંને બહું લાંબો વખ્ત સુધી વાત થઇ, અને ત્હારી આગલ

ઝાલેઝરની ફરીઆદ શું હતી ? તુંને નરીમાનના પૌત્રે શું ફરેબ આપી કે તેના મયદાનમાંથી તું અકેલો પાછો ફર્યો ?"

જેહાંગીરે જવાબ આપ્યો "અએ શહેનશાહ, સામે નરીમાનનો બેટો જેટલો ઉમ્રમાં વધારે છે તેટલો હુન્નરમાંબી વધારેજ છે ! તેની લડાઇથી મગરમચ્છબી આજીજ થઇ જાય, અને તે એવો પહેલવાને ઝબરદસ્ત છે કે પંજો મારીને વાઘનેબી ચીરી નાંખે ! તેની વાતચીત ફકત તેના શહેનશાહ કાઉસની અને તેના ઇરાનની તારીફમાં હતી, અને તે મ્હને ઇરાનીઓ સાથે લડવા ના કહીને જણાવતો હતો કે જો હું ઇરાન જાઉં તો તે મ્હને મોટો હોદો અપાવશે. ઝાલેઝરની વાત ઉપર મેં કાંઇબી ધ્યાન પહોંચાડયું નહીં, અને હું તેની સાથેબી રોઝ-નાજ જેવી દીલેરીથી લડયો, મગર પહેલવાન રૂસ્તમનો તે પીદર ઝોરમાં સર્વે ઇરાની પહેલવાનો કરતાં મ્હને ઘણોજ ઝબરદસ્ત લાગ્યો. તે એક અઝદાહ જેવો હતો, અને અઝદાહની સાથે લડવું એ ઘણું મુશકીલ છે. હું આજે એની સાથે જેવો લડયો, તેવો બીજો કોઇબી અગાઉ એની સાથે લડયો નહીં હોય ! એ કાલે મયદાને જંગમાં આવશે, ત્યારે પત્થરની મીસાલ તેના હાથો જડ કરી નાંખીને તેને બાંધીને ત્હારી પાસે લઇ આવશ."

જેહાંગીરનું બોલેલું સાંભલીને અફરાસીઆબ હસ્યો, તે ઉપર ઉપરથી હસ્યો હતો મગર તેના પેટમાં જવાલા જલી રહી હતી ! તેણે પોતાની ચસ્મમાં મહેર બતાવી, મગર તેના દીલની અંદર કહેર પયદા થયું હતું. કહેર તેના બાતીનમાં હોવાથી તે ફરીને ઝહર ભરેલી આંખોએ પોતાના તંબુ તરફ ગયો. જેહાંગીરબી તે પછી પોતાના તંબુમાં ગયો.

અફરાસીઆબ પોતાના તંબુમાં દાખલ થયો ત્યારે તેનું દીમાગ અંદેશામાં ગીરફતાર હતું. તેણે પીરાન વઝીર તરફ જોઇને કહયું

"હું તને એક વાત કહેવા માંગુછ, જે વાત તું ને હુંજ જાણીએ, અને બીજું કોઇબી નહી."

પીરાને તંબુમાના બીજા તુરાની અફસરોને દુર કીધા, અને અફ્રાસીઆબે તે પછી તેને કહયું "અએ વઝીરે દાનીશમંદ, જેહાંગીર જયારેબી લડાઈમાં મયદાને પડતો ત્યારે તેની સામેના પહેલવાનો અગર વાઘબી હોય તો એની આગળ કોહલા બની જાય, અને જેહાંગીરને હાથે તેઓ હારી જતાં, મગર આજે જયારે તે ઝાલની સામે ગયો ત્યારે જાણે પોતેજ કોહલું બની ગયો! ઝાલની સાથે એને ઘણી વાતબી કીધી, અને તે ઉપરથી હું ધારૂંછ કે બપાવા અને પૌત્ર એકબીજા સાથે મલી ગયા. મ્હને એવું લાગેછ કે જેહાંગીર મ્હને હયરાન કરશે, અને આપણીપર ફીત્નો ચલાવશે. ત્હારી દુરઅંદેશી શું કહેછ?"

પીરાને પોતાના શહેનશાહના ઉપલા સખુનો સાંભલીને જવાબ આપતા કહયું "શહેનશાહ, તું ઘણોજ હુશયાર અને અક્કલમંદ છે. ત્હારા મનમાં જે અંદેશો છે તે મ્હારા વીચાર મૂજબ ખરોજ છે. જેહાંગીરે જેવો ઝાલનો ચહેરો જોયો કે મેં દુરથી નઝર દોડાવી, અને મ્હને લાગ્યું કે તે ઝાલને જોઇને ઘણો ખુશી થઇ ગયો. મ્હને લાગેછ કે એ ઝાલનાજ તોખમનો છે. હું ધારૂંછ કે જેહાંગીર ગીરફ્તાર થયલા ઇરાની પહેલવાનોને કૈદમાંથી છોડવશે, અને આપણી ઉપર હુમલો લાવશે. તે પહેલા તો ત્હારૂંજ ખુન રેડવાની કોશીશ કરશે, અને પછી તુરાની લશકરને મારશે. વાસ્તે, તું દુશમનનું કાટલું કાઢી નાંખવાની હવે ફીકરમાં રહે, હું ધારૂંછ કે આપ હામુનને બોલાવો, કેમજે હામુનની પાસેનો પાસે જેહાંગીર હોવાથી એ એની વાત કંઈ જાણુતોબી હોય!"

તે ઉપરથી શાહ અફ્રાસીઆબે હામુનને બોલાવવાનો હુકમ આપ્યો, પીરાને તંબુની બ્હાર આવીને જોયું તો એક સંત્રી પેહરો

ભરેછ. પહેરેદારને હામુને કહયું "અફસર નામવર હામુનને અહીં બોલાવી લાવ."

હામૂનના આવ્યા પછી શાહ અફ્રાસીઆબે કહયું "જેહાંગીર ઉપર મ્હારૂં માથું ઘણું ગરમ થઇ ગયુંછ, અને એને માટે જે મહેર મ્હારા દીલમાં હતી તે ઉતરી ગઇછ." અને એટલું બોલીને અફ્રાસીઆબે હામૂનને તે વાત કહી, જે તેણે પીરાન વઝીર આગલ કીધી હતી.

હામૂને અદબથી કહયું "અએ નામવર તાજવર, મ્હનેબી અજાયબીજ લાગેછ, અને મ્હારૂં દીલબી જેહાંગીર ઉપરથી ઉતરી ગયુંછ. એ રાત દાહાડો ઇરાનીઓની સાથેજ વાત કર્યાં કરેછ, અને તેઓને વાસ્તે એના દીલમાં ઘણી માયા છે. જ્યારેબી એ પોતાની આરામગાહમાં જાયછ ત્યારે એ ફ્રામર્ઝને પોતાની આગલ બોલાવેછ. એ લોકો વાતચીત કરે ત્યારે જેહાંગીર મ્હને ત્યાં રહેવા દેતો નથી, અને તે વાતની ખબર હું આપને અત્યાર અગાઉની આપવાનો હતો મગર જેહાંગીરના ખૌફનો ડર ખાઇ ગયો. મ્હનેબી શક લાગેછ કે એ ઇરાની કૈદીઓને છોડી દેશે, અને પછી તુરાનીઓને મારી નાંખવા પ્રીતનો ઉભો કરશે. તેથી, પહેલા ઇરાની કૈદીઓને મારી નાંખવા જોઇએ; એ લોકો આપણા કૈદી છે છતાંબી ઘણા સરકશ થઇને આપણને ગાલ આપેછ. ઇરાની કૈદીઓને મારી નખાવ્યા પછી જેહાંગીરનું ખુન કરાવવું બ્હેતર થશે, કેમ જે તે પછી શાહ કાઉસ અને ઝાલ આપણી સામે કાંઇબી કરી શકવાના નથી. તો પછી તુરાનની સાથે ઇરાનનાબી શહરિયાર થતાં આપ નામવરને વીલંબ લાગવાનો નથી."

★

પ્રકરણ ૨૮ મું.

અફ્રાસીઆબ, પીરાન અને હામુનના પ્રપંચની જેહાંગીરને ખબર, જેહાંગીરનું ઇરાની કૈદીઓને છોડી દેવું.

હામુનનું કહયું સાંભલીને શાહ અફ્રાસીઆબનું દીલ ફીનાથી ભરાઇ ગયું. તેણે કેરસીવેઝ જે તેનોજ ભાઇ હતો અને ફીત્ના અને ફીસાદનોજ ગોયા બનેલો હતો તેને હુકમ આપ્યો કે લશકર રાતોરાત તૈયાર કરવું.

કેરસીવેઝ તેના હુકમ મૂજબ ગયો, અને ચીનાઓના લશકરનો એક ભાગ ખૂનરીઝી ચલાવવા તેણે તૈયાર કરવા માંડયો. બટકા અને તંગચશ્મ આદમીઓનું બનેલું તે લશકર તૈયાર થતું હતું, ત્યારે પહેલવાન જેહાંગીરની સાથે આવેલા બસો દોસ્તોમાંનો એક સાથી જે તુરાની લેબાસ પેહેડીને ચારામારા જોવા ફરતો હતો, તેણે દુર થતી ગડબડ સડબડ સાંભલી. તે જાણે કશામાં નહીં હોય તેમ તુરાની તરીકેનો બધો આવભાવ કરી પુછવા લાગ્યો કે ત્યાં શી ધાંધલ હતી? એકે તેના કાનમાં પડીને કહયું કે જેહાંગીર અને તેને પકડેલા ઇરાની પહેલવાનોપર રાતના એકાએક છાપો મારવાનો હતો!

જેહાંગીરનો સાથી તે સાંભલીને પાછો તેવીજ છુપી હીલચાલથી જેહાંગીર પાસે ગયો, તેણે નામવર રૂસ્તમના તે પહેલવાન બેટાને પ્રપંચની ખબર આપી દીધી. જેહાંગીર તૈયાર થઇને પોતાના ભાઇ ફરામર્ઝ પાસે ગયો અને તેને છુટો કરીને બોલ્યો "આટલી વાતચીત છતાંબી મેં આપ આગલ અગાઉ ઝાહેર કર્યું નહીં હતું, મગર હવે

કહુંછું કે હુંબી આપનોજ ભાઇ, અને નામવર પહેલવાન રૂસ્તમનો પોતાનો બેટો છું. અને મેં આજે જે વાત આપશુા બપાવાને કહી તે વાત હું આપની આગલથી કહી જાઉં છું."

જેહાંગીરની વાત સાંભલીને ફરામર્ઝ ઘણો ખુશી થઇ ગયો, અને બેઉ એકબીજાને બગલગીર થયા. તેઓએ તે પછી તુરતજ બધા ઇરાની કૈદીઓને છોડી મુકયા. લોહાની જાલમાંથી અસીર થયલો વાઘ જેમ છુટો તેમ બધા છુટીને જે હથીયાર તેઓ પાસેથી છીનવીને બાજૂએ રાખવામાં આવયા હતા તે બધા પાછા સજી લીધા, અને બ્હાર જઇ પાસેજ બનાવેલા તબેલામાંથી ઘોડાઓ લઇ સ્વાર થયા. તેઓએ પોતાના હાથોમાં ગોર્દ, શમશીર, કમાન-તીર, કમન્દ, નૈઝા વીગેરે તૈયાર રાખી લીધા.

પેલી તરફ તુરાનીઓના ચીનાઓનું લશકર તૈયાર થઈ ગયું, તો આએ તરફ જેહાંગીર સાથે ઇરાની પહેલવાનો તેઓનું કાટલું કાઢી નાંખવાનો વીચાર કરતા સ્વાર થઇ ઉભા.

પ્રકરણ ૨૯ મું.

ઇરાનના પહેલવાનોની અફ્રાસીઆબના લશકર સાથની રાતની વખ્તે લડાઈ, શાહ કાઉસના લશકરની મદદ.

—:o:—

તૂરાનીઓનું ચીની લશકર છાપો મારવા ધસી આવ્યું, લેકીન જ્યારે તેઓએ જોયું કે ઇરાની પહેલવાનોબી શમશીર કાઢીને ઉભા હતા ત્યારે તેઓનો જોશશામાં આવેલો જોશ મરી ગયો, તોબી પીત્ના અંગેજ કેસરીવેઝની ઉશકેરણથી લડાઇ થઇ. મોટું ચીની લશકર બુમ બરાડા મારતું તે રાતની વખ્તે આંગલીના કાપાપર ગણાય તેટલાં તે થોડા ઇરાની પહેલવાનોપર ધસ્યું ગયું.

ઝમાનો ઝમીન લર્ઝી રહયા! ઇરાનીઓની શમશીર દુશમનોની ઉપર એવી તો જોશથી ચાલી રહી કે થોડાજ વખ્તમાં ત્યાં લહુની એક નદદી વહેતી થઇ, અને બેશુમાર મુરદાના ઢગના ઢગ તેઓના રસ્તા વચે ઢગલે ઢગલા થઇને પડયા! જેહાંગીરે રણસીંગડું ફુંકયું, અને પેલી તરફ ઝાલેઝરને ખબર થઇ.

શાહ કાઉસ અને સીપાહસાલારના હુકમથી તૈયારજ રહેલું ઇરાની લશકર દરયાવના ઉછલતા મોજાઓની મૂઆફેક ધસી આવ્યું.

તૂરાનનું આખું લશકરબી હવે અફ્રાસીઆબના હુકમથી લડવા ધસ્યું, અને એક ખુનખવાર મોટી જંગીમાં જંગી લડાઇ તે રાતના ઇરાનીઓ અને તુરાનીઓ વચે થઇ.

એક તરફથી ફોલાદી ઇરાની પહેલવાનો અને બીજી તરફથી ઇરાનના જોરાવર લશકરે તુરાનીઓની મોટી ફોજને ઘેરી લીધી, અને ઇરાનીઓની શમશીર અને ગોર્ઝ જે હવામાં ઉડી રહયાં તેથી તૂરાની લશકરની એક ઘણી મોટી કતલ ચાલી રહી. કચ–કચ–કચ ઇરાની શમશીરો દુશમનને કાપતી મૂરદાંઓનો એક ગંજાવર ઢગ કરતી હતી!

આખી રાત લડાઇ ચાલી, અને જયારે સ્હવારના નુરમંદ ખુરશીદ ઉગ્યો ત્યારે અફ્રાસીઆબની રાત થઇ, અને તેના વાવટાના ચીઠડે ચીઠડે ઉડી જઇને તેનો ઘાણુ નીકલી ગયો!

હવે અફ્રાસીઆબ જેહાંગીરના સપાટામાં આવ્યો, અને પહેલવાન જેહાંગીરે તેના માથામાં શમશીરનો એક ઝર્બ એવો ખેંચીને માર્યો કે ગરદન સુધી અફ્રાસીઆબ લોહીથી ગરકાવ થઇ ગયો! અફ્રાસીઆબ ન્હાસી ગયો. જેહાંગીરના કાકા ઝવારાના સપાટામાં હામુન સપડાયો, અને ઝવારાએ એક ગોર્ઝ જે લગાવ્યું તેથી હામુનનો એક હાથ ભાંગી ગયો! તેબી ન્હાસી ગયો; પીરાન તો એટલો ગભરાઇ ગયો કે તે પોતાની મેળે પોતાના ઘોડાપરથી પડી ગયો, અને તેણે જયારે જોઇ લીધું કે હવે તેના માથાની સલામતી નહીં હતી ત્યારે ન્હાઠો! બેજનના સપાટામાં કેરસીવેઝ સપડાયો, અને તે લૂલો થવા પછી, તૂસને હાથે શયદા ઝખ્મી થયો! ફરામર્ઝના ભાલાથી ગુરૂહી ઝરા ઝખ્મી બન્યો, એકબી તુરાની પહેલવાન ઇરાનીના હાથમાંથી બચ્યો નહીં; યાતો મૂઓ, અથવા તો ઝખ્મી થઇને મયદાનને પીઠ આપી ગયો!

તે જંગી લડાઇમાં ઇરાનીઓએ તુરાનીઓને હરાવ્યા.

પ્રકરણ ૩૦ મું.

જવું જેહાંગીરનું પોતાના વતન ઇરાનમાં—શાહેનશાહ કાઉસે કીધેલી નવાઝીશ.

પચાસ હઝાર તુરાનીઓ શેરદીલ ઇરાનીઓના શીકાર બની ગયા, અને ન્હાઠેલા તૂરાનીઓની છાવણીમાં ઇરાની સીપાહોએ લૂટ ચલાવી અને અફ્રાસીઆબે તે લડાઇના મયદાન વટીકમાં એવો ભપકો રાખ્યો હતો કે ઝવાહીરોથી છાવણી ભરી નાંખી હતી! જેથી ઇરાની સીપાહોને એટલી મોટી કીંમતની લૂટ મલી કે ખુરશીદ અને માહાની ચશ્મણી અંજાઈ ગઇ!!

નામવર પહેલવાન જેહાંગીર જયારે શહેનશાહ કાઉસની હજુરમાં ગયો, ત્યારે શહેનશાહે જેહાંગીરના રૂખસારને બોસો લીધો અને દુવા કીધી. ઝાલેઝરેબી જેહાંગીરને બગલગીર થતાં કહયું "પાક ખુદા ત્હને સલામત રાખે, મ્હારા બચ્ચા." બુઝર્ગ ગુદર્ઝે આફરીન કરતાં દુવા દીધી "બન્ને જેહાંનનો બાપ ત્હારી આબરૂને એવીજ રીતે કીર્તીવંત રાખે."—જેટલા ઇરાની પહેલવાનો હતા તેટલા અને બધા જેહાંગીરને ભેટયા.

તે પછી પોતાની દરબારમાં દાખલ થઇને શાહ કાઉસ તખ્તપર બેઠો કે બધા પહેલવાનો ગોઠવાઇને ઉભા રહયા. નામવર જેહાંગીરે દાખલ થતાંજ ઝમીનપર પોતાનું સર મુકયું, અને નમીને તે ઉઠાવ્યા બાદ બોલ્યો "અએ ખુશરવે તાજદાર, હું ગૂન્હાગાર છું, માટે તું ગમે તો મ્હને માર યા તાર! પહેલા મ્હને ત્હારી તરફ કીનો હતો,

મગર હવે હું મ્હારૂં માથું ત્હારા કદમો આગળ ધરૂં છું, જેપર ગમે તો ત્હારી શમશીર ફીરાવી લે, યા ગમે તો મ્હારો ગૂન્હો મ્હને બક્ષી દે!"

તેને માફ કરતાં શહેનશાહ કાઉસે કહયું "મ્હારા દીલમાં ત્હારે માટે એક કટરાભારબી કીનો નથી, અને ત્હારે માટે મ્હારી ચશ્મમાં મહેર ભરેલી છે." એટલું બોલીને શહેનશાહે તેને ફરામર્ઝની પાસે બેસવા કહયું. જેહાંગીરે શાહ કાઉસના તખ્તને બોસો લીધો, અને પછી પોતાના ભાઇની પાસે જઇને બેઠો.

શાહ કાઉસે જેહાંગીર તરફ ખૂબ નેગાહ પોંહચાડીને જોયું તો તેને એક નવજવાન શેરની માનીનદ તે દેખાયો. જેહાંગીર તે વખ્તે એવો દેખાતો હતો કે જાંણે કોઇબી તેના તરફ જોય તો તગર તગર વખાણ સાથે જોયાજ કરે, અને પોતાની નઝર ફેરવી નહીં લે. શાહ કાઉસ તેને જોઇને ઘણોજ શાદમાન થઇ ગયો.

તે પછી શહેનશાહ કાઉસે નોકરને હુકમ કીધો કે ખાવાનું લઇ આવવામાં આવે; જમવાનું લાવવામાં આવ્યું, અને સોનાની જામમાં શરાબનો દૌર ચાલ્યો.

શાહ કાઉસે જેહાંગીરને પુછયું "નામવર જેહાંગીર, કોઇબી વખ્ત આપે શરાબથી જીવ ખુશ કીધોછ કે?"

જેહાંગીરે જવાબ આપ્યો "મ્હારા મમાવા એક પહરેઝગાર શખ્સ છે, અને મેં કદીબી શરાબની લઝઝત ચાખીજ નથી!!

શહેનશાહે હસીને જેહાંગીરને કહયું "હવે તું આબેદી છોડી દે." અને તેમ બોલતાંજ તેણે જેહાંગીરના હાથમાં શરાબની એક જામ ભરીને આપી દીધી.

નમીને તે લેતાં જેહાંગીરે શરાબ પાધો. વારા ફરતી દરેક ઇરાની પહેલવાને શરાબથી ભરેલી એકેકી જામ જેહાંગીરને પીવા આપી.

પાક યઝદાનની યાદ લઇને જેટલી જામ તેને મલી તેટલી બધી જામ નામવર જેહાંગીરે ખાલી કીધી.

ઇરાની પહેલવાનોએ હસીને કહયું "નામવર તો લડતી વખ્તે બી ગમે તેમ લડયો, અને પીતી વખ્તેબી ગમે તેમ પીએ છે! લડયો બી તેમજ અને પીએછબી તેમજ!" નામવર ઝાલેઝરે જોયું કે જેહાંગીરે જેટલોબી શરાબ પીધો તેનાથી તે નીશાનો ગીરફતાર નહીં થયો!

નામવર ઝાલેઝરે ખઝાનચીને હુકમ આપ્યો કે મ્હારા ખઝાનામાંથી તે જામ લઈ આવવી, જે નામવર રૂસ્તમ પહેલવાનની શરાબ પીવાની જામ હતી.

ઝાલેઝરના હુકમ મૂજબ ખઝાનચી નામવર પહેલવાન રૂસ્તમની સોનાની તે જામ લઇ આવ્યો. તે જામ ભરીને શરાબ જેહાંગીરને પીવા સારૂ ઝાલેઝરે આપ્યો. જેહાંગીર તે શરાબ પી ગયો, જે જોઇને શાહ કાઉસ અજાયબ થઇ રહયો!

ખાણા પછી બધા જણા ખાબ કરવા ગયા, તે વખ્તે જેહાંગીરને ફરામર્ઝ પોતાને ત્યાં લઈ ગયો. તેઓ ત્યાં ખાબ કરવા બીછાને ગયા, નીશામાં હોવાથી તુરતજ ખાબમા ગીરફતાર થઇ ગયા.

વખ્ત વીટયો ગયો, અને રાતે પોતાના ચહેરા ઉપરનો નીકાબ ઉંચકીને દુર ફેંકી દીધો, અને ખુરશીદે પોતાનો તુરમંદ ચહેરો બહાર કાઢયો: મતલબ કે સહવાર થઇ.

ઇરાની દરબાર પાછી બીજે દીવસે ભરાઇ, અને શહેનશાહ કાઉસ પોતાના તખ્તપર બીરાજયો. ફરામર્ઝ સાથે જેહાંગીર દરબારમાં આવ્યો. બધાએ પોતપોતાની મુકરર કીધેલી જગ્યા લીધી, અને શાહ કાઉસે બક્ષેસ આપવાની શુરૂ કીધી.

શાહ કાઉસે ખઝાનચીને હુકમ કીધો કે ખઝાનામાં જમશેદ પાદશાહનુ જે તાજ હતું, અને જે ખુરશીદ તથા માહાતાબના તેજ જેવું ચલકતું હતું તે લઈ આવવું.

તે તાજ કે જમશેદ પાદશાહ પછી કોઇએબી પેહેર્યું નહીં હતું, અને જે તમામ કીંમતી ઝવાહીરોથી મઢેલું હતું તે મંગાવ્યું અને શાહ તેમુરસનો હીરાજડીત કમરબંદબી મંગાવ્યો.

શહેનશાહ કાઉસના ફરમાવ્યા મૂજબ શાહના પોતાના ખઝાનામાંથી ખઝાનચી ફરમાવેલો હદીઓ લઇ આવ્યો, જેમાં તે હીરાના મૂઠની શમશીર એક વધારે લઇ આવ્યો. તે લાવીને તેણે તખ્ત આગલ મુકયું.

શાહ કાઉસે વલી એકસો નાચનારી સુંદરીઓ, એકસો ગુલામો, અને એકસો ઘોડા લાવવાનોબી તે પછી હુકમ આપ્યો. બસો ઇરાની ગાલીચાઓ, અને બસો તંબુઓનોબી હુકમ કરવામાં આવ્યો. વલી બસો ઉંટ જે શોભાઇતા હતા અને ચાલવામાં ઘણા ચાલાક તે પણ મંગાવ્યા. અને મીનોચેહેર પાદશાહનો વાવટો જેને માથે હીરા જડવામાં આવ્યા હતા તેબી મંગાવ્યો. વલી જૂદા જૂદા હથીયારોનો એક મોટો જંગી જથ્થો પણ મંગાવ્યો.

શહેનશાહ કાઉસે જમશેદનું તાજ અને તેમુરસનો કમરબન્દ નામવર જેહાંગીરના હાથોમાં મુકીને તેના કદમ પાસે પેલા તમામ હથીયારો મુકાવ્યા અને મીનોચેહેરનો વાવટો તેના જમના ખભાપર અઢેલી મુકતા કીમતી ગાલીચાઓનો સંગ્રહ તેના પગ પાસે ગોઠવાવ્યા અને પેલી ખુબસુરત નાચનારીઓને તથા ગુલામોનેબી જેહાંગીરને ભેટ આપતાં તંબુઓ ઉંટો ઘોડાઓને દરબારની બહાર જમાવ કરીને નામવર જેહાંગીરને તેબી પોતાની તરફની નવાઝીશ સમજી લેવા કહયું. એ બધી ભેટ આપીને શાહ કાઉસે કહયું "અએ નામવર જંગી પહેલવાન, અગર પાક ખુદા ત્હને અને મ્હને સલામત રાખશે તો એવી ઘણી નાચીઝ નવાઝીશો કરવાની મ્હારા દીલની મોટામાં મોટી ખ્વાહીશ છે."

જેહાંગીરે નમી નમીને તે નવાઝીશ સ્વીકારતા કહયું "ઘણા વરસો સુધી જીવજે ઓ તું માયાના સરદાર મ્હેરબાન શહેનશાહ, જયાં સુધી તું

શાહેનશાહ અમારે સર સલામત છે ત્યાં સુધી અમારૂં નસીબ બુલંદ છે, જયાંવેર મ્હારા જાનમાં જાન છે ત્યાં વેર હું આપની ખીદમતમાં હાઝર છું."

તે પછી નામદાર શાહેનશાહ કાઉસે નામવર પહેલવાન જેહાંગીરને દુવા દઇને તેને પોતે તેની બેઠક તુલીક લઇ જઇને બેસાડયો. તે પછી શાહે પોતાના તુરાની દુશમન જેને મોટી હાર સાથે હરાવીને નહસાડયો હતો અને જેનો ખઝાનો જપત કીધો હતો, તે ખઝાનો પોતાના બીજા પહેલવાનોમાં અને સીપાહોમાં વહેંચી દીધો.



પ્રકરણ ૩૧ મું.

જેહાંગીરની માદરનું ઈરાન આવવું. ઈરાની દરબારમાં બગદાદી એલચી.

તે પછી ગોસતાહમ અને તુસે નામવર જેહાંગીરને પોતાની તરફથી ભેટમાં કેટલુંક કીંમતી ઝહવેરાત આપ્યું, અને તે સાથે તેનીપર સોનાની એક વાંસલી મોકલી આપી.

ફ્રરામર્ઝના છોકરા સામે પોતાના ખઝાનામાંથી અર્ધો ખઝાનો જેહાંગીરને ભેટ આપ્યો—ઝવારાએ બી તરેહવાર કીંમતી ચીઝો પોતાના ભત્રીજાને આપી.

ફ્રરામર્ઝે પોતેબી ઘણોજ કીંમતી ખઝાનો પોતાના ભાઇને ભેટ આપ્યો. વલી ગુદર્ઝ અને ગેવેબી પોતપોતાની તરફથી નઝરાનું કીધું, અને બેજનબી જેહાંગીરને વાસ્તે ભેટ લઇ ગયો. જેટલા ઈરાની પહેલવાનો હતા તેટલા બધાઓએ પોતપોતાની તરફથી શકતી મૂજબ ભેટ જેહાંગીરને આપી.

નામવર શહેનશાહ કાઉસે દશ હઝાર સીપાહો જેહાંગીરને બક્ષયા, કે જે સીપાહો રાત અને દીવસ તે નામવર પહેલવાનની નોકરી કરતા રહે. તે દશ હઝાર સીપાહો જેહાંગીરના પીદર નામવર રૂસ્તમની આ આગમજ ખીદમતમાં હતા, મગર હાલમાં ઇરાનમાં પહેલવાન રૂસ્તમ નહીં હોવાથી તેના એ દીલેર બહાદુર બેટાને નામવર શાહ કાઉસે તે લશકર ભેટ આપ્યું.

તે પછી ખાણું હાઝર કરવામાં આવ્યું, અને તે ન્યામતને ખુશીથી ઇનસાફ આપીને પાક ખુદાના શુકરાના કરી બધાઓ ન્યામતના વાસણોને પગે પડીને ઉઠયા.

પોતપોતાના રહેઠાણમાં જવા પછી નામવર જેહાંગીરે એક કાસદને પોતાના મમાવા આબેદ મસીહાએ રૌશન દીદારની તરફ રવાના કીધો, અને તે પયગાયચીને એવી મતલબનો પયગામ આપ્યો કે 'નામવર જેહાંગીરની માદર માહારૂખે દેલનવાઝ બાનુંને મમાવાએ જેહાંગીરની પોતાની પાસે રહેવા સારૂ ઇરાન રવાના કરવી.'

પયગામચી પહરેઝગાર મસીહાની તરફ જઇ પહોંચ્યો ત્યારે તેને ખબર મલી કે પીર પહરેઝગાર મસીહા બહીસ્તમુકામ થયો હતો. પયગામ મલવાથી જેહાંગીરની નામવર માદર ઇરાન જવા સારૂ રવાના થઇ.

નામવર જેહાંગીર પોતાની પ્યારી માદરને જોઇને શાદ થઇ ગયો. અને તેણે તે માદરના પગો નઝદીક ભેટ મલેલો ખઝાનો મુકયો.

બીજે દીવસે દરબાર ભરાઇ, જયારે એક એલચીએ ઇરાનના શહેનશાહના તખ્તને બોસો લઇને પોતાના હાથમાંનો એક રૂકો શહેનશાહ કાઉસને હવાલે કરતાં કહયું:

"અએ ખોસરવે તાજદાર, ત્હારો નીગાહદાર થાય તે પાક પરવરદેગાર; પાક ખુદા ત્હારી સઘલી મુરાદ બર લાવે અને તું ઘણા વરસો સુધી તાજે તખ્તપર શાદમાન રહીને જીવે! હું બગદાદના હાકમ અરદેશીર તરફથી આપને વાસ્તે આએ રૂકો લાવ્યો છું."

નામવર શહેનશાહ કાઉસે તે રૂકો ખોલ્યો, અને પોતાના દરબારી મુનશીને આપીને તે વાંચવા કહયું. મુનશીએ રૂકો વાંચ્યો, જે નીચે પ્રમાણે હતો:


"પહેલું નામ તે પાક પરવરદેગારનું હું લઉં છું, જે બંદાઓનો અને તમામે તમામ પયદાશોનો એક બનાવનાર, નુરમંદ

અને સદા સુધીનો છે. પાક ખુદાનું નામ લેવા પછી, તેજ પાક દાદારની મહેર તું શહેનશાહ કાઉસ ઉપર રહે એવી દુઆ હું ગૂઝારૂં છું; જાણજે એ તું નામવર ઇરાનના શહેનશાહ કે બરબર ઝમીન તરફથી એક લશકર મ્હારી ઉપર હુમલો લાવ્યું છે. જે લશકરના સીપાહો બધા બદદીલ અને બદનીશાન છે, અને તેઓનો સરદાર છે કાફરે બદનેજાત. એ કાફરનું કદ ચાલીસ ગજ લાંબુ છે, અને તેની બાજૂ થાંભલા જેવી છે! એ બદનેજાતનું માથું કાળું અને ગુબંઝ જેવું છે. એની આંખ લહુના પ્યાલાની માફક સોર્ખ છે. એ કમબખ્તની શમશીર એવી છે, જે જો પત્થરપર મારવામાં આવે તો પત્થરબી કપાઇ જાય! એનું ગોર્ઝ અલમોર્ઝ પાહાડપરબી મારે તો પાહાડના તે ભાગના પૂરજે પૂરજા ઉડારે! એ કાફરના જમણા અને ડાભા હાથ ઉપર બે હબશીઓ મદદ કરતા હંમેશા રહેછ જે કુહે સીહા માફક કાલા અને પાહાડ જેવા છે. એ હબશી મદદગારો અઝદાહનેબી પલમાં જબેહ કરે તેવા બળવાન છે. એ બદગૂમાનોના આવાઝથી અઝગરબી ન્હાસી જાય! અને એ ત્રણે પલીદો માણસ ખાઉ ખબીસો છે! એની સાથે એક લાખ કદરૂપા લોકોનું લશકર છે, અને તે બધાબી એવા ઝોરદાર છે કે જાણે દુન્યાપરની બલા! એ લોકોએ બગદાદને ઘેરી લીધેલું છે, અને મ્હારૂં તમામ લશકર એ કાફરોથી હારી ખાઇ ગએલું છે. એ શયતાનોને, આપના નામવર પહેલવાન ઝાલેઝર સીવાય બાજો કોઇબી મારે તેમ મ્હને લાગતું નથી, તેથી આપ મ્હને મદદ આપો તેવી અર્ઝ ગૂઝારીશ કરૂંછું. હું રાતદીન અંદેશામાં ગીરફતાર, દુશમનોથી ખુવાર, મ્હારા દેશથી દુર કીનાર, હયરાન પરેશાન જંગલમાં પડેલો છું."

ઇરાનના દીલેરો મુનશીને મોંઢેથી બગદાદના હારેલા હાકમનો રૂકકો સાંભલીને અજાયબ થયા.

શહેનશાહ કાઉસે તે રૂકકો સાંભલીને ઝબાન ખોલી "અએ નામવર પહેલવાનો, બગદાદના હાકેમનો રૂકકો સાંભલીને મ્હારી

ખુશીના ઝમાનામાં ખલ્લલ પ્હોંચી છે. આપણા ઘોડાના જીન હજુ તો પસીનાથી સુકાયાબી નથી તેટલાંજ પાક ખુદાએ આપણે માટે બીજી લડાઇ મોકલી આપી છે. તુરાનનો હારેલો અને ઝખ્મી થઇને ન્હાઠેલો શાહ અફ્રાસીઆબ હજુ તો તુરાનમાં જઇ પહોંચ્યોબી નહીં હશે, તેટલાં ઇરાની પહેલવાનોને નવી લડાઇમાં જીપલાવવાનો મોકો મલ્યોછ."



પ્રકરણ ૩૨ મું.

જેહાંગીર સાથે બગદાદને બચાવવા ઈરાની પહેલવાનોનું ઈરાનથી રવાના થવું. તુસનું ગુમ થઈ જવું !

—:o:—

નામવર શહેનશાહ બોલી રહયો કે નામવર જેહાંગીરે ઉઠીને હાથ જોડીને કહયું "અએ શાહે આલમપનાહ, ત્હમો હુકમ આપો તો એ હબશીઓ સામે લડવા હું જાઉં. તેઓના સર બદનથી છુદા કરી નાંખું, અને તેઓના કાપેલા સર અહીં મોકલી આપું. તે બોતપરસ્ત કાફરોનું ખાનું ખરાબ કરૂં, અને તે હબશીઓને બાલી નાખું."

શાહ કાઉસે જેહાંગીરની હીમતના મનમાં વખાણ કરીને ખુશ થઇને કહયું "અએ જંગી પહેલવાન, ત્હારા બદનમાં હજૂણુ તો લડાઇથી ઉકળેલું લોહી ધીમું થયું નથી, તેટલાંમાં વલી તું આએ નવી જંગી લડાઇમાં કેમ જશે ?"

તે દીલેર જવાને શાહ કાઉસને કહયું "અગર પાક પરવરદેગાર મ્હારા ઉમ્રને યારી આપશે તો હું એ જંગી લડાઇમાંથી જીતીનેજ આવશ. બગદાદના બાદશાહે આપણી મદદ માંગીછ, તો પછી તેને મદદ કરવા જવા સારૂ મ્હને ઉલટ થઇછ. હું હબશીઓને મારીને તે લોકના મૂલક જીતીને ત્યાં ત્હમારા નામના સીક્કા ચલાવશ."

શાહ અને જેહાંગીરની વચે તે વાતચીત થતી હતી, તેટલાં ફરામર્ઝ ઉઠયો, અને જેહાંગીરના સખુન પુરા થવા પછી તે બોલ્યો "નામવર શાહનો હુકમ હોય તો મ્હારા વ્હાલા ભાઇની સાથે હુંબી જવા તૈયાર છું."

તૂસેઅી ઉઠીને શાહના તખ્તને બોસો આપીને કહયું "હું બી નામવર પહેલવાન જેહાંગીર સાથે જવા માંગુછ."

ગીવઅી ઉઠીને તેજ પ્રમાણે બોલ્યો, તે પછી બેજન ઉઠયો "હુંઅી જો આપ ફરમાવો તો પહેલવાન જેહાંગીરનો હમરફીક થઇને લડવા સારૂ જાઉં."

તે પછી વારાફરતી બીજા ઘણા પહેલવાનોએ જેહાંગીર સાથે લડવા જવાની ખાહીશ બતાવી, અને નામવર શાહ કાઉસે તેમને જવાની રજા આપી.

ઇરાની પહેલવાનો જેહાંગીર સાથે બગદાદ તરફ રવાના થયા, શાહ કાઉસ શીરાઝથી તહેરાન સીધાર્યો, અને ઝાલેઝર શીરાઝથી ઝાબુલેસ્થાન ગયો.

એક લશકરની ટુકડી પહેલવાનોએ પોતાની આગળ મોકલી, જેના સીપાહો દુશમનની તપાસ રાખતા હતા કે તેઓ સામે દુશમન કદાચ જો એકાએકનો હલ્લો લાવે તો પહેલવાનોને ખબરદાર કરીને લડાઇની તૈયારીમાં રહેવાની ચેતવણી આપે. એ ટુકડીની સરદારી પહેલવાન તૂસને આપવામાં આવી હતી. મજકુર ટુકડી એ પ્રમાણે પોતાની ફરજ દીવસો સુધી અચ્છી રીતે બજાવતી આગલ અને આગલ વધતીજ હતી, તેવામાં એક કમનસીબ બનાવ બન્યો! બગદાદની છેક લગોલગ તે ટુકડી આવી ત્યારે એક રાતના મનઝલ કરતી વખતે તૂસ સીપાહોથી અલગ ફરતો ફરતો થોડેક છેટે નીકલી ગયો, અને થાકેલો હોવાથી તે જરા આરામ લેતો પડયો તો ત્યાંજ ખાબે તેનાપર ગલબો કીધો અને તે ઉંઘાઈ ગયો. તુસ સુતેલો ત્યાં એક આકાર પરદાપોશ થયલો આવ્યો, અને તેનો પરદો માથાથી પગ સુધી પહેરેલો તદનજ સીહા હતો. તે આકાર જાદુની કોઇ દેવી હતી, જે પોતાનો ઇલમ ચલાવીને તૂસને જાદુથી જકડીને ઉઠાવી લઇ ગઈ!

લશકરે પોતાના સરદારને નહીં જોઇને તપાસ ચલાવી; અને જ્યારે તૂસ મલી શકયો નહીં, ત્યારે તેઓએ નામવર જેહાંગીરને તૂસના ગૂમ થઇ જવાની ખબર આપી.

તૂસના ગૂમાવાથી જેહાંગીર અદેશામાં પડયો, અને તેણે પોતાન ભાઇ ફ્રરામર્ઝને તૂસને શોધી કાઢવા જણાવ્યું. ફ્રરામર્ઝે ઘણી શોધ ચલાવ્યા પછી તૂસ નહીંજ મલવાની ખબર પોતાના ન્હાના ભાઇને કહી. ફ્રરામર્ઝે કહયું "મ્હને લાગેછે કે આ તરફ જાદુગરોની વસ્તી છે, અને તૂસને જાદુથી કોઇ ઉપાડી ગયલું હશે."

ઇરાની પહેલવાનો અને સીપાહો પોતાના વ્હાલા સાથી તૂસના ગૂમ થવાના સબબથી ઘણા દર્દમંદ થયા, અને જેહાંગીરે ફ્રરામર્ઝ સાથે મસલહત કરી પહેલા લડાઇ કરવા સારૂ બગદાદ જઇને પછી જાદુગરોની તલ્લાસમાં જવાનું અને પહેલવાન તૂસને શોધવાનું નકકી ઠેરવ્યું.

જેથી ઇરાની પહેલવાનો બગદાદ તરફજ આગલ વધ્યા, અને તેઓ બગદાદ જઇ પહોંચ્યા.

બદસૂરત હબશીઓના સરદાર આઅદને ખબર થઇ કે ઇરાનથી લશકર તેની સામે લડવા આવ્યું છે, જેથી તેણે તૈયારી કીધી.

પ્રકરણ ૩૩ મું.

જેહાંગીરની આઅદીઆનો સાથની લડાઇ. જેહાંગીર હબશી પહેલવાનનું ડાકું મરડીને તોડી નાખે છે!

ઇરાની પહેલવાનો અને સીપાહો બામદાદમાં બગદાદ જઇ પહોંચ્યા, અને નામવર જેહાંગીરે તેજ મોકે તૈયાર થયલા હબશીઓના લશકરપર ધસી જઇને તેમને પોતાની શમશીરનું આબ બતાવી આપ્યું, અને પોતાના બાજૂના ઝોરનો ખ્યાલ આપ્યો.

ખુરશીદ મશરેકમાં રોશન થયો, અને તે વખ્તે દુન્યા લાલ, પીલી અને લીલી જગ્યે જગ્યે ચમકી રહી. બેઉ લશકરથી લડાઇના નગારાં વાગ્યાં, અને ઇરાની સીપાહો આઅદીઆનોના હુમલાને જવાબ કરવા તેઓપર ધસી ગયા. મોટી એક જબરી કત્લ ચાલી, અને પછી આરામ લેવા માટેનું પડઘમ વાગ્યું.

ત્યાર બાદ મયદાને જંગમાં જેહાંગીર આવીને ઇરાની વાવટા આગલ ઉંભો રહયો, અને તેની બાજૂમાં ફરામર્ઝ, ગીવ, બેજન અને બીજા તેવાજ દીલેર પહેલવાનો આવીને ઉભા, અને તેમની પાછળ ઇરાની લશકર તૈયાર થઇ રહયું.

આઅદે સામેથી જોયું કે ઇરાની પહેલવાનો સફ સમારીને લોખંડના પાહાડ જેવા ઉભા હતા. આઅદે તેથી પોતાના પહેલવાનોને ઉશકેર્યા, અને કહયું આએ સામેવાલા જે બગદાદને મદદ કરવા આવ્યા છે તેમના એકેકા પહેલવાનને મારવા શું આપણામાં કોઇજ નથી? "હબશીઓના હાકેમનો તે સવાલ સાંભલીને એક બદસૂરત હબશી

પહેલવાન જે હાથ્થીના જેવો મોટો, જાડો અને કાલો હતો તે મગરનો કાંટો ખાંધપર મુકીને ધસી આવ્યો, તે મગરના કાંટાંથી લડવાનો હતો જે કરવત મીસાલ ધારવાલો હતો.

તે પહાડ જેવા હબશીની સામે પહેલવાન જેહાંગીર લડવા મયદાને પડયો. જેહાંગીરને જોઇને હબશી બોલ્યો "હું ઝંગી (હબશી) છેઉં, અને વલી જંગી (લડવૈયો) છેઉં, મ્હારા જેવો કોઇજ નથી, હું મ્હારા પંજાથી અને મ્હારા આએ લડાયક કાંટાંથી ભલાભલાઓને ચીરી નાંખુછ. અઝગરબી મ્હારી આગલ કીડી જેવો છે."

જેહાંગીરે તેની તરફ નફરતથી જોઇને કહયું "અએ બદરગ હબશી ગૂલામ, ત્હારા ચહેરા પર જે સીહાઇ હરતી ધરાવેછ તેજ બતાવેછ કે તું કેટલો બધો કમીનો અને દુન્યાનો અંધારો ભાગ એક ઝીનદા દોઝખ છે! તું જેટલો સીહા છે તેટલો સીહાફકમબી છે, તને અકકલજ કયાં છે? અગર જો અકલ હતે તો મચ્છીના હાડકાથી લડવા આવતે નહીં! હું તને એવી લેઝઝત પાક ખુદાની મદદથી ચખાડું કે ઇનશાલ્લા તું મોતના હાથોમાં જઇ પડે!"

હબશી તે સાંભલીને ગુસ્સાબાઝ બની જઇ એકદમ જેહાંગીર ઉપર ધસારો લઇ ગયો. તેણે જેહાંગીરને મારવા પેલું હાડકું ઉગામ્યું, જેહાંગીરે તુરત પોતાની ઢાલ આડી ધરી. હબશીએ એટલા જુનુન અને ઝોરથી તે હાડકું માર્યું કે જો કે ઢાલથી જેહાંગીર બચ્યો, મગર તેના હાથો ઘણા ધ્રૂજ્યા! હબશીએ બીજો ફટકો બી માર્યો. મગર તેબી ઢાલ પર જેહાંગીરે ઝીલ્યો. પાક ઇઝદ જેહાંગીરનો મદદગાર હતો એટલે બચ્યો. ત્રીજી મરતબે બી હબશી બદનેજ્તે પોતાના હાથમાંનું તે હાડકું માર્યું, મગર જેને પાક પરવર બચાવનાર તેને કોણ મારનાર? તે હબશીનો માર લાચાર થયો! હવે નામવર જેહાંગીરે પોતાની શમશીર મ્યાનથી ખેંચીને લગાવી, લગાવતાને વાર હબશીનો હાથ તેના પોતાના લહુમાં ગરકાવ થઇ ગયો અને તે જોઇને તે

હીચકારો ન્હાસી ગયો! ન્હાસીને પૂરો તે ન્હાઠો નહીં, પોતાના લશકરને જઇ મલ્યો નહીં, પણ તે હીલાસાઝ જેહાંગીરથી થોડેક છેટે જઇને ઉભો રહી ગયો. નામવર જેહાંગીર પોતાની જગ્યા ઉપરજ ઉભો રહયો, જરાકબી આગલ વધ્યો નહીં. હબશીએ દુર જઇને જાણે થોડીક આસાએશજ લીધી! તેણે ત્યાં જઇ પોતાના હાથમાનું હાડકું ફેંકી દીધું, અને ગોલ ફેરવીને ઉડારવાનો એક નેઝો હવે હાથમાં લઇ તેને ફેરવતો ફેરવતો એકાએક જેહાંગીર તરફ ધસી આવ્યો, અને પેલો નેઝો જેહાંગીર તરફ ઉડાર્યો. નામવર જેહાંગીરને પાક ખુદાએ બચાવ્યો, અને પેલો નેઝો જેહાંગીરના ઘોડાને લાગ્યો! નામવર જેહાંગીરના ઘોડાએ જાન મુકી દીધો, અને તે હજૂણ હેઠે પડે તે આગમજ જેહાંગીર ઝમીન ઉપર કુદી પડયો. કુદી મારતામાં નામવર જેહાંગીરને માથેની કોલાહબી ઉડી પડી, અને જેહાંગીરના ઉઘાડા માથાનો લાભ લેવાના ઇરાદાથી હબશીએ પેલુંજ હાડકું પાછું એકદમ ઉંચકી લીધું, અને જેહાંગીરના માથાપર તે મારવા સારૂ ધસી આવ્યો. જેવો તેણે ફટકો ઉગામ્યો, કે જેહાંગીરે એક કુદકો મારીને પોતાની શમશીર લગાવી, જેથી તે હાકડું-મચ્છીનો પેલો જબરો કાંટો-ટુકડા થઇને ઉડયો! હબશીએ તુરતજ વાંકો વલીને નામવર જેહાંગીરનું ગીરેબાન પકડયું. જેહાંગીરે તેનો હાથ પકડી લેતાં કહયું "અએ કમબખ્ત, હવે તું મ્હારી ચૂંગાલથી કેમ બચશે?" હબશીએ પોતાનો બીજો હાથ જેવો જેહાંગીર તરફ લંબાવ્યો કે કે જેહાંગીરે તેનો હાથ છોડીને તેનું માથું પકડયું. હબશીનું માથું હાથમાં આવતાંજ નામવર જેહાંગીરે એક ઝોર કરીને તે માથાને વલ દીધી, અને એક ચલ્લીના માથાને મરડી નાંખવામાં આવે તેમ હબશીનું માથું એક આખું ચક્કર આપીને મરડી નાંખ્યું, અને પછી એક જટકાથી તે માથાને ગરદનથી તોડીને જૂદું કરતાં છુટું પડેલું ડોકું આઅદીઓના લશકરમાં ફેંકીને પોકાર માર્યો "કરો સીઝદો ત્હમારા પહેલવાનના માથાને."

હબશીઓનું આખું લશકર અજાયબીથી દંગ થઇ ગયું! અને તેઓનો સરદારબી તે પ્રાક્રમ જોઇને ધ્રુજવા પડયો!!

હબશીઓના હાકમ આબ્દને ધ્રુજરા પછી ગૂસ્સો પયદા થયો, અને તે હીચકારાએ પોતાના લશકરને એકેલા જેહાંગીર સામે ધસી જવાનો હુકમ આપ્યો!

બેલી તરફ ફરામર્ઝે જેવું જોયું કે હબશીઓનું લશકર જેહાંગીર તરફ દોડયું, કે તેણેબી પોતના લશકરને હુકમ આપીને એક ઘોડો પોતાની સાથમાં છુટો દોડાવી લઇ જેહાંગીરની મદદમાં જીપલાવ્યું. ફરામર્ઝના લાવેલા ઘોડાપર નામવર પહેલવાન જેહાંગીર સ્વાર થઈ ગયો. પોતાના મોટા ભાઇની માફક જેહાંગીરેબી તુરતજ મ્યાનમાંથી શમશીર ખેંચી કાઢી, અને તેને સામેથી ધસી આવતા આબ્દી લશ-કરના લહુથી ભીંજવી નાંખવા તૈયાર કીધી. હવામાં બન્ને બીરાદરોની શમશીર ચકચક ચમકી રહી, અને હબશી લશકર ધસી આવતાજ બન્ને બીરાદરોએ પોતાની તે તેઝ શમશીર હવામાં ઉગામીને તેને હબશીઓપર ઉતારી, અને જયારે તે પાછી હવામાં ચઢી ગઇ ત્યારે હબશી શીકારો લહુ આલુદા ઝમીનને આખરી બોસો લેતા પડયા! કાપ-કાપ અંને કાપ સીવાય વાત નહીં હતી, અને તે બેઉ શેરેનર પહેલવાન બીરાદરો કાપતા હતા તે જાણે થોડું હોય તેમ હવે બીજા ઇરાની પહેલવાનો લશકર સાથે હબશીઓના તે લશકરપર ધસી આવ્યા, અને અધુરામાં પુરી કતલ તેઓએ ચલાવી! લહુ-લહુ અને સીર્ફ લહુનીજ નદ્દી મયદાને જંગમાં વહેતી થઇ!

આફતાબ અસ્ત પામ્યો ત્યાં સુધી લડાઈ ચાલી, અને ખુરશીદના ગુરૂબ થવા સાથે લડાઇ બંધ પડી.

પ્રકરણ ૩૪ મું.

જેહાંગીર સાથે હબશીઓના પહેલવાન સમનદુનની લડાઇ, જેહાંગીર સમનદુનને ચીરીને બે ફાડચાં કરે છે!

રાતના બધા ઇરાની પહેલવાનો સાથે બેઠા. જેહાંગીરે જણાવ્યુ "આજે આપણે ઘણી ઝબરદસ્ત લડાઇ કીધી. પાક ખુદા બધા તમો પહેલવાનોને સલામત રાખે કે આજે તમોએ ઘણી મોટી દીલાવરી વાપરી."

"તું પ્યારા બીરાદરની તકલીફ કાંઇ અમારા કરતાં ઓછી નહી હતી" ફરામર્જે પોતાના વ્હાલા ભાઇની હીમતના વખાણ કરીને કહયું "તું ભાઇ ઘણા સાલ ઝીન્દા રહે અને ત્હારી ઉમ્રદરાઝ થાય તે તેં આજે દુશમનોને એવા હલાક કીધાછ કે જે રહયા છે અને જીવેલા છે તેઓના દીલમાં દહેશત પયદા થઇજ હશે. આપણા પીદરે કીધેલી લડાઇઓ મેં ઘણી જોઇ છે, પણ આજના જેવી લડાઇ મેં કદીબી જોઇ નહીં હતી. હઝાર આફરીન ત્હારી ઉપર હોજો અએ પહેલવાન, કે તું ગજાવે એવીજ નામદારીથી જેહાંન."

તે પછી ગીવે જેહાંગીરને દુવા દેતા કહયું "ત્હારી ઉમ્ર લંબાય અએ નામવર પહેલવાન, ત્હારા કામથી મ્હારૂં દીલ શાદમાન થઇ ગયુંછ. પાક ખુદાએ ત્હારામાં કંઇ અજાયબ પ્રકારનું જોર બક્ષેલું છે."

તે પછી બેજને દુવા કરતાં કહયું "પાક પરવરદેગાર તુને પોતાની પનાહ હંમેશ આપે, તેં આજે સરકશ દુશમનોના સર ખાકમાં મેલવી દીધાછ."

તમામ ઇરાની પહેલવાનોએ નામવર જેહાંગીરની વખાણ કીધી.

નામવર જેહાંગીરપર મુબારકબાદીઓનો તે વરસાદ વરસીને ખલાસ થવા પછી હુકમ આપવામાં આવ્યો કે લશકરની ગણત્રી કરવામાં આવે જેથી જણાય કે આજની મોટી લડાઇમાં કેટલું ઇરાની લશકર માર્યું ગયું હતું. નામવરના હુકમ મૂજબ ગણત્રી કરતાં માલુમ પડયું કે દશ હઝાર ઇરાની લશકર માર્યું ગયું હતું.

હબશી લશકર પચાસ હઝાર કમના થયું હતું, જયારે ઇરાની લશકર ફકટ દશ હઝાર! પાંચ હબશીની સાંમે એક ઇરાનીની રાસ આવી હતી.

પેલી તરફ હબશી સરદાર આઅદે રાતના પોતાના અફસરો સાથે બેસીને વાત કરતા અફસોસ કરીને કહયું "સદ અફસોસ મ્હારા નામદારોપર, મેં ઘણી લડાઇ અગાઉ મગરેબ ઝમીનમાં જોઇ હતી, મગર આજના જેવી કદીબી જોયલી મ્હને યાદ નથી. આએ કોઇ ઇરાની પહેલવાનોમાનો નવજવાન ઘણો ઝોરાવર છોકરો છે, અને બેશક એની તાકાત જોઇને મ્હારી અકકલબી હયરાન છે. આપણા સરસમાં સરસ અને ઝોરાવરમાં ઝોરાવર પહેલવાનનું માથું એણે એક ચલ્લીના માથાને પકડીને તોડી નાંખવામાં આવે તેમ તોડી નાંખ્યું! વલી એની શમશીરથી આપણા ઘણા પહેલવાનો હલાક થઇ ગયા, અને એના ગોર્ઝથી આપણા સીપાહોના મોટા ભાગનો કચડઘાણ નીકલી ગયો! મ્હને હવે ખબર નથી પડતી કે એ પહેલવાનથી આપણો હવે અંજામબી શું આવશે!"

આઅદ સરદારનું સાંભલીને તેના એક પહેલવાન સમનદુને તેને દીલાસો આપીને કહયું "કાલે સૂરજ ઉગે ત્યારે હું એ પહેલવાન સામે લડવા જઇશ, હું જેહાંગીરને હાથ બાંધીને અહીં તહમારી આગલ લઇ આવશ, અને તેને ગીરફતાર કરીને હું ઇરાનની ગોયા બરડાની કરોડ ભાંગી નાંખશ. તે પછી કોઇબી ઇરાની પહેલવાન મ્હારી સામે

કાંઇબી કરી શકશે નહીં, અને તેઓને એકેકને પકડીને હું આગમાં જીવતા હોમાવીને બાલી નાંખશ."

સમનદુનની વાત સાંભળીને આઅદનું લહુ તેની રગોમાં ઝોરથી દોડવા લાગ્યું, અને કયારે સહવાર પડે તેની તે જાણે રાહ જોતો અકડવકડની ખાબમાં પડયો.

જેહાંન ખુરશીદથી પાકી પુરનુર થઇ, અને ફલકનો ચેહેરો અંધારાની સીહાઇથી મોકલો થયો, ફલકના શહેનશાહે પોતાના સરપર તાજ મુકયું, અને પાક ખુદાએ નવો દીવસ દુન્યાને બતાવ્યો.

બનને તરફથી લડાઇના નગારાં વાગ્યાં, લશકર તૈયાર થઇને સફ સમારીને ઉભું, ઇરાની પહેલવાનોએ કમર કસી લીધી અને પોતાના ઘોડાઓ ઉપર સ્વાર થઇ બેઠા. બધા ઇરાનીઓએ પાક ખુદાની મદદ માંગી.

શીકારીની શોધમાં હોય તેમ તૈયાર થયલા ઇરાનીઓના પહેલવાનો ફરામર્ઝ, ગીવનો છોકરો બેજન, દારા, પુલાદ, નૈશીર, ગવવાઝ, તૈમુરસ, ફરામર્ઝનો બેટો સામ, અને તખાર, જઇને ઇરાની વાવટા આગલ ઉભા.

હબશી તરફથી સમનદુન પાઉપ્યાદો મયદાને જંગમાં જઇને ઉભો, અને તે દેવ જેવા પહેલવાન સામે નામવર જેહાંગીર લડવા સારૂ પોતેબી પગેજ ગયો.

ફરામર્ઝે જોયું કે જેહાંગીર ઘોડા ઉપરથી ઉતરીને પગે મયદાને જંગમાં ગયો, ત્યારે ફરામર્ઝે તેની તરફ દોડી જઇને પોતે લડવા જવાની મરજી બતાવી. જેહાંગીરે પોતાના બીરાદરને નમીને કહયું કે તેને પાછા જવું.

ફરામર્ઝ પાછો ફર્યો, અને જેહાંગીર તે હબશી સામે પોતેજ ચાલી ગયો. જેહાંગીરે તેની સામે જઇને કહયું "અએ ગૂન્હાઓથી

ભરપુર હબશી ગૂલામ, તું પગે આવીને મ્હારી લાહેરી બતાવેછ, પણ હું તને એવો સ્વાદ ચખાડું કે ફરીથી પગે ચાલવનું તને યાદબી નહીંજ આવી શકે!"

સમનદુંને ફુગરાઇને કહયું "તેં કાલે અમારા એક મોટા પહેલવાનને માર્યો તેથી મ્હારી બડાઇ કરતો હશે, પણ હું તે નથી કે જેને તેં કાલે માર્યો!"

જેહાંગીરઃ "બેવકુફ, કાલે મેં જેને માર્યો તે તો મરી ગયો તો પાછો વલી જીવતો થઇને આજે મ્હારા અવતારમાં તે કેમ આવે! તુતો બીજોજ છે તે કેમ ભૂલી જાયછ, અને તું બીજો તે છે જેને હું આજે તમામ કરી નાંખવા તૈયાર છું. તેનું તો માથું ફેરવીને ગરદનમાંથી તોડી નાંખ્યું, મ્હારી તો આજે બોટી બોટી કરી નાંખશ.'-

નામવર જેહાંગીરના ગૂસ્સા ભરેલા શબ્દો સાંભલીને હબશી પોતાના હાથમાનું ગેર્ઝ ઉંચકીને જેહાંગીરપર હુમલો લઇ ગયો, નસીબે જેહાંગીરની તરફેણ લીધી અને તેના હાથે ઢાલને આડી કીધી, જેથી હબશીનો વાર ખાલી ગયો. કાંઇબી નુકશાન તે જવાનના જાનને પહોંચ્યું નહીં, અને હબશી નાસીપાસ થઇ રહયો.

વલતા હુમલામાં જેહાંગીરે એક ઉડતા સર્પની માસાલ કુદકે માર્યો, અને તે પહાડ જેવા હબશી પહેલવાનની કમર પકડી લીધી. બેઉ તરફના લશકરે ચ.જાયબીની એક આહ સાથેજ તે દેખાવ જોયો.- હબશી પહેલવાને પોતાની કમર પકડાયલી જોઇને પોતાનું બળ વાપર્યું, અને તેણેબી જેહાંગીરની કમર પકડી લીધી. હબશીએ ચાહયું કે જેહાંગીરને ઉઠાવી લે. મગરમચ્છની માફક બેઉ એક બીજા ઉપર પોત પોતાનું ઝોર આઝમાવવા લાગ્યા. જેહાંગીર હબશીને પકડવા માંગે અને હબશી ઇરાનીઓના તે નામવરને ઝમીનપર અફાલવા ઇચ્છે.

હબશીએ એટલુંતો ઝોર કીધું કે અગર જો મઝબુતમાં મઝબુત કોઇ ઝાડબી હતે તો તે ઝમીનથી ઉખડી જતે, મગર ઇરાનીઓના

પ્યારા પહેલવાને એક જુમબીશબી નહીં ખાધી! ઓર તે હબશીએ એટલું બધું કાઢી નાંખ્યું કે તે હવે હાકીને હલકો પડી ગયો, લેકીન નામવર જેહાંગીર તો જેટલો અને તેટલોજ ઝોરદાર તરી રહયો હતો.

આખરે નામવર જેહાંગીરે તે હબશી પહેલવાનને મોટા એક પહાડને ઉઠાવે તેમ હાથમાં ઉંચકી લીધો, અને ઝમીનપર એક કુહની માફક પટકી નાંખ્યો! પહેલવાનોની કુસ્તી જોનારા બેઉ તરફના લશકરોમાં અજાયબીનોજ એક પુકાર ઉઠયો; હબશીઓએ દીલગીરીની આહ મારી, અને ઇરાનીઓએ ખુશાલીનો એક હર્ષનાદ કીધો!

કદીબી કોઇ પહેલવાને નહીં કીધું હોય તેવું કામ નામવર પહેલવાન જેહાંગીરે કીધું: તેણે હબશી પહેલવાનને જેવો ઝમીનપર ફેંકયો કે તેના ડાબા પગપર પોતાનો જમણો પગ દાબી દીધો અને હબશીનો જમણો પગ બેઉ હાથોમાં પકડીને એવા ઝોરથી ખેંચ્યો કે હબશી પહેલવાન માથા સુધી વચમાંથી બરોબર અરધો ચીરાઇ ગયો!! કાચ્ચા કપડાંને આપણે ફાડી નાંખતા હોઇએ તેમ ઇરાનીઓના તે નામવર પહેલવાન જેહાંગીરે આબદીઓના તે ઝબરદસ્ત હબશી પહેલવાનને ચીરી નાંખ્યો, અને તેના બે ટુકડા કરી નાંખ્યાં!!!—વલી, બન્ને ચીરાયલા ટુકડાઓને જાણે ભેટમાં આપતો હોય તેમ આબદીઓના લશકર તરફ જેહાંગીર નામવરે ઉડારી દીધા!

આબદીઓનો સરદાર તો તે જોઇને ફાટીજ ગયો! તેણે દાતમાં આંગલી પકડી લીધી અને પુકાર્યું "આ પહેલવાન કોઇ માણસ નથી, શાયદ કોઇ દેવ હોય!!"

તે પછી નામવર જેહાંગીર માટે બેસવા સારૂ ફરામર્ઝે એક ઘોડો મોકલ્યો.

હવે આબદે બીજા પહેલવાનને મોકલવાની તૈયારી કીધી, મગર બધા જયારે ડરપોક થયા ત્યારે જૂસ્સામાં અને જૂસ્સામાં તે પોતે મયદાનમાં ધસી આવ્યો! તેનું કદ એક મીનારા જેવું હતું, અને

તેનું મોઢું કોઈ મોટા ખાડા—ગાર—જેવું હતું તેનું નાંક જાણે ઝબરદસ્ત એક લાંબી ચાવી હોય તેવું હતું અને નસકોરાં બે ન્હાના ખાડા! તેની જીભ સર્પના જેવી લાંબી અને તેની બે આંખ લહુથી ભરેલા બે પ્યાલા મીસાલ હતી! તેના બે પગ જાણે બે મોટા થાંભલાં મીસાલ હતા, અને તે ઘોડાપર સ્વાર થઈને આવ્યો ત્યારે ગોયા પોહાડનો પાહડજ એક આખો માખો ઉંચકાઈને ગબડી આવતો હોય તેવો દેખાવ લાગતો હતો!

તેણે આવતાને વાર જબ્રુઆવ્યું "અએ પહેલવાન, તેં મ્હારા સઘલા પહેલવાનોના સઉથી મોટા બે પહેલવાનોને મારી નાંખ્યાછ; અને તે લોકનો કાનો લેવા હું ત્હારી સામે આવેલો છેઉં. તેં મ્હારા પહેલવાનોને ખુનઆલુદા બનાવ્યાછ, તો હું હવે તને મારીને ત્હારાજ લહુની અંદર રોળતો કરી નાંખશ. ફુવવારો એક ઉડતો હોય તેમ પાણીની માફક લહુ ત્હારા શરીરમાંથી ઉડશે, અને ત્હારી બોટી બોટીના હું કવાબ બનાવી ત્હારી હડ્ડી હડ્ડીને ચબાવશ. તે પછી ત્હારા લશકરને ફના કરીને મ્હારૂં લશકર ઇરાન તરફ લઇ જઇશ. શાહ કાઉસનું તાજ ખાકમાં મીલાવી દેવશ, અને તેનું તખ્ત ઝમીનની ગીર્દને હવાલે કરશ. ઇરાનીઓમાંના એકબી ઇરાનીને હું જીવતો નહીં રહેવા દઇશ, બધાને મ્હારી શમશીરથી તબાહ કરી સઘલાના જાન લઇશ."

તે સાંભલીને હસીને જેહાંગીરે કહયું "અએ અકકલથી દુર જઇ વસેલા તું બેઅકલી મર્દ, એ બધી ફુઝુલ બકવા શું કામ તું કરેછ? ત્હારા માથાપર શું આવી પડશે તેની કાંઇ ખબરબી છે કે તું લવારો બકારો નકામો બકેછ? અગર જો તુને ઇરાનનું તાજ લેવા સારૂ આલા દરજ્જો અને બુલંદ બખ્ત જોઇતું હોય, તો ત્હારે તે મેલવવા વાસ્તે પહેલા તો મૌતના હાથોમાં મૂસાફરી કરવી જોઇશે. હા, પણ એક શર્ત હું ત્હારી સાથે કરવા તેયાર થઇશ, તું મોટો

સરદાર છે અને તું પોતેજ હબશીઓનો હાકમ છે એમ મેં આગલથી જાણેલું છે, અને જયારે તું મ્હારા જંગમાં આવ્યો છે તો ત્હારા જેવા હાકમને એકજ શર્તે જીવતો છોડવા હું તૈયાર થઇશ. તું ત્હારી ગુરૂરી મુકી દે, અને બુતપરસ્તી છોડીને જો અમારી માફક પાક ખુદા પરસ્ત તું થાય તો હું તુને જીવતો મુકીગો દઇશ, અને વલી ઈરાનમાં ઇજ્જત સાથ લઇ જઇશ."



પ્રકરણ ૩૫ મું.

જેહાંગીરની હબશીઓના હાકમ સાથની લડાઈ, હબશી સરદારનું માર્યા જવું, અને જેહાંગીરના હાથપર તેના લશકરનુ ફના થવું.

આઅદે કહયું " અએ જવાને દીલેર, ત્હારી સાથે લડવા તૈયાર છું હું મીસ્લે શેર. હું ત્હારા ખુદાને માનવા માંગતો નથી, અને હું મ્હારા પત્થરની પૂજાનેજ માનવા માંગુંછું. આવ મ્હારી સાથ તું લડ, અને હુંબી જોઉંછ કે ત્હારો ખુદા કેવો છે જે તુને મદદ આપશે!"

એટલું બોસીને હબશીઓનો તે સરદાર જેહાંગીરની વધારે આગલ આવ્યો, અને નામવર જેહાંગીરબી તેના તરફ ધસ્યો.

આઅદે પોતાની શમશીર ખેંચી કાઢી, અને નામવર જેહાંગીરે તેમજ કીધું. આઅદે શમશીરનો એક ઝર્બ લગાવ્યો, મગર પાક ખુદાની મદદ માંગીને જેહાંગીરે પોતાની ઢાલ આડી પકડી લીધી. શમશીરનો ફટકો આઅદે જે માર્યો હતો તે એટલો ઝબરદસ્ત હતો કે અગર જો જેહાંગીરને બદલે કોઇ બીજો નબલો સબલો પહેલવાન કે વીજલીના ઝટકાથી કપાઇ જાય તેમ તે કપાઇને પડતે, મગર જેહાંગીરને પાક ખુદાની પનાહ હતી અને તેજ શાહેનશાહોના અમર શહેનશાહ ઝમીન અને ઝમાનના પયદા કરનાર સાહેબે તેને કુવવતબી ઉમદા આપી હતી.

જેહાંગીરની ઢાલ અને તેનો હાથ આઅદના ફટકાથી ધરૂજયા, જેહાંગીરે જોયું કે બીજો ફટકો જો આઅદનો ઢાલપર નહીં પડતાં

તેના માથાપર પડે તો અજલ પાસે હતી, તેથી તેણે પાક ખુદાનું નામ લઇ ડાબા હાથમાં ઢાલ પકડી અને જમણા હાથમાંની શમશીર ઉગામી. શમશીરને હવામાં ઉગામતાજ જેહાંગીરે પોતાનું સઘલું ઝોર વાપરીને એક પવન વેગો ઝબરદસ્ત ફટકો હબશીઓના તે સરદારના હાથપર લગાવ્યો. જેહાંગીરનો ફટકો કારગર થયો: અને તહેમતનના તે ફૈલાદી-બદન બેટાએ પોતાના તે ફટકાથી હબશીઓના તે મઝબુતમાં મઝબુત પહેલવાની હાકમનો હાથ ઉડારી દીધો, આઅદનો કપાયલો હાથ શમશીર સાથેજ હવામાં ઉડયો, અને દુર જઇ પડયો!!

આઅદના ખભાં આગલથી ધોધમાર લહુ વહી જતું હતું, નામવર જેહાંગીરે તુરતજ બીજો એક ફટકો લીધો અને આઅદનો જમણો પગ ગુઠણુ આગલથી છટકાવી નાંખ્યો!!

હવે હબશીઓનો તે હાકમ જમણા હાથ અને જમણા પગ વગરનો થઇ ગયો, અને બેઉ ઝખમમાંથી જે ધોધબંધ લહુ જતું હતું તેથી કમતાકત બનીને ઘોડાપરથી ઝમીનપર ઢલી પડયો! તે ઝમીન તરફ ઢલ્યો, કે તુરતજ તેને મૌતે ઝીલી લીધો!!

હબશી લશકરે પોતાના હાકમને મૂએલો જોઇ એકદમ જેહાંગીર તરફ ધસારો કીધો. ઇરાનીઓએ તે જોઇને તેઓએબી મયદાનમાં ઝીપલાવ્યું. અને હવે બેઉ લશકરોમાં મોટી કાપાકાપી ચાલી રહી.

ઇરાનીઓએ ગોર્ઝ, શમશીર, અને તીર-કમાનથી હબશીઓના ઘણા મોટા ભાગને તબાહ કરી નાંખ્યા. વલી અધુરામાં પુરૂં લાંબેથી એક કાલું વાદલું આવતું હોય તેવું જણાયું, જે બગદાદી બાદશાહ અરદેશરનું લશકર હતું. એક તરફ ઇરાનીઓ, વચમાં હબશીઓ, અને બીજી તરફ બગદાદીઓ એમ જયારે થઇ રહયું; ત્યારે વચે ફસી ગયલા હબશીઓની મોટામાં મોટી સંખ્યાની કતલ ચાલી રહી અને તેઓ લાઇલાજ થઇને ન્હાસવાનો વીચારબી કરતા તોબી ન્હાસવા

આટે રસ્તો મલતો નહીં, અને સેવટે કપાઈને, દબાઇને, છુંદાઇને મરતા અને આખરી દમ ભરતા. ઇરાનીઓએ વલી ઘણાકોને પોતાના કૈદીબી બનાવ્યા.

લડાઇ પૂરી થઈ; ઇરાનીઓ જીત્યા, અને હબશીઓ હાર્યાં.

મયદાને જંગમાં ઇરાની છાવણીમાં તે પછી જેહાંગીરના મોટા સામીયાનામાં હબશી કૈદીઓને નામવર જેહાંગીર હુઝુર લાવવામાં આવ્યા. હબશી કૈદીઓએ જેહાંગીરને નમન કીધું.

તે પછી અરદેશીર બગદાદી પોતાના ચુનંદા અફસરો સાથે નામવર જેહાંગીર પાસે આવ્યો, અને તેણે નામવર જેહાંગીરનો હાથ ચુમતાં કહયું "અએ નામવર દીલેર જવાન, ત્હારી ઉપર હઝાર આફરીન. પાક ખુદા તુને સલામત અને તંદુરસ્ત રાખે. નામવર જેહાંગીર તું એ ઝુલ્મગાર હબશીઓ સાથે એવી રીતે લડયો કે જાણે તેં તેઓની હસ્તીજ રાખી નહીં."

એટલું બોલીને તેણે પોતાની સાથે લાવેલું અની કીંમતી ઝવાહીરાત નામવર જેહાંગીરને ભેટ આપ્યું.

ત્રણ દીવસ સુધી નામવર જેહાંગીર પોતાના ઇરાની પહેલવાને અને સીપાહો સાથે બગદાદના મયદાનમાં રહયો. તે દરમ્યાન નામવર જેહાંગીરે શાહ કાઉસ ઉપર ખુશ ખબરનો એક કાગલ લખયો. તે કાગલ કસ્તુરી અને કેસરની બનાવેલી સાહીથી લખવામાં આવ્યો, જેમાં જણાવેલું હતું કે "પાક ખુદાનું નામ લઇને લખવામાં આવે છે, અને તે પાક પરવરદેગારના નામ પછી શાહ કાઉસને મુબારકબાદી આપવામાં આવે છે. અએ શાહેનશાહ કાઉસ બીન કૈકોબાદ, ત્હારો ચહેરો હંમેશા રહે દુન્યામાં શાદ. ત્હારી તંદુરસ્તી રહે આબાદ, તે ખબર થાય તું નામવરને કે આપણે ઇરાનીઓ જીત્યા છીએ અને દુશમનોને તબાહ કીધા છે. હબશીઓએ પોતાના જાનને હવામાં

છોડયો છે, અને હવે અમે લડાઇની જંજાલ પછી આશાએસની આરામ ભોગવ્યે છીએ."

તે કાગલપર નામવર જેહાંગીરે પોતાની મોહર મારી, અને ગુરગીનને હવાલે કીધો. ગુરગીન તે કાગલ લઇને ઇરાન તરફ જાણે હવામાં ઘોડાને ઉડારતો હોય તેમ ઘોડો કુદાવતો રવાના થયો.

હબશી કૈદીઓ જે જેહાંગીરની પનાહમાં રહયા હતા તેઓએ બધાઓએ પાક ખુદાપરસ્તી કબુલી, જેથી તેમને રીહાઇ આપવામાં આવી; અને તેઓને ઇરાની લશકરમાં દાખલ કરવામાં આવ્યા. તે ખુદાપરસ્ત થયલાઓને તે દીન પછીથી ઇરાનીઓને પોતાનાજ ભાઇબંધ તરીકે ચાહયા.

ચોથા દીવસે નામવર જેહાંગીરને બગદાદના બાદશાહ અરદેશીરે બગદાદ શહેરમાં જવાનું કહયું, અને ઇરાનીઓનો તે મુબારક પહેલવાન પોતાના હમશરીકોને તથા લશકરોને સાથે લઇ બગદાદ શહેરમાં દાખલ થયો.

બગદાદમાં ગયા પછી મોટી ધામધુમથી બાદશાહી મહેલમાં મેજબાની અપાઇ, અને પાક પરવરદેગારનું તે ન્યામત જમતી વેલા જેહાંગીરે પોતાના સર્વે પહેલવાનો તરફ ખુશીથી જોયું, ત્યારે તેની આંખમાંથી આંસુનું એક ટીપું સરી પડયું કે નામવર તુસ તે ખાણાપર હાજર નહીં હતો.

★

પ્રકરણ ૩૬ મું.

જેહાંગીર તૂસને છોડવવા મોસલમાં જાદુગરોના રહેઠાણ તરફ જાય છે.

ખુશીના તે વખતમાં જેહાંગીરને શું દીલગીરી હતી તે જાણ્યા બાદ બગદાદના હાકમ અરદેશીરે કહયું "મ્હને ખબર મલીછ કે આપ તરફનો તે ગૂમ થયેલો ઇરાની પહેલવાન તુસ કયાં છે: તુસ હેયાત છે, મગર તે જાદુગર સ્ત્રીના હાથમાં અસીર થયલો છે. તે જાદુગર સ્ત્રીએ એક પાહાડપર ઘર વસાવેલું છે, જે ઘરમાં નામવર તુસને કેદ કીધેલો છે: તે પાહાડ મોસલ નામનું એક ગામડું છે ત્યાં છે, મગર તે પાહાડપર જવું બહુજ મુશકીલ છે. તે જાદુગરણીનું નામ "મલીખા" છે, અને તેણે મુકામ એવા એક બુલંદ પાહાડ ઉપર કીધું છે કે જે પાહાડ જાણે આસમાનથી વાત કરતો હોય તેટલો નીચેથી ઉંચો છે. તે જાદુગરણીનો ભરતારબી એક મોટામાં મોટો જાદુગર છે, અને તે દેવ ગોયા રાક્ષસી ઝેરથી ભરપુર છે!"

નામવર જેહાંગીરે અરદેશીરને કહયું "અએ હુશિયાર દીલેર. મ્હને તું જણાવ કે તે જાદુગરોને તુસ સાથે શું દુશમની હતી કે તુસને ઉચકી જવામાં આવ્યો?"

અરદેશીરે જવાબ આપ્યો "અએ નામવર પહેલવાન, તે જાદુગરણી તૂસની સાથે દુશમની ધરાવતી નથી, પણ જાદુથી તે દોસ્તી રાખી શકીછ. નામવર તુસ ઘણો ખુબસુરત ચહેરાનો હોવાથી જાદુ-

ગરણી તેના ઉપર આશક પડીને તેને પોતાના જાદુથી અસીર બનાવીને ઉંચકી ગઇ!"

જેહાંગીરઃ "મ્હને જો તે જાદુગરણીના મકાન તરફ જવાનો આપ રસ્તો બતાવો તો હું તેઓના માથાં તેઓનાજ પાહાડ સાથે અફાળીને મારી નાંખું, અને તુસને છોડવી લાવું."

અરદેશીરઃ "તાબેદાર છેઉં, તું નામવરે હુકમ કીધો છે તો હું ફરમાબરદાર છું. આપને રસ્તો બતાવવા સરો ચશ્મથી તૈયાર છું."

જેહાંગીરઃ "ત્યારે કાલ ને કાલ હું લશકર લઇને તે તરફ જવા ઇચ્છુંછ. આપ બગદાદના ત્હમારા તખ્તપર બેચેન બેસો, હું જાદુગરોને મોસલમાં મારીને શહેરે શામ તરફ તે પછી જવા માંગુછ."

અરદેશીરઃ "આપ બેફીકર બાશ, હવે મ્હારો કોઇબી દુશમન રહયો નથી, અને તેથી હું ચાહુંછ કે આપની હમરાહ હુંબી આઉં."

અરદેશીરે જ્યારે માન્યુંજ નહીં અને જેહાંગીરની હમરાહજ ચવા ચાહયું, ત્યારે આખરે જેહાંગીરને તેની વાત કબુલ કરવી પડી. જે વીચાર જાણ્યા પછી બાદશાહ અરદેશીરે પોતાના વઝીરને બોલાવીને કહયું "હું નામવર પહેલવાન જેહાંગીર સાથે જવા માંગુછું, અને તેથી તું બગદાદના તખ્તપર મ્હારે બદલે બેસ અને પાક ખુદા ત્હારો મદદગાર થશે. ઘણી સારી દયાનતથી તું રાજ્ય કારભાર ચલાવજે અને રૈયતને દુઃખ ના દેતો, તે લોકને સર્વે વાતે સુખ મલે તેવું કરજે. અગર કોઇ બગદાદપર હુમલો લાવે તો તું તુરતજ એક પયગામચીને મોકલજે, હું નામવર પહેલવાન જેહાંગીર સાથે પાછો આવીશ અને નામવર જેહાંગીર લડીને તે હુમલો લાવનારને હરાવશે."

તે પછી બગદાદનું તખ્ત અરદેશીરના વઝીરને સોંપીને અરદેશીર નામવર પહેલવાન જેહાંગીર સાથે મોસલ જવા રવાના થયો.

કેટલેક દીવસે જેહાંગીર ઈરાની પહેલવાનોની સાથે મોસલમાં આવી પહોંચ્યો. મોસલનો રાજા જેની પાસે ફકટ દશ હઝારજ

સીપાહો હતા, તેણે જયારે જેહાંગીરને પોતાના દેશમાં આવેલો સાંભલ્યો, ત્યારે તે જેહાંગીરને આમંત્રણ દેવા તેની તરફ ગયો. જેહાંગીર આગલ મોસલનો રાજા ખાલી હાથે નહીં ગયો, મગર તે તાઝીમ તવાઝો સાથે નઝરાણું લઇને જેહાંગીરના હાથોને ચુમી તેણે તે ભેટ જેહાંગીરના પગો આગલ મુકી દેતા નમીને કહયું "અએ નામવર ત્હારીપર કુરબાંન છે મ્હારૂં સર. તું જને લાયક કોઇ ભેટ મૂજ ગરીબથી નથી બની, જે છે તે નજીવું છે અને તેને સ્વીકારી લઇ મૂજ ગરીબપર મેહેરબાની કરશે."

જેહાંગીર: "નામવર બાદશાહ, ત્હારૂં નામ શું છે? તું ત્હારી ખસલત અને રૂખપરથી નેક માણુસ મ્હને લાગે છે."

તે સાંભલીને મોસલના રાજાએ કહયું "મ્હારૂં નામ અબુઅલફત્તેહ છે. તમારા પગની પુનઇથી મ્હારૂં એક ન્હાનું સરખું રાજ છે, અને પાક ખુદા મ્હારો મદદગાર છે."

અબુઅલ ફતેહના મહાલમાં નામવર જેહાંગીર ત્રણ દીવસો સુધી મહેમાન રહયો, અને કેટલીક જોઇતી વીગત મેલવી ઇરાની પહેલવાનો તથા સીપાહો નામવર જેહાંગીર સાથે ચોથે દીવસે ત્યાંથી ઉપડી ગયા, અને બીજા ત્રણ દીવસની મુસાફરી પછી દુર એક પહાડ તેઓને જણાયો.

તે પહાડ જોઇને અરદેશીરે કહયું "એ પહાડની નઝદીક પહોંચવા માટે હજુણુ આપણુને બે મનઝલો ચાલવું પડશે. હવે રસ્તો સીધો નથી; બધા પત્થર, ડુંગર અને ખડક છે. વલી એક જગ્યાપર એટલો બધો તો રસ્તો સાંકડો આવે છે કે બે જણાથી સાથે સાથે ચાલીને નહીં જવાય, પણ એક પછી એક જવું પડે. આપણા તમામ લશકરને અહીં રહેવા દો, અને આપણે બન્ને જણા સાથે જઇએ. આપણે હાલમાં અહીં જે જગ્યાપર છીએ ત્યાં પાણી ઘાસ બહુ છે અને આરામ લેવા માટેની જગ્યાબી સારી છે તેથી લશક-

રને અહીંજ રાખવુ બહુ બહેતર થશે, નહીં તો આગલ જતાં તેઓને તથા ઘોડાઓને અતી ઘણી વેદના વેઠવી પડશે."

નામવર જેહાંગીરે તે સાંભલીને કહયું "મ્હને લશકરનું કાંઇજ કામ નથી, એ જાદુગરોના પહાડ તરફ હું અકેલો જઇનેજ તેઓને તથા તેમના જાદુને તબાહ કરવા માંગુછ."

જેહાંગીરને તેના ભાઇ ફરામર્ઝે તેમ કરવાથી બાઝ આવવા કહયું, મગર દીલાવર જેહાંગીરે ના પાડીને જણાવ્યું. "અગર એકસો શેરમી સામે આવે તો હું બીહું નહીં, પણ એકલો તેમની સામે જાઉં."

ફરામર્ઝ: "તું અને હું એકજ પીદરના બેટા છઇએ, અને તેથી મ્હને લાઝેમ નથી કે હું તુને અકેલો છોડું! જયાં તું, ત્યાં હું."

જેહાંગીર: "અએ નામવર પહેલવાન, તું નેકખ્વાહ છે અને તું મ્હારાપર બહુ મ્હેરબાન છે. તું મ્હારો અઝીઝમાં અઝીઝ બીરાદર છે, અને હું રંજ ખેંચું તે બેશક તુને બીલકુલજ નહીં ગમશે. તું વ્હાલો ભાઇ મ્હારા કરતા મોટો છે, અને હું ત્હારી આગલ શરમીન્દો છેઉં. તું મોટો સીપાહસાલાર છે, અને હું ત્હારો ફરમાંબરદાર છેઉં." અને વધારે બોલતાં નામવર જેહાંગીરે ફરામર્ઝનો હાથ ચુમતાં કહયું "પાક ખુદા ત્હારો મદદગાર રહે. હું ત્હારો હુકમ મ્હારા સરોચશ્મથી કબુલ રાખું છું."

ફરામર્ઝે પોતાના વ્હાલા ભાઇનું કપાળ વ્હાલથી ચુમ્યું. તે પછી તેણે અફસરોને અને સીપાહોને જણાવ્યું "અમો તુસને લેવા માટે જઇએછ. ત્હમો અહીં રહો, અને પાક ખુદા પાસે દુવા માંગો કે અમો નામવર તુસને લઇને ત્હમારી તરફ જલદી પાછા ફરીએ; બેઝન ત્હમારા સીપાહસાલાર તરીકે મ્હારી અને મ્હારા વહાલા ભાઇની ગયરહાઝરીમાં કામ કરશે."

બીજે દીવસે નામવર જેહાંગીર સાથે ફરામર્ઝ અને અરદેશીર તુસને મેળવવા સારૂ જાદુઇ પાહાડ તરફ ગયા.

પ્રકરણ ૩૭ મું.

જેહાંગીરનું જાદુના પહાડપર જવું, જાદુગરોનું જાદુ કરવું, મગર નામવર જેહાંગીરનું એસ્મે આઝમ પઢીને જાદુનું તોડવું.

એ દીવસ અને એ રાત ચાલ્યા બાદ જાદુનો તે પાહાડ જણાયો. અરદેશીર બાદશાહે કહેલો સાંકડો રસ્તો આવી પહોંચ્યો. તે રસ્તા આગળ આવી પહોંચ્યા બાદ નામવર પહેલવાનો જેહાંગીરને ને ફરામર્ઝને અને બાદશાહ અરદેશીરને જાદુના ઝોરથી અતી કકડતી ઠંડી લાગવા માંડી!

જેહાંગીર: "આપણી મુશકીલીનું આ મંડાણ છે, પાક ખુદા ચાહશે તો એબી નાબુદ થશે. મ્હને લાગેછ કે જાદુગરોનું જાદુ ઘણું ઝોરદાર છે અને તેના સબબથીજ આટલી બધી નહીં ખમી શકાય તેટલી ઠંડી આપણને માલમ પડે છે, મગર પાક પરવરદેગારની તાઈદ હશે તો દેવોનું જાદુ નકામું થઇ જશે!"

જેહાંગીરને યાદ આવી કે જે દીવસે તે પોતાના મરહુમ મમાવા મસીહાએ આબેદની રજા લઇને નીકલ્યો હતો તે દીવસે પાક ખુદાના નામથી તેના પરહેઝગાર મમાવાએ તેને એસ્મે આઝમ લખીને આપ્યું હતું, જે જેહાંગીરે પોતાના જમણા હાથની બાજુપર બાંધ્યું હતું. વલી તેના મમાવાએ જણાવ્યું હતું કે એસ્મે આઝમના પવીત્ર કલામને મુશકીલીના વખ્તમાં પઢવાથી કોઇબી જાતની મુશકીલી દુર થઇ જઇને કોઇબી નેક કામ કરવાનું હોય તે આસાન થઈ જશે; જાદુ યા

બલાની વખ્તે એસ્મે આઝમના કલામને વાંચવાથી જાદુનું ઝોર તુટી પડશે.

તે યાદથી જેહાંગીરે તુરતજ પોતાના હાથપર બાંધેલી તાવીજ છોડી, અને પવીત્ર કલામ એસ્મે આઝમને તે પઢવા લાગ્યો. પાક ખુદાને યાદ કરતો ગયો અને વાંચતો ગયો, અને તેના વાંચવાથી ખરેખરજ જાદુનું ઝોર તુટી ગયું: કકડતી ઠંડી લાગતી અને બરફ જે પડતું હતું તે દુર થઇને ખુશનુમા હવા આવવા લાગી! જેહાંગીરે પાક ખુદાના શુકરાના કીધા.

હવે તેઓએ પેલા સાંકડા રસ્તાપર પગ મુકયો, અને તેપરથી એકેકની પાછળ એકેક એમ ત્રણે નામવરો ચાલવા લાગ્યા; મગર, થોડેક છેટે ગયા નહીં હશે તેટલાં તો ફરીથી જાદુનું ઝોર ચાલ્યું, અને તુફાન સાથનો એક વરસાદ તેમનાપર તૂટી પડયો. વાવીજોડાં સાથનો વરસાદ પડવા ઉપરાંત બરફબી પડવા લાગ્યો, અને પહેલવાનોને મોટી મુશકીલી નડી. નામવર જેહાંગીરે પાછું એસ્મે આઝમ વાંચવા માંડયું, અને સાતમા કરડાપર આવતાજ જાદુઇ બરફ અને જાદુઈ વરસાદ ફના થઇ જઇને મનને તાઝગી બક્ષનારી હવાની ખુશ લહેકી આવવા માંડી, અને નુરમંદ આફતાબ પ્રકાશવા લાગ્યો! અને વલી પેલો સાંકડો રસ્તોબી ભાંગીને પોહલો થઇ ગયો!

આગલ જતા બીજો એક પાહાડનો તેવોજ સાંકડો રસ્તો હતો, જેને સીડી સીડીઓથી બનાવવામાં આવ્યો હતો, અને તેપર તીણા પત્થરના બેશુમાર એટલા ટુકડાઓ પડેલા હતા કે ચઢવુંબી અતીશ્ય જોખમનું અને ઘણું મુશકીલ હતું.

તે મુશકીલ પાહાડી પગથીઆંઓ ૧૧૨૦ હતાં, અને દરેક એક બીજાથી વધારેજ જોખમ ભરેલાં હતાં! મુશ્કીલીમાં ઔરબી વધારે મુશકીલી પયદા થઇ, કેમજે ત્યાંબી સખ્ત એક ઠંડો પવન એટલો તો ઝોરમાં આવવા લાગ્યો કે જાણે તે નામવર પહેલવાનોને ઉડારીજ

દેવા ઇચ્છતો હોય! નામવર જેહાંગીરે તે જોઇને પોતાની અને નામવર ફ્રરામર્ઝની વચ્ચે અરદેશીરને ચાલવા કહયું, અને પાછું એસ્મે આઝમ કાઢીને પઢવા લાગ્યો.

ત્રીજી મરતબેના એસ્મે આઝમના પઢવાથી તે ત્રીજી વખ્તનું જાદુબી તૂટી ગયું: અને ઝોરમાં આવતો તે જાદુઇ પવન બંધ પડી જઇને પહેલવાનોને લાગ્યું કે મુશકીલ પગથીઆંઓબી ચઢવા માટે આસાન બન્યા હતા! તેથી, હવે તેઓ સપસપ ચઢી ગયા!

પાક દાદારે જેહાન આફ્રીનની તૌફીકથી ત્રણે નામવરોની તે મુશકીલી આસાન થઇ ગઈ, અને તેઓ તે સાંકડાં સવા હઝાર પગથીઆંઓ ચઢીને ટોંચે પુગ્યા.



પ્રકરણ ૩૮ મું.

જાદુગરોના મકાનમાં નામવર જેહાંગીરનું નામવર ફેરામર્ઝ અને અરદેશીર સાથે દાખલ થવું, અને જેહાંગીરનું તૂસને છોડવવું.

એટલો ઉંચો તે પાહાડ હતો કે ટોંચપરથી નામવર પહેલવાનોને જાણે કુલ દુન્યા જણાઇ! તે પાહાડપર એક ઘર જણાયું, જે જાદુ-ગરોનું રહેઠાણ હતું. તે ઘરનો દરવાજો લોખંડનો હતો. તે ઘરના દરવાઝાને જાલીઓ હતી, જેમાંથી જણાતું હતું કે ગુબંઝ સરખું એક ન્હાનું મકાન અંદર બાંધેલું હતું. જાદુગરોના મકાનમાનાં તે છોટા મકાનમાં તુસ ગીરફતાર ગમગીન બેઠેલો હતો!

તુસને લોખંડી ઝંજીરથી તમામ અસીર કરવામાં આવ્યો હતો, અને એવો તો બધી તરફથી સીકડવામાં આવેલો હતો કે તે હાલીબી શકતો નહીં હતો!

જેહાંગીરે જાલીઆવાલા દરવાઝામાંથી જાલી જાલીના તૂસના કેદખાનામાં તૂસને ગમગીન બેઠેલો જોઇ હાંક મારીને કહયું "અએ નામવર તુસ, અમે ત્હારી મદદે પાક ખુદાની મેહેરથી આવ્યા છીએ."

તૂસ નામવર જેહાંગીરને જોઇને એટલો બધો હરખાઇ ગયો કે તેના રૂખસારપરથી હરખના આંસુઓની એક નદદી બ્હાવા લાગી!

તૂસ બોલ્યો "અએ નામવરો, ત્હમે ઘણા અચ્છા મોકાપર આવી લાગ્યાછ! જાદુગરણી અને તેનો શઓહર બન્ને આજે ત્રણ

દીવસથી બ્હાર ગયલા છે, મગર મ્હને ધાસ્તી છે કે હવે તેઓ કદાચ આવી લાગશે! જાદુગર પોતે એવો ઝોરાવર ઇબલીસ છે કે લોખંડી શરીરના આદમીનેબી તે સીર્ફ પોતાના પંજાથીજ ચીરી નાંખે! મ્હારાથી તો આએ લોખંડી જાલમાં બીલકુલ જુમબીશબી ખવાતી નથી, અને કોઇબી રીતે આપ નામવરો સીતાબીથી અંદર આવો તો સારૂ, અને મ્હને આએ બલામાથી છોડવો તો બ્હેતર.”

તુસનું સાંભલ્યા બાદ જેહાંગીર દશ કદમ પાછલ હઠીને એક શેરની મીસાલ દરવાઝા તરફ દોડી ગયો, અને જતાને વાર તે લોખંડી દરવાઝાનું ભારી કડું પકડીને એવું તો ઝોર કીધું કે લોખંડનો દરવાઝો પાહાડની દીવાલમાંથીબી ઉખડી ગયો!!

દરવાઝાને ઉખેડીને બ્હાર ફેંકયા પછી નામવર જેહાંગીર તેવાજ ધસારાથી અંદર દાખલ થયો, અને પાક ખુદાનું નામ લઈ તૂસવાલા ગુબંઝનો દરવાઝોબી એક ઝટકામાં ખેંચી ફેંકી દીધો!!

કાચા સુતરની રસીને તડાતડ તોડી નાંખવામાં આવે તેમ નામવર જેહાંગીરે તૂસના શરીરપર વીંટવામાં આવેલી લોખંડી સાંકલો એકેક પછી તોડી નાંખી, અને બંદમાંથી તુસને રીહા કીધો. જેવો તુસ છુટો થયો કે તેણે નામવર જેહાંગીરના બન્ને હાથો પોતાના હાથોમાં પકડી લઈને એવી તો મુહબ્બતથી ચૂમ્યા કે ચૂમતી વખ્તે હર્ષના આંસુઓ તૂસની આંખોમાંથી ગરગર નીકળી પડયા, અને જેહાંગીરના હાથ તેથી ભીંજાઇ ગયાં!

પાક ખુદા તેને ઉમ્રદરાઝ બનાવે એવી દુવા કરતા તુસે નામવર જેહાંગીરને પુછ્યું “આવો જાદુઇ રસ્તો પસાર કરીને ત્હમે કેમ અહીં આવી શકયા?”

જેહાંગીરે જવાબ આપ્યો “પાક ખુદાએ જેહાંન, જ્યાં થયો મ્હેરબાન; ત્યાં તુફાન છતાંબી કેમ નહીં થાય મનઝીલ આસાન?”

જેહાંગીર બોલી રહયો કે કુહમાંથી એક ભયંકાર મોટી બરાડ તેઓ ચારના કાનોપર આવીને અઠડી!

પ્રકરણ ૩૯ મું.

સુરખાબ દેવનું આવવું, નામવર જેહાંગીરનું તેને મારી નાંખવું, અને જાદુગરણી મલીખાનું જેહાંગીર સાથ લડીને મરવું.

બરાડ પાડીને પાહાડ જેવો એક ઝબરદસ્ત મોટો દેવ તે ચારે નામવરો આગળ ધસી આવ્યો. તેના ગુંબજ જેવા જબરા માથાપર બે સીંગડાં હતાં જે લોખંડના બીમ જેવાં હતાં! તેનો ચહેરો એટલો સીહા હતો કે રાતની અંધારી કરતાબી વધારે કાળો હતો!

તેણે ધસી આવતાજ બુમ પાડી "અએ કમફહમ બેવકુફ આદમીઝાત, તહમો તહમારા ઘર છોડીને અહીં કયાં મરવા આવ્યા? તહમારૂં અહીં કામજ શું છે જે પાહાડપર આવ્યા છો? તહમારા એકેકના શરીરને મ્હારા નાખુનથી હું ચીરીને બોટી બોટી કરી નાંખશ, તેવી બોટી કે ફક્ત તહમારા દીલોમાના કફનની હસ્તી રહે, મગર તહમારા સબની નીસ્તી થઇ જાય!"

દેવે તેટલું બોલતાજ પોતાની ચુંગાલમાં નામવર જેહાંગીરનું ગીરેબાન પકડી લીધું. જેહાંગીરે તુરતજ મ્યાનમાંથી શમશીર ખેંચી કાઢી, પાક ખુદાનું નામ ઝબાનપર લઇ શમશીર ઉગામી, અને એટલા તો ઝોરથી તે શમશીરને દેવની કમરમાં મારી કે તે પલીદના બે ટુકડ થઇ ગયા!! પાહાડના બે ઝબરદસ્ત મોટા ટુકડાઓ એકબીજાથી છુટા થઇને ઉડી પડે તેમ દેવના શરીરના બન્ને ટુકડાઓ ઉડીને પડયા, અને સુરખાબ દેવનો જાન તેના પીંજરામાંથી ઉડીને હવામાં મલી

ગયો! સુરખાબનો જાન નીકળી જતાંજ જાદુના ઝોરથી જાણે ઝમીન અને ઝમાન બન્ને કાળા થઇ ગયા, અને ધુમાડાનું કાળું એક વાદળ ત્યાં છવાઈ રહયું!

સુરખાબ દેવ મૂઓ અને એક બલા રદ થઈ, તો બીજી બલા પયદા થઈ! સુરખાબની જાદુગરણી ઓરત મલીખા એક અઝદાહની માફક આતશના શોહલા કાઢીને ધસી આવી! મલીખા જાદુગરણીની જીભ તે શોહલાઓની સાથેજ બહાર જાણે ખેંચાઇ આવતી હતી, અને તેની આંખો લાલચોળ અંગાર બનીને જેહાંગીરને ગુસ્સાથી ઘુરકતી!

તે જાદુગરણીના હાથમાં એક ઝહરીલું ખંજર પકડેલું હતું, અને અજાયબી તો એ હતી કે તે ખંજર સુફેદ ચળકવાને બદલે આતીશની મીસાલ લાલ ધગધગતી માલમ પડતી હતી! તે ખંજર સાથે જાદુગરણીએ નામવર જેહાંગીર ઉપર હુમલો કીધો, મગર પહેલવાને પાક ખુદાનું નામ લઇ એક કુદકો મારીને તે ખંજરવાલો હાથ પકડી લીધો અને મરડી નાંખ્યો! હાથ મરડવા સાથેજ એક બીજા ઝટકાથી ખંજરબી જુટવી લીધું!

ખંજર લઈ લેતાજ તે નાંખી દઇને નામવર જેહાંગીરે ડાબે હાથે તે જાદુગરણીનું ગીરેબાન પકડી લીધું, અને જમણે હાથે તેની ગરદનપર એવી એક મુક્કી કકડાવીને લગાવી કે જાદુગરણીની ગરદનનું હાડકું ચુરેચુરો થઇ ગયું, અને તેનું માથું લચી પડયું!! ઝુમાઇ ગયલું તે માથું પાછું ટટાર થઇ શકયું નહીં: મતલબ કે પડીને જાદુગરણીએ તુરતજ જાન મુકી દીધો!!

રમકડાં સાથે રમત કરીને આપણે તે રમકડાંઓને પલમાં ભાંગીને ભુકો કરી નાંખીએ, તેમ નામવર જેહાંગીર પહેલવાને તે બે મોટા જાદુગરોને બોલ બોલતામાં તબાહ કરી નાંખ્યા, અને પછી સંતોષના શુકરાના સાથનો એક દમ ભરતાં, તેણે તુસ તરફ જોઇને કહયું.

"વ્હાલા પહેલવાન, મ્હને લાગેછ કે એ બે પલીદોએ ખુબ ખઝાનો આએ પાહાડમાં કોતરેલા તેઓના મકાનની અંદર એકઠો કીધેલો હશે."

ચારે નામવરો દેવોના તે મકાનમાં ફરવા લાગ્યા, જ્યાં ચાલીસ ઓરડીઓ બનાવેલી હતી, જેમાં સોના-રૂપાના લાખના લાઠા હતા, લીલમ-માણેક અને ઝવાહીરોનો શુમાર નહીં હતો.

પહેલવાનો તે બધું જોઇને બહાર નીકલ્યા, અને નામવર જેહાંગીરે બન્ને દેવોના ડોકાં કાપી લીધાં, અને તેઓ પોતાના લશકર તરફ નીચે ગયા.

દુરથી ઈરાની લશકરે જ્યારે જોયું કે નામવર પહેલવાનો આવે છે, ત્યારે તેઓ તેમને લેવા સારૂ આગળ વધ્યા, અને તેઓ માટે ખુશાલીનો હર્ષનાદ કર્યો. ઝવારા, ફરામર્ઝનો બેટો સામ, તખાર, ગીવ, એજને શાદમાનીના ઉદગાર કાઢતા આગલ વધીને ચારે નામવરોને ખુશીના આવાઝોથી વધાવી લીધા.

નામવર જેહાંગીરે પેલા બન્ને ડોકાં ઇરાની પહેલવાનોને, અફસરોને અને સીપાહોને બતાવતા કહયું "અએ નેકખ્વાહ બીરાદરો, આએ પલીદોએ પોતાના પાહાડી મકાનોમાં એક બેખુટ ખઝાનો ભરેલો છે જેને લેવા માટે આપ મહેરબાનોને પાહાડપર જવાની તકલીફ ઉઠાવવી પડશે. ગંજ અને ગોહરે બેશુમાર ત્યાં છે, અને આપ ઇરાની પહેલવાનોને ત્યાં જવાને માટે મુશકીલી પડવાની નથી; કેમજે બન્ને દેવોએ જાદુથી રસ્તો સાંકડો બનાવ્યો હતો જે તેમના મરણથી હવે પોહળો થઇ ગયો છે, અને પાહાડ ઉપર ચઢવા માટે તદનજ આસાન છે."

નામવર જેહાંગીરનો હુકમ સાંભલી ગીવ પોતાની સાથે લશકરની એક ટુકડી લઇને પાહાડપર ગયો, અને થોડા વખ્ત પછી સઘળો ખઝાનો લાવીને નામવર જેહાંગીર આગળ ઢગ કરીને મુકવામાં આવ્યો. નામવર જેહાંગીરે તેમાનું થોડુંક રાખી લઇ બાકીનું સઘળું

ઇરાની પહેલવાનો, ઇરાની અફસરો, અને ઇરાની સીપાહોમાં વહેંચી આપ્યું.—બધાઓએ તે ગંજની ભેટ સ્વીકારતા નામવર જેહાંગીરપર આફ્રીનનો વરસાદ વરસાવ્યો.

ચાર દીવસ ત્યાં રહયા પછી, પાંચમે દીવસે નામવર જેહાંગીરે ઇરાની પહેલવાનોને જણાવ્યું કે "આપણે શામ શેહેર તરફ જઇએ."

નામવર જેહાંગીરનો હુકમ માથે ચઢાવી બધાઓ શામ તરફ જવા તઇયાર થયા, અને તૈયારી કરીને મુસાફરી શરૂ કીધી.

નામવર જેહાંગીર સાથે તે ઇરાની પહેલવાનોએ એક મહીના સુધી મુસાફરી કીધી, રસ્તામાં ઘણી સખ્તી તેઓએ વેઠી હતી, અને અનેક મુશ્કેલીઓ સાથે રસ્તો કાપ્યો હતો; મગર પાક ખુદાના હુકમથી કોઇનેબી કશી ઇજા પહોંચી નહીં.



પ્રકરણ ૪૦ મું.

શાહ જમશીદનો તલેસ્મ!!

એક મહીનાની મુસાફરી પછી ઇરાનીઓ અબુર નામના એક બુલંદ પહાડની નઝદીકમાં એક બપોરે જઇ પહોંચ્યા, જ્યાં એક પાણીનો ઝરો જણાતો હતો, જે ઝરાની પાસે કોઇ અજાયબ કીસમના બાંધકામવાળું વીચીત્ર મકાન જણાતું હતું! જોકે તે અજાયબી ભરેલા મકાનનો પાયો ઝમીનમાં હતો તોબી તેનું માથું અફલાકને પહોંચતું હોય તેટલું બધું ઉંચું ગયલું હતું! તે આલી મકાન તમામ સંગથી બનાવેલું હતું, અને તેના ઉંચાણમાં એક તેવુંજ પત્થરનું બનાવેલું ગુંબજ માલુમ પડતું હતું. તે મકાનને એક ફોલાદી દરવાઝો હતો, અને તે દરવાઝો (હાલની આપણી વીસમી સદીની ફરતી દીવાદાંડી મીસાલ) ચકકર ચકકર ફરતો એવો તો વીચીત્ર હતો કે તેની એક બાજુ એક વખત જણાતી હતી, અને ત્રણ બાજુ બેમાલુમ રહેતી હતી!! અને તે મકાનની આજૂબાજૂમાં એક મોટી ચર ખોદેલી હતી, (જેવી ચરો આજના ઝમાનામાં દુશમનોને હંફાવવા લડાઇના મયદાનમાં ખોદવામાં આવે છે) અને પેલા મકાનમાં કોઇ દાખલ નહીં થાય તેની ગોઠવણ તે ચરથી કીધેલી માલુમ પડતી હતી! મગર, તેટલી તે ચરથીજ અંદર જવાનું અટકતું નહીં હતું, તેથી બીજી ઘણી મોટી અજાયબીઓ ત્યાં રાખેલી હતી. ઘણા માણસો તે ભેદી મકાનમાં દાખલ થવા જતા ચરમાં પડીને મરતા હતા, અને જેઓ મુશકેલીથી ચર કુદાવીનેબી અંદર દાખલ થતા તેઓ તે ભેદી મકાનમાંથી પાછા નહીં ફરતા હતા, અને અંદરજ મરતા!! એવી રીતે

અંદર જઇને હઝારો માણસો પાછા નહીં ફર્યાં હતા, અને તે ભેદી મકાનનો ભેદ આજ સુધી કોઇબી ઇનસાનની ઔલાદથી જણાયલો નહીં હતો!—તે શાહ જમશીદનો તલેસ્મ (તીલેસમાત) હતો!!

નામવર જેહાંગીરે અરદેશીરને પુછ્યું "આએ નવી જાતનું મકાન શું છે? એનો દરવાઝો આપણને થોડોજ વખત જણાઇને પછી કેટલોક વાર સુધી કેમ માલમ પડતો નથી? આપ મ્હારા અઝીઝ દોસ્ત છો, તો મ્હને એ મકાન વીશે જેબી જાણતા હોવ તો પાક ખુદાને યાદ કરીને સાચુંજ કહેજો. મેં આવું ભેદી મકાન કદીબી જોયું નથી; અને મ્હને બહુજ ચટપટ થાય છે!"

અરદેશીરે તે સાંભલીને કહ્યું "અએ નામવર પહેલવાને દીલેર, આએ જગ્યા આગળ આપણને વધારે વાર આસાએશ માટે થોભવુંબી સઝાવાર નથી. એ મકાનમાં તો હઝારો હઝાર માણસો મૌતના હાથોમાં જઇ પડયાછ! એ એક સઉથી મોટું તલેસ્મ છે, જે શાહ જમશીદની યાદગારીમાં બનાવેલું છે! મીસર અને શામના મુલ્કના રહીશો તમામ એનાથી વાકેફ છે, મગર કોઇની હીમત નથી ચાલતી કે એનો ભેદ શોધી કાઢે! જેઓ એ ભેદી મકાનનો ભેદ જાણવા એની અંદર દાખલ થયાછ તેઓ કદીબી બહાર પાછા નથીજ ફર્યાં! એ જગ્યા ઘણીજ ખરાબ છે, અને એની આગલ આપણને વધારે વખત થોભવું જોઇએબી નહી."

"નહીં, નામવર અરદેશીર" જેહાંગીરે મોંહ મલકાવીને કહ્યું "મ્હને તો આએ જગ્યા ઘણીજ ઘણીજ સારી લાગેછ, એની આગલ તો વધારે વખ્ત મ્હને થોભવા ગમેછ. આહહા! અહીંની હવાજ શું તાઝગી આપેછ! મ્હને આએ ભેદી મકાનની વાત કહો."

અરદેશીરે તે સાંભલીને કહ્યું "અએ નામવર, આએ ભેદી મકાનની વાત સાંભળવી એ સીર્ફ છે એક દર્દેસર; એ મકાનની અંદર જવાનું કાંઇક રહેલું છે, પણ ભારી તો તેની અંદરથી પાછા

૯

આવવાનું છે! મુશકીલી વેઠીને અંદર જવાયછ, મગર બ્હાર તો કોઇ આવ્યુંજ નથી! હઝારો માણસો અંદર ગયા, પણ તેમાંનો એકબી પાછો ફર્યો નહીં! મધ્યરાત પડેછ કે એ ભેદી તલેસમમાંથી સદહઝાર ભયંકાર આવાઝો નીકલેછ!! ફકટ એકજ આવાઝ જો કોઇ શેરબી સાંભલે તો તે માથાથી પગ સુધી ધ્રુજીને અહીંથી ન્હાસે! તલેસ્મની એક તરફની દીવાલે છેદ છેદ છે, જેમાંના એક મોટા બાકોરામાંથી એક અઝદાહ નીકલેછ અને તે અઝદાહ આગનો શોહલો બહાર કાઢેછ (આપણા ઝમાનામાં એનજીન જે છે તેબી આ છેદવાલી દીવાલની માફક જાલીઓ ધરાવેછ અને તેના ઉપલા ભૂંગળામાંથી ધુમાડાનો ગોટો બ્હાર નીકળેછ), વલી તે અઝદાહના મોંઢામાંથી આતશના ટુકડાઓ ઉડીને એટલા તો પડેછ કે આજૂબાજૂની ચર આખી તે આતશથી ભરાઇ જાયછ! સ્હવાર પડેછ ત્હારે અજાયબી તો એ છે કે ચરમાં આતશનો એકબી કટકો જણાતો નથી! અહીં રહેવું ઘણુંજ ખરાબ છે, આએ એક ઝબરદસ્ત તલેસ્મ છે, અને ગોયા દામે બલા છે!"

જેહાંગીરે તે સાંભળીને કહયું "મ્હને તો ત્યારે આજે રાતના અહીં રહેવાનું ઘણુંજ મન થાયછ, કારણ કે ત્હમારી વાતથી મ્હારી આતુરતા વધી ગઇછ અને હું તલેસ્મના એ તમાશાને જોવા માંગુછ. હું જો એ તમાશો નહીં જોવશ તો મ્હારો વસવસો વધી જશે, અને મ્હારા દીલને કદી ચયનબી તે સબબથી રહેશે નહીં!"

અરદેશીર: "ત્હમો ત્હમારા આવા લોક ઉપ્યોગી જાનને જોખમમાં નાંખવા માંગોછ તે સાંભલી હું દીલગીર છું. યાદ કરો કે આપણને શામ તરફ જવાનું છે."

જેહાંગીર: "શામ તરફ જવાનું છે તો ઇનશાલ્લા ત્યાં જઇશુંજ, મગર કાલે અહીંથી ઉપડશું. આજની રાત તો મ્હારે અહીંજ તોડી પાડવીછ, અને તલેસ્મનો તમાશો જોઇ લેવોછ!"

ઇરાની પહેલવાનોએએબી જેહાંગીરનો ઠેડાવ સાંભળીને તેને ઘણો સમજાવ્યો, મગર જેહાંગીરે હાની ના પાઠીજ નહીં! ફ્રામર્ઝેબી ભાઇને ઘણોજ સમજાવ્યો, પણ જેહાંગીરે તેને ઇઝઝત આપીને કહયું "મ્હને માફ કરો."

ખુરશીદની તે દીવસની ફર્ઝ જ્યારે ખતમ થઇ, ત્યારે ફલકે પોતાના સર ઉપર સીહા તાજ પહેરી લીધું; તે પહેરવા જતાં એકાએક નૂરમંદ આફ્તાબનો સુફેદ લીબાસ હાથમાંથી સરીને પડી ગયો, ત્યારે દુન્યાએ ગભરાઇને લાજ ઢાંકવા તુરતજ પાસે પડેલી કાલી ચદદર ઉંચકીને ઓઢી લીધી; મગર, દુર ઉભેલા માહાતાબે જ્યારે જોયું કે જેહાંનપર કાલી ચદદર શોભતી નહીં હતી, ત્યારે તેણે તુરતજ દોડી આવીને પોતાના હાથમાંના સુફેદ ચળકતા કસબને તે સીહા ચદદરપર ઠામ ઠામ ટાંકી લઇને ફલકને ખુશચહેર બનાવી: મતલબ કે તે દીવસ ખતમ થઇને રાત પડી, અને તે રાત ચાંદની રૌશનીવાલી હતી!

મધ્યરાતનો શુમાર થયો હશે કે અજાયબ પ્રકારના ભયંકાર મોટા અવાઝો તલેસ્મની અંદરથી નીકલવા લાગ્યા, જેથી જાણે ત્યાંની ઝમીનબી ધ્રૂજવા લાગી! આસમાન જાણે ઝમીનપર તૂટી પડતું હોય તેવી મોટી ગર્જના અને ગડગડાટ થવા લાગ્યા, અને બારાન (વરસાદ) વરસ્તી વખતે જે જાતના વીજલીના કડાકાનો કોઇવાર અતીશય મોટો કડકડાટ થઇ રહે છે તેવા કાનને ઘડીભર બંધ કરી દેનારા અને દીલમાં દહેસ્ત પયદા કરનારા સાદો તે ભેદી મકાનમાંથી બહાર પડવા લાગ્યા! અને વલી પાહાડ જેવો મોટો એક અઝદાહ તે મકાનના મોટા એક બાકોરામાંથી બહાર નીકલ્યો, અને નીકલતાંજ તેણે આતશ અને ધુમાડાનો એવો તો શોહલો અને ગોટો કાઢયો કે દુન્યા ઘડીભર રૌશન થઇ અને પછી ધુંવામાં વીંટલાઇ રહી! વલી તેના મોંઢામાંથી અંગાર નીકલીને આતશના ટુકડાના ટુકડાઓ પેલી ચરમાં પડતા હતા! તે ચર આતશી ચર બની ગઇ, અને તેની ગરમીથી જાણે માઇલો સુધી ભુંજી નાંખનારો તાપ પડવા લાગ્યો!

પેલા ભેદી ભયંકાર અવાજો, અઝદાહના આગના શોહલા અને ધુંવાના ગોટા, અને આતશની ગરમીથી ગભરાઇને ઇરાની પહેલવાનોના ઘોડા અહીંથી તહીં દોડવા લાગ્યા, કાબુમાં રહી શકયા નહીં, અને ન્હાસી ગયા! સીપાહોને તેમની પાછલ તેમને પકડવા દોડવું પડયું, અને ઘણા પહેલવાનોબી તેમ કરવા જતા ઘણા દુર ગયા: ઘોડ તલેસ્મની નઝદીકમાં જાય નહીં, અને તેથી તેમનેબી ત્યાં જવાનું થાય નહીં. જે તલેસ્મની નઝદીકમાં હતા તેઓબી ગરમીથી આજીજ બની ગયા હતા, મગર જેહાંગીર તમાશો જોવા લગભગ પાસે જવા તૈયારી કરતો હતો જેને ફ્રરામર્ઝ સમજાવીને દુર રાખતો!

બામદાદને વખ્તે બધું શાંત થયું! અને પહેલવાનો ખાબ કરવા લાગ્યા, મગર નામવર જેહાંગીર જાગતોજ બેસી રહયો!

નામવર જેહાંગીર પોતાના સગાઓની ખાબનો લાભ લઇને તલેસ્મની છેક નઝદીકમાંથી જઇને ઉભો રહયો, તેટલા નામવર ફ્રરામર્ઝ જાગી ઉઠયો, અને દોડી જઇને ભાઇને સમજાવવા લાગ્યે "વ્હાલા ભાઇ, તું શું એ ખ્યાલે ખામ લઇને બેઠોછ! આએ જો કોઇ લડવૈયા સાથે લડવાની વાત હતે તો ત્હારૂં કામ વાજબી કહેવાતે, પણ શાહ જમશીદના તલેસ્મથી જે હલાકી ખમવી પડે છે તે જાણવા છતાંબી એક ભેદી તલેસ્મની સાથે જાણે જાન ગુમાવવા જવું એ ગયરવાઝબી વાત છે! બાઝ આવ, બાઝ આવ, પ્યારા બીરાદર, એ હુલડાઇ ભરેલા ખ્યાલથી બાઝ આવ!"

જેહાંગીર: "આએ એક તલેસ્મ જે અહીં છે તે ભાંજી નાંખવું રવા છે, અને મ્હને તે પાક ખુદાની મદદથી ભાંગી નાંખવાનો બહુજ ઇરાદો થાયછ. જો આએ જગ્યા ઉપરના તલેસ્મને હું ઝીરોઝબર નહીં કરૂં તો પછી એમજ સમજજો કે હું કાંઇબી કરી શકયો નથી! આએ તલેસ્મને તોડયા વગર હું અહીંથી હવે કેડેબી આગલ વધનાર નથી."

તે પછી અરદેશરે ત્યાં આવીને જેહાંગીરને કહયું "નામવર પેહેલવાન, શું તું ત્હારા જાનથી ધરાઈ ગયલો છે કે એવો ખોટો ખ્યાલ મનમાં લઇ બેઠોછ? ત્હારા પોતાના જાનપર તું કાંઇ રહેમ કર, એ નામવર દીલેર; અને અઝદાહના મોંઢામાં જવાથી દુર રહે. ત્હારા શીરીન જાનપર સીતમ ના કર, કારણ કે જો પાક ખુદા નખ્વાહસ્તા ત્હારા જાનપર કોઇ વબાલ આવશે તો અમે અરધા મરી જઇશું, અને ત્હારી નેક માદર જીવતીજ ગોયા મૌતના હાથોમાં જઇ પડશે! ચાલો આપણે આપણા કામે જઇએ, આપ શામ તરફ સીધાર નાર છો અને અહીં ફુઝુલ વખ્ત ખોહત્રામાં શું ફાયદો? એજ તલે-સ્મની મોહકાણમાં આપનું ઇરાની લશકર જંગલોમાં વીખરાઇ ગયલુ. છે, તેને ભગું કરવા આપ ચાલો, અને તેમને જમાવ કરીને આપણે બધાં અહીંથી જતા રહીએ."

જેહાંગીર: "મ્હારો મકકમ ઠેડાવ એજ થયલો છે કે મ્હારે એ તલેસ્મમાં જરૂરજ દાખલ થવું, અને પાક ખુદા મદદ કરે તો તેને તોડી નાંખવું; એટલે પછી મ્હને મ્હારા ઠેડાવથી ફેરવવા મ્હને મૌતની ધાસ્તી આપો ના, મૌત તો એક દીવસ આવવાનુંજ છે તો હું મ્હારી ઉમીદને સંતોષ આપીનેબી મરશ તો હસ્તે ચહેરે મરશ. મ્હને લાગેછ કે આપણે આએજ જગ્યા તરફ એટલાજ માટે આવી શકયા છીએ કે મ્હારે એ તલેસ્મને તોડવું. મ્હારૂં દીલ મ્હને ખુલ્લું સમજાવેછ કે હુંજ એ જમશીદી તલેસ્મનો તોડનાર નીવડશ, અને આએ જગ્યાને રોજ રાતની ધાસ્તીથી ધ્રુજતી મોકળી કરવાને પાક દાદારના હુકમથી શકતીવાન થવશ. તહમો કહો છો કે હઝારો માણસો એ તલેસ્મમાં મરી ગયાછ, તો પછી જો હુંબી તેમાં જઇને મરશ તો સીફ એકનો વધારો થશે, અને જો મ્હને ઇનશાલ્લા ફતેહ મલી તો મ્હારા કામમાં એકનો વધારો થઇ જશે. હું એ તલેસ્મમાં જાઉંછું, અને તે દર-મ્યાન તહમારા સરદાર નામવર ફરામર્ઝ તહમારી આગલ રહેશે. મ્હારી સાત દીવસ સુધી આપ રાહ જોજો, અને એ સાત દીવસમાં મ્હારે માટે આપ નામવરો પરવરદેગાર પાસે દુવા માંગજો કે હું તલેસ્મમાંથી જીવતો પાછો ફરૂં. અગર પાછો ફર્યો તો ઠીક, અને નહીં તો આંઠમે દીવસે તહમો બધા મ્હારૂં મૌત આવેલું સમજીને અહીંથી જતા રહેજો."

પ્રકરણ ૪૧ મું.

જેહાંગીરનું તલેસ્મમાં દાખલ થવું! જેહાંગીરે તલેસ્મની અંદર શું જોયું?

તેટલું બોલીને નામવર જેહાંગીરે એક કુદકો મારીને તલેસ્મની આજૂબાજૂની ચર કુદાવી, અને પેલા ફરતા દરવાઝાની ખુલ્લી બાજુ દેખાતાજ તલેસ્મમાં પગ મુકયો, તે અંદર ગયો અને જાણે બહાર ઉભેલાઓથી ગાયબ થઇ ગયો!

કમાનમાંથી છુટેલા તીરની મીસાલ જેહાંગીર ચર કુદાવીને પેલા ભેદી દરવાઝામાં ગૂમ થયો ત્યારે અરદેશીર ઝમીનપર પડી ગયો, અને ફ્રરામર્ઝે પોતાના કપડાં ફાડી નાંખ્યા! તેઓ પોતાના શરીરને ગમના ખાકથી ખરાબ કરવા લાગ્યા, અને પોતાના વ્હાલા જેહાંગીર માટે આંસુંની એક નદદી બહાવવા લાગ્યા! બીજા નામવર ઇરાની પહેલવાનોનેબી જ્યારે તે વાતની ખબર થઇ ત્યારે તેઓ બધા મોટી માતમ કરવા લાગ્યા, અને સરપર ખાક ઉડારવા લાગ્યા!

ફ્રરામર્ઝ પોતે પોતાના ભાઇની પાછલ જવા તૈયાર થયો, મગર તમામ પહેલવાનોએ તેને પકડીને ઘણો સમજાવ્યો. ફ્રરામર્ઝે બધાનું કહેવું માન્યું, મગર તલેસ્મના ચર આગલ જઇને તે એક બચ્ચાંની માફક રડયો!!

ફ્રરામર્ઝે કપડાં વધારે ફાડીને ઘણું માતમ કરતાં કહયું "વ્હાલા ભાઇ જેહાંગીર, તું કેટલો જવાન અને કેટલો હુન્નરમંદ હતો! તેં ફુઝુલ ત્હારો કીંમતી જાન બલાની જાલમાં ગીરફતાર કર્યો, અને અમને આંસુંઓથી ડુબેલી આંખમાં છોડી ગયો."

નામવર જેહાંગીરના ફરમાવ્યા મુજબ પહેલવાનો આંઠ દીવસ ત્યાં રહેવા સારૂ તંબુ નાંખીને પડયા. સીપાહો અને અફસરો ઘણે દુર મુકામ કરી રહયા; મગર નામવર ફરામર્ઝ, બીજા જેહાંગીરના ખેશીઓ, અને અરદેશીર તલેસ્મથી થોડે દુર તંબુ ઠોકી રહયા.

નામવર જેહાંગીરના અંદર જવા પછી ત્રણ દીવસ સુધી તલેસ્મનો પેલો ભેદી ફરતો દરવાઝો પહેલવાનોની અતી ઘણી મોટી અજાયબી વચે જણાયોજ નહીં!! મગર, ચોથે દીવસે એકાએક પાછો તે દરવાઝો જાણે પયદા થયો હોય તેમ અસલીજ ઢબે ફરતો જણાયો!

હવે આપણે તલેસ્મની અંદર નામવર પહેલવાન જેહાંગીર શું કરે છે તે જોઇશું: આખો દીવસ જેહાંગીર અંદરના ફરતા તલેસ્મમાં ગુંચવાયલો અને ગુંચવાયલો થોડોક ફરી શકયો, મગર ફરતા ચકકરમાં તેનેથી આગલ વધવું સખ્ત મુશકીલ હતું. રાતની વખતે તેણે એક ગુંબઝ જોયો, જેની ઉપર બે થાંભલા ગોઠવેલા હતા. એ દરેક થાંભલાપર એકેકું સોનાનું મુર્ગ (પક્ષી) હતું, જે ખુરશીદની માફક ઉજાળો આપતું હોય તેમ ચલકતું હતું! સુનાના મૂર્ગ ધરાવતા પેલા બે ફૈલાદી થાંભલાઓ ઘણા ઝોરથી ગોલ ફરતા હતા, અને તે ઉપરના મૂર્ગના ચલકાતથી આખું તલેસ્મ જાણે ચકચક ચકચક ચલકાત ભરેલું બની રહયું હતું!

ઉપલા બે ફૈલાદી થાંભલાંઓને લાગીને ત્રીજો થાંભલો ફરતો હતો જેમાં છેદ છેદ હતા, અને તે છેદ એટલા બધા હતા કે જેની ગણત્રીજ નહીં કરી શકાય! જયારે તે છેદદાર થાંભલો ચકકર ફરતો હતો ત્યારે તેના અસંખ્ય બાકોરાંઓમાંથી અંગાર બહાર પડતો હતો! તે આતશ જોઇને જેહાંગીર હયરાન બન્યો!

પેલા આતશના ટુકડાઓ જમા થતા હતા, અને શોહલો તથા ધુમાડો જે ત્યાં એકઠો થતો તે તલેસ્મના ઝોરથી રાતની વખતે

અઝદાહના આકારનો થઇને બહાર પડતો, અને પેલા જમાત થયલા આતશના ટુકડાઓ જાણે અઝદાહના મોંઢામાંથી બહાર પડતા હોય તે મીસાલ બહાર ઉડીને પેલા ચરમાં ઢગલો થઇ પડતા!

વલી તલેસ્મના ઝોરથી પેલા ત્રીજા થાંભલાના ફરવાથી મધ્યરાતની વખ્તે ઘણા મોટા આવાઝો થતા હતા, જે આવાઝ એટલા તો ભયંકાર હતા કે તેનાથી આદમીનું દીલ ધાસ્તી ખાઇ જાય! જેહાંગીરે ઘણી કોશીશ કીધી કે પેલા થાંભલાઓ શાથી ફરતા હતા તે જોઇ કાઢે, પણ કોઇબી રવેશે તેને માલુમ પડયુંજ નહીં!

નામવર જેહાંગીર તે થાંભલાઓને અજાયબીથી જોયા પછી તીલેસ્મમાં આગલ વધ્યો, અને તેણે ત્યાં ઠામઠામ માણસોના હાડપીંજર અને હાંડકાં જોયાં! તે બધાં હાંડકાં તે માણસોના હતા જેઓ તલેસમનો ભેદ જાણવા અંદર આવ્યા હતા, અને બહાર નહીં જઇ શકવાથી અંદરના અંદરજ મરણ પામ્યા હતા!

નામવર જેહાંગીરે ત્યાં વલી એક બીજો ગુંબઝ જોયો, જે ઉપર સુનહેરી અક્ષરે લખેલું હતું કે 'અએ બે-ખરદ અને બે-અકલ મર્દ, આએ જગ્યા ઉપર તેં શું કામ ત્હારા પગલાં મુકયાં? તેં પગલાં મુકયાંછ ત્યારે તો હવે તું આએ જગ્યાથી રીહાઇ કદીબી મેલવી શકશે નહીં! આએ જગ્યાથી ત્હને આશનાઇનો દમ ભરવાનો મલશે નહીં, મગર જે મલશે તે ત્હને સીર્ફ મોત મલશે! તું આહોઝારીનો દમ ભરી ભરીને અહીંજ ખતમ થઇ જશે! તુને હવે દુન્યામાં કદીબી કોઈ ઝીન્દા જોશે નહીં, તેથી તુંબી હવે દુન્યાને ફરામોશ કરવા તૈયાર થા!"

જેહાંગીર તે વાંચીને સર્દ દીલનો થઇ ગયો, અને જયારે તેણે જોયું કે તલેસ્મમાંથી બહાર નીકલવાનો રસ્તોજ નહીં મલતો હતો ત્યારે પાક ખુદાને યાદ કરતો તે એક ખુણામાં જઇને બેઠો. પાક

ખુદાંની તેણે બંદગી કરવા માંડી, જે પાક પરવરદેગાર બંદાઓપ રહમો—મહરનો ગોયા વરસાદ વરસાવેછ.

ત્રણ દીવસ અને ત્રણ રાત સુધી નામવર પહેલવાન જેહાંગીર તે તલેસ્મમાં ભૂખ્યો અને પ્યાસો એમથી તેમ ફેર્યા કીધો! નામવર જેહાંગીર ભૂખથી જેટલો કંટાલ્યો નહીં, તેટલો પ્યાસથી કંટાલી ગયો, તેનું દીલ પ્યાસથી કવાબ થઇ જતું હતું, અને હોટ સુકાઇ ગયા!

૭ દીવસ તલેસ્મની અંદર ગયાને જેહાંગીરને થયા!



પ્રકરણ ૪૨ મું.

જેહાંગીરના પાછા નહીં ફરવાથી ફ્રરામર્ઝ તલેસ્મની અંદર ફરીથી જવા ચાહે છે, અને ગીવ તેને અટકાવે છે.

નામવર પહેલવાન જેહાંગીરને ૭ દીવસ અને ૭ રાત ભુખ્યો અને તરસ્યો જોઇને આપણે હવે તલેસ્મની બહાર જેહાંગીરના ખેશીઓ શું કરે છે તે જોઇશું:

ફ્રરામર્ઝે પોતાના સગાઓને કહયું "આપણી આગળ એક ભયંકાર મુશકીલી ચાલી આવી છે! નામવર બીરાદર જેહાંગીરનુ તલેસ્મમાં શું થયું તેની પાક ખુદાને ખબર છે. મેં ઘણી મુશકીલીઓ દુન્યામાં જોઇ છે, મેં ઘણા ખેશીઓના મોત જોયા છે; મગર, પ્યારા ભાઇ જેહાંગીરના દુર થવાથી મ્હને જેવું ગમ પયદા થયું છે તેવું ગમ મ્હને કદીબી અગાઉ થયું નહીં હતું! એ એક મોટો ઝખ્મ મ્હારા શરીર ઉપર થયો છે, જેના ઉપર લગાડવા માટે કોઇ મલમ મલશે નહીં!" અને તેટલું બોલતાંજ નામવર પહેલવાન રામર્ઝની આંખમાંથી આંસુંના ટીપાં દડદડ નીચે પડવાં લાગ્યાં, જે જોઇને બીજા ઇરાની પહેલવાનોનેબી રડવું આવી ગયું! એક ન્હાનું બચ્ચું જેમ રડે તેમ તે મોટો પહેલવાન ડચકાં ખાઇ ખાઇને રડયો, અને રડતાં રડતાંજ તેણે વધાર્યું:

"નામવર જેહાંગીરને માટે મ્હારો જીવ જલેછ, મ્હારૂં દીલ તેન નહીં હોવાથી ગમના આતીશથી બલી જાયછ. હવે જો હું અહીંથી લશ્કર લઇને જેહાંગીર વગર ઇરાન જાઉં, તો મ્હને શહેનશાહ આગળ

ઘણુંજ ખોટું લાગશે. મ્હને તો લાગેછ કે મ્હારે નામવર જેહાંગીરની શોધમાં જવું જોઇશે, અને તેજ ઘણું બહેતર થશે."

ગીવ: "એ શું ફીકર તું કરેછ, નામવર ફરામર્ઝ? એવા વીચાર ખ્યાલમાં લાવવા મહાલ છે! એવા વીચાર તો ત્હને આવવાજ નહીં જોઇએ, જે થવાનું હતું તે તો થયું! હવે નામવર જેહાંગીરની પૂઠે તુંબી શું પોતાનો જાન ખોહવા સારૂ જાયછ? અને તેમ કરીને ઇરાની લશક્રરોને સરદાર વગરના બનાવવા માગેછ? કુદરતની વાત ન્યારીજ છે, કોણ જાણેછ કે તે પાક પરવરદેગારનો શું વીચાર સારો એ વાતમાં હશે! ઘણીવાર બુરી માલમ પડતી ચીઝથી સારૂં પરીણામ આવે છે. માટે પાક ખુદાપર ભરૂસો મુક! જે કરનાર છે તે પાક દાદાર છે, અને તેથી તેના કામપર ભરૂસો છોડી મૂકવો ઘણોજ બરહક છે. દીલમાં બીલકુલ અંદેશો નહીં લાવ, સઉ સારૂ થશે. જો તુંબી અમને છોડી જશો તો અમો દીલ શીકસ્તા થઇ જશું, અને પછી કોણ જાણેછ કે શું શું અમારીપર આવીબી પડે! પાક ખુદાના લૂત્ફ સાથે ત્હારૂં દીલ બાંધ, અને ધીર ધર! પાક પરવરદેગાર સઉ સારૂજ કરશે."

નામવર ફરામર્ઝે પાક ખુદાને યાદ કરી બેઉ હાથ જોડી પોતાના ચહેરાપર ફેરવ્યો, અને સબુરી પકડી.

પ્રકરણ ૪૩ મું.

—:o:—

જેહાંગીર તલસ્મે-શાહ-જમશીદને તોડે છે!!

નામવર જેહાંગીર ભુખો અને પ્યાસો તલેસ્મમાં ગોટાં ખાતો હતો! છઠી તે રાત હતી જયારે પાણીના એક જામને માટેબી તેના લબ આરઝુમંદ થયા હતા! નામવર જેહાંગીરે હાથ જોડીને પાક ખુદાને યાદ કરી તેની બંદગી કરતાં કહયું: "અએ તમામે તમામ ચીઓ જે હસ્તીમાં વસ્તી કરે છ તેના તું પયદા કરનાર પાક કેરદેગાર, હું આએ બલાની દામમાં ફસેલો છું જેમાંથી તુંજ મ્હને છોડવી શકશે-અને બીજું કોઇજ નહીં. આએ અજાયબ જગાપર હું જાલમાં ગીરફતાર ફસી ગયલો છું. અએ પાક બેનઝીર, ત્હારા સીવાય મ્હારૂં કોઇ નથી, તુંજ મ્હારો હાથ પકડીને આએ બલામાંથી મ્હને બહાર ખેંચી લે. મ્હારી મુરાદની કીસ્તીને તુફાની સમનદરમાંથી કીનારે તુંજ ઉતાર, કેમજે ત્હારા સીવાય મુરાદને બર ઉતારનાર કોઇજ કોઇજ નથી. તું કુલે દુન્યાની દાદનો લેનાર છે, તો મ્હારીઆ દાદ લે, અએ દાદરસે દાદગર" તેટલું બોલીને નામવર રડી પડયો! થોડો વખ્ત એમ રડયા બાદ ખાબ તેની ચશ્મોપર ગાલેબ થઇ, અને નામવર જેહાંગીર ખાબના પ્યારા હાથોમાં ગીરફતાર થઇ ગયો!

ઉંઘમાં પડયાને થોડીજ પળ થઇ હશે તેટલાં જેહાંગીરને સ્વપ્નો આવ્યો. તે ખાબમાં તેની નઝર સામે બરફ જેવી સુફેદ દાઢી સાથનો એક પીરમર્દ આવી ઉભો, જેતું રૂખ મીસ્લે ઝહવાહીર ચળકતું હતું, અને તેના કપાલપર જાણે ખુદ ખુરશીદ પોતે નુરમંદ ચમકાતથી ઉગી નીકલ્યો હોય તેમ તે રોશન દીદાર ચકચક ચમકતું હતું! તેના સુફેદ

સરપર એક તેવુંજ ચળકાતભરેલું તાજ હતું. તે પીરમર્દે પોતાના હોટ ખોલીને બોલ્યો "અએ નામવર પહેલવાન, દુન્યાની રસમ એવીજ છે! જેહાંન ઉપર મદાર બાંધનાર બરકરાર નથી રહેતા! મગર, પ્યારા પહેલવાન તું હાલ ગભરા નહીં, આએ તલેસ્મ ત્હારાજ હાથથી તૂટવા સરજાયલું છે! દુન્યાની કોઇબી ચીઝ અમર નથી, તો એ તલેસ્મ ક્યાંથી અમર રહેશે? પાક ખુદા સીવાય બીજું કાંઇબી અમર નથીજ, અને તેથીજ આએ મોટામાં મોટું હીકમતી તલેસ્મ પોતાની નીસ્તી જોવાના વખ્તપર હવે આમદા થયું છે! ફરતો નુરમંદ આફતાબ જ્યારે કાલે સહવારના દેખાશે, અને તે વખ્તે તું ઉંઘમાંથી બીદાર થશે, ત્યારે તું ત્હારી કમાનમાં તીર મુકજે અને તે તીરથી પેલા ફરતા થાંભલાપરના સોનાના મૂર્ગને મારીને તેમના ડોકાં ઉડાડજે. બન્ને થાંભલાપરના મૂર્ગ પડયા કે થાંભલાઓ પોતાની મેળે પડી જશે, અને તે થાંભલાના પડી જવાથી તેમાંથી એક દેવ નીકળશે. તે દેવ એકદમ ત્હારી ઉપર ધસી આવશે, પણ તેનાથી તું બીલકુલજ બીહતો ના. તે દેવ જે વખ્તે ધસારો લાવે ત્યારે પાછળ હટતો ના, અને ત્હારો ચહેરો ફેરવતોબી ના. તે દેવને તું મારી નાંખતો ના, પણ તેને પટકીને તેના બેઉ હાથો બાંધજે. તે દેવ આ તલેસ્મનો ઉસ્તાદ છે, અને તેને તલેસ્મનો રાઝ તું પુછજે. તે દેવ તમામ રાઝ ફાશ કરી દેશે. દેવને તું કહયા કરજે કે દરેક રાઝ તુને સમજાવે અને તેના બદલામાં તેને રીહાઇ તું આપશે. અને તે દેવ જેમી કાંઇ કહે તે પ્રમાણે તું અમલ કરજે, તે કામ કરજે, અને વલી જલદી કરજે."

જેહાંગીરને એટલું સમજાવીને તે નામવર બુઝર્ગ તેના ખાબમાંથી દુર થઇ ગયો!

મશરેક તરફથી ખુરશીદે પોતાનો નુરમંદ ચહેરો બહાર કાઢયો કે નામવર જેહાંગીર ખાબમાંથી બીદાર થયો. નામવર જેહાંગીરે પાક ખુદાનું નામ લઇને પોતાની કમાન ઉંચકી અને તેમાં તીર મુકીને

ફરતા એ થાંભલાપરના એકની ઉપરના સોનાના મૂર્ગ તરફ ટાંકીને માર્યો, તેનો તીર ઉડયો કે જઇને મૂર્ગની ગરદનપર પડયો, મૂર્ગ તે ઝર્બથી પોતાની જગ્યા છોડી ઝમીનદોસ્ત થયો; અને તેના પડવાથી ફરતો તે થાંભલોબી ઝમીનપર પડી તુટી ગયો! હવે નામવર જેહાંગીરે પેલા બીજા ફોલાદી થાંભલાપરના મૂર્ગ તરફ તીર ફેંકયો, અને તેબી જઇને લાગ્યો. લાગતા સમેટ તે મૂર્ગ નીચે પડયું અને તેના પડવાથી તે બાકી રહેલો તે બીજો થાંભલોબી પછડાઇ પડી કટકા થયો! તે બન્ને થાંભલાને આધારે ચાલતો ત્રીજો થાંભલો જેમાંથી આતશના ટુકડાઓ નીકળતા હતા અને અઝદાહનો આકાર બહાર પડતો હતો તેબી પડી ગયો, અને અજાયબી તો એ થઇ કે તે થાંભલાઓ જે ફોલાદી જણાતા હતા તે કાચના ટુકડાઓની માફક કટકા થઇને ઝમીનપર વીખરાઇને પડયા!!

તે થાંભલાઓના ટુકડા થવાથી વચમાના ગુંબઝનો દરવાઝો એકાએક ખુલ્લો થઇ ગયો, અને તે દરવાઝામાંથી એક દેવ બહાર નીકલ્યો!

તે દેવ ઘણોજ બદસુરત અને ઘણોજ કદાવર આંગનો હતો! તેણે જેહાંગીરને જોયો, કે એકદમ નામવર પહેલવાનપર ધસી આવ્યો અને ગીરેબાન પકડવા ગયો. અને તે જેહાંગીરનું ગીરેબાન પકડવામાં ફતેહબી પામ્યો; મગર નામવર જેહાંગીરે તે દેવની કમર પકડી લીધી, અને પાક ખુદાનું નામ ઝબાનપર લાવી એક જોર કરી દેવને ઝમીનપરથી ઉંચકી લીધો અને ઉંચકતાને સાથજ તેને એવો ઝોરથી પટકયો કે દેવની હોશ ફરામોશ થઈ ગઇ!! દેવની બેહોશીમાં નામવર જેહાંગીરે તેના બેઉ હાથો બાંધી લીધા. થોડોક વખ્ત પસાર થયા પછી તે દેવ પોતાની હોશમાં આવ્યો અને ઉઠીને નામવર જેહાંગીર તરફ તેણે પોતાની નઝર નાંખતા કહયું "અએ દુન્યાના આલા પહેલવાન, તેં શું કામ મ્હારા બેઉ હાથ બાંધી લીધાછ, શું તું મ્હને મારી નાંખવા માંગેછ?"

"નહીં—નહીં" જેહાંગીરે કહયું "મેં તુને મારી નાંખવા બાંધ્યો નથી, પણ તુને હું જે પુછું તેનો જવાબ આપવા મેં બાંધ્યોછ."

દેવ: "આપ નામવર પહેલવાનનું નામ શું છે?"

જેહાંગીર: "મ્હારૂં નામ જેહાંગીર છે, અને મ્હારા પીદર જેહાં-પહેલવાન રૂસ્તમની માફક હુંબી દેવોને મારૂંછું. તું મ્હારેથી કોઇબી વાત છુપી રાખતો ના, પણ આ તલેસ્મને લગતા દરેક રાઝથી મ્હને તું માહીતગાર કર. જો તું સાચ્ચું બોલશે તો તુને હું છુટો કરશ, અને રીહાઇ આપશ. જો તું જુઠું બોલશે તો ત્હારૂં માથું ત્હારા તનથી જુદું કરશ અને મારી નાંખશ. માટે હું જે પુછુંછ તેનો સાચો જવાબ આપીને તું ત્હારા બંધ હાથો છુટા કર."

દેવ: "અએ દીલેર જવાંન, તું નેક એક ઝબરદસ્ત પહેલવાન છો મ્હને ત્હારી આગળ જૂઠું કે બનાવતી બોલવાની કોઇ મતલબજ નથી. હું જે બોલશ તે બધુ સાચુંજ બોલેશ. આવ, હું તુને રાહે રાસ્ત, બતાવી આપું, કે રાસ્તીથી બખ્ત અને દોલત છે. આએ ગુંબઝની નીચે એક ભોયરૂં છે, જે મોટા ભોંયરામાં શાહોનો ગંજ ભરેલો ભરપુર છે. એ ગંજે શાહાના, શાહ જમશીદને હાથે એ ભોંયરામાં મુકાયલો છે, અને શાહ જમશીદે તેની ઉપર અફસુન પઢેલું છે. એ જમશીદ તલેસ્મના રખેવાલ તરીકે મ્હને શાહ જમશીદે અહીં રાખેલો છે, અને મ્હને અહીંઆ રહયાને આજે લગભગ સવાબસો વરસ થઇ ગયા છે!" હવે આંગલીથી ઇશારત કરતા દેવે ગૂબંઝની અંદરની એક પત્થરની લાદી બતાવીને કહયું "એ લાદી તુ ઉંચક."

નામદાર જેહાંગીરે પાક ખુદાનું નામ ઝબાનપર લઇને તે લાદીને ઝમીનથી ઉખેડી નાંખી. લાદીના ઉખડી જવાથી એક દરવાઝો જણાયો, જેપર મોટું એક તાલું મારેલું હતુ, અને તે તાલાની ચાવીબી ત્યાંજ પડેલી હતી!

દેવ: "અએ નામવર જેહાંગીર, એ ચાવીથી તું કુલફ ખોલ કે ત્હારી મુબારક ચશ્મ સામે અજાયબ ચીઝો માલુમ પડશે."

નામવર જેહાંગીરે તે દેવના ફરમાવ્યા મુજબ કીધું કે દરવાઝો ખુલી ગયો, અને આંખ આંજી નાંખે તેવો મોટામાં મોટો એક ગંજનો ઢગલો તે ભોંયરામાં જણાયો, જે જોઇને તો નામવર જેહાંગીરે દાંતમાં આંગલી પકડી લીધી!

સોનું, રૂપું અને યાકુત ઝહવાહીરોનો ત્યાં કોઇ શુમારજ નહીં હતો!! ત્યાં ઝહવાહીરોનો એક એવો તો મોટો ડુંગર પડેલો હતો કે જે પાક ખુદાની મ્હેરો મદદથીજ શાહ જમશીદને હાથ આવેલો હતો.

નામવર જેહાંગીરે તે ગંજ જોઇને પાક ખુદાના શુકરાના કીધા. અને દેવે તે જોઇને નામવર જેહાંગીરને કહયું "મરહબા અએ દીલેર પહેલવાન, એ ગંજ જયારે ત્હારી મુબારક ચશ્મથી તુને ઝહવાહીરાત તરીકેજ માલમ પડયોછ તો હું ખરા દીલથી હવે માનુંછ કે એ ત્હારાજ નસીબમાં છે. પાક ખુદાએ એ ગંજ ત્હારેજ નસીબ કરેલું છે."

જેહાંગીર: "એટલો મોટો ગંજ હું બ્હાર કેમ લઇ જાઉં?"

દેવ: "તું મ્હારી આગલ આવ, અએ બખ્તે બુલંદ નામવર જેહાંગીર, હું તને તેની તદબીર દેખાડુંછ."

એમ બોલીને દેવ નામવર જેહાંગીરને બીજે ઠેકાણે લઇ ગયો. તે જગ્યાપર એક બીજી પત્થરની લાદી હતી જે ઉંચકી લેવા જેહાંગીરને દેવે કહયું.

દેવ: "એ પત્થરની નીચે બીજો કોઇ ઇલ્મ એવો છે જે હું પોતેબી જાણતો નથી, અને શાહ જમશીદે મ્હને તેનાથી વાકેફ કીધો નથી. મગર, શાહ જમશીદે મ્હને એટલુંજ કહયુંછ કે એ બીજી લાદીના ઉંચકવાથી કોઇ એવો બનાવ બનશે કે જેથી આખો ગંજ તલેસ્મની બ્હાર નીકલી જશે!"

નામવર જેહાંગીરે તે સાંભળીને પેલી બીજી પત્થરની લાદી ઉંચકી લીધી, અને જેવી તે લાદી ઉંચકાઇ કે જેહાંગીરની પાસે ઉભેલો દેવ એક નાહરા (બુમ) મારીને ઝમીનપર પટકાઇ પડયો. તે દેવ પડયો કે જાણે માદરને પેટે જન્મયોજ નહીં હોય તેમ જાનથી બેજાન થઇ ગયો!—શાહ જમશીદે તે તલેસ્મ બનાવતી વખ્તે એવી કાલજી કીધી હતી કે તે દેવ તે તલેસ્મના ગંજનો રખેવાલ રહે; અને જયાં સુધી આ બીજી લાદી ઉંચકાય નહીં ત્યાં સુધી દેવ તે ગંજની પાસબાની કરે, મગર લાદીના ઉંચકાવા સમટેજ દેવનો જાન કબજ થઇ જાય, અને પેલો ગંજ આપોઆપ તલેસ્મની બ્હાર ઝમીનપર દેખાય!

દેવના મરવાથી ત્યાં એટલો બધો તો ધુમાડો ધુમાડો થઇ ગયો કે તે જગ્યા તમામ કાલી થઇ ગઇ, ઝમીન અને આસમાન તક તે જગ્યા કાલા ધુમાડાથી એવી ઘેરાઇ ગઇ કે માણસ માણસને જોઇ નહીં શકે!

પેલી તરફ ઇરાની પહેલવાનો પોત પોતામાં, તે ધુમાડાને જોઇને, વાત કરવા લાગ્યા; અને લશકરના સીપાહો તથા ઘોડાઓમાં એટલો બધો ગભરાત અકરાત થઇ રહયો કે શોરબકોર કરીને તે જગ્યાને બુમબરાડાથી ધરૂજાવવા પડયા! ફરામર્ઝ, ગીવ, બેજન, તુસ, અને બીજા ઇરાની પહેલવાનો એમ સમજયા કે તલેસ્મમાંથી કોઇ મોટી બલા પયદા થઇ, અને તેઓએ નકકી માન્યું કે નામવર જેહાંગીર મરણ પામ્યો હતો—અને તેથી તેઓ માતમ કરવા લાગ્ય

બે કલાકો સુધી તે કાલો ધાડો ધુમાડો ત્યાં રહયો, અને તે પછી રફતા રફતા તે ઓછો થતો ગયો. ધુમાડો તદનજ નીકલી ગયા પછી ઇરાનીઓએ નજર કીધી, તો તે તલેસ્મ ત્યાં અગાઉ હતો તે તેમના જોવામાં હમણાં આવ્યોજ નહીં! અને વલી, તેઓએ નામવર જેહાંગીરને જીવતો ઉભેલો જોયો!!

તેઓ બધા નામવર જેહાંગીરની પાસે દોડી ગયા અને ફરામર્ઝ પોતાના પ્યારા ભાઇને બગલગીર થયો. બધા ઇરાની પહેલવાનો જેહાંગીરને જોઇને જાણે ખુશીના દીવાના બની ગયા, અને તેઓએ હર્ષના આંસું ઓરવીને ખુશીનો પોકાર માર્યો. તેઓએ નામવર જેહાંગીરના પગ પાસે એક દેવને પડેલો જોયો, કે જે મરણ પામ્યો હતો.

વલી, ત્યાં મોટા એક ગંજને તેઓએ જોયોઃ જેમાં ૧૧૨૦ સોનાની બનાવેલી પેટીઓ હતી, જે પેટીઓમાં લાલ, ગોહર, અને દરેક જાતના કીમતીમાં કીમતી ઝહવાહીરો ખીચોખીચ ભરેલા હતા!!—જમશીદ પાદશાહે રંજ ખેંચીને જમાત્ર કીધેલો તે ઘણોજ કીમતીમાં કીમતી ગંજ હતો.

નામવર જેહાંગીર તરફ જોઇને બધા પહેલવાનોએ આફરીન કરીને કહ્યું "પાક ખુદાવંદતાલાએ ત્હારીપર ખુશનસીબીનો દરવાઝો ખોલી નાંખ્યોછ, અએ નામવર દીલેર પહેલવાન"

ઇરાનીઓએ ત્યાં એક મોટું જશ્ન કીધું, અને સાત દીવસ સુધી તેઓએ ત્યાંજ રહીને ખુશી મનાવી—આંઠમે દીવસે નામવર જેહાંગીરે તે ગંજને હાથ લગાડયો, અને તેમાંથી ન્હાની ન્હાની ચીઝો જુદી કરીને ઇરાની સીપાહોમાં તે પહેલા વહેંચી દીધી.

તે પછી નામવર પહેલવાનોમાં તે કરતાં વધારે કીમતી ચીઝો વહેંચી આપી. શહેનશાહ કાઉસ ઉપર કીમતી ચીઝો ચૂંટી ચૂંટીને ભેટ મોકલી, અને ઇરાનથી નીકલ્યા પછી શું શું થયું હતું તેની વીગતો વીસતારીને કાઉસપર લખી.

વલી, હલકા વઝનની મગર કીમતની ભારી બીજી કેટલીક ચીઝો પોતાના નેક બપાવા ઝાલેઝર ઉપર મોકલી આપી.

વલી, બપાવાપર મોકલી તેમાંની બીજી કેટલીક ચીઝો નામવર જેહાંગીરે પોતાની વ્હાલી માદર ઉપર મોકલી આપી.

પ્રકરણ ૪૪ મું.

જવું જેહાંગીર અને ઈરાની પહેલવાનો તથા સીપાહોનું બરબર ઝમીનની તરફ.

હવે આપણે બીજી તરફ ઇરાની પહેલવાનો સાથે જઇશું.

નામવર જેહાંગીરે ઝહવાહીરોની ભેટ આપ્યા અને મોકલાવ્યા બાદ, ત્યાંથી હવે બરબર ઝમીન તરફ જવાની ખ્વાહીશ બતાવી; અને બધા પહેલવાનો તથા સીપાહો નામવર જેહાંગીર સાથે નીકલ્યા.

ઇરાનીઓના પોતાના દેશ તરફ આવવાની ખબર બરબર ઝમીનના બાદશાહ સગલાબના છોકરા ખુશરવને મલી ગઇ. વલી ખુશરવને વધારે ખબર નામવર જેહાંગીરના સંબંધમાં એ મલી કે નામવર જેહાંગીરે કેટલાક કામો તો એવા કીધા હતા કે જેવા કામો નામવર રૂસ્તમેબી નહીં કીધેલા! ખુશરવ જાણવા પામ્યો કે નામવર જેહાંગીરે સુરખાબ દેવને મારી નાંખ્યો હતો, અને તેની ઓરત મલીખા દેવીનેબી જાનથી બેજાન કીધી હતી. વલી, શાહ જમશીદનો તલેસ્મ નામવર જેહાંગીરે તોડયો હતો, અને હવે તે શામના મુલક તરફ થઇને બરબર ઝમીનમાં જવાનો વીચાર કરતો હતો.

બરબર ઝમીનનો બાદશાહ સગલાબ હતો, અને શામનો બાદશાહ સગલાબનો બેટો ખુશરવ હતો. શામના બાદશાહને નામવર જેહાંગીરના તે તરફ આવ્યાની ખબર થઇ ત્યારે તેણે એક પયગામચીને બરબર ઝમીન તરફ પોતાના પીદર આગળ મોકલાવ્યો.

સગલાબ તે નામવર જેહાંગીરે મારેલા આઅદીઓના હબશી સરદારનો સગો હતો. સગલાબ તે પયગામ વાંચીને ઘણો અંદેશાનો

ભરેલો થઇ ગયો. ખુશરવે તે પયગામમાં લખ્યું હતું કે "ઇરાન તરફના પહેલવાનો પોતાના લશકર સાથે શામ અને બરબર તરફ આવવાની કોશીશ કરેછ, અને તેઓનો સરદાર જેહાંગીર નામનો ઘણોજ એક દીલેર અને ઝોરાવરમાં ઝોરાવર પહેલવાન છે, જેણે આપણા સગા આબ્દને અને તેના પહેલવાનોને ટુકડે ટુકડા કરી નાંખ્યા હતા. તેની સાથે વલી તેવાજ ઝોરાવર બીજા ઇરાની પહેલવાનો છે, જેઓ બધા લડાઇના અનુભવીઓ છે."

સગલાબ શાહે તે વાંચી રહયા બાદ પોતાના લશકરને જમાવ કરવાનું પોતાના સીપાહસાલારને કહયું, અને ખઝાનચીને હુકમ આપ્યો કે ખઝાનાનો અમુક ભાગ લશકરના સીપાહોમાં વહેંચી નાંખવો.

સગલાબ શાહે તે પછી પોતાના બેટા તરફથી આવેલા પયગામચીને પાછો મોકલાવતા તેને જવાબ લખી આપ્યો કે "અએ મ્હારા નેક બેટા, તું જેહાંગીરની સાથે લડવા ના જતો, પણ કોઇ વાતે જરા થોભી જજે, હું લશકરને લઇને સીતાબીથી આવી પહોંચુછ. હું તે કોઇ જેહાંગીરને એવી સીક્ષા કરવા માંગુછ કે બીજી વખતે તે આપણી લડાઇમાં ઉતરવાની હીમતબી નહીં કરે!"

તે પયગામચી સગલાબ શાહનો પયગામ લઇને ખુશરવ તરફ ગયો, અને ખુશરવે પોતાના પીદરના વીચારો વાંચ્યાં.

શામના મુલકની હદમાં નામવર જેહાંગીર પોતાના પહેલવાનો અને સીપાહો સાથે આવી પહોંચ્યો, અને ઇરાનીઓ તંબુ નાંખીને રહયા. ખુશરવેબી પોતાના લશકરને જમાવ કરીને મયદાનમાં તંબુઓ નંખાવ્યા, અને લશકરનો પહેરો તંબુઓની આજુબાજુ મુકી દીધો.

નામવર જેહાંગીરને ખબર થઇ કે બરબર ઝમીન તરફથી ખુશરવને લશકરની મદદ કરવા લશકર આવતું હતું, અને તેથી તે લશકર કેટલું છે તે જોવા માટે નામવર જેહાંગીર ત્યાંના એક કુહ—પાહાડ—

ઉપર ચઢયો, અને જોવા લાગ્યો. જેહાંગીર સાથે ફરામર્ઝ અને બીજા પહેલવાનોબી તે પહાડ ઉપર ગયા.

તેઓએ જોયું તો ઘણું મોટું લશકર આવતું હતું, અને તે લશકરની આગલ આગલ વાવટાઓ હતા અને વાવટાઓપર બોતની આકૃતીઓ પાડેલી હતી. કીડી અને તીડના ઢગલાના ઢગલાઓ જમાવ થાય તેમ તે બરબરી લશકર મોટા જથ્થામાં હતું, જે જોવાથી જાણે આંખનેબી ચીત્રી આવી જાય.

રોઝ બરોઝ લશકર આવતું હતું, અને સાત દીવસો સુધી તેમ લશકર આવ્યાજ કીધું.

જેહાંગીર નામવરે પોતાના પહેલવાનોને કહયું, "આએ વલી તે કેવો મુલક છે કે જેમાંથી એટલું બધું મોટું લશકર આવી શકેછ! ગમે તે હોય, પણ પાક ખુદાના લુત્ફથી આપણે ઇરાનીઓ એ બરબર ઝમીનનો કબજો એટલા બંવા લશકરને ફના કરીનેબી લઇશું. ખુદાવંદ જો મ્હને મદદ કરે તો એ તમામ બોતપરસ્તોને હું તબાહ કરૂં. એ લોકને હું ખુદાપરસ્તી શું છે તે બતાવવા અને શીખવવા માંગુંછ, અને તે પછી દોરાબ બાદશાહની તરફ જવાનો ઇરાદો રાખુંછ."

ફરામર્ઝ: "પાક ખુદાવંદ ત્હારો મદદગાર છે, અને ત્હારી નેક મુરાદ પાર પાડશે."

પેલી તરફ બોતપરરસ્તોનો બાદશાહ સગલાબ પોતાના બેટા ખુશરવ આગલ જઇને બોલ્યો "અએ નામવર, ઇરાનીઓથી તું બીલકુલ ગમ ન કર. હું એ ઇરાનીઓ સાથે એવી રીતે લડશ કે બીજી વખત આપણું નામબી લેવાની હીમ્મત નહીં કરે."

હવે, બેઉ તરફ લડાઇના નગારાં વાગ્યાં.

મયદાનમાં સગલાબ શાહના બત્રીસ છોકરા લશકરની આગલી હરોલમાં આવીને ઉભા રહયા, સગલાબના એ બત્રીસે બત્રીસ છોકરાઓ

લડવૈયા પહેલવાનો હતા. તે બત્રીસ પહેલવાન શાહઝાદાઓની પછવાડે વલી સગલાબ બાદશાહના ચુનંદામાં ચુનંદા ચાલીસ હબશી પહેલવાનો આવીને ઉભા, જેઓ આંગમાં જાડા મીસ્લે હાથી અને બધા પહેલવાન લડવૈયા તથા હથ્યારો વાપરવામાં હુસ્યાર અને બાઝુના જોરદાર. વલી, હરેક ફોજની ટુકડીઓના એકસો સરદાર હતા જેઓ સગલાબના સગા હતા, અને લડવૈયા ચુનંદા હતા. બોતપરસ્ત બાદશાહ સગલાબનું આખું લશકર જાણે દરીયાવના મોજાઓ પછી મોજાઓ હોય તેમ જણાતું હતું.

ઇરાનના નામવર પહેલવાનો તથા ઇરાની સીપાહોબી હવે સફ સમારીને મયદાને જંગમાં ઉભા.

પ્રકરણ ૪૫ મું.

બરબરીઓ સાથે ઈરાનીઓની લડાઈ.

ફરામર્ઝ પહેલવાન ગાહેરે બરબરીને મારી નાંખે છે.

લડાઇ શુરૂ થવાનું પડઘમ વાગ્યું.

બરબરીઓ તરફથી એક ઘણોજ ઝબરદસ્ત પહેલવાન મયદાને જંગમાં આવ્યો. તે પહેલવાને બરબરી એટલો લાંબો હતો કે જો કે તેના બે પગો ઝમીનપર હતા, તોબી તેનું માથું જાણે આસમાનને લાગતું હતું! તેને આખે બદને બખતર પેહેરેલું હતું, અને તેના હાથમાં એક જબરો મોટો મગરનો કાંટો હતો, પોતાની કમરે કમન્દ લપેટીને તે પાઉં પ્યાદો મયદાને પડયો. તેના હોટ ઉંટની મૂઆફક લબરતા હતા!

તેણે આવતાને વાર પોકાર માર્યો "આવે કોઇબી મ્હારા મયદાને જંગમાં, કે જે પોતાના જાનથી હાથ ધોઇ નાંખી બેઠો હોય."

તે સાંભલીને ઈરાનીઓ તરફથી નામવર પહેલવાન ફરામર્ઝ બહાર પડયો, અને તે ડુંગર જેવા હબશી સામે લડવા આવ્યો. હબશી પહેલવાન નામવર ફરામર્ઝને જોઇને મનમાં બોલવા લાગ્યો કે 'છટ, એ તો મ્હારી આગલ કુચ્છ બીસાદમાં નથી.'

અને તે પછી તેણે પોકાર મારીને ફરામર્ઝને કહયું "અએ ખરાની, તું કોણ છે?"

તે સાંભલીને નામવર ફરામર્ઝે કહયું "અએ કાફર, મ્હારૂં નામ ત્હારૂ મૌત છે. અએ સીહા મોંઢાના હબશી, તુને મ્હારા નામ સાથ શું છે કામ? તું લડવા આવ્યોછ કે નામ પુછવા આવ્યોછ? મ્હારૂં નામ પહેલવાન ફરામર્ઝ છે, અને ત્હારા જેવા તો મ્હારા એકસો ગુલામો છે. હવે જયારે તેં મ્હારૂં નામ જાણ્યુંછ, તો તુબી મ્હને ત્હારૂં નામ કહે કે વાકેફ થાઉં કે મ્હારે હાથે મરનાર કોણ દુશમન હતો."

પેલા હબશીએ તે સાંભલીને પોકાર માર્યો "અએ કમફઅમ, હું સગલાબ શાહના ત્રીસ હઝાર લશકરનો અફસર છેઉં, અને મ્હારૂં નામ ગાહેરે બરબરી છે, તું ત્હારૂં નામ ફરામર્ઝ બતાવેછ તો બોલ કે તું શું ફરામર્ઝે રૂસ્તમ છે?"

ફરામર્ઝ: "હા, હુંજ તે નામવર જેહાંપહેલવાન (તહેમતન) રૂસ્તમનો છોકરો ફરામર્ઝ છેઉ."

ગાહેરે તે સાંભલીને શેરની મૂઆફેક નામવર પહેલવાન ફરામર્ઝ પર હુમલો કીધો. તે બરબરીએ ફરામર્ઝને મગરનો કાંટો માર્યો, મગર તે ફટકો છટકાવી નાંખીને ફરામર્ઝે ધસી જઇ તે બરબરીના એકજ સપાટામાં બન્ને હાથ પકડી લીધા!! જે જોઇને બન્ને તરફનું લશકર તે ઝડપી ઝોર માટે અજાયબીમાં ગરકાવ થયા!

નામવર ફરામર્ઝે પોતાના એકજ હાથથી પેલા બરબરીના બેઉ હાથ એટલા તો ઝોરથી ફેરવ્યા કે બરબરી લાઇલાજ થઇ ગયો, અને તેના હાથમાંથી પેલો મગરનો કાંટો છુટી ગયો! ફરામર્ઝે તે જૂટવેલો કાંટો તે બરબરીની પોતાનીજ ગરદન ઉપર મારી દીધો, એવો તો ઝોરથી કે તેની ગરદન કપાઇ ગઇ, અને તેનું માથું તેના તનથી છુટું થઇને મયદાનમાં ગબડી પડયું!!

બરબરીઓના તમામ અફસરોમાં તે જોઇને એટલો તો બઘો મોટો ગભરાત અને અફસોસ ફેલાયો કે તેઓએ નીરાશ થઇને પોતાની કોલાહ માથેથી ખેંચી કાઢી ઝમીનપર પટકી નાંખી!

સગલાબ બાદશાહનું દીલ તો ગમથી ગોયા દબાઇ ગયું!

સગલાબ બાદશાહ પોતાના સીપાહસાલાર પાસે ગયો, અને તેને પુછવા પડયો કે એ ઇરાની પહેલવાન કોણ હતો જે એટલો બધો ઝબરદસ્ત હતો?

પેલો સીપાહસાલાર જે ઇરાનીઓના નામથી વાકેફ હતો, તેણે જણાવ્યું કે "આઅદના હબશી પહેલવાનોની મૂંડીને મૂર્ગની મૂડીની માફક તોડનાર પહેલવાન જેહાંગીરનો આ ઇરાની પહેલવાન વડો ભાઇ થાય છે, અને એનું નામ ફરામર્ઝ છે.

ફરામર્ઝનું નામ સાંભલીને તે દુશમન બાદશાહનેબી તેના જોરાવર કામ માટે આફરીન બોલ્યા વગર ચાલ્યું નહીં.

પ્રકરણ ૪૬ મું.

ફરામર્ઝના હાથપર ગોર્દ બરબરી અને બીજા એકસો બરબર પહેલવાનોનું માર્યા જવું!!

બરબરીઓ તરફથી ગોર્દ નામનો એક બીજો પહેલવાન બહાર પડયો, અને તે ફરામર્ઝની સામે એક વાઘ ધસ્યો આવતો હોય તેમ ધસી આવ્યો. નામવર ફરામર્ઝે પેલોજ મગરનો કાંટો ઉગામ્યો અને તેની પીઠપર માર્યો. પેલા બરબર પહેલવાનની બરડાની કરોડજ તે ફટકાથી ભાંગી ગઇ, અને તે કાતીલ ફટકાથી તે વધુવાર આ દુન્યાની રોશની જોવા પામ્યો નહીં!!

તેના મરવાથી બીજો એક બરબર પહેલવાન મયદાનમાં આવ્યો, નામવર પહેલવાન ફરામર્ઝે તેનેબી એક એવો ફટકો તેજ મગરના કાંટાથી એવો માર્યો કે તે તો ખભાં આગલથી બે કટકે ચીરાઇ ગયો!!

ત્રીજો આવ્યો, જેનેબી ફરામર્ઝે તેજ કાંટાએ જાનથી બેજાન કરી નાંખ્યો!!

ચોથો આવ્યો, જેને નામવર ફરામર્ઝે ઘોડા ઉપરથી ઉંચકી લઇને ઝમીનપર અફાળી નાંખ્યો, જેથી તેના હાડકે હાડકાંનો ભૂકો થઇ ગયો!!

એવીજ રીતે નામવર ફરામર્ઝની સામે એકસો બરબર પહેલવાનો આવ્યા, અને તેઓને બોલ બોલતામાં નામવર ફરામર્ઝે મારી નાંખ્યા!!!

જે પછી રાત પડવાથી લડાઇ બંધ થઇ, અને નામવર ફરામર્ઝ ઇરાની છાવણી તરફ પાછો ફર્યો.

ફરામર્ઝ જેવો જેહાંગીર આગલ આવ્યો, કે શેરદીલ જેહાંગીર ખુશી અને ખુરરમી ભરેલો જણાયો. તેણે ફરામર્ઝનો હાથ પોતાના બેઉ હાથોમાં લઇને ચુમ્યા.

જેહાંગીરઃ "મુરબ્બી બીરાદર, તેં આજે એવી એક લડાઇ કીધી કે જેનાથી સગલાબનું નામ સંગ સાથ અફલાબને ટુકડા થઇ ગયું. તેં બીરાદરે સગલાબને એવું કાન ચીમટવાનું શીખવ્યું કે ફરીથી નામવર ઇરાની પહેલવાનોનું નામબી લેવાને ભુલી જાય."

પેલી તરફ સગલાબ શાહ પોતાના તંબુમાં ગમગીન અને મૂઝાંયલો અંદેશાપર અંદેશા કરતો બેઠો. તેણે પોતાના પહેલવાનોને કહયું કે "આપણી પાસે એવો એકબી પહેલવાન નથી કે ફકત આ એકજ ઇરાની પહેલવાનને પુરો પડી શકે. ફકટ એકજ દીવસની લડાઈમાં અકેલા એકજ ઇરાની પહેલવાને આપણા ચુનંદામાં ચુનંદા એકસો એક પહેલવાનોને મારી નાંખ્યા છે, એ કાંઇ ન્હાની સરખી વાત નહીં કહેવાય."

એટલું બોલીને અફસોસ કરી, સગલાબ શાહ તે રાતના ખાધા પીધા વગર સુઈ ગયો!

મશરેક તરફથી ખુરશીદ રૌશન થયો, અને તે બીજે દીવસ થતાંજ લડાઇ ચલાવવાના નગારાં વાગ્યાં.

★

પ્રકરણ ૪૭ મું.

સામ અને સગાબની લડાઈ.

બરબર શાહઝાદાઓનું માર્યા જવું !

બરબર લશકરની હરોલમાં એક હાથી ઉભો હતો, જેના ઉપર બે બોત લાલ રંગથી રંગીને બેસાડેલા હતા. તે બોતના હાથી આગલ સગલાબ શાહ જઇને ઘોડા ઉપર સ્વાર થઇને ઉભો રહયો.

બરબર તરફથી સગલાબશાહનો પોતાનો એક બેટો નામે સગાબ મયદાને જંગમાં બ્હાર પડયો. તેનો ઘોડો પવનની માફક દોડતો હતો. તેણે આવતાંને વાર બુમ પાડીને કહયું "અએ ઇરાનીઓ, જેઓ મરવા માંગતા હોય તેઓ મ્હારી સામે લડવાને આવો. હું શાહ સગલાબનો બેટો સગાબ પોતે છું, અને મ્હારા જેવા ઝોરેમંદ શાહઝાદા સામે ત્હમો દમ લેવાની જીવતા રહી શકશો નહીં."

ઇરાનીઓ તરફથી નામવર પહેલવાન ફરામર્ઝનો છોકરો સામ લડવાને બહાર પડયો. તેણે આવતાને વાર સગાબને કહયું "અએ બદરગે કમફહમ, તું ફુગરાઇ ના જા કે તું એક શાહઝાદો છે અને બહુજ ઝોરાવર છે. હું ત્હારો મુકાબલો કરવા આવેલો છેઉં, મ્હારૂ નામ સામ છે, અને હું તે જેહાં પહેલવાન રૂસ્તમના છોકરા ફરામર્ઝનો છોકરો છેઉં, જે ફરામર્ઝે ગઇ કાલે ત્હારા એકસો એક ચુનંદામાં ચુનંદા પહેલવાનોને ચમટીમાં ચોલી નાંખ્યા હતા."

તેં સાંભલીને સગાબે સામ આગલ ઘોડો દોડાવ્યો, અને ધસારો લઇ જતાંજ તેણે શમશીર મ્યાનથી બ્હાર કાઢીને ઉગામી. સામે વાદલ ગગડે તેમ એક પોકાર મારતાંજ પોતાની શમશીર ખેંચી કાઢીને સેગાબની શમશીર ઉતરે તેટલાજ લગાવી, જેથી તે બોતપરસ્ત શાહઝાદો કમરમાંથી બરોબર અરધો કપાઇ જઇ બે ટુકડા થઇ મરણ પામ્યો! જેવો તે પડયો કે સગલાબની તરફનાઓ બધા બુમ બરાડા અને ચીખ પાડવા લાગ્યા! તેઓનો શાહઝાદો મરણ પામ્યો હતો, અને દીલગીરીના બુમાતાથી તેઓ પોતાના શાહની દીલગીરીમાં ભાગ લેતા હતા!—સગલાબ શાહના તે જોઇને હાથ પગજ જાણે વેરાઇ ગયા.

પોતાના બેટાનું વેર લેવા માટે સગલાબ શાહે સામની સામે બીજા એક પહેલવાન બેટા નામે ફરહાદને લડવા મોકલાવ્યો!

ફરહાદે સામની આગલ આવતાં કહયું "તેં એક ઘણા ઝબરદસ્ત સ્વારને મારી નાંખ્યો, મરહુમ મ્હારો ભાઇ હતો અને તેના મૌતને લીધે મ્હારો જાન જલી જાય છે. તેનાં મરણને લીધે હું ત્હારૂં ડોકું ઉડારી દઇને ત્હારા શરીરને ખાકમાં મીલાવી દઉં તો ખરો. મ્હારૂં નામ ફરહાદ છે, અને મ્હારી શમશીર ત્હારા લહુથી પ્યાસી હવે બનેલી છે."

એમ બોલતાંજ તે શમશીર ખેંચીને એક સીહા પહાડની મુઆ-ફેક સામ ઉપર ધસારો લઇ ગયો. સામે તેને વધુ વખ્ત દમ લેવા દીધો નહીં, અને પોતાની શમશીરનો ઝર્બ તેની ગરદન પર એવોતો ઝોરથી લગાવી દીધો કે ફરહાદનું ડોકું ઉડીને દુર જઇ પડયું, અને તેનું શરીર ઘોડા ઉપરથી ઢગલો થઈ નીચે પડયું! મગરૂર તે બરબર શાહ-ઝાદો, હવે લડાઈજ ભુલી ગયો!!

પ્રકરણ ૪૮ મું.

સગલાબ શાહના બીજા દશ શાહજાદાઓનું પહેલવાન સામના હાથપર માર્યા જવું !

એક બીજો બરબર શાહજાદો સામની સામે લડવા સારૂ આવ્યો. તે લડવા સારૂ ગયો તે દરમ્યાન સગલાબ શાહ તેની જીત માટે દુઆ કરવા પોતાના બોત પાસે ગયો ! તે બોતપરસ્ત શાહ બોતની આગલ ગુઠન્યે પડયો અને તે પત્થરના બનાવેલા બોતના પગોપર પોતાનું નાક ધરયું, તેને પગે પડયો, અને રડીને કહેવા લાગયો: "અએ એ તું દેખાતી ઉત્તમ શકતી, તું મ્હારા બેટાને મદદ થા અને તે લડાઇમાં જીતે તેમ કર."

એવી રીતે ત્યાં તે બોતપરસ્ત શાહ પોતાના બોતની મદદ માંગતો હતો, તેટલાં લડાઇના મયદાનમાં શું થયું? સગલાબના બોતે સગલાબને કેવી ઉમદા (!) મદદ આપી ! બાપના દુઆના સખુનો પુરા થયા કે તેજ વખતે પહેલવાન સામના નેઝાથી સગલાબના બેટાની છાતી વીંધાઇ ગઇ, અને સામનો નેઝો તેની છાતીમાંથી ચઇને પીઠમાંથી બ્હાર નીકલી પડયો ! ! તુરતજ તે બરબર શાહઝાદો જાનથી બેજાન થઇ ગયો !

તે પછી સગલાબ શાહના બીજા નવ પહેલવાન શાહઝાદાઓ ધરાની પહેવાન સામના હાથપર માર્યા ગયા ! !

સગલાબ શાહના પગો આગલ જયારે તેના બાર શાહઝાદાઓની લાશ લાવીને મુકવામાં આવી, ત્યારે તે ગશ ખાઇને ઘોડાપરથી

ઝમીનપર તુટી પડયો ! તેના સીપાહસાલારે તેને હોશમાં લાવવાની દોડાદોડી કીધી.

તે દીવસ માટે લડાઇ બંધ થવા વાસતેનું પડઘમ વાગયું, અને નામવર સામ પોતાની ઇરાની છાવણી તરફ પાછો ફર્યો. તે શેરની મુઆફેક પોતાના કાકા નામવર જેહાંગીર આગલ આવ્યો. કાકાએ પોતાના પ્યારા ભત્રીજાના કપાલપર અને હાથોપર ગરમ બોસાઓ લીધા, અને તેની પીઠ શાબાસી આપતાં ઠોકી. "પ્યારા બચ્ચા" કાકાએ ભત્રીજા સામની પીઠ ઠોકતાં કહયું "તેં મયદાનને ગજાવી મુકયું છે, અને સગલાબનું દીલ પુરજે પુરજા કરી નાંખ્યું છે."

નામવર જેહાંગીરે આપેલી શાબાસી પછી સામના પીદર નામવર ફરામર્ઝે પોતાના બેટાને મુબારકબાદી આપતાં કહયુ "પાક ખુદા તુને સલામત અને એવોજ ઝોરેમંદ જીવતો રાખે, મ્હારા વ્હાલા બચ્ચા."

ગીવ અને બેજનના દીલબી શાદ બની ગયા.

તે પછી નામવર જેહાંગીર પોતાના શામીયાનામાં સીધાયો, અને તેની પાછલ બધા ઇરાની પહેલવાનો ગયા. ત્યાં તેઓ ખુશીથી ન્યામત ખાવા બેઠા.

પેલી તરફ સગલાબ શાહે એક મોટી ચેહ સલગાવાનો હુકમ આપ્યો જેમાં પોતાના બેટાઓની લાશ મુકાવીને બાલી નખાવી. તેણે પોતાના બેટાઓનો સોગ સાત દીવસો સુધી કરવા માટે લશકરને ફરમાવ્યું, અને તેથી ઇરાની છાવણીમાં પયગામ મોકલાવ્યો કે સાત દીવસ સુધી લડાઇ બંધ રાખવી. ઇરાનીઓએ તે કબુલ રાખ્યું.

પ્રકરણ ૪૯ મું.

ફરામર્ઝનો બેટો તખાર બરબરીઓ સામે લડે છે, અને ૮૧ પહેલવાનોને તેઓનીજ બનાવેલી બલતી ચેહમાં નાંખીને મારી નાંખેછે!!

આંઠમે દીવસે લડાઇની તૈયારી થઇ, અને બેઉ બાજૂનું લશકર સફ સમારીને મયદાને જંગમાં ઉભું.

બરબરીઓ તરફથી ગોબાદ નામનો તેઓનો એક મોટો પહેલવાન બ્હાર પડયો. તેના બન્ને હાથોમાં બે નેઝા હતા! તેણે બ્હાર પડયાની અગાઉ પોતાના માણસોને હુકમ આપ્યો હતો કે એક મોટી ચેહ સળગાવવી કે જેમાં તે ઇરાની પહેલવાનોને પકડી પકડીને નાંખે!!–તેના હુકમ મૂજબ મયદાનની વચમાં એક મોટી ચેહ સલગાવવામાં આવી.

ગોબાદે બરબરી તે મોટી ચેહની આજૂબાજૂ ફરી ફરીને પછી મયદાને જંગમાં આવીને ઉભો. તેના બેઉ હાથોમાં જે નેઝા પકડેલા હતા તે એકેકા દશ દશ મણના હતા, જે એવા હતા કે જો પાહાડ-પરબી મારવામાં આવે તો પાહાડના ટુકડે ટુકડા થઇ જાય! તેણે એક મોટી બરાડ પાડતા ઇરાનીઓને અપમાન ભરેલા શબ્દો કહીને પુકાર્યું: "અએ લારસમના ત્હમો ઇરાનીઓ, આવો ત્હમે એકેક હવે મ્હારી સામે, કે ત્હમને આએ સામેની બળતી મોટી ચેહમાં પકડીને નાંખું, જેમાં ત્હમે ભુંજાઇને મરો. ત્હમોને બધાનેજ બાળી નાંખુ કે ત્હમો હવે પછી અમારી સામે લડવા જીવતા નહીં રહેો."

તે સાંભલીને ઇરાનીઓ તરફથી નામવર પહેલવાન જેહાંગીરનો બીજો ભત્રીજો–પહેલવાન સામનો ભાઇ–તખાર તે મગરૂર બરબરી પહેલવાન સામે લડવા બહાર પડયો. તેના માથાપર કોલાહ હતી, તે એક મોટા શેરની મૂઆફેક ધસી આવતો હતો, અને તેના જમણા હાથમાં નેઝા અને ડાબા હાથમાં ઢાલ હતી. તેણે અઝદાહની મૂઆફેક તે બરબર પહેલવાન સામે ધસી આવતા કહયું "અએ કાફરે બોતપરસ્ત, તેં ઇરાનીઓને બાલી નાંખવા સારૂ આતશની ચેહ સલગાવીછ તો ખરી; મગર, યાદ રાખજે કે તે ત્હારીજ ચેહમાં તુને પોતાને જલવું પડશે, અને ત્હારૂં પાપ ત્હારા બીજા બરબરીઓનેબી નડશે!"

"તું એટલી બધી વાત કરેછ તો મ્હને ત્હારૂં નામ જણાવ કે તું કોણ છે?" પેલા બરબરીએ કહયું.

તખારે જવાબ આપ્યો "અએ નાબકાર, મ્હારૂં નામ જેહાનમાં તખાર છે."

તખારનું નામ સાંભલીને તે બરબર પહેલવાને એક ધસારા સમેટ પોતાના હાથમાંનો નેઝા છુટો ફેંકયો, મગર તે નેઝા પહેલવાન તખારે છટકાવ્યો અને પોતે બચ્યો; પણ, તેના ઘોડાને તે લાગ્યો! તખારના ઘોડાને જેવો તે નેઝો લાગ્યો કે તેની ગરદનમાંજ તે ખુંચ્યો, અને લહુથી ખરડાઇને તે ઘોડો ઝમીનપર મુરદું થઇને પડયો!

ઘોડાને પડતો જોતાંજ નામવર પહેલવાન તખારે ઘોડા ઉપરથી એકદમ કુદકો માર્યો અને તે બરબર પહેલવાને જયારે તખારને પ્યાદો જોયો ત્યારે તે પોતાને અચ્છી ટક મલેલી જોઇને એકદમ તખારપર હુમલો લઇ ગયો. તેણે હુમલો લઇ જતાજ ચાહયું કે નામવર તખારને ગીરેબાનમાંથી પકડી ઉઠાવી લઇ ઝમીનપર અફાલે, મગર ઇરાની પહેલવાને તેનો હાથ છટકાવી નાંખતાજ તેની કમર પકડી લીધી અને તેને ઘોડા ઉપરથી નીચે ખેંચી કાઢયો! બેઉ પ્યાદા થતાજ એક બીજાપર ઝોર કરવા લાગ્યા, અને તે બન્ને પહેલવાનોની કુસ્તી થઈ.

બેઉએ ઘણું જોર કીધા પછી ઇરાની પહેલવાને પેલા બરબરી પહેલવાન ગોબાદને કમરમાંથી પકડીને એક દમ ઉઠાવી લીધો, અને તેને ઝમીનપર પટકતાજ તેના બન્ને હાથો પોતાની કમરબંદમાં બાંધેલી કમન્દને છોડીને બાંધી લીધા! તખાર તે પછી તે બરબર પહેલવાનને ઘસડીને ત્યાં લઇ ગયો, જ્યાં તે બરબરે ઇરાનીઓને બાલવા પોતેજ ચેહ સલગાવવાનો હુકમ આપ્યો હતો. તે ચેહના બલતા ધીમડાંઓ ઉપર તખારે ગોબાદને નાંખતા કહયું "જા, ત્હારી ચેહમાં તુંજ તબાહ થઇ જા."

સગલાએ દાંતમાં આંગલી પકડી લીધી! પણ તે પછી ચીરડાઈને તેણે પોતાના પહેલવાનો તરફ જોઇને બુમ પાડી "શું અહીં એવો એકબી પહેલવાન નથી જે જઇને પેલા ઇરાનીને તે ચેહમાં નાંખી દે, જે ચેહમાં તેણે ગોબાદને નાંખ્યો છે!"

તે સાંભલીને બરબરો તરફથી બીજો એક પહેલવાન તખાર સામે ધસી ગયો, પણ તે ત્યાં જઇ પહોંચ્યો તેટલાંજ તખારે તેના બેઉ હાથો પોતાના ડાબા હાથમાં પકડી લીધા, અને જમણે હાથે તેને કમરમાંથી પકડી ઉઠાવી લઇને ચેહ તરફ ગયો! તખારે તે બીજા બરબરીનેબી તેઓનીજ બનાવેલી તે ચેહમાં નાંખીને માર્યો!!

ત્રીજો પહેલવાન બરબરીઓ તરફથી લડવા બ્હાર પડયો જેને તો તખારે દમ લેવાબી નહીં દીધો, પણ તેને એક રમકડાંની મીસાલ ઉંચકીને પેલીજ ચેહમાં ઉડારી નાંખ્યો!—બરબર છાવણીની અંદર મોટો ગભરાત ફેલાયો! સગલાબ તો અજાયબીથી ગોયા ડંગજ થઇ ગયો કે તેના મોટા મોટા પહેલવાનો બીલકુલ બકરાં જેવા લાચાર બની જઇને રમકડાંની મીસાલ ઉંચકાઇ જતા હતા!

ચોથો પહેલવાન બૌતપોરસ્ત બરબરીઓ તરફથી લડવા આવ્યો, તેનેબી તખારે કમરબંદમાંથી પકડીને ઉંચકયો અને જયાં ઉભેલો હતો ત્યાંજ ઉભો રહીને તખારે તેને ચેહ તરફ હવામાં ઉછાલ્યો. આપણે એક દડાને કોઈની તરફ નેમ લઇને તેને પકડવા માટે

ઉડારીએ, તેમ તખારે આબાદ તે પહેલવાનને ઉછાલીને તે ચેહના ડાચાંમાં ઉડારી નાંખ્યો !!

એજ મીસાલ નામવર પહેલવાન ફ્રામર્ઝના તે ઝોરાવર બેટાએ બધા મલીને ૮૧ બરબરીઓને તે એકજ દીવસમાં બરબરીઓનાજ બનાવેલા ચેહમાં જીવતા નાંખ્યા, જ્યાં તેઓ બલીને મોતના હાથોમાં ગીરફ્તાર થઇ ગયા !!

તે પછી તે દીવસને માટે લડાઇ બંધ થઇ, અને નામવર તખાર ઇરાની છાવણીમાં પાછો ફર્યો. નામવર જેહાંગીરે પોતાના તે પહેલવાન ભત્રીજાના હાથો ચુમ્યા, અને મુબારકબાદી આપતા તેની વખાણ કીધી.

તે પછી ઈરાનીઓ શાદમાનીમાં ખાવાપીવા બેઠા.

પેલી તરફ સગલાબ શાહ ખાધાપીધા વગર અંદેશો કરીને બેઠો, ત્યારે તેની આજુબાજુ તેના પહેલવાનોએ તેવાજ ગમથી આવીને જગયા લીધી. સગલાએ તેઓ તરફ ફરીને જોઇને કહયું "અએ બેદીલાન, તહમો કોઇબી કાંઇબી કાંઈ કરી શકો તેવા નથી. હું પહેલા પહેલા આપણા પહેલવાનો ઉપર બહુજ મગરૂર હતો, પણ હવેજ મ્હને માલુમ પડયું છે કે ઇરાનીઓ ઘણાજ ઝબરદસ્ત છે; તેઓ શેરો છે, જયારે આપણે બકરા છીએ, બરબરના પહેલવાનો એટબી મ્હારે કામ નહીં આવ્યા, મ્હારા શાહાઝાદાઓ આ લડાઈમાં માર્યા ગયા, અને મ્હારા પહેલવાનો કાંઇબી કરી નહીં શકયા!"

શાહ સગલાબના અંદેશા ભરેલા શબ્દો સાંભલીને તેના પહેલવાનોમાંથી એક ઉઠીને ઉભો થયો. તેનું નામ "કહારેકેહાન" હતું, અને તે અઝદાહ પકડી લે તેવો ઝોરાવર હતો. તેણે નમીને કહયું "આવતી કાલે હું ઇરાનીઓની સામે મયદાનમાં લડવા જઇશ, મ્હારી સામે જેબી ઇરાની લડવા આવશે તેને મારીને લંગડો બનાવીને પછી હલાક કરીશ."

પ્રકરણ ૫૦ મું.

ગીવ અને બોતપરસ્ત બરબરીઓની લડાઇ. બરબરીઓના ૭૦ પહેલવાનોનું ગીવના હાથપર માર્યા જવું.

સહવાર થઇ, અને લડાઇના નગારાં વાગયાં. પોતાના ખઇમાંમાંથી સગલાબ શાહ પહેલો બહાર પડયો, અને તે પછી તેનો સીપાહસાલાર અને પહેલવાનો આવ્યા. લશકરોબી સફ સમારીને ગોઠવાઈ ગયા. સગલાબ શાહે પોતાના બોતોને ફરીથી હાથીઓપર મુકાવ્યા, અને જાન વગરના તે પત્થરના પુટલાઓને નમન કરીને તે તેમના હાથી આગલ જઇને ઉભો, અને તે બોતો તેને તે દીવસે જરૂરજ ફતેહ આપે તેવી દુઆ કરવા લાગ્યો ! !

પેલી તરફ ઇરાનીઓબી નામવર જેહાંગીરની સરદારી હેઠલ ગોઠવાઇ ગયા અને ઇરાની લશકરબી સફ સમારી ઉભું. નામવર જેહાંગીરે પાક ખુદા જે આખી દુન્યા અને તમામે તમામ ચીઝોનો બનાવનાર છે, તેની મદદ માંગી અને તે એક પાક પરવરદેગારની બંદગી કીધી.

તે પછી બરબરો તરફથી લડવા માટે મયદાને જંગમાં કેહારેકેહાન આવ્યો, તે એટલો બધો ઝબરદસ્ત હતો કે હાથી જેવો લાગતો હતો. અને તે સવાર થઇને દોડતો હતો ત્યારે તેનાં પગ નીચેની ઝમીનબી ધ્રુજતી હતી. તે બુમબરાડા પાડીને બોલ્યો "અએ ઇરાનીઓ, મયદાનમાં ત્હમો આવીને મ્હારા જેવા શેરની બરોબરી કરો, ત્હમોને મારી નાંખીને હું કેવા તબાહ કરી નાંખુછ તે જોજો, અને પછી બરબરો સામે લડવાનુંજ ભુલી જજો."

ઇરાનીઓ તરફથી એક જણ બહાર પડયો, જેણે નીચે બખતર પેહેડેલું હતું અને તે ઉપર ઝરરીન લીબાસ સજેલો હતો. કેહારે જોયુ તો તે ઇરાની પહેલવાન એવો જબરો લાગતો હતો કે જાણે તેની ચુંગલમાંથી શેરબી નીકલી નહીં જઈ શકે! તેના હાથમાં એક ખંજર હતું, કે જે પત્થર ઉપર મારે તો પત્થરનેબી ટુકડા કરે!

કેહારે તે ઇરાની પહેલવાનને પુછયું "ત્હારૂં નામ શું છે તે મ્હને કહે."

"મ્હારૂં નામ શું કામ પુછેછ?" તે ઇરાની પહેલવાને જવાબ આપ્યો "લડાયક મર્દોનું નામ શમશીરે તેઝ હોય છે, જે દુશમનનું સર તનથી જુદુ કરીને લહુમાં આલુદા કરી દે. જો તુને મ્હારૂં નામ જાણીને પછીજ મરવું હોય તો જાણી લે કે હું ગીવ છું."

ગીવનું નામ સાંભળીને તે બરબર પહેલવાન થોભ્યોજ નહીં, પણ એકદમ ગીવપર ધસારો લઇ ગયો. તે બરબર પહેલવાન કાંઇબી કરી શકે તે અગાઉ ગીવે નેઝા ખેંચીને તેની છાતીમાં મારી દીધો, જેથી તે બરબર પાહાડના એક મોટા ટુકડાની મૂઆફેક ઝમીનપર પડયો અને ગીવના એકજ તે નેઝાથી તેણે પોતાનો જાન છોડી દીધો!! જાણે દુન્યામાં તે હતોજ નહીં!

સગલાએ દુરથી તે જોઇને પોતાના કપાલ ઉપર હાથ મારીને અફસોસ કીધો "હું આએ ઇરાનીઓથી બેઝાર થઇ ગયો. એ કેટલા બધા ઝોરદાર અને કેવા પહેલવાનો છે જે એકેક કરતા એકેક સરસ છે!! હું ધારૂંછ કે એ લોકપર કોઇબી પોતાનો પંજો મારી શકે નહીં!"

તે પછી બરબરો તરફથી એક બીજો પહેલવાન આવ્યો, અને તે જેવો આવ્યો કે ગીવે પોતાના ભાલાથી તેને હલાક કરી નાંખ્યો!

કાલા પાહાડ જેવો એક બીજોબી આવ્યો, જેનેબી ગીવે તુરતજ મારી નાંખ્યો!!—તે પછી બીજોબી આવ્યો, જેનેબી ભાલાના ફટકાથીજ ગીવે મારી નાંખ્યો!!

તે પછી બીજાબી આવ્યા, અને તે શેર ઇરાનીના પંજામાંથ બચીને કોઇબી પાછો ગયો નહીં!

પાક દાદારની તારીફથી ગીવે ૫૦ બરબર પહેલવાનોને ખાક ચાટતા કરી હલાક કરી નાંખ્યા!!

સગલાબે જોયું કે હવે તેનું કાંઇ વળવાનું નહીં હતું, જેથી તેણે વધારે પહેલવાનો મોકલાવ્યા નહીં, પણ લશકરની એક ટુકડી લઇને પોતે ગીવપર હુમલો લઇ ગયો!

નામવર જેહાંગીરે તેની દગલબાઝી જોઇને પોતે ગોર્ઝ ખભાંપર મુકીને મયદાનમાં જીપલાવ્યું, અને સગલાબના લશકરની ટુકડીમાં તે ગોર્ઝ વીજલીની મૂઆફેક ફેરવવા માંડયું, તેના એકેકા ફટકાથી સગલાબના સીપાહોના સીપાહો માર્યાં જતા હતા!!

સગલાબનું વધુ લશકર તે જોઇને તેની મદદમાં આવ્યું, જેથી નામવર પહેલવાન ફરામર્ઝ ઇરાની લશકરની એક ટુકડી લઇને પોતે મ્યાનથી શમશીર બ્હાર કાઢીને ગીવ અને પોતાના ભાઇ જેહાંગીરની મદદમાં ધસી ગયો.

પ્રકરણ ૫૧ મું.

ઈરાની અને બરબર લશકરનું લડવું. પચાસ હજાર બરબરોનું માર્યા જવું!

ફરામર્ઝના બેટાઓ સામ અને તખાર, તથા તુસ, અરદેશીર, બેજન અને બીજા ઈરાની પહેલવાનો ઈરાની લશકરોને લઈને મયદાને જંગમાં ધસી ગયા. બેઉ તરફ લશકરોની લડાઈ ચાલી, અને ભયંકાર ચીખો તથા બુમ બરાડાઓથી મયદાન ધ્રુજી રહયું. અકકલ અને હોશ બે ઘડી જડ થઈ જાય તેવો શોરબકોર ત્યાં ઉઠી રહયો.

રાત સુધી જંગી મોટી લડાઈ ચાલી, અને લશકરોએ એક બીજા ઉપર પડીને મોટી કત્લ ચલાવી. બરબરી લશકર ઘણી મોટી સંખ્યામાં નાશ પામ્યું, અને રાત પડતા સુધી તે હારીને પાછલ હટયું. મગર, સગલાબ તાબે નહીં થયો; અને તેણે લડાઈ બંધ થવાનું પડઘમ વગડાવ્યું.

ઈરાની લશકરેબી મારવાનું છોડી દીધું, અને બધા પોતપોતાની જગ્યા ઉપર પાછા ગયા. ફરામર્ઝ, સામ, તખાર, બેજન, તુસ અને અરદેશીર જયારે તંબુમાં આવ્યા ત્યારે તેઓનો દેખાવ જાણે દરીયાવે ખુનનો મોજો આવતો હોય તેમ જણાયો: તેઓના હાથ-પગ અને તમામ કપડાંપર લહુ અને લહુનીજ નીશાનીઓ હતી! તેઓને જોઈને નામવર જેહાંગીર ઘણો ખુશ થઈ ગયો, કેમજે તે પોતાના બે પહેલવાનોમાંથી કોઈનેબી તે જંગી લડાઈમાં માર્યા ગયલા હોવાનું ધારતો હતો! તે પહેલવાનોને હાથ--પગ–મોઢાં ધોવા માટે ત્યાં પાણીબી

પુરતું નહીં હતું, જેથી તેઓએ ઝમીનની ખાકથી તે લહુ સફા કીધું! ખાણું લેવા પછી તેઓ બધા ખાબ કરવા ગયા.

પેલી તરફ સગલાબ જયારે પોતાના ખર્ઇમાંમાં ગયો, ત્યારે તેણે પોતાના પહેલવાનો તરફ ફરીને કહયું "આપણો ખુદા આપણી ઉપર ફરી ગયોછ, અને તે હવે આપણુને બીલકુલજ મદદ કરતો નથી. આપણું નશીબજ ફરી ગયુંછ, જેથી આપણા દુશમનો આપણી-પર સરસાઇ ભોગવતા થયાછ. હું નહીં સમજી શકતો કે હવે ઇરાનીઓ આપણીપર શુંબી કરશે!" તેટલું બોલ્યા બાદ સગલાબ શાહે પોતાના માણસોને મસાલચીઓ સાથે મયદાનમાં મોકલાવ્યા કે મુએલા બરબરોની ઉડતી ગણત્રી કરી આવે.

ગણત્રી કરવામાં આવી અને મસાલચીઓનું એક ટોળું પચાસ હઝાર બરબર લશકરના મૌતની ખબર લાવ્યું!! તે સાંભલીને સગલાબે સર્દ એક આહ મારતા કહયું "અફસોસ, હું આએ લડાઇથી ધરાઇ ગયો! મ્હારા ચુનંદા સીપાહો બીચારા પોતાના પ્યારા જાનને પચાસ હઝારની સંખ્યામાં એકજ વખ્તમાં ખોહી બેઠા, તો જો હું આગલ લડાઇ ચાલુ રાખીશ તો મ્હારા કેટલા બધા સીપાહોના કીમતી જાનો તબાહ થઇ જશે!"

સગલાબને રડતો જોઇને તેના બીજા પહેલવાનોએ સમજાવ્યું કે "દુન્યાની ચાલ એવીજ છે, તમે ગમ ના ખાઓ. લડાઇના મયદાનમાં તો જાનની નુકશાની સીવાય બીજું કાંઇજ હોય નહીં. તમે ફીકર નહીં કરો, દુશમનો આખરે ખતા પામશે. આપણો બોત આપણુને આખરે ફતેહજ આપશે."

સગલાબને જયારે તેના પહેલવાનોએ ખુબ દીલાસો આપ્યો, ત્યારે તે આહોઝારીનો દમ ભરતો ખામોશ થયો; અને તેણે હુકમ આપ્યો કે "બરબર સીપાહોના મુરદાંઓ જેટલાબી મલી આવે તેટલા જમાવ કરીને બાળી નાંખો."

તે પ્રમાણે કરવામાં આવ્યું, અને તે રાતના બળતા મુરદાંઓનો ધુંવો એટલા તો ત્યાં થઇ રહયો કે જાણે દુન્યા ધુંવાથી તમામ ભરાઇ ગઇ! તે જોઇને બરબરો માતમ કરવા લાગ્યા, અને સગલાબ શાહ પાછો રડવા લાગ્યો.

પ્રકરણ પર મું.

બેજનની ફરહાદે બરબરી સાથની લડાઈ.
ફરહાદનું ઈરાની પહેલવાનના હાથપર માર્યા જવું!

—:o:—

બીજે દીવસે પાછી લડાઇની તૈયારી થઈ, અને સગલાબ પોતાના બાત આગળ જઇને પાછો ઉભો, તેના પહેલવાનો અને લશકરોબી સફ સમારીને ઉભા.

નામવર જેહાંગીરે તે જોયું, અને તે પોતે પાક ખુદાની પ્યારી યાદ કરીને ઇરાની વાવટા આગલ જઇ ઉભો. અને ઇરાની પહેલવાનો તથા લશકરોબી લડવા સારૂ તૈયાર થઇને સફ સમારી રહયા.

બરબરીઓ તરફથી એક પહેલવાન મયદાને જંગમાં આવ્યો, અને ઘોડો ખુબ ઝોરમા અહીં તહીં દોડાવીને તે પોતાની બહાદુરી બતાવવા લાગ્યો. તેણેબી ઇરાનીઓ તરફ જોઇને બુમ પાડી "મ્હારૂ નામ ફરહાદે લોખંડી છે, અને મ્હારા ગોર્ઝના ફટકાથી તો આસમાનની પીઠબી બે ટુકડા થઈ જાય! મ્હારા મયદાનમાં તો જેબી લડવા આવશે તે સીર્ફ મૌતનેજ મલવા આવશે! મ્હારી બરોબરીએ તમારામાંથી કોઇજ નથી."

તે બોલતો હતો તે દરમ્યાનમાંજ ઇરાનીઓની તરફથી એક પહેલવાન ઘોડેસ્વાર થઇને દોડી આવ્યો. તેને જોઇને ફરહાદે કહયું "અએ પહેલવાન, હવે ત્હારો ઝમાનો પુરો થયોછ. મગર તું મ્હારે હાથ મરી જાય તે અગાઉ મ્હને જાણી લેવા દે કે તું શું નામથી દુન્યામાં જણાયલો હતો?"

"મ્હારૂં નામ બેજન છે, અને તુને ખાકમાં મીલાવી દેવા વાસ્તે આવેલો છઉં." બેજને કહયું.

અને બેજનનું બોલવાનું પુરૂં થતાંજ તે બરબર પહેલવાને દેવની મૂઆફેક બેજનપર હુમલો કીધો, જે જોઇ બેજન ઢાલ આડી ધરીને ઉભો રહયો. બેજનની ઢાલપર તે બરબરની શમશીર એટલી તો ઝોરથી જઇ પડી કે બેજનની ઢાલના બે કટકા થઇ ગયા. બીજેબી એક ફ્ટકો તે બરબરે માર્યો, જે બેજને છટકાવી નાંખ્યો પણ જઇને તે ફ્ટકો બેજનના ઘોડાની ગરદનપર બરોબર લાગ્યો! અને તે લાગતાંજ બેજનનો ઘોડો મરી ગયો, અને બેજન ઘોડાપરથી પડી ગયો. બરબર પહેલવાને તે ઘણી અચ્છી ટક જોઈ, અને તેણે ઝડપ વાપડીને પડેલા બેજનપર શમશીરનો એક બીજો ફ્ટકો ગુમાવ્યો, પણ શુરો બેજન ઝમીનપર ગોલાટયું ખાઇ ગયો અને તેણે તે ફ્ટકો છટકાવ્યો. ગોલાટયું ખાઇને પોતાને છટકાવતાજ બેજને વીજલી કામ કરે તેમ કુદીને પોતાની શમશીરનો ફ્ટકો તે બરબર પહેલવાનના ઘોડાના પગોપર મારયો આબાદ નેમથી મારેલો તે ફ્ટકો કારગર થઇ પડયો, અને બરબરના ઘોડાના બે આગલા પગો કપાઇ ગયા, તેનો ઘોડો પડયો, અને ઘોડાના પડવા સમેટજ તે બરબર પહેલવાનબી ઝમીનપર અફલાઇ ગયો. બરબરના પડવાથી તેના માથાપરની કોલાહ ઉડી ગઈ અને ઇરાની પહેલવાને તે ટકનો લાભ લઇ લેતાં શમશીરનો એક ઝર્બ તે ઉંઘાડા માથાપર એવો મારયો કે બરબર પહેલવાન ફરહાદનું માથું બે ફાડચાં થઇ ગયું, અને તેનો જાન ઉડી ગયો!!

પ્રકરણ ૫૩ મું.

બેજનનું ચાલીસ બરબરીઓની સાથે લડવું! ત્રીશનું નહાસી જવું અને દશનું ઇરાની પહેલવાનના હાથપર માર્યા જવું.

બરબર પહેલવાન ફરહાદના મારયા જવાથી સગલાબ શાહે ચાલીસ બરબર પહેલવાનોને એકદમ સાથે બેજન સામે લડવા મોકલી આપ્યા!!

તે ચાલીસ બરબરોએ ઇરાની પહેલવાનને ચારો તરફથી ઘેરી લીધો, બેજન વગર દહેશતે તેઓ ઉપર શમશીર લઇને ધસી ગયો, તેણે એકના બનને પગો કાપી નાખ્યા, અને બીજાનું માથું ચીરી નાંખ્યું!!

તે પછી બીજા એક હુમલામાં તેણે બીજા બરબરીઓને શમશીરના પટા ફેરવી ફેરવીને કાપી નાખ્યા, બરબરોમાં મોટો તરખાટ મચી રહયો. અને તે ડરપોકો લડયા વગર નહાસી ગયા, જાણે વાઘને જોઇને કોહલા નહાસે તેમ!!

નામવર પહેલવાન બેજનને તે પછી થોડી ફુરસદ મલી, જે દરમ્યાનમાં તેના પીદર ગીવે તેને માટે એક ઘોડો મોકલી આપ્યો.

સગલાબે પેલી તરફ તે દેખાવ જોઇને એક સર્દ નીસાસો નાંખ્યો "અફસોસ, ચાલીસ માણસો એક માણસની સામે કાંઇજ કરી નહીં શકયા! કેવી હીણપસતી, કેવી લાનત આપણી ઉપર! શું ઇરાનીઓને જોઇનેજ ત્હમો બરબરોના હાંજા ગગડી જાયછે? શુ ત્હમારામાં હવે એવો એકબી પહેલવાન નથી કે મયદાનમાં ઉભેલ એ ઇરાની સામે જઇને લડે!"

તે સાંભળીને સગલાઅનો વડો બેટો ખુશરવ પોતે લડવા જવા માટે તૈયાર થયો. તે પોતાના પીદર પાસે લડવાની રજા લેવા સારૂ ગયો. તેની ખ્વાહીશ જાણ્યા બાદ સગલાએ કહ્યું "સંભાલજે બેટા, એ ઘણોજ ઝબરદસ્ત પહેલવાન છે, અને એ તુને મારે નહીં તેની ખૂબ તકેદારીમાં રહેજે."



પ્રકરણ ૫૪ મું.

બેજન સાથે સગલાબ શાહના વડા બેટા ખુશરવની લડાઈ. ખુશરવનું મૌતને મલવું!

હવે બેજનની સામે લડવા સારૂં સગલ્લાબ શાહનો છોકરો ખુશરવ બહાર પડયો. તેણે આવીને કહયું "હું સગલાબનો છોકરો છેઉ, અને એમજ સમજ કે હું અકેલો એક હઝાર માણુસનું ઝોર રાખુંછ; મ્હારી આગલ ભલા ભલા બાદશાહ નમેછ, અને મ્હારા ઝોરપર તેઓ આફ્રીન પુકારેછ. મયદાનમાં હું દેવના ડોકાં તોડી નાંખુછ, તો મ્હારી આગલ તું શું બીસાદમાં છે! અગર રૂસ્તમ પહેલવાન પોતેબી મ્હારા મયદાનમાં લડવા આવે તો તેબી મ્હારેથી હારી જાય, અને જો કુનેહ નહીં વાપરે તો મ્હારે હાથ માર્યોંબી જાય! જેહાંગીર પોતેબી અહીં આવતે તો કાંઇ તેણે અચ્છી સીપાહસાલારી કીધેલી કહેવાતે, કેમજે તે મ્હને જરાકબી હંફાવી શકતે; પણ તું તો, છટ, મ્હારી આગલ એક મુઠઠીભર ખાક છે! તું થોડો વખ્ત જે મ્હારી સામે ઉભોછ તેજ વખ્ત જાણુ કે ત્હારી ઝીંદગીની પાકી રસી છે, બાકી હું જો હુમલો કરશ તો પછી તે રસી કાચી થઇ જશે, મ્હારે હાથ તુટી જશે, અને તું મરી જશે. બેજન, ત્હારા મોત ઉપર ઇરાનીઓ રડશે, માટે ગમે તો હજુણુબી શરણે આવ."

બેજન: "ભાશણ છોડી દે, અને જે કામ કરવાનું છે તે શુરૂ કર. શમશીર મ્યાનથી ખેંચ, અને ત્હારી ફુઝુલ બકવાઓને જરાકબી તો બતાવી આપ કે તે કોઇ ચીઝમાંબી છે!"

ખુશરવે બરબરી: "હું શમશીરથી નહીં, પણ તુને આએ મચ્છીના હાડકાંથી મારીશ. મારીશ, તુને મારીશ, અને તમામ ઇરાની પહેલવાનોને મારીને તબાહ કરીશ."

બેજન: "અએ નાખરદ મર્દ, ત્હારી કમઅકલી ત્હારા માથા-માંજ રહેવા દે, તેને ખાલી બકવાથી ઘોલી ન દે. તું જે બધી વાત કરી ગયો તે વાત તું મખમલના બીછાનાપર સુએ ત્યારે બોલી શકે, બાકી લડાઇના મયદાનમાં તો બધું પત્થરપર પાણી સમજજે! ચલાવ, આવી જા, લડીને બતાવ ત્હારો હુન્નર!"

ખુશરવ તે સાંભલીને બેજનપર મગરનો કાંટો ઉંચકીને ધસારો લઇ ગયો, પણ તેનો મગરનો કાંટો ઉપર ઉગમાયલો હજૂણુ તો નીચે ઉતરે, તેટલાંજ બેજને પોતાની શમશીરનો એક ઝર્બ એવો તો ઝોરથી ખુશરવની કમરમાં માર્યો કે ખુશરવ તે ઝબરદસ્ત ફટકાથી બે ટુકડા થઇને પડયો!! તે કે જે "એમ કરૂં" "તેમ કરૂં"ની મગરૂરીથી ફુલી ફાટીને ત્યારની બકવાઓ કરતો હતો, તે બેજનની શમશીરના એકજ ફટકાથી બે કટકા થઇને મરી ગયો!!

સગલાબે દુરથી તે જોઇને માથું કુટયું, અને તે ઝમીનપર જીકાઇ પડયો. તેણે પોતાના સર ઉપર ખાક નાંખવા માંડી, પોતાનું ગીરેબાન ચાક કીધું, અને રડીને બોલ્યો "અરે, હું તબાહ થઇ ગયો! મ્હારો છોકરો સીંહની મૂઆફેક ઝબરદસ્ત હતો અને તે એકજ પલમાં કટકા થઇ મૌતને હાથ ગીરફતાર થઈ ગયો! એ ઇરાનીઓ મ્હને માણસ ઝાત નથી લાગતા, પણ ઝોરમાં દેવોથી વધારે કુવ્વતદાર લાગેછ! મેં મ્હારા ખુશરવને કેવા લાડથી ઉધારયો હતો, અને મુલ્કે શામની બાદશાહી મેં એને આપી હતી. મેં મ્હારા ખુશરવને છેક ટોંચપર ચઢાવ્યો હતો, પણ આજે આએ ઇરાનીના હાથથી તે તે ટોંચપરથી નીચે ગબડી પડયો, અને હલાક થઇ ગયો! અફસોસ, મેં કેટલું બધું ખોહી દીધું!"

તે પછી ખુશરવનું શબ મયદાને જંગમાંથી લાવીને સગલાબની પાસે મુકવામાં આવ્યું! સગલાબ તે શબને પોતાના ખોળામાં મુકીને ખુબ તેને ચુમી ચુમીને રડયો, અને પછી પોતાના સર ઉપર ફરીથી ખાક નાંખવા લાગ્યો "અએ નાઝોથી પળાયલા મ્હારા બેટા, તુ આજે મોતને મલ્યો અને તુને બાલવાનો હુકમ આપતાં મ્હારી ઝબાન કપાઇને ટુકડા થાયછ, મ્હારૂં દીલ ચીરાઇ જાયછ! અફસોસ, હું તબાહ તબાહ થઇ ગયો, અને મેં આએ ઇરાનીઓથી તોબાહ તાબાહ કીધી!"

તે પછી સગલાબે લડાઇ બંધ કરવાનું પડઘમ વગડાવ્યું, અને પોતાના બેટાને બાળી નાંખવા માટે જુદી ચેહ સલગાવવાનો હુકમ આપ્યો.

બેજન જ્યારે ઇરાની છાવણી તરફ પાછો ફર્યો, ત્યારે નામવર પહેલવાન જેહાંગીરે તેના બેઉ હાથો પકડી લઇને તે ઉપર બોસા લીધા, અને બોલ્યો "તેં બોતપરસ્તો ઉપર આજે એક ઘણો મોટો અને ઉંડો છાપ બેસાડયો. તેં સગલાબને ગોયા જીવતો મારી નાંખ્યો!"

તે પછી ગીવે પોતાના બેટા બેજનના કપાળપર બોસો લેતાં કહયું "પાક ખુદા તુને સલામત રાખે મ્હારા બેટા, તેં ઘણીજ મોટી બહાદુરી આજે કીધી."

તે પછી સગલાબશાહ તરફથી એક પયગામચી આવ્યો કે સગલાબના બેટા ખુશરવના મરણ માટે શાહ દશ દીવસ સોગ પાળનાર છે અને તેથી એ દશ દીવસો સુધી લડાઇ બંધ રાખવી.

ઇરાનીઓએ તે વાત કબુલ રાખી, અને લડાઇ દશ દીવસ બંધ થવાનો હુકમ બોલ બોલતાં ફેલાવવામાં આવ્યો.

તે પછી ઇરાની પહેલવાનો નામાવર પહેલવાન સીપાહસાલાર જેહાંગીરના તંબુમાં એકઠા મલ્યા, અને પાક ખુદાએ આપેલું ન્યામત ખાવા લાગ્યા. જમવાની અગાઉ શરાબનો દૌર ચાલ્યો, અને જમવા પછી ગાવા બજાવવાની ખુશી જામી.

દશ દીવસ પુરા થઇ ગયા.

અને અગીઆરમે દીવસે બન્ને તરફથી પાછા લડાઇના નગારાં વાગ્યાં.

બરબર પહેલવાનો અને લશકરો તેમના શાહ અને સીપાહસાલારની સરદારી તળે એકઠા થયા, અને ઇરાની પહેલવાનો અને લશકરો તેમના સીપાહસાલાર નામવર જેહાંગીરની સરદારી તળે ભેગા મલ્યા.

પ્રકરણ ૫૫ મું.

અરદેશીરે બગદાદી ઈરાનીઓ તરફથી બ્હાર પડે છે, અને ચાલીસ બરબરીઓને મારે છે!

હવે ઈરાનીઓ તરફથી અરદેશીરે બગદાદી બહાર લડવા નીકલ્યો! અને તે શેરની મુઆફેક ઘોડેસવાર થયલો એકદમ મયદાને જંગમાં દોડી આવ્યો. તેની સામે લડવા સારૂ બરબરીઓ તરફથી એક પહેલવાન બહાર પડયો. તે પહેલવાને આવતાને વાર ઈરાનીઓને ગાલો દેવા માંડી જેથી અરદેશીરે કહયું "અએ બોતપરસ્ત બેઅકલ, તું લડવા સારૂ મયદાનમાં આવ્યો છે કે ગાલ દેવા? બુઝદીલ ડરપોક બાયલાઓની મુઆફેક વાત કરવા સારૂ પહેલવાનો સરજાયલા નથી, પહેલવાનો અને લડવૈયાઓ તો લડવા અને બાઝુનું કુવ્વત બતાવવાને માટે સરજાયલા છે. તું જંગ કરવા આવયોછ કે પંદ (નસીહત) કરવા આવ્યોછ? ગાલ દેવી અને નસીહત આપવી એ બાવલાઓનુ અને ફીલસુફોનું કામ છે, આપણું નહીંજ."

તે સાંભલીને પેલા બરબર પહેલવાને કહયું "તમે અમારા મુલકમાં આવીને ઝુલ્મ કરોછ! તમે કેટલા સખ્ત છો કે બસ અમને તબાહ કરવાપરજ હાથ તઈયાર કરી બેઠાછ"

અરદેશીર "લડાઈમાં તો સખ્તી અને તબાહી સીવાય બીજી કોઈબી ચીઝ હોયજ નહીં. અમારા સીપાહસાલાર નામવર જેહાંગીર છે, અને જેહાંગીર સામે તમે કાંઈબી કરી શકો તેમ નથી, તમે તમારો દડો મયદાનની બહાર જીત મેલવીને કદીબી લઈ જઈ

શકશોજ નહીં. અમારા બધા પહેલવાનો જેહાંપહેલવાન રૂસતમના પોતાના ખેશીઓ છે, જેઓમાં રૂસતમના જેવું લહુ દોડેછ અને તેઓ દરેક તમારા દશ હઝાર સીપાહોનેબી તબાહ કરી નાંખે તેટલા બધા કુવ્વતમંદ છે.

તે બરબર પહેલવાને તે સાંભલીને પુછ્યું "તું ત્હારા ઇરાની પહેલવાનોની તારીફ કરેછ તે મ્હનેબી તો બતાવ કે તું કોણ છે, અને ત્હારૂં નામ શું છે?"

અરદેશીરઃ "ત્હારી નઝર સામે ઉભેલો લડવૈયો અરદેશીર નામનો છે અને બગદાદનો બાદશાહ છે. હું ત્હમારા માલોગંજ લેવા માટે લડવા આવ્યો નથી, પણ ત્હમો બોતપરસ્ત કાફરોને રાહે રાસ્ત બતાવવા આવ્યોછ."

તે સાંભલીને ફરીથી પેલો બરબર પહેલવાન દુશનામ દેવા લાગયો અને અરદેશીરને ગાલ દઇને બોલ્યો "અએ બદગોહર અરદેશીરે ગોબાદ, મેં ત્હારૂં નામ સાંભલ્યુછ, તેંજ ઇરાનીઓની મદદથી અમારા હબશી સગા આઅદને મારી નંખાવ્યો, અને આઅદના લહુના બદલામાં હું ત્હારી ગરદનજ આજે કાપી નાખું કે ઇરાનીઓ ત્હારા જેવા એક દોસ્તની જુદાઇ માટે રડે."

અરદેશીરે તે સાંભલ્યું અને તે પેલા બરબર પહેલવાન ઉપર ધસારો લઈ ગયો.

અરદેશીરે ધસારો કરતાજ પોતાના હાથમાંનો નેઝા તેની કમરમાં માર્યો, અને તઅજ્જુબી એજ થઇ કે બકવાખોર બરબર તે એકજ ફટકાથી ઝખ્મી થઇને ઝમીનપર ઉટલાઇ પડયો, અને પડતા સાથેજ તેનો જાન તેના તનના પીંજરામાંથી હવામાં ઉડી ગયો!!

તે મરવા પછી અરદેશીર સામે એક બીજો બરબર આવ્યો, અરદેશીરે તેનેબી નેઝો માર્યો, અને નેઝો તેણે તેનાં ડાચાંમાં એવો તો ઝોરથી

માર્યો કે માથાની બહાર નૈઝાની નાંક બીજી બાજુએથી નીકલી પડી, અને તે બરબર અરદેશીરના નૈઝા ઉપર મોતને મલતો મલતો ચીટકી ગયો !!

બીજાના મરવાથી વલી અરદેશીર સામે ત્રીજો આવ્યો, તે ત્રીજાના કપાલમાં અરદેશીરે નૈઝો માર્યો, જેથી તેબી ઝમીનપર પડયો ત્યારે મુરદું થઇનેજ પડયો !!

બીજોબી એક આવ્યો, જેનેબી અરદેશીરે નૈઝાથીજ ઠાર માર્યો!

એમ એક પછી એક ચાલીસ બરબર પહેલવાનો અરદેશીરે બગદાદીની સામે લડવા આવ્યા, અને તેઓ બધા અરદેશીરના નૈઝાના ફટકાથીજ મરણ પામ્યા !!

તે જોઇને સગલાબ ગૂસ્સે થઇ ગયો, અને તે પોતાની લશકર ટુકડી લઇને અરદેશીરને મારી નાંખવા મયદાને પડયો.

પ્રકરણ ૫૬ મું.

ગલાબ પોતાના અંગત લશકર સાથે અરદેશીર સામે આવે છે, જેહાંગીર અરદેશીરની મદદમાં ઇરાની પહેલવાનો લાવે છે.

સગલાબ બેઉ આંખોમાં ખુન લઇનેજ ધસી આવ્યો! તેનું અંગત લશકરબી તેની પાછલ એટલું બધું જોરથી દોડી આવ્યું કે જાણે તુફાની મોજે!

પેલી તરફ નામવર જેહાંગીરે તે મામલો જોઇને પોતે મયદાનમાં ઝીપલાવ્યું, અને તેની પાછલ ઇરાની પહેલવાનો મયદાનમાં દોડી ગયા.

ફરીથી બરબરીઓ અને ઇરાનીઓની લડાઇ થઇ, અને કોઇબી પોતાના શીરીન જાનની દરકાર નહીં કરતો લાપરવાહ બસ કાપ-કાપ-કાપ-અને કાપનાજ ખ્યાલમાં રહીને લડતો હતો! ઇરાનના દીલાવરોએ એંસી મોટા બરબર પહેલવાનોને કત્લ કીધા, અને સગલાબશાહની પોતાની ટુકડીના જોરેમંદ લશકરી સીપાહોમાંથી એકસો ને વીસ માર્યાં ગયા હતા જેઓ બધા સગલાબના સગા હતા. બધા તે શાહી ટુકડીમાં જે હતા તે ગામે ગામના રાજાઓ હતા પોતાના ખેશીઓને કપાઇ જતાં જોઇને સગલાબની આંખે અંધારાં આવી ગયાં, અને તે પોતાને બચાવવા મયદાને જંગ છોડીને પોતાના મોટા લશકરને જઇ મલ્યો, અને ત્યાં જતાંજ પોતાની છાવણીમાં જઇને ઝમીનપર પડી સરપર ખાક નાંખવા લાગ્યો. "મ્હારા છોકરાઓ માર્યાં જવા ઉપરાંત, મ્હારા ખેશીઓબી આ ઇરાનીઓની લડાઇમાં માર્યાં ગયા! અને મ્હને તઅ-

જાજુઅ તો એ લાગેછ કે ઇરાનીઓ જાણે ફોલાદનાજ બનેલા હોય તેમ તેઓને ન્હાના ન્હાના જીવ વગરના થોડાક ઝખ્મો સીવાય કાંઇજ થતું નથી—અને તેઓમાંથી કોઇ મરતોબી નથી. સદ અફસોસ, મ્હારીપર અને મ્હારા પહેલવાનો તથા લશ્કરપર! આએ ઇરાનીઓ એક વબાલ સમાન છે!! મ્હારા અઝીઝો દુશમનોની શમશીરથી હલાક થયા અને હું સીહા બખ્તથી બેચયન બની ગયો!" સગલાબ એટલો બધો રડયો અને બોલ્યો કે તેની આંખોમાં હવે આસુંબી સુકાઇ ગયાં, અને તેના લબો ભીણાસ વગર સુકકા થઇ ગયા! તેનો જીવ રડવા અને બડબડવાથી બગડી આવ્યો અને તે પોતાના ગદેલાપર જઇને પડયો.

તે પછી તેણે હુકમ મોકલાવ્યો કે જેટલાબી પહેલવાનો મયદાનમાં મૂએલા પડેલા હોય તેમને લઇ આવવામાં આવે. તેમ કરવામાં આવ્યું, અને ચેહ સલગાવીને તે સઘલાઓને બાલી નાખવામાં આવ્યા, લડાઇ બંધ થઇ.

નામવર જેહાંગીરે ઝમીનપર પોતાનું સર મુકીને પાક ખુદાની બંદગી કરતા કહયું "અએ પાક ખુદા, ત્હારી મહર અને રહમ મ્હારા પહેલવાનો ઉપર છે તેવી રાખજે, અને બોતપરસ્તોથી મ્હારા પહેલવાનોને શીકસ્ત નથી મલી તેવીજ આબરૂ તેમની રાખજે." નામવર જેહાંગીર સાથે બધા ઇરાની પહેલવાનોએ પાક ખુદાની બંદગી કીધી અને તે પછી ખુશ ન્યામત ખાવા ગયા.

સગલાબે સાત દીવસ લડાઇ બંધ રાખવાનું કેહેણુ મોકલાવ્યું, અને નામવર જેહાંગીરે તે કબુલ્યું.

આઠમે દીવસે લડાઇ કરવા માટેના નગારાં વાગયા.

★

પ્રકરણ ૫૭ મું.

તૂસ અને બાહુરામે બરબરની લડાઈ, બાહુરામનું તુસના હાથપર કેદ પકડાવું અને તે પછી સગલાબની બેટીનું જંગે મયદાનમાં આવીને તુસના હાથપર ગીરફતાર થવું.

બરબરીઓએ જ્યારે લડાઇની પાછી તઇયારી કીધી, ત્યારે ઇરાની-ઓબી જવાબ આપવા બહાર નીકળ્યા. બેઉ તરફ સફ સમારીને લશકર ઉભું કે પેલી તરફ સગલાબે પોતાના પહેલવાનો તરફ ફરીને કહયું "અએ મ્હારા પહેલવાનો, આજે જેબી પહેલવાન ઇરાની સામે લડવા જાય અ લડવા આવનાર ઇરાની પહેલવાનને જીવતો કૈદ પકડીને મ્હારી સામે લઇ આવે તો તે મ્હારા બહાદુર પહેલવાનને હું મ્હારી ખુબસુરત બેટીનો હાથ નીકામા આપું."

સગલાબને એક એવી તો ખુબસુરત છોકરી હતી કે જેની ખુબ-સુરતીથી ખુરશીદ અને માહાતાબબી ઘડીભર અંજાઇ જાય! તે સુંદર સુંદરીના ચહેરાનો રંગ ખીલતા ગુલાબ જેવો હતો, અને તેના મોંઢાની દાબડી ન્હાની અને એવી સુંદર હતી કે તેના બે હોટો જ્યારે ખુલતા તયારે સીફ એક ગુલાબની બંધ કલીજ ખીલી ને ખુલી હોય તેમ લાગતી હતી! તે ગુલાબી હોટોની પાછલ અંદરથી દાંતની હારબંધ હાર બે એવી તો ઉપર નીચે ગોઠવાયલી હતી કે જાણે દાડમના દાણાની એકસરખી હાર, અને તે દાંતોનો રંગ એવો તો સુફેદ કે મીરલે મોતી. તે એટલી તો ખુબસુરત હતી કે કોઇબી આશકનું દીલ મોમ બનાવી દે, તેનું પ્યારૂં પ્યારૂં નામ દેલઆરામ હતું. સગલાબે તે ખુબસુરત બેટી દેલઆરામનો હાથ શાદીમાં તે

પહેલવાનને આપવા કહયો, જે બરબર પહેલવાન તે દીવસે આવનારા ઇરાની પહેલવાનને જીવતો કેદ પકડી લાવે !

બરબર પહેલવાન બાહરામ, જે સગલાબનો દુરનો સગો થતો હતો અને જે ઘણા વખતથી સગલાબની તે ખુબસુરત દુખતર દેલઆરામ ઉપર આશક હતો, તે સગલાબનું બોલવું સાંભલીને જાણે દમ લેવાબી નહીંજ થોભ્યો, અને તુરતજ બહાર પડીને તે પોતે લડવા જવા તઇયાર થયો.

સગલાબશાહ જાણતો હતો કે દેલઆરામે પોતાનું દીલ બાહરામઉપર બાંધ્યું હતું, અને બાહરામ દેલઆરામપર ખુશી હતો, જેથી તેણે બાહરામને તુરતજ બહાર પડેલો જોઇ ખુશી થઇને તેનેજ પહેલા લડવા જવા માટેની ટક આપી, કેમજે બીજા પહેલવાનોબી બાહરામ પછી દેલઆરામના હાથના ઉમીદવાર બનીને લડવા જવા સારૂ તઇયાર થયા હતા !

સગલાબના હુકમથી બાહરામ પહેલા મયદાને જંગમાં ગયો. તેણે આવતાંને વાર કહયું "મ્હારા મયદાનમાં જે ચાહે તે ઇરાની આવે."

તે સાંભલીને તુસ ઇરાની પહેલવાનો તરફથી નીકલ્યો. તુસે જયારે તે બરબર પહેલવાનપર નઝર નાંખી ત્યારે તેણે એક ખુબરૂ નવજવાનને જોયો. બાહારમની નઝરબી જયારે તુસની નઝર સાથ એક થઈ, ત્યારે તે બોલ્યો "અએ નામવર પહેલવાન, ઇરાન ઝમીનના સીનાપર ત્હારૂ શું છે નામ?"

તુસ: "મ્હારૂં નામ તુસે નઉઝર છે, પણ ત્હારૂં નામ શું છે? મ્હને ત્હારી તરફ કુદરતીજ કાંઈ મહર આવેછ, જે માટે હુંબી અજાયબજ છું."

બાહારામ "હું સગલાબનો ખેશી છું. ખુબીમાં મ્હારી મીસાલ બીજો કોઈ નથી, અને મ્હારૂં નામ બાહરામ છે. આપણે બેઉ શાહી

ખાનદાનના છીએ, આપણા ચહેરાજ શાહદત પુકારી આપેછ, અને ચાલ હવે આપણે બેઉ લડીએ."

તુસઃ "અએ ખુશચહેર જવાન, હું વાત જે તુંને કહુંછ તે મ્હારૂં માન. તું બોતપરસ્તોની દીનમાંથી નીકલી જા, અને પાક ખુદા પરસ્ત થઇ જા. ત્હારો ચહેરો આવો શાદમાન કરનારો છે તો ત્હારા બોતપરસ્તીને છોડીને અમારી તરફ આવવાથી ત્હારાં દીલો દીમાગબી શાદમાન બની રહેશે. તું અમારા નામવર સીપાહસાલાર જેહાંગીર અને તેના વડા ભાઇ નામવર પહેલવાન ફ્રરામર્ઝની પનાહમા આવી જા, અમારી મૂઆફેક પાક ખુદાપરસ્ત થઇ જા, અને અમો ત્હને અમારા પોતાના એક ખેશી તરીકે માન આપીને રાખશું. નામવર જેહાંગીર તુને અમારી સંફ્માં મોટો હોદો આપશે."

મગર, બાહરામે તુસનું કહયું માન્યું નહીં, અને લડવાપર આમદા થયો, તેણે તુસપર એકાએક હુમલો કીધો.

તુસે તુરતજ પોતાની કમરેથી કમન્દ ખેંચી કાઢી અને કમન્દને તાબ આપીને બાહરામ તરફ નાંખી.

એ દરમ્યાન સગલાબની છાવણી તરફ શું બનતું હતું તે આપણે જોઈ લઇશું: સગલાબની બેટી દેલઆરામને જેવી ખબર મલી કે તેનો આશક બાહરામ લડાઇના મયદાનમાં આજે ગયો હતો, તેવીજ તે ઉઠી અને પોતાના ભાઇનો મરદાના લીબાસ પેહેડી લીધો, તેણે પોતાના બાલ કોલાહમાં અને સીનું લીબાસમાં એવી રીતે છુપાવી દીધા કે તે ઓલખાઇ નહીં આવે. અને મરદાના લીબાસ સાથે તે પોતાના તંબુની બહાર નીકલી અને દુરથી મયદાને જંગમાં શુ. થાય છે તે જોવા લાગી.

તુસની કમનદમાં બાહરામ પકડાઇ ગયો! અને તુસે તેને ખેંચીને ઘોડાપરથી હેઠે નાંખયો. બાહરામ નીચે પડયો, કે તુસે કુદકો

મારીને ઘોડાપરથી ઉતરી પડી તે જાલમાં સપડાયલા બરબર પહેલવાનના બન્ને હાથો બાંધી લીધા! તુસ પાછો પોતાના ઘોડાપર સ્વાર થયો, અને બાહરામને ખેંચીને ઇરાની છાવણી તરફ ધસડી જવા લાગ્યો!--દેલઆરામે તે જોયું કે તુરતજ તે મરદાનાં લીબાસમાં હાથમાં કમન્દ લઇને પોતાના આશક બાહરામને મદદ કરવા ઘોડેસ્વાર થઈ પવનની મૂઆફેક દોડી આવી!!

દેલઆરામે દોડી આવતાને વાર તૂસના ગલામાં પોતાના હાથમાંની કમન્દ નાંખી! દેલઆરામની કમન્દમાં તૂસ પકડાઇ ગયો!! હવે તે દીલાવર સુંદરીએ તૂસને પોતાની છાવણી તરફ ખેંચી લઇ જવા માંડયો, અને તૂસની સાથો સાથ બાહરામબી ધસડાયો!

બાહરામે દેલઆરામને ઓલખી કાઢી, અને તે તુરતજ પોતાની શેર જેવી માશુકા આગલ દોડી ગયો કે તે તેના ગલામાંની કમન્દ છોડે અને તેના હાથોને રીહાઈ આપે--દેલઆરામે પોતાના આશકને તે બંદમાંથી છોડવા માટે તૂસને જે કમન્દથી પોતે પકડયો હતો તે કમન્દ પોતાની કમર આસપાસ બાંધી લીધી, અને પોતાના બંને હાથોથી તે પહેલા પોતાના આશકને છોડવવા પડી.

તૂસે પોતાને એક નમુનેદાર ટક હાથ લાગેલી જોઇ: તેણે પોતાની ગરદન આસપાસ બંધાયલી દેલઆરામની કમન્દ કાપી નાંખી, અને હવે તે બેઉ આશક--માશુકને પકડીને ઇરાની છાવણી તરફ ચાલ્યો!!!--તેણે પોતાની કમન્દમાં તો બાહરામને પકડેલોજ હતો, અને દેલઆરામની કમન્દ દેલઆરામે પોતેજ પોતાની કમરે બાંધી લીધી હતી! તે ઘણોજ જોવા લાયક એક દેખાવ થઇ પડયો!!

નામવર ફ્રરામર્ઝ, નામવર જેહાંગીર અને તમામ ઇરાની પહેલવાનો તે દેખાવ એક તમાશો જોતા હોય તેમ જોવા લાગ્યા, અને તૂસ જે ચાલાકી વાપરીને બન્નેને પકડી જયારે ઇરાની છાવણી તરફ ખેંચી લાવતો હતો ત્યારે તેઓમાં હસાહસ થઈ રહી!

પેલી તરફ સગલાબ શાહ બાહરામ પકડાયો ત્યારે નાસીપાસ થયો, દેલઆરામ દોડી ગઇ ત્યારે તઅજજુબ થયો, દેલઆરામે તૂસને કમન્દમાં પકડયો ત્યારે ખુશી થયો; મગર, જયારે બાહરામને અને દેલઆરામને બેઉને પકડીને તૂસ લઇ જવા લાગ્યો ત્યારે તો તેણે માથું કુટયું, અને તે ઇરાની પહેલવાન ઝોરેમંદ છતાં હુન્નરવાલો બી હતો તેથી અફસોસ કરવા લાગ્યો!

તૂસે નામવર જેહાંગીરને પોતાના બેઉ કેદી સોંપ્યા. નામવર જેહાંગીરે તૂસને શાબાસી આપીને કહયું "મરહબા, તેં અજબ હીકમતથી કામ કીધું! ત્હારા જેવી હીકમત તો વલી કોઇએ આજ સુધી વાપરેલી મેં જાણી નથી!"

તે પછી લડાઇ બંધ થવાનું પડઘમ વાગ્યું, અને લડાઇ બંધ થવા પછી નામવર જેહાંગીરનાં ખઇમાંમાં બધા ઇરાની પહેલવાનો એકઠા મલ્યા, અને ત્યાં પેલાં બે બરબર કેદીઓને લાવવામાં આવ્યા.

પ્રકરણ ૫૮ મું.

—:o:—

જેહાંગીર બોતપરસ્તોને યઝદાંપરસ્ત બનાવે છે.

બાહરામે નામવર જેહાંગીર આગલ જતા કહયું "મ્હારી મુઆફેક કેદ થયલો આ બીજો મર્દ જોકે મર્દાના લીબાસમાં છે, પણ તે પોતે મર્દાના નથી, ઝનાના છે. એ અમારા શાહ સગલાબની પોતાની છોકરી દેલઆરામ છે, અને મ્હારી માશુક છે."

નામવર જેહાંગીરે તે સાંભલતાને ગીવને કહયું "ત્યારે તો ત્હમો બાઇઝઝતથી દેલઆરામને અલાહેદા તંબુમાં લઇ જાઓ, ત્યાં તેના હાથો છોડી નાંખો, તેનીપર દેખરેખ તંબુની બહારથી રખાવો, અને હવે વધુ વાર સગલાબની દુખતરને આપણા મર્દોનાં તંબુમાં ઉભી રહેવા ન દો, એ સુંદરીને શર્મ પયદા થશે."

નામવર જેહાંગીરના હુકમ મુજબ દરેક ઇઝઝતથી ગીવ તે ઝનાના કેદીને અલાહેદા તંબુમાં રાખી આવ્યો. અને તેના ખાવાપીવા માટે તુરત હુકમ આપ્યો કે તમામ ચીઝો જેવી ખ્વાહીશ કરે તે તે સુંદરી સારૂ લઇ જવી.

તે પછી નામવર જેહાંગીરે બાહરામના હાથ છોડવાનો હુકમ આપ્યો, અને તે ખુશચહેર બરનાના ખુબરૂ ચહેરાને જોઇને ખુશી થઇ જઇ તેને પોતાની પાસે બેસાડયો, તેણે સગલાબે તરફની કેટલીક વાત બાહરામને પુછી જે બાહરામે કહી. નામવર જેહાંગીરે તે પછી કહયું "અએ ખુબસુરત જવાન, તું બોતપરસ્તી છોડી દે અને પાક ખુદાપરસ્ત થઇ જા. અગર તું મ્હારૂં કહયું કરશે તો હું ત્હારી શાદી દેલ-

આરામ સાથે કરી આપશ. હું તુને શામનો બાદશાહ બનાવશ, અને ત્હારા નામના સીક્કા શામમાં છપાવી બહાર પાડશ.

નામવર જેહાંગીરના બોલવાને બધા પહેલવાનોએ ગી ટેકો આપ્યો અને તે સાંભલીને બાહરામે યઝદાંપરસ્તી કબુલ રાખી, અને તે દીનથી બોતપરસ્તી છોડી દીધી. બાહરામે પાક ખુદાપરસ્તી કબુલી તેથી બધા ઈરાની પહેલવાનોએ ખુશી થઇને તેને શાબાશી આપી. તેઓએ એક જશ્ન કીધું, શરાબ અને રામશગરોની ધુમ મચાવી દીધી.

દેલઆરામને ખબર થઇ કે તેનો યારે જાન પાક ખુદાપરસ્ત થઇ ગયો હતો જેથી તેણીએ પોતે પાક ખુદાપરસ્ત થવાની મરઝી બતાવી.

નામવર જેહાંગીરે તે બન્ને આશક–માશુકને રીહાઇ બક્ષી તેઓને એક અલાહેદા આરાસ્તા તંબુમાં રહેવાની જગયા આપી, તેઓ બન્નેને હીરા અને ઝહવાહીરાતોની ભેટ આપી, અને ખુશી ખુરરમી જમાવી દીધી.

તે રાત પસાર થઇ ગઇ અને બીજે દીવસ ઉગ્યો ત્યારે સગલાબ શાહ પાછો લડવા તૈયાર થયો અને હવે તે દીવસે પોતે જંગે મયદાનમાં જવાની ખ્વાહીશ પોતાના સીપાહસાલારને કહી. તેણે પોતાના સીપાહસાલાર આગલ બડાઇ કરતાં કહયું કે "ઇરાનીઓને આપણા પહેલવાનો તો નહીં પુગયા, પણ હવે હું પોતે એ લોકને પુરો પડવા માંગુછ."

પ્રકરણ ૫૯ મું.

જેહાંગીર અને સગલાબ શાહની લડાઈ, સગલાબ શાહનું ગીરફ્તાર થવું, સગલાબનાં લશકર અને શાહેરીઓનું ઈરાનીઓને શરણ આવવું, સગલાબ શાહનું યઝદાંપરસ્ત થવું.

સગલાબ શાહ પોતે લડવા સારૂ મયદાને જંગમાં બહાર નીકલ્યો. સગલાબ લડવા આવ્યો ત્યારે તેના સીપાહસાલારે ચાલીસ બોતોને મયદાનમાં હાથીઓ ઉપર બેસાડયા, કે તે બોત શાહ સગલાબને પોતાની મદદ આપે, અને તેથી તે જીતે !!

સગલાબના હાથમાં ગોર્ઝ હતું, અને તે તે ભારી ગોર્ઝને હવામાં ઉડારીને જીલી લેતો પોતાનું કુવ્વત ઇરાનીઓને બતાવતો હતો ! વલી તેણે તેમ કેટલીકવાર ગોર્ઝ ઉડારીને પકડવા પછી બુમ પાડીને કહયું "અએ ઇરાનીઓ, મ્હારી સામે લડવા સારૂ જેહાંગીરજ આવે. મેં સાંભલ્યુંછ કે જેહાંગીર ત્હમારો સીપાહસાલાર છે, અને તે રૂસ્તમ અને ફ્રરામર્ઝ જેવો ઝોરેમંદ છે તો તેજ મ્હારી લડાઇમાં આવીને મ્હારા કુવ્વતની લીઝઝત ચાખે !"

નામવર જેહાંગીરે પોતાના સરપર તે કોલાહ પેહેરી કે જે કોલાહ તેને તહેમ્તરે-શાહ-જમશીદવાલા ખઝાનામાંથી મલી હતી. વલી, તેને પોતાના શરીરપર ઝરીન લીબાસ પોતાના નેક બપાવા ઝાલેઝર તરફથી મળેલો પહેર્યો હતો, તેની મ્યાનમાં કેરસાસ્પની શમશીર

હતી જે પત્થરનેબી કાપી નાંખે તેવી હતી, તેની પાસે તેના પીદર જેહાં પહેલવાન રૂસ્તમના તીર-કમાન હતા, તેની પાસે ગોર્ઝ હતું જે પાહાડ ઉપર મારે તો પાહાડનેબી ધ્રુજાવે, તેની પાસે ઢાલ હતી જે કેકોબાદની હતી, તે એક એવા ઝબરદસ્ત ઘોડાપર બેઠેલો હતો જે જાણે અઝદાહ જેવો હતો.

નામવર જેહાંગીર સગલાબની વાત સાંભલીને પોતે મયદાને જંગમાં ગયો. તેણે સગલાબની સામે જઇ ઉભા રહેતા, તે બોત-પરસ્ત શાહ તરફ જોયું.

બેઉની નઝર મલી ત્યારે સગલાબે કહયું "અએ પહેલવાન, તહેમતન રૂસ્તમનો છોકરો જે જેહાંગીર કહેવાયછ તે શું તું છે?"

જેહાંગીર: "હા, હું તે છું."

સગલાબ: "અએ પહેલવાન, ત્હારેથી મ્હારૂં લશકર ઘણું ફના થઇ ગયું, તેથી હવે હું ત્હારૂં માથું મ્હારા ગોર્ઝથી છુંદી નાંખીને નરમ બનાવવા માંગુછ."

તેટલું બોલતાંજ તેણે પોતાનું ગોર્ઝ નામવર જેહાંગીર તરફ ઉગામ્યું. નામવર જેહાંગીરે તુરતજ પોતાના સરપર ઢાલ પકડી લીધી. સગલાબનો ફટકો જેહાંગીરની ઢાલપર પડયો, અને તેથી ત્યાં એટલો મોટો આવાઝ થયો કે ઝમીનબી જાણે ધ્રુજવા લાગી!

સગલાબ તો સમજયો કે તેના ગોર્ઝે તેના મનની મતલબ સારી હશે, પણ જ્યારે તેણે જોયું કે નામવર જેહાંગીર તો જેવો ને તેવોજ ત્યાં જીવતો ઉભેલો હતો ત્યારે તે ઘણો તઅજજુબ રહયો.

બીજોબી ફટકો સગલાબ શાહે પોતાના ગોર્ઝથી નામવર જેહાં-ગીરપર માર્યો, પણ જેહાંગીરે તે ફટકોબી પોતાની ઢાલપર ઝીલી લીધો. તે વખ્તે જે આવાઝ થયો તે એટલો બધો મોટો હતો કે ઇરાની

અને તુરાની લશ્કરોની ટુકડી જયાં ઉભેલી હતી ત્યાં સુધી આવાઝ ફેલાઇ ગયો!

નામવર જેહાંગીરેબી પોતાના ગોર્ઝથી ફટકાઓ લગાવા માંડયા, પણ સગલાબ શાહબી બહુ ઝબરદસ્ત હતો. તેણેબી પોતાની તરફ આવતા ફટકાઓ છટકાવીને પોતાને બચાવ્યો.

હવે બેઉ તરફથી ગોર્ઝ નાખી દેવામાં આવ્યા અને નામવર જેહાંગીર તથા સગલાબ શાહે પોતાના હાથોમાં તીર કમાન લીધા.

બેઉએ ઘણુએક તીર એક બીજા તરફ ફેંકયા, પણ બેઉએ ઘણી હુનરમંદીથી તીરને છટકાવ્યા! આખરે તીરથી લડી લડીનેબી જયારે ઠાકયા, ત્યારે બેઉ જણાએ પોતાની શમશીર મ્યાનથી બ્હાર ખેંચી કાઢી.

બેઉ જણે હવે શમશીરથી એકબીજાપર હુમલા કીધા. શમશીરના ફટકાઓથી બેઉની ઢાલ ચાકચાક થઈ ગઇ, અને તેના ટુકડે ટુકડા ઝમીનપર પડયા! વલી, તેમની શમશીરની ધારબી જાણે કરવતી જેવી થઇ ગઇ!!

કોઇનું કાંઇબી વલ્યું નહીં ત્યારે બેઉએ એકબીજાની કમર પકડી લીધી, અને હવે કુસ્તી શુરૂ થઇ! બેઉએ એક બીજાપર ખુબ ઝોર કીધું.—આખરે, જેહાંગીરે એવું એક ઝોર વાપર્યું કે જેથી સગલાબ શાહ ઘોડાની ઝીન ઉપરથી ઉંચકાઇ ગયો! સગલાબ જેવો ઝીનપરથી ઉચકાયો કે તેને જેહાંગીરે ઝમીનપર અફાલ્યો અને તુરતજ પોતેબી ઝમીનપર કુદકો મારીને ઉતરી પડયો. નામવર જેહાંગીરે ઘણી ઝડપથી સગલાબ શાહના બંન્ને હાથો બાંધી દીધા, અને ઇરાની છાવણી તરફ નીશાની કીધી કે આવીને કેદીને લઇ જવામાં આવે. જે મુજબ કેટલાક સીપાહો આવીને ગીરફતાર થયલા સગલાબ શાહને ઇરાની છાવણીમાં લઇ ગયા!!

તે પછી નામવર જેહાંગીરની સામે લડવા માટે કોઈજ આવ્યું નહીં, અને તેથી બેઉ તરફના લશકરમાં હોહા થઇ રહી કે સગલાબ શાહનો વાવટો ઉડી ગયો !

પેલી તરફ સગલાબ શાહના તમામ લશકરોએ પોતાના હથીયારો મુકી દીધા અને સીપાહસાલારે શરણ થવાનો પયગામ મોકલાવ્યો. પયગામમાં લખેલું હતું કે "અએ પહેલવાને નામવર, અમો બધા ત્હારા ગુલામો છીએ, અમો બધા ત્હારા નોકરો છીએ, ત્હારા નેક ખ્વાહ છીએ, અને અમુને બધાને માફ કર કે અમે લાચાર છીએ. તું અમારો દસ્તગીર થા."

નામવર જેહાંગીરે તે પયગામ કબુલ્યો, અને સગલાબ શાહના શરણે આવેલા તે લશકરના બધાઓને માફ કીધા. સગલાબના અમીરો નામવર જેહાંગીરની આસપાસ આવીને કાલાવાલા કરતા એવા એકઠા થયા, કે જાણે ચીરાગ આસપાસ ફરતા પરવાના.

સગલાબના આખા શહેરમાં ખબર થઇ ગઇ, અને નામવર જેહાંગીર આગલ શહેરના મોટા મોટા માણસોબી આવ્યા અને દુઆ દઇ મારી માંગવા લાગ્યા.

નામવર જેહાંગીર પોતાના ખઇમામાં ઝરના તખ્તપર, ઝરરીન કોલાહ અને ઝરરીન કમરબંદ પહેરીને બેઠો. બધા ઇરાની પહેલવાનો તેની નઝદીકમાં ખુરરમ અને શાદ થયલા ઉભા રહયા. તે પછી શામના બુઝર્ગો ધ્રુજતા ધ્રુજતા આવીને નામવર જેહાંગીરના તખ્તને બોસો દઇને અદબ વાલી ઉભા. તે બીચારાઓ પોતાના મનમાં અંદેશો કરવા લાગ્યા કે તે ઇરાની પહેલવાન કોણ જાણે તેઓને મારવાનો હુકમ આપશે કે જીવતા રહેવા દેશે !

નામવર જેહાંગીરે સગલાબના પહેલવાન તરફ જોઇને કહયું "અએ શેરમર્દે શમશારઝન, સગલાબ શાહનો જેબી ખઝાનો છે તે ત્હને અને ત્હમને લેવો હરામ છે."

તે સાંભલીને સગલાબના પહેલવાનો અને શહેરીઓ ખુશ થઇ ગયા કે જેમ સગલાબનો ખઝાનો લૂટાવાનો નહીં હતો, તેમજ તેઓની દૌલત સલામત રહેવાની હતી.

તે પછી નામવર જેહાંગીરે તેઓ બધાઓને પોતપોતાને ઘર જવાનો હુકમ આપ્યો, જેઓ બધા નામવર જેહાંગીરના નેક ઇનસાફની અને ઇરાનીઓના દયાલુ દીલની વાત કરતા પોતપોતાને મકાને ખુશી શાદમાનીમાં રવાના થયા.

તે પછી સગલાબ શાહને નામવર જેહાંગીરની હુઝુરમાં લઇ આવવામાં આવ્યો. નામવર જેહાંગીરે તેને કહયું "બોત કે જેણે માણુસઝાત પોતાને હાથે બનાવે તેની પરસ્તેશ કરવી એ દોઝખનું કામ છે. ઝમીન, આસમાન, માણુસ અને તમામે તમામ ચીઝનો બનાવનાર તે પાક પરવરદેગાર છે, જે અણુદીઠ છતાં સર્વે જગ્યાપર છે, અને જેના હુકમ વગર ઝાડનું એક પાંદડુંબી હાલી શકતું નથી. તેથી, તું પાક ખુદાપરસ્ત થઇ જા તો હું તુને જીવતો છોડશ, નહીં તો તુને મારી નાંખવામાં આવશે."

તે સાંભલીને સગલાબને લાગ્યું કે નામવર જેહાંગીરનું કહેવાનું ખરૂં હતું, અને તેથી તેણે પાક ખુદાપરસ્તી કબુલ રાખતા કહયું "હું આજથી યઝદાંપરસ્ત થાઉં છું."

નામવર જેહાંગીરે ખુશી થઈ જઇને સગલાબ શાહને રીહાઇ આપતા, તેના સરપર તાજ મુકાવ્યું અને તેની કમરે ઝવાહીરોનો મઢેલો કમરબંદ બંધાવ્યો. તેને ઇરાનીઓ પહેરે તેવાં કપડાં પહેરવા આપ્યા.
તે પછી ઇરાનીઓએ એક મોટું જશન કીધું.

ત્યારબાદ સગલાબને તેના તાજો તખ્ત નામવર જેહાંગીરે પાછા આપ્યા, તેને હતો તેમજ બરબરોના શાહ તરીકે રહેવા દીધો, તેને હુકમ આપ્યો કે બનતા સુધી તમામ તેના રૈયતને યઝદાંપરસ્ત બનવા માટે સમજાવવી.

તે પછી સગલાબની શાહઝાદી દેલઆરામની શાદી તેના આશક બાહરામ સાથે કરી આપી, અને બાહરામને સગલાબના મરહુમ બેટા ખુશરવની જગ્યાપર બાદશાહ બનાવ્યો.

પ્રકરણ ૬૦ મું.

જેહાંગીરનું મગરેબ ઝમીન તરફ જવું, ત્યાંના દોરાબશાહનું તેથી વાકેફ થવું.

નામવર જેહાંગીર તે પછી મગરેબ ઝમીન તરફ જવા માટે ઘોડાપર સ્વાર થયો, અને તેની પછી તેના પહેલવાન ખેશીઓ તૈયાર થયા, અને તેઓની પાછલ તમામ ઇરાની લશકર કુચ કરવાની તૈયારી કરીને ઉભું.–અને ત્યાર પછી વાજતે ગાજતે તે મોટું ઇરાની લશકર જેહાંગીરની સરદારી તલે ઉપડયું.

માઇલોના માઇલો પસાર કર્યા પછી તેઓ મગરેબની સરહદપર આવી લાગ્યા. મગરેબ ઝમીનના શાહને ઇરાનીઓના આવ્યાની ખબર થઇ. તેણે વલી જાણ્યું કે જેહાંગીર નામના કોઇ ઇરાની પહેલવાન ઇરાની લશકરનો સીપાહસાલાર હતો અને તેની સાથે વલી તેનો વડો ભાઇ ફરામર્ઝ નામનોબી હતો, જેઓ બન્ને એવા ઝોરેમંદ હતા કે તેઓ પોતાની આગલ કોઇબી માણુસ ઝાતને ઘઉંના દાણા મીસાલ સમજતા હતા. તેથી દોરાબ પહેલા પહેલા તો ઘણો ગભરાયો. પણ, તે તે પછી સાંપની માફક પેચ ખાઇને ગૂસ્સાથી કુદયો; અને તેણે તે ઇરાનીઓને મારીને તમામ તબાહ કરી નાંખવાનો વીચાર કીધો!

દોરાબશાહે પોતાના સીપાહસાલારને કહયું "ઇરાનીઓ આપણી મગરેબ ઝમીનપર હુમલો લાવ્યા છે, અને એઓને હું એવો એક ફટકો મારવા માંગુછ કે ફરીથી એઓ ઉઠવાની હીંમતબી નહીં કરે, અને હલાક થઇને આપણી ઝમીનને અને આપણે પોતાનેબી ભુલી જાય."

વળી દોરાબ શાહે પોતાને ત્યાં રહેલા આઝાદમહેર નામના જવાનને તે વાત કહી અને તેની મદદની માંગી. એ આઝાદમહેર જવાન આઝાદચહેર નામના એક શાહનો બેટો હતો, જે આઝાદચહેરને તયાં સંજોગે નામવર રૂસ્તમ પહેલવાન પોતે હાલમાં પહેરોણા તરીકે રહેલો હતો.

પોતાના શહેરપર ઇરાનીઓ ધસી આવ્યા છે અને તે માટે આઝાદચહેર રૂસ્તમ પહેલવાનની મદદ મોકલી આપે એવી વાત આઝાદચહેરના શાહઝાદા આઝાદમહેરને મગરેબના શાહ દોરાબે કહી, જેથી આદઝામહેરે કબુલ કીધું કે પોતાના બાપની અને રૂસ્તમ પહેલવાનની મદદ જરૂર તે દોરાબ શાહને માટે લાવી શકશે, અને તે મદદથી તમામ ઇરાનીઓને હરાવીને ન્હસાડી મુકવામાં આવશે.

દોરાબ શાહ તે વાત સાંભલીને ઘણો ખુશી થઇ ગયો, અને આઝાદમહેર હવે પોતાના પીદર આઝાદચહેરના શહેરમાં જવા ઉપડી ગયો.

આપણે તેથી હવે ઇરાનીઓને મગરેબ ઝમીનના શાહ દોરાબના રાજયની સરહદમાં તંબુ નાંખીને પડેલા જોઇ નવી એક વીગતપર જઇશું.—ઇરાનીઓ તંબુ નાંખીને પડેલા છે, તેઓએ શરણે આવવાનો અથવા તો લડવાનો પયગામ દોરાબ શાહપર મોકલાવ્યો છે, દોરાબ-શાહ શરણે નહીં જતા લડવા માટે પોતાનું લશકર ભેગું કરે છે એ દેખાવ જોઇને હવે આપણે રૂસ્તમની વીગત થોડી જોઇ લઈશું.

આપણને યાદ તો છે કે રૂસ્તમ પહેલવાન પોતાની ધણીઆણી મહારૂખે દેલનવાઝને હમેલદાર છોડી થોડી મુદતની રજા લઇ શીકારગાહે ગયો હતો, અને શીકાર કરતાં કરતાં તે દેવના સપાટામાં ફસીને મગરેબ જવાના સબબે વરસો સુધી પાછો ફર્યો નહીં હતો. પહેલવાન રૂસ્તમ દેવના મુલકમાંથી મગરેબ ઝમીનમાં આઝાદચહેર બાદશાહના મુલકમાં ગયો હતો, અને તે સબબના વખતને આજે લગભગ ત્રીસ વરસની લાંબી મુદત થઇ ગઇ!!

એ લગભગ ત્રીસ વરસો દરમ્યાન નામવર જેહાંપહેલવાન રૂસ્તમે પોતાની ધણીઆણી માહરૂખે દેલનવાઝને કદીબી જોઇ નહીં હતી, તેને પેટે જેહાંનગીર જન્મયો હતો તે વાતથીબી તે અંજાણ હતો, અને તે અરસામાં તે કદીબી ઝાબુલમાં કે ઇરાનમાં ગયો નહીં હતો!

હવે તેથી, આપણે નામવર રૂસ્તમ પહેલવાન પોતાની ધણીઆણી માહારૂખે દેલનવાઝને હમેલદાર છોડીને કયાં ગયા, શીકાર કરતાં દેવના સપાટામાં કેમ ફસ્યો, આઝાદચહેર આગળ કેમ ગયો, અને તેના લગભગ ત્રીસ વરસો કયાં કયાં પસાર થયા તે સઘલાની વીગત આપણે જોઇ લઇશું—અને પછી, નામવર જેહાંગીરની અને મગરેબનઃ શાહ દોરાબની લડાઇ તરફ જઇશું.

પ્રકરણ ૬૧ મું.

જેહાંપહેલવાન રૂસ્તમ તહેમતનને ગવવાસ દેવ ફરતા પાણીમાં જાદુથી ફેંકે છે.

માઝનદરાનથી નીકલેલો રૂસ્તમ શીકાર કરતો કરતો એક દીવસે દુરને દરીયાવ કીનારે જઇ પુગ્યો. કીનારે કીનારે તે પહેલવાન સ્વાર ચાહ્યાજ કીધો, તેટલા દરીયાવની સપાટીપર એકાએક એક દેવ દેખાયો! તે દેવે બુમ પાડીને કહયું "અએ ઝાલના દીકરા, ત્હારી ઝીંદગી હવે પુરી થવા આવી. ત્હારૂં સર ત્હારા તનથી કાપીને જુદૂં પાડું, કે ત્હારૂં કુટુંબ ત્હારા મોતપર માતમ કરે."

તે દેવના હાથમાં એક ખંજર હતું, જે ઘણું મોટું અને ઘણું તેઝ હતું! તે દેવ તે ખંજર સાથે આતશના શોહલાની મૂઆફેક નામવર જેહાં પહેલવાન રૂસ્તમ આગલ દોડી ગયો! તે દેવ તેને મારવાનો ઇરાદો રાખતો હતો એમ તહેમતન સમજી ગયો, અને તેથી નામવર જેહાં પહેલવાને પોતાની શમશીર મ્યાનમાંથી ખેંચી કાઢી.

દેવ તે જોઇને ન્હાસી ગયો, અને તેને પકડી પાડીને મારી નાંખવા વ્હાર ખેંચેલી શમશીર સાથે નામવર રૂસ્તમ તેની પાછલ પાછલ દોડયો. નામવર પહેલવાન પોતાની પાસેની થોડીક ખોરાકી ખાઇ લેતો, કેઠે પાણી પી લેતો, ઘોડાને ચરવા દેતો, નહીં દેતો, એમ થોડીક રંજ ખેંચીનેબી તે દેવની પાછલ ચાલીસ દીવસો સુધી ભટકયો.

ચાલીસમે દીવસે તે દેવ ત્યાં આવી લાગ્યો, જ્યાં દરીયાવનું પાણી ગોલ ગોલ ફરતું હતું !!

તે ગોલ ફરતા દરીયાવને કીનારે જયારે દેવ જઇ પહોંચ્યો ત્યારે તે ત્યાં થોડો વખ્ત સુધી દેખાતો અને થોડો વખ્ત ગાયબ થઇ જતો !!

તે દેવ મગરેબ ઝમીનની સહરદમાં જઇને એવો ગાયબ થઇ ગયો કે ઘણો વાર સુધી તે દેખાયોજ નહીં !! આ મગરેબ ઝમીન ઘણો મોટો દેશ હતો, જેમાં અસંખ્ય રાજ્યો અને અસંખ્ય ગામો હતાં.

મગરેબની હદપર પહોંચતા નામવર રૂસ્તમે નીરમલ પાણીનો એક ઝરો જોયો, જયાં તે આસાએશ લેતો ઘોડાપરથી ઉતર્યો. નામવર જેહાંપહેલવાન તે જગ્યાપર એક આખી રાત રહયો, અને સ્હવાર પડવા આવી ત્યારે પેલો દેવ એકાએક ગોલ ફરતા પાણીની અંદરથી ભ્હાર નીકલી આવ્યો. અને તેણે ગુસ્સામાં અને ગુસ્સામાં કહેર ભરેલી આંખોએ નામવર જેહાં પહેલવાન તરફ જોઇને કહયું "એએ રૂસ્તમ, તેં સફેદ દેવને મારી નાંખ્યો તેના કીનામાં હું ત્હારૂં માથું હવે કાપી નાખશ." એમ બોલીને તે દેવ નામવર જેહાંપહેલવાનપર વાદલની મૂઆફેક ગર્જના કરતો ધસી ગયો ! તેના હાથમાં મોટા એક વહાણનું સઢ હોય તેવો એક ઝબરદસ્ત મોટો થાંભલો હતો, જેનાથી તે રૂસ્તમનું માથું ફાડી નાંખવા ધસ્યો. આતશની માફક ધસી જતાજ, તે દેવે પોતાના હાથમાંનો થાંભલો મારવા ઉગાર્યો! નામવર જેહાંપહેલવાને પોતાની શમ્શીર તુરતજ ખેંચી કાઢતા તે થાંભલાપર એવી તો ઝોરમાં લગાવી, કે તે થાંભલાના ટુકડા થઇ ગયા!!

તે થાંભલાના ટુકડા થતાંજ, નામવર જેહાંપહેલવાન તે દેવપર હુમલો લઇ ગયો. જેવું દેવે તે જોયું કે તુરતજ તેણે એક કુદકો માર્યો, અને કુદવા સમેટ તે નામવર જેહાંપહેલવાનના માથાપરથી કુદી જઇને તેનો ઘોડો જે નઝદીકમાંજ ચરતો હતો તેની પીઠપર સ્વાર થઇ બેઠો !!!

દેવ તેમ કરીને નામવર રૂસ્તમના ઘોડાને લઇને ન્હાસી જવા માંગતો હતો, જે તેની બુરી ઇચ્છા રૂસ્તમ સમજી ગયો. રૂસ્તમ એક પોકાર મારીને દેવના સપાટામાંથી પોતાનો ઘોડો છોડવી લેવા માટે દોડયો. દેવે રૂસ્તમને શમશીર સાથે ધસી આવેલો જોઇ ઘોડા ઉપરથી એકદમ કુદકો મારી દીધો. ઝમીનપર દેવ કુદયો કે તહેમતન તેની તરફ ધસી ગયો. નામવર રૂસ્તમ તેને મારવા ગયો કે દેવ જાદુના જોરથી ગાયબ થઇ ગયો!

રૂસ્તમ તઅજ્જુબ થઇને જોવા લાગ્યો કે તે કયાં ગયો, તેટલાં તો દેવે પછવાડેથી નીકલી આવીને નામવર રૂસ્તમના ઘોડા રખ્શને ઉંચકીને પેલા ગોલ ફરતા દરીયાવમાં ફેંકી દીધો!!

નામવર તહેમતને પોતાના પ્યારા ઘોડાને તે ગોળ દરીયાવમાં પડીને ગોલ ફરતો જોયો કે તે દેવપર ઘણોજ ગૂસ્સામાં આવી ગયો. તે નામવરે અફસોસ કીધો કે તે વફાદાર ઘોડો આવી બુરી હાલતને પહોંચ્યો હતો.

નામવર રૂસ્તમ પોતાના ઘોડા આગલ જઇ શકયો નહીં, અને તે અંદેશાથી પોતાના ઘોડાને ફરતો જોતો ઉભો, જે જોઇને પેલો દેવ ખુશી થયો.

નામવર રૂસ્તમ તેની ખુશીને ગમમાં ફેરવવા તેની તરફ દોડયો, પણ દેવે પોતાને બચાવ્યો, અને તે પોતે તે ગોલ ફરતા પાણીમાં કુદયો!—રૂસ્તમ હવે વધારે અંદેશો કરવા લાગ્યો કે કદાચ પેલો દેવ રખ્શને પાણીપરથી પાણીની નીચે ઘસડી જાય, અને તેના વફાદાર ઘોડાને ડુબાડીને મારી નાંખે!

દેવ તો પાણીમાં પડતાંજ ડુબકી મારીને નીચે ગયો, જે જોઇ રૂસ્તમ તઅજ્જૂબ રહયો!

રૂસ્તમે ઘોડાને હજુણુ પાણીની સપાટીપર પાણીમાંથી ડોકું બહાર કાઢીને જોતો જોયો. ઘોડો પોતાના માલેકને જોઇને પોતાનું સઘળું જોર વાપરી તે ફરતા પાણીમાંથી કીનારે આવવા ગયો, તેટલામાં એકાએક પાણી વધારે મોટા 'જોશથી ફરવા લાગ્યું, અને તે જોશ સાથ રખ્શ પાછો કીનારેથી દુર ખેંચાઇ ગયો!

નામવર રૂસ્તમે તે દેખાવ જોઇને સર્દ એક નીસાસો ખેંચ્યો, અને પોતાના ઘોડાને દુખી થતો જોઇ તે પોતેબી ઘણું દુખ પામ્યો.

રૂસ્તમે વીચાર્યું કે હવે ઘોડાને કોઇબી રવેશે કાંઇબી કરીને પાણીની બ્હાર કાઢવોજ જોઇએ, નામવર જેહાંપહેલવાને પોતાની કમન્દ કમરેથી વીટાલેલી છોડી, અને તે કમન્દને તાબ આપીને ઘોડા તરફ નાંખી. કમન્દ ઘણીજ આબાદ નેમથી જઇને રખ્શની ગરદન આસાપાસ વીટલાઈ. નામવર રૂસ્તમે રખ્શને બ્હાર કાઢવા તેને ખેંચવા માંડયો.

એકાએક તે દેવ નામવર રૂસ્તમ પહેલવાનની પાછલથી પોતાના જાદુના જોરે નીકલી પડયો, અને ઘણા એક મોટા ઝોર સાથે રૂસ્તમને એક આંચકો મારીને તે ફરતા પાણીમાં નાંખી દીધો!!

તે આહરીમને નામવર રૂસ્તમને પાણીમાં પડેલો જોઇને કહયું "ત્હારૂં મોત મ્હારે હાથ છે. અગર તું ઝબરદસ્ત મોટો મગરબી હોય તોબી આએ ફરતું પાણી તુને હયરાન કરશે, અને એ પાણીની બ્હાર ત્હારેથી નીકલાશેજ નહીં. ત્હારો ઝમાનો એ પાણીમાંજ પુરો થઇ જશે, અને મચ્છીઓ તુને પોતાનો ખોરાક બનાવી લેશે." એમ કહીને તે નામવર જેહાંપહેલવાનની નઝર આગલથી ગુમ થઇ ગયો, અને રૂસ્તમે પોતાના જીવની આશા છોડી દીધી.

એ દીવસ અને એ રાત નામવર જેહાંપહેલવાન તે પાણીના ચક્કરમાં ચકરાયા કીધો, જયારે ત્રીજે દીવસે કુદરતી એક લાકડાનો તખ્તો તેને પાણીપર તરતો નઝર પડયો. તે તખ્તો

હાથ આગલ આવ્યો, જેને પકડી લઇને તે નામવર ઘણો ખુશ થઈ ગયો.—તે તખ્તાપર બેસતાં તે જેહાંપહેલવાને પાક પરવરદેગારના શુકરાના કીધાં, અને તે બોલ્યો "પાક ખુદા, તુંજ બચાવનાર છે. ત્હારી રહમનો ઝરો સર્વે ઠેકાણે મોજુદ છે."

નામવર તહેમતન તે તખ્તાપર બેસીને હાથમાં કમન્દ ધરીને કાંઇ ટક મલે તો કોઇ ચીઝ સાથ કમન્દ ભેરવી પોતે બ્હાર નીકલીને પછી ઘોડાને બ્હાર કાઢી લે એવો ખ્યાલ કરતો બેઠો.

બે રાત અને બે દીવસ ગબડી ગયાં, અને જેહાં પહેલવાને બ્હાર નીકલવાની કાંઇ ટક જોઇ નહીં.

પાણીમાં પડયાને પાંચમે દીવસે એક શીકારી તે તરફ શીકાર કરતો આવેલો નામવર જેહાંપહેલવાનની નઝરે પડયો. તે શીકારીની બી નઝર નામવર તહેમતન ઉપર પડી કે તે દોડી આવીને બોલ્યો "આએ ફરતા પાણીમાં તું કેમ જઇને પડયો અએ તું શેરમર્દ ?"

રૂસ્તમ "અએ નેકમર્દ, તું મ્હને હમણાં એવો સવાલ ના કર, તું કોઇબી રીતે પહેલાં તો મ્હને આએ બલામાંથી બ્હાર કાઢવાની કોશીશ કર, અને પછી તું જેબી પુછશે તેનો જવાબ હું બહુ ખુશીથી તુને આપ્યો જઇશ."

તે શીકારીબી એક પીલતન શખ્શ હતો, જેનામાં કુવ્વતબી ઘણું હતું અને હીમતબી ઘણી હતી. તેણે રૂસ્તમને કહયું "અએ દામે બલામાં ફસેલા તું બીરાદર, હું અકેલો તુને એ ફરતા પાણીમાંથી બ્હાર ખેંચી શકું તેમ છેજ નહીં, તેથી હું હમણાંજ જઇને મ્હારા બીજા દોસ્તો જે મ્હારી સાથે શીકાર કરવા આવેલા છે તેમને લઇ આઉંછ, અને પછી અમે બધા સાથે મળીને તુને પાક ખુદાની મદદથી બ્હાર કાઢશું."

એમ બોલીને તે ગયો, અને થોડાજ વખ્તમાં પોતાની સાથે દશ બીજા જવાનોને લઇને આવ્યો. તેઓએ એક કમન્દ નામવર જેહાં-

પહેલવાન તરફ નાંખી, અને કહયું "એ પકડી લે, કે અમે તુને પાણીની બ્હાર ખેંચી કાઢીએ. તું સીતાબીથી કામ કર, કારણકે આ જગ્યાપર અમો વધારે વખ્ત થોભી શકતા નથી. એ જગ્યાપર વીકાળ જાનવર ઘણા આવેછ, અને આએ જગ્યા નઝદીક ગવવાસ દેવ નામના ઝબરદસ્ત એક મોટા દેવનું મથક છે. જે દેવ ઘણોજ જફાકાર છે."

એ સાંભલીને નામવર જેહાંપહેલવાને પેલી કમન્દ પકડી લીધી, અને બધાઓએ મલીને તે નામવરને પાણીની બ્હાર ખેંચી કાઢયો, નામવર રૂસ્તમે બધાનો બહુ ઉપકાર માન્યો.

પ્રકરણ ૬૨ મું.

રૂસ્તમ પહેલવાન ગવવાસ દેવને મારી નાંખે છે!

——:૦:——

તે પછી તે બધાઓએ મલીને રખ્શને પાણીની બહાર કાઢવાનો વીચાર કીધો કે નામવર તહેમતને પોતે પોતાના ઘોડાને ખેંચી કાઢવાની ઇચ્છા બતાવી. મગર, તેઓએ તેને ઠાક લેવા એક બાજૂએ બેસવા કહયું. રૂસ્તમે તેઓનું કહયું માન્યું અને બેઠો, ત્યારે તેઓએ કમન્દ નાંખીને નામવર રૂસ્તમના ઘોડાને પાણીની બ્હાર ખેંચી કાઢયો. તહેમતને પોતાના ઘોડાને પાણીની બ્હાર આવેલો જોઇ દોડી જઇને તેના ચહેરાપર એક ગર્મ બોસો લીધો.

પેલા મર્દોએ તે પછી નામવર રૂસ્તમને પુછ્યું કે "તું કોણ છે?"

રૂસ્તમઃ "મ્હારૂં નામ રૂસ્તમે ઝાલે સામ છે, અને પહેલવાન-તરીકે જે ઓલખાયલો છે તે હું છું."

તે સાંભલીને તેઓ બોલ્યા "અએ જેહાં પહેલવાન નામવર રૂસ્તમ, તું અને આવી બલામાં? તું બી એવી એક દામમાં ફસ્યો!"

નામવર રૂસ્તમે તેમની આગલ પોતાપર વીટેલી બીનાનું બ્યાન કીધું, અને તે પછી પોતાના જમણા હાથની બાઝુપર બાંધેલું હીરા ઝહવાહીરોનું એક પોટલું ખોલ્યું અને તેમાંથી કેટલાક કીમતી હીરાઓ કાઢીને તેમને ભેટ આપ્યા. તે મર્દો તો બહુજ તઅજ્જુબ રહયા તે જોઇને.

તે પછી તેઓએ કહયું "હવે અમે ત્હારી આગલ વધુ વખ્ત રહેવાની હીમત કરતા નથી, કેમજે જો ગવવાસ દેવ આવે અને જાણે કે અમે તુને પાણીની બ્હાર કાઢયો છે તો તે ઝુરૂર અમારી તરફ કપટ રાખે અને અમે ત્હારેથી જૂદા પડીએ ત્યારે કોઇબી વખ્તે અમને ઠાર મારે."

તેટલું બોલીને તેઓ નામવર રૂસ્તમની રજા લઇને ગયા, અને તે પછી નામવર રૂસ્તમે ઘોડાને ચરવા છુટો મુકી દીધો અને પોતે કોઇ શીકારની શોધમાં આજૂબાજૂજ ફર્યાં કીધો.

ત્યાં એક ગોરખર આવી લાગ્યું અને નામવર રૂસ્તમે માર્યું, અને ભુંજીને તેને ખાઇ જવા પછી આસાએશ લેતો એક મોટા ઝાડની નીચે સૂતો.

થોડો વખ્ત પછી એકાએક પાણીમાંથી એક મોટો આવાઝ નીકળ્યો, અને દેવ દેખાયો. દેવે નામવર રૂસ્તમને જોઇને કહયું "તુને કોણે આએ ગેર્દઆબ (ફરતા પાણીમાં) થી બ્હાર કાઢયો? હું ત્હારૂં માથુંજ ત્યારે હવે તો છુંદી નાંખશ, કે ત્હારૂં નામોનીશાન દુન્યામાં નહીં રહે."

તે દેવ તેટલું બોલીને પાણીમાંથી નીકલીને પહાડની તરફ ચાલ્યો ગયો. એક કલાક પછી તે નાબકાર પાછો આવતો જણાયો, જ્યારે તેના હાથમાં એક ઝબરદસ્ત મોટું દરખ્ત (ઝાડ) હતું. તે દેવ નામવર રૂસ્તમના માથાપર તે ઝાડ મારીને તેને મારી નાંખવા માંગતો હતો.

તે જોઇને નામવર રૂસ્તમ ઘણોજ ગૂસ્સામાં આવી જઈ એકદમ દેવ તરફ ધસી ગયો. પોતાની મ્યાનથી શમશીર ખેંચીને તે એક ઝબરદસ્ત મોટા શેરની મીસાલ દેવ ઉપર હુમલો લઇ ગયો.

દેવે પોતાનો હાથ ઉગામ્યો કે નામવર જેહાંપહેલવાનને પેલા મોટા દરખ્તથી હલાક કરે, પણ નામવર રૂસ્તમે વીજલીક ઝડપથી

પોતાની શમશીર ફેરવીને એવી મારી કે તે પાંહાડી જબરો દેવ કમ-રમાંથી બે ટુકડા થઇ ગયો!!–ઝમીન ધ્રુજવી નાંખનારી એક ઝબરદસ્ત ચીખ, અને પછી તમામ!–ગવત્રાસ દેવ પાહાડના બે ટુકડા મીસાલ બેજાન ખાકમાં પડયો!

નામવર જેહાંપહેલવાને તે દેવને બેજાન પડેલો જોઇને આસમાન તરફ આંખ ઉપાડી, અને ખાકથી હાથ મોં સાફ કરી તેણે ઝમીનપર ગુઠન્યે પડી પાક ખુદાની બંદગી કરતાં કહયું "અએ તમામે તમામ ચીઝના પયદા કરનાર તું રહમના ભંડાર પાક પરવરદીગાર, તેં મ્હને આજેબી ત્હારી મદદ આપી અને આએ દેવથી બચાવ્યો જે માટે હું ત્હારો શુક્રગુઝાર છું."



પ્રકરણ ૬૩ મું.

ગવવાસ દેવની ઔરતને રૂસ્તમ મારે છે.

એકાએક ત્યાં જંગલમાં એક મોટો આવાઝ ઉઠી રહયો, અને ત્યાંના એક કુહ જેની ઉપર તે દેવનું મકાન હતું તેપર બીજી એક શયતાન પલીદી પયદા થઇ!–તે એક દેવીણી હતી, જેણે જાદુના ઝોરથી ખબર પડી ગઇ કે તેનો ધણી મરણ પામ્યો હતો અને કોઇ આદમીને હાથ તબાહ થઇ ગયો હતો!

ગવવાસ દેવની ઔરત જાદુ કરીને એક ગોરખર બની ગઇ, અને પવનની મીસાલ રૂસ્તમ તરફ આવી. નામવર રૂસ્તમે ધીચાર કીધો કે હાથ નઝદીક આવેલા તે ગોરખરને મારીને તેને ભુંજીને ખાઇ જાય, તેથી રૂસ્તમ પોતાના રખ્શપર સ્વાર થયો, અને તે ગોરખર જે થોડેજ દુર ઝાડની આડમાં હતું તે તરફ દોડયો.

દેવીણીએ રૂસ્તમને પોતાની નઝદીકમાં આવતો જોઇ પાહાડ તરફ–પોતાના રહેઠાણમાં–જવાનો વીચાર કીધો, અને તે દોડી. એટલી તો ઝોરમાં તે દોડી કે જાણે પવનજ ખુદ દોડતો અને ઉડતો હોય! નામવર રૂસ્તમ તેને મારવા માટે તેની પાછલ પાછલ દોડયો. તે જેહાં પહેલવાને પોતાના તીર–કમાન ખેંચી કાઢયા, અને એક તીર મુકીને માર્યો. જેવો તે તીર તે જાદુઇ ગોરખરની આગલ કુદયો કે તે દેવીણી પોતાને બચાવવા જાદુના ઝોરથી પોતાને એક પક્ષીના આકારમાં ફેરવી નાંખીને પાહાડ તરફ ઉડી!

નામવર તહેમતન સમજી ગયો કે તે ગોરખર નહીં હતું, મગર જાદુઇ ગોરખર હતું અને તે ગવવાસનેજ લગતું કોઇ હતું.—તોબી તે પેલા પક્ષીની પાછલબી પડયો, અને પોતે ઘણોજ ઝોરમાં દોડાવી નઝદીક પુગ્યો ત્યારે તેણે બીજો એક તીર મુકીને માર્યો. તે તીરબી પક્ષીને લાગે તેમ નઝદીક થયો, કે દેવીણીએ પોતાનો અવતાર બદલી નાંખ્યો અને અસલ અવતારમાં ફેરવાઇ ગઇ!

તેણે અસલ અવતાર અખત્યાર કરતાંજ ચાહયું કે જઇને પોતાના નાખુનોથી રૂસ્તમને ચીરી નાંખે, મગર રૂસ્તમ ફરીથી પુરા જોશથી દોડયો અને જતાને વાર દેવીણીની છેક લગોલગ થવાથી તેણે શમશીર કાઢીને મારી. શમશીરનો ઝર્બ પુરો કારગર થયો, અને ગવવાસ દેવની તે જાદુગરણીબી બે કટકા થઇને ઝમીનપર એક મોટી ચીખ મારીને પડી, અને તેનો જાન ઉડી ગયો!!—તે દેવીણીના મરવાથી ત્યાં એક ધાડો ધુમાડો થયો, અને પછી એક મકાન પહાડ-પર દેખાઇ આવ્યું, જયાં એક નવજવાન મર્દ ઉભેલો હોય તેમ રૂસ્તમને જણાયું.

પ્રકરણ ૬૪ મું.

આઝાદમહેર અને બીજા ચાલીસ જવાનો જાદુગરણીના હાથમાં કેદ પકડાયલા રૂસ્તમને હાથ રીહાઈ મેલવે છે.

નામવર રૂસ્તમ તે જવાન શખ્સને ત્યાં ઉભેલો જોઇ તેની પાસે ગયો અને તેને હાલ પુછવા લાગ્યો. રૂસ્મતને જોઇને તે જવાને તેનું નામ પુછ્યું, જેના જવાબમાં રૂસ્તમે કહયું "મ્હારૂં નામ કાંઈ દુન્યામાં છુપું નથી. મ્હારૂં નામ રૂસ્તમે ઝાબુલી છે, અને મ્હારો આરામ ઇરાન ઝમીન છે. હું સામે નરીમાનની ઓલાદથી ઉતરી આવેલો છું." તેટલું કહીને રૂસ્તમે તેનું નામ-ઠામ પુછ્યું. જે સવાલના જવાબમાં પેલા જવાને કહયું "હું મગરેબ ઝમીનનો છું. તે મગરેબ સરઝમીનમાં ૧૨૦ બીજા મુલકો છે જે બધા દોરાબ શાહ નામના એક શહેનશાહના તાબામાં છે અને મ્હારા બાપ તે દોરાબ શાહથી ઉતરતા પાદશાહ છે અને તે પછી બીજા બાદશાહો છે. મ્હારા પીદરનું નામ આઝાદચહેર છે, અને મ્હારૂં નામ આઝાદમહેર છે. મ્હને તે દેવીણી જે ત્હારા હાથપર મારી ગઇ તે અહીં જાદુથી ઉંચકી લાવેલી. હું અહીં આવ્યા બાદ ઘણો દુખી થયો."

રૂસ્તમ; "દેવીણી શું ત્હમારા મગરેબ ઝમીનમાંથી ત્હમને ઉંચકી લાવી?"

આઝાદમહેર: "હા નામવર પહેલવાન, હું એક રાતના મ્હારા બાપીકા મ્હેલમાં ઘણી ખુશી મનાવ્યા બાદ ખાબ કરવા ગયો, અને

મ્હારી આંખ લાગે તેટલાં તો મેં મ્હને પોતાને કોઇ હાથોમાં ઉંચકાઇ ગયલો જોયો! મ્હારેથી બુમબી પડાઇ નહીં, મ્હને બેહોશ કરી મુકયો હોય તેમ મ્હારી સુધબુધ ગૂમ થઈ, અને મેં બીજી સ્હવારે મ્હને પોતાને અહીં જોયો. તે પછી મેં જાણ્યું કે જાદુગરણી મ્હને પોતાના રહેઠાણમાં ઉંચકી લાવી હતી, મેં જાદુગરણીને મ્હને મ્હારા પીદરથી એમ જુદા પાડી દેવાનો સબબ પુછયો, તો જવાબમાં તે દેવીણીએ કહયું કે "ત્હારા રૂપપર હું મોહીત છું, અને તેથી હું તુને અહીં ઉંચકી લાવી છું."—નામવર રૂસ્તમ, હું તે દીવસનો અહીં અતી ઘણો દુખી થયલો રહેલો છું, મ્હારેથી ન્હાસી જવાય તેમબી નહીં હતું અને વલી મેં અહીં આવ્યા બાદ જોયું તો મ્હારી બીસાલ બીજા ચાલીસ નવજવાન મર્દોને પકડી પકડીને તે જાદુગરણી લાવી હતી, અને તેમને બી આએ દામે બલામાં ગીરફતાર કીધા હતા. એ બધા ચાલીસ જવાનોબી મગરેબ ઝમીનના છે, અને વલી બધાઓ દોરાબ શાહ અને મ્હારા પીદર આઝાદચહેરના તાબા નીચેના મુલ્કોના શાહઝાદાઓ છે. ત્હમે આજે તે જાદુગરણીને મારી નાંખી એ જોઇને હું ઘણોજ ખુશી છું, અને ત્હમારીજ મદદે અમે આજે બચી શકયા છીએ એમ સમજુંછું. અમો એકતાલીસ જવાનોને આ કેદખાનાથી બદતર જાદુના મકાનમાંથી છોડવવાનું સવાબ ત્હમને લાગશે, અને ત્હમને અમારા બોત પોતાની નેક મદદ આપશે!!"

રૂસ્તમ: "અએ જવાન, તું હમણાં બોલ્યો તો બોલ્યો, એ ત્હારી ભૂલ થઇ, મગર બીજી વખ્તે તું મ્હારી આગળ ત્હારા બોતની વાત ના કરતો. ત્હમારેજ હાથના બનાવેલા પત્થરના બોતને ત્હમે માનોછો, નહીં; એ ત્હમારી મોટી ભૂલ છે. તમામ જેહાંનનો બનાવનાર ખુદા તો તે એક ખુદા છે જેના જેવો બીજો કોઇજ નથી તે બેનઝીર છે, અમર છે, અને તે પોતે ખુદ થયલો એક ખુદા છે. દુન્યાના પાયો તેનાબાજ છે, અને તેની જગ્યા જયાંબી હોય ત્યાં છે. મ્હારી આએ

શીખામણને યાદ રાખ, અને હવેથી તું બી પાક ખુદાની બંદગી કર. અગર તું મ્હારી આએ શીખામણને માનશે નહીં તો હું ત્હારૂં માથું તનથી જુદું કરી નાંખશ, અને ત્હારા મીત્રોના હાલબી તેજ થશે. અગર જો તું ખુદાપરસ્ત થઇ જાશે તો હું તુને ત્હારા મુલ્કમાં પહોંચાડી દેવશ."

નામદાર રૂસ્તમની વાત સાંભલીને તે જવાનના દીલમાં પાક ખુદાની યાદ થઇ, અને તે રૂસ્તમની વાત કબુલી યઝદાંપરસ્તી થયો.

તે પછી દેવીણીના ઘરમાં તેઓ ગયા, જ્યાં ચાલીસ નવજવાનો કેદ પડેલા હતા. નામવર રૂસ્તમે તે ચાલીસે ચાલીસના બંદ તોડી નાંખ્યા, અને તેમને રીહાઇ આપતી વખ્તે તેમની પાસેબી યઝદાંપરસ્તી કબુલાવી. તેઓ બધા પાક ખુદા પરસ્ત થયા, અને નામવર રૂસ્તમે તેમને રીહા કીધા.

તે પછી નામવર રૂસ્તમે તે દેવીણીનું નામ આઝાદમહેરને પુછ્યું, જે તેના હાથપરથી મૌતના હાથોમાં જઇ પડી હતી!

આઝાદમહેર: "તે જાદુગરણીનું નામ બીનેહાર હતું. મ્હને લાગેછ કે એ દેવીણીએ પોતાના ધણી ગવવાસ સાથે બહુ મોટો ખઝાનો જમાવ કીધો હશે, અને મ્હારા ધારવા મુજબ તે ખઝાનો આ મકાનને મથાળેના હંમેશાને માટે બંધ પડેલા ઓરડાની અંદર ભરેલો હશે."

રૂસ્તમે આઝાદમહેરની અટકલમાં વજુદ જોયું, અને તેણે બંધ દરવાઝો તોડી પાડયો. ત્યાં ખરેખર અંદર એક મોટો ખઝાનો ભરેલો હતો. કેટલીક કીમતી ચીઝો જે હતી તે રૂસ્તમે લીધી, અને વળી તે એકતાલીસ જવાનોએ પોતાનાથી લેવાય તેટલું લીધું, અને તે પછી નામવર રૂસ્તમ પહેલવાન સાથે તે એકતાલીસ જણા પહાડ ઉપરથી નીચે ઉતર્યાં. એ સઘલાઓને નામવર રૂસ્તમ પોતે આપેલા વચન મૂજબ મગરેબ ઝમીનમાં પહોંચાડવા તેયાર થયો, અને હવે તેઓ ચાલ્યા.

પ્રકરણ ૬૫ મું.

જેમહુર શાહની હદમાં તકરાર!

સાત દીવસ તેઓ ચાલ્યા, અને આઠમા દીવસની સહવારના તેઓ એક મુલ્કમાં પહોંચ્યા. તે મુલ્કની સરહદપર એક મોટી નદી હતી, અને નદીને કીનારે ફુલોના ઝાડની વાડી હતી. તે વાડી આગલ ભરવાડનું એક ટોળું બેઠેલું હતું, નામવર રૂસ્તમ અને તેની સાથના એકતાલીસ જવાનોબી ત્યાં આસાએશ લેતા બેઠા.

તેઓએ ત્યાં બેસીને પોતાની સાથે જે હતું તે ખાધું, અને ત્યાંના સુંદર સાફ નાલાંમાંથી પાણી પીધું. પેલા ભરવાડોમાંનો એક, રૂસ્તમ જયાં બેઠો હતો તે તરફ પાણી લેવા આવ્યો; તે ભરવાડની નઝર નામવર જેહાં પહેલવાન રૂસ્તમ ઉપર પડી કે તે જોઇને ગભરાઈ ગયો! તેણે એક હાથી જેવા માણસને ત્યાં જોયો, જે હાથીનેબી બાજૂએ મુકે તેવો હતો. વલી, તેની પાસે એક ઘોડો ઉભો હતો જે ઘોડો એક પાહાડના જેવો હતો! રૂસ્તમને જોઇને ગભરાયલો ભરવાડ પોતાની હોશ ખોહી બેઠો, અને તે નવા આવનારાઓ સાથે કાંઇ વાત કરવા માંગતો હતો તે વાતબી ભૂલી ગયો!

પત્થર જેવા થઇ ગયલા તે ભરવાડને જોઇને રૂસ્તમે પુછયું "તું શું કામ બીહેછ, અને એમ મ્હને ફાટેલે ડોળે જોયછ? તું નાં બીહ, પણ હું તુને પુછું તેનો બરોબર જવાબ આપ. આએ મુલકનું નામ શું છે? એનો શાહ કોણ છે? અને એનો સીપાહસાલાર કોણ છે?"

ભરવાડ: "તુને જોઇને હું ગભરાઇ ગયો, અય મોટા જંગી મર્દ. પણ હવે જયારે તું મ્હને પુછેછ ત્યારે તુને જવાબ આપુછ કે આ મુલ્કનો શાહ જમહુર છે, અને અહીંના પહેલવાનો શેરથીબી ઝોરાવર છે."

રૂસ્તમ: "જમહુરશાહ કોણ છે અને તેનો રસ્મ અને રીવાજ શું છે?"

ભરવાડ: "જમહુર શાહ દરીયાવને કીનારેના મોટા મુલકનો શાહ છે, જે અમારા મુલકમાં બીજા કેટલાક ન્હાના રાજ્યો છે. અમારા શાહનો રસ્મ બોતપરસ્ત છે અને અમારો બોત અમને મદદગાર છે. ત્હમે કયાંથી આવ્યા? ત્હમે તો કોઇ નવાજ મુલ્કના હોવ તેમ લાગોછ, અને હું તઅજ્જુબ છું કે ત્હમે આએ અમારા મુલ્ક તરફ કેમ આવી લાગ્યા? પેલી તરફ તો ગવવાસ નામના એક ઝબરદસ્ત દેવનું રહેઠાણુ છે, જે બસો વરસ થયા જીવતો છે."

રૂસ્તમ: "પાક ખુદાના હુકમથી તે દેવને મેં મારી નાંખ્યો, અને તે દેવની ઔરતનેબી મેં મારી."

તે સાંભલીને ભરવાડે રૂસ્તમની બહાદુરીપર આફરીન કીધી—તે બાદ નામવર જેહાં પહેલવાને કહયું "ત્હમો ભરવાડોનો બુઝર્ગ અને વડો કોણ છે?"

ભરવાડ: "અમારા બુઝર્ગનું નામ ગોબાદ છે."

રૂસ્તમ: "અએ નેકમર્દ, તું જા ત્હારા વડા ભરવાડ પાસે, અને તેને કહે કે એક પહેલવાન પોતાના એકતાલીસ સાથીઓ સાથે ત્હારે ત્યાં પહરોણો ઉતરવા માંગેછ, અને મહેમાનદારી કરવા ખાવાનું તેયાર કર."

તે સાંભલીને ભરવાડ પોતાના બુઝર્ગ આગલ ગયો, અને ત્યાં જઇને તેણે રૂસ્તમનો પયગામ કહયો.

ગોબાદે તે પયગામ સાંભળીને ગૂસ્સાથી કહયું "જા, તું જઇને કહે કે ત્હમને અમારી હદમાં આવવાની કોઇ ગુરૂરત નથી, અને વલી ત્હમારૂં કહયું કરવાને અમો બંધાયલા નથી. ત્હમે લોકો અહીંથી ચાલ્યા જાઓ, નહીં તો અમારી શમશીરથી ત્હમે ખતા જોશો."

ભરવાડ તે કહેવા પાછો રૂસ્તમ આગળ આવ્યો, અને તેણે વલી આ વખ્તે ઘણી તુંદાઇથી વાત કીધી અને પોતાના સરદારની શેખી જણાવી દીધી.

નામવર રૂસ્તમે તે વાત સાંભલી કે તે ઘણો ગૂસ્સાબાઝ થઇ ગયો, અને તેણે ગુસ્સામાં અને ગુસ્સામાં એક મુક્કી ગુમાવીને તે ભરવાડના માથામાં એવી મારી કે ભરવાડનું માથું ફાટી ગયું, અને તે મુરદુ થઇને ઝમીનપર ઝીકાયો ! !

તે વાતની ખબર જયારે ભરવાડોના વડા ગોબાદને થઇ ત્યારે તેણે પોતાના હાથ નીચેના ભરવાડોના એક મોટા તોલાંને ઉશકેરી મુકયું, અને તેમને હથીયાર સજાવી પોતેબી હથીયાર સજીને રૂસ્તમ તરફ લડવા ગયો, અને એક ભરવાડને રૂસ્તમના આવ્યાની ખબર આપવા શહેરમાં મોકલી દીધો.

ગોબાદ પોતાના ભરવાડોના મોટા ટોલાં સાથે લડવા ધસી આવતો હતો તે જોઇને રૂસ્તમે પોતાના તીરકમાન હાથમાં લીધાં, અને એક તીર ખેંચીને જે માર્યું તે જઇને ગોબાદની છાતીમાં લાગ્યો.

નામવર રૂસ્તમના તીરથી ગોબાદ ઝમીનપર પડયો, અને તેણે પોતાનો પ્યારો જાન છોડયો.

રૂસ્તમનો તીર જોઇને ગોબાદની સાથવાલાઓ બધા ગભરાઈ ગયા, અને તેઓ મોટેથી બુમ પાડવા લાગ્યા "અરે, આએ તો કોઈ આદમીની સુરતમાં દેવ છે."

તેવી બુમ પાડયા પછી કેટલાકોએ મલીને તે તીર ગોબાદની છાતી-માંથી ખેંચી કાઢયો, અને પછી રૂસ્તમ સામે લડવાને બદલે તેઓ બધા બુમબરાડા પાડતા ન્હાસી ગયા, અને પોતાના શાહને તે વાતની ખબર કરવા દોડયા.

તેઓએ પોતાના બોતપરસ્ત શાહ જમહુરને રૂસ્તમની વાત કહી, અને તે શાહે ગભરાઇને તે વાત પોતાના સીપાહસાલાર "હોજબ્રે-શોતરલબ" ને કહી, જે સીપાહસાલારનું શરીર પાહાડના જેવું હતું અને જેના હોટ ઉંટના હોટના માફક મોટા અને લબરતા હતા.

હોજબ્રેશોતરલબે તે વાત સાંભલીને લડવા જવાની તો હીંમત કીધી નહીં, પણ તેણે એક પયગામચીને મોકલાવ્યો કે તે રૂસ્તમને પુછી આવે કે તેઓના મૂલ્કમાં આવવાની તેની મતલબ શું હતી?

તે પયગામચીને નામવર રૂસ્તમે કહયું "હું ત્હમારા શાહને ખુદાપરસ્ત થવા માટે કહેવા આવ્યોછ. ત્હમે બોતપરસ્તો ત્હમારા પોતાનાજ બનાવેલા પત્થરને માનો છે એ કેટલું બધું કમઅકલીપણું બતાવે છે! પાક ખુદા તો તે છે, જે ખુદ થયલો એક છે, જેણે પોતે તમામ માણુસ ઝાતને, તમામ દુન્યાને અને તમામે તમામ ચીઝને પોતે પયદા કીધી, પોતે અણુદીઠ છતાં સર્વે તરફ છે. માટે ત્હમે લોકો તે પાક ખુદાને માનો—ત્હમારો શાહ જેમહુર જો ખુદાપરસ્તી થશે નહીં તો હું તેનું માથું કાપી નાંખશ અને તેનો મુલ્ક લઇ લેવશ"

રૂસ્તમના તે સખુન સાંભળીને પેલો પયગામચી જેમહુર શાહ પાસે ગયો, અને રૂસ્તમે કહેલી વાત તેને કહી.

જેમહુર: "એ કોણુ એટલો બધો ઝોરાવર છે જે આપણા જેવાઓ સાથે લડવા તૈયાર થયોછ? આપણું આખું લશકર તેને અને તેના એકતાલીસ જવાનોને તો એક ચમટીમાં ચોલી નાંખશે. મ્હને લાગેછ કે એ બોલનાર આદમી કોઇ દીવાનો હશે, નહીં તો તે ત્યાંસુધી એ એવું ઘેલું-ઘેલું બકે નહી."

પણ પયગામચીએ નામવર રૂસ્તમના ઝબરદસ્ત મોટા શરીર અને તેના ઝબરદસ્ત મોટા હથીયારો વીગેરેનું બ્યાન જયારે કીધું ત્યારે હોજબ્રેશીતરઅબના હાંજાં ગગડી ગયા, અને જેમહુર શાહથી ફીકર કરવા લાગ્યો!

જેમહુર શાહે પોતાના સીપાહસાલાર હોજબ્રે શીતરઅબનેજ જવા કહ્યું, અને તે ડરપોક સીપાહસાલાર લશકરને લઇને રૂસ્તમ આગલ જવા તેયાર થયો.

પ્રકરણ ૬૬ મું.

રૂસ્તમ જેમહુર શાહના સીપાહસાલારને મારે છે અને તેના લશકરને હરાવે છે.

—:o:—

નામવર રૂસ્તમ જ્યાં બેઠો હતો તે તરફ જેમહુર શાહનો સીપાહ-સાલાર હોજબ્રેશોતરલબ એટલું બધું મોટું લશકર લઇને ગયો કે ડુંગરાઓની એક મોટી હાર!

નામવર રૂસ્તમ તે લશકરને જોઇને એકદમ ઉભો થયો, અને તેણે પોતાના એકતાલીસ સાથીઓને પોતાની પાછળ મોકલી પોતે આગળ જઇને ઉભો. બધા તે લશકરીઓ પાસે મગરના કાંટાં અને તીર–કમાન હતા, અને બધા તે સીપાહોના ગળામાં ન્હાના ન્હાના બોતના પુતળાંઓ લટકતા હતા.

હોજબ્રેશોતરલબ રૂસ્તમને જોઇને દુરથીજ બુમ પાડવા લાગ્યો "તું શું કામ અમારા મુલ્કમાં આવ્યો, અને તેં અમારી રૈયતના માણસોને કેમ માર્યાં? ત્હારી ભુલ થઇ ગયલી અમે માફ કરવા તેયાર છીએ, અગરજો તું હમણાંજ મૂંગો મૂંગો ત્હારા સાથીઓ સાથે અમારો મુલ્ક છોડીને ચાલી જતો હોય તો. અગરજો તું અહીંથી ચાલી નહીં જશે તો ત્હારા માથાપર વબાલ આવશે, અને તું અમારી શમશીરથી માર્યો જશે, માટે મ્હારૂં કહયુ માનીને તું અહીંથી ગુપચુપ ચાલી જા."

નામવર રૂસ્તમે તે સાંભલીને કહયું "અએ કાફરે બોતપરસ્ત, તું ત્હારા મનમાં કાંઇ ઔર ચીઝ સમજી ગયો છે! તું આટલી બધી

શેખી કરેછ, પણ યાદ રાખ કે માણુસ ભૂલેલો લાગેછ. હું ત્હારૂં મોહુંજ હમણાં સીવી મુકુંછ."

એમ બોલીને નામવર રૂસ્તમે કમાનમાં એક તીર મુકયો, અને તે તીર એવી આબાદ નેમથી ખેંચીને માર્યો કે હોજબ્રે શેતરલખના ડાચામાં તે જઇને લાગ્યો, અને તેનું જડબું ચીરીને તે તીર માથામાંથી બ્હાર નીકલ્યો. એકબી આવાઝ ત્યાં નીકલ્યો નહીં, અને સીવાયલા ડાચાનો સીપાહસાલાર મોતને મલતો ખાકપર પડયો!

તે પછી નામવર રૂસ્તમ રખ્શને બોલાવી તેપર સ્વાર થયો, અને હાથમા ગોર્ઝ ઉઠાવીને રખ્શને બોતપરસ્તોના મોટા લશકરોમાં દોડાવ્યો. રૂસ્તમ વીજલીની મીસાલ ગોર્ઝ ફેરવતો હતો, અને તેનો રખ્શ વળી ઘણાકોને દાબતો અને છુંદતો હતો! થોડીજ મીનીટમાં તો તે ઝબરદસ્ત મોટા જેહાંપહેલવાને ૧૧૬૦ બોતપરસ્તોને ગોર્ઝથી મારી નાંખ્યા, અને ઘોડાના પગ તળે છુંદાઇ મુઆ તે તો જૂદા!!—જેમહુર શાહનું મોટું લશકર તે જોઇને એવું તો ડરપોક બની ગયું કે જાન બચાવવા તેઓ ત્યાંથી ન્હાસી ગયા!!!

તેઓ એકદમ પોતાના શાહ જેમહુર આગલ ગયા અને ત્યાં જઇને કહયું "ત્હમે ગવવાસ દેવ આગલ બીહતા હતા, મગર આએ તો વલી કોઇ ગવવાસ દેવનો દાદો છે!! ફકટ ગોર્ઝ ફેરવીને તો ટપાટપ ટપાટપ તે ઝબરદસ્ત માણસોને બોલ બોલતાંમાં મારી નાંખેછ, અને આપણો સીપાહસાલાર જે એટલો બધો ઝોરાવર હતો તે તેના એકજ તીરમાં મોંઢેથી સીવાઇ જઇને મોતને મલી ગયો!"

જેમહુર શાહ તે સાંભલીને મોટો અદેશો કરવા લાગ્યો, પણ તેની દરબારમાંનાં એક બીજા ઝબરદસ્ત પહેલવાને ઉઠીને કહયું "હવે હું લશકર લઇને લડવા જાઉં છું, અને ત્હમેજ જોશો કે હું તેના હાથ બાંધીને અહીં દરબારમાં લઇ આઉંછું."

પ્રકરણ ૬૭ મું.

કમન્દઅફ્કન્દનું રૂસ્તમની લડાઇમાં આવવું, નામવર રૂસ્તમ તેને પોતાના રખ્શની પુછડીએ બાંધીને રખ્શને દોડાવે છે, અને કમન્દઅફ્કન્દ ટુકડે ટુકડા થઇને મરે છે!

હવે જેમહુર શાહ પોતે પોતાના તમામ લશકરને લઇને નીકલ્યો, અને તેણે હોજઅેશોતરલબની જગ્યાપર પેલા પહેલવાનને પોતાનો સીપાહસાલાર નેમ્યો, જે પહેલવાને રૂસ્તમના હાથ બાંધીને જેમહુર શાહની દરબારમાં લઇ જવાની વાત કીધી હતી!! તેનું નામ કમન્દ-અફ્કન્દ હતું, અને તે મનમાં ઘણોજ ફુલાતો હતો.

જેમહુર શાહે દુરથી જયારે રૂસ્તમને જોયો ત્યારે તેણે દાંતમાં આંગલી પકડી લીધી! તે પોતાના મનમાં બોલ્યો "આખી દુન્યામાં આના જેવો મોટા કદનો અને દીલેર કોઇ નહીં હશે!"

જેમહુર શાહનું વધારાનું લશકરબી રૂસ્તમને જોઇને ઠસ થઇ ગયું!

જેમહુર શાહને કહીને હવે તેનો નવો સીપાહસાલાર કમન્દ-અફ્કન્દ પોતાના હાથમાં પોતાની માનીતી કમન્દ લઇને એક હાથીપર સ્વાર થઇને આવ્યો. તેણે રૂસ્તમની તરફ જોઇને બુમ પાડી "મ્હારૂં નામ કમન્દઅફ્કન્દ છે, અને હું આએ મ્હારી કમન્દ નાંખવામાં બહુજ હુશયાર છું. હું ત્હારી ઉપરબી આએ કમન્દ નાંખીને તુને જીવતો પકડીને મ્હારા શાહ જેમહુરની આગલ લઇ જઇશ. તે પછી જેમહુર તુને જીવતો રાખે તો ત્હારા મોટા નસીબ."

રૂસ્તમ તે સાંભલીને ઘોડાપર સ્વાર થયો.

કમન્દઅફ્કન્દે પોતાની કમન્દને તાબ આપીને નામદાર રૂસ્તમ તરફ નાખી, પણ રૂસ્તમની ગરદન કાંઇ તેની કમન્દમાં સપડાઇ નહીં.

મગર, નામવર રૂસ્તમે પોતાના હાથમાં તે કમન્દને પકડી લીધી અને એક ઝટકો એવો માર્યો કે કમન્દઅફ્કન્દના હાથમાંથી તેની કમન્દ છુટી ગઇ! નામવર રૂસ્તમે કમન્દઅફ્કન્દની કમન્દ ફેંકીને તેનીજ કમન્દમાં તેને ગીરફ્તાર કરી લીધો!!—અને તેને પોતાની તરફ ખેંચ્યો.

કમન્દઅફ્કન્દ હાથી ઉપરથી નીચે પડી ગયો, અને રૂસ્તમની તરફ ખેંચાઇ ગયો! નામવર રૂસ્તમે તેને પકડીને તેની ગરદન પોતાના ઘોડા રખ્શની પુછડી સાથે બાંધી, અને રખ્શને છોડી મુકયો.

રખ્શ નામવર રૂસ્તમની મતલબ સમજી ગયો, અને તે મયદાનમાં અહીંથી ત્યાં દોડવા કુદવા લાગ્યો, રખ્શ ખૂબ દોડતો હતો અને વલી લાત મારતો હતો! રખ્શના દોડવાથી કમન્દઅફ્કન્દ ઝમીન ઉપર ઘસડાતો હતો અને તેથી તેનો જાન હલાક થતો, અને વલી રખ્શની લાતથી તેના શરીરનો છુંદો બનતો હતો!—રખ્શ તે બોતપરસ્ત પહેલવાનને લઇને એટલો તો દોડયો અને એટલી બધી લાતો મારી કે તેના ટુકડે ટુકડા થઇને ઝમીનપર પડયા!!

જેમહુર શાહ તો તે દેખાવ જોઈને હયરાન બન્યો!

તે પછી રખ્શપર સ્વાર થઇને નામવર જેહાં પહેલવાને હાથમાં ગોર્ઝ લઇને ફેરવવા માંડયું, અને ફેરવતા ફેરવતા તે જેમહુરના લશકરપર ધસી ગયો. રૂસ્તમે ગોર્ઝ અને શમશીર લગાવી લગાવીને હઝારો સીપાહોને મારી નાંખ્યા, અને તે એકદમ જેહમુર શાહ ઉભેલો હતો ત્યાં ધસી ગયો. તેણે જતાંને વાર જેહમુરને કહયું "હું જાણી શકયોછ કે તું આએ મુલ્કનો શાહ છે. તું ત્હારા બોત અને બોતની આકૃતીના વાવટા આગલ ઉભોછ, પણ ત્હારો બોત તુને કાંઇબી મદદ નહીં કરશે. જો તું ખુદાપરસ્ત થતો હોય તો હું તુંને જીવતો રાખું."

પણ જેમહુર શાહે તેનું કહયું નહીં માનતા પોતાની શમશીર મ્યાનમાંથી બ્હાર કાઢી લીધી, જે જોઇ રૂસ્તમે તેને એક એવો ફટકો શમશીરનો માર્યો કે તે બે ટુકડા થઇને ઝમીનપર પડયો!! રૂસ્તમે તે પછી તેનો વાવટો ઉડારી મુકયો.

પ્રકરણ ૬૮ મું.

જેમહુર શાહના રાજયના ચાલીસ ભાગ કરીને નામવર રૂસ્તમ પોતાના ચાલીસ સાથીઓને શાહ બનાવે છે.

તે જોઇને જેમહુર શાહનું આખું લશકર ન્હાસી ગયું !!

નામવર રૂસ્તમ તે પછી પોતાના સાથીઓ આગલ આવ્યો, જેઓએ ખુશી થઇને રૂસ્તમને મુબારકબાદી આપી, અને કહ્યું "પાક ખુદા ત્હારો મદદગાર છે. અએ નામવર જેહાં પહેલવાન, તે પાક ખુદાના હુકમથી એવું કામ આજે કીધું છે કે જેવું કોઇએબી કદીબી કીધું નહીંજ હોય!"

નામવર જેહાં પહેલવાને આસમાન તરફ પોતાની નઝર ઉંચકીને પાક ખુદાના શુકરાના કીધા, અને તે પછી ગુઠન્યે પડીને તેણે ઝમીન-પર માથું મુકયું, અને ઉઠી બેસતાં બેઉ હાથ જોડીને તે કીરતારની બંદગી કીધી.—બોતપરસ્તીમાંથી ખુદાપરસ્ત થયલા રૂસ્તમના પેલા એકતાલીસ સાથીઓએબી પરવરદેગારની બંદગી રૂસ્તમને જોઇ જોઇને કીધી.

બીજે દીવસે મરનાર જેમહુર શાહના મુલકના મોટા મોટા બુઝર્ગો અને શહેરીઓ જમાત થઇને નામવર રૂસ્તમ પહેલવાનની આગલ આવ્યા, અને તેઓ દુરથી આવાઝ કરવા લાગ્યા "અએ નામવર પહેલવાન, અમો બધા ત્હારા ગુલામો છઇએ. અમે બધા ત્હારે શરણે આવ્યા છીએ, અને આશા છે કે અમારૂં રાજય તું લઇને અમારો શાહ થશે."

નામવર રૂસ્તમે તેમને પોતાની પાસે તેડયા, અને કહયું "હમો જો બધા બોતપરસ્તી છોડી દો, અને પાક ખુદા પરસ્ત થઇ જાઓ, તો હું હમો બધાને કાંઇબી ઈજા કરીશ નહીં, અને એવી રીતે હમારી સાથે કામ લેવશ કે હમે બધા સુખી અને ખુશી રહેશો."

બધાઓએ નામવર રૂસ્તમનું કહયું માન્યું, અને ખુદાપરસ્ત થયા. તે પછી નામવર રૂસ્તમે તેઓના મુલ્કની બધી ખબર તેમનાથી મેલવી, અને આઝાદમહેર સીવાય પેલા ચાલીસ સાથીઓને કહયું કે "હું હમોને ચાલીસે ચાલીસ જણાઓને જેમહુર શાહના મુલ્કના ભાગલા કરીને દરેકને શાહ બનાવવા ઈચ્છું છું, હમારી શું મરઝી છે ?"

તે ચાલીસે ચાલીસ જવાનો ઘણા ખુશી થઇ ગયા, જેથી રૂસ્તમે જેમહુર શાહના મુલ્કના ચાલીસ ભાગલા પાડયા અને તે ચાલીસ સાથીઓને શાહ બનાવ્યા, અને તેઓને હુકમ આપ્યો કે તેઓએ સદા પાક ખુદાપરસ્ત રહેવું અને પોતાની તમામ રૈયતનેબી ખુદાપરસ્ત બનાવવી.—તેઓએ નામવર રૂસ્તમનું કહયું માન્યું અને પોતપોતાને મલેલા રાજયની હદમાં ગયા, શાહ બની રાજય કરવા લાગ્યા.

પ્રકરણ ૬૯ મું.

મગરેબ તરફ જવાના ખુશકી રસ્તાની મુસીબતોનું બ્યાન—નામવર રૂસ્તમ આઝાદમહેરને લઇને મગરેબ ઝમીન તરફ જવા નીકલે છે.

થોડાક દીવસ પછી નામવર રૂસ્તમે તે મુલકના રહીશોને પુછ્યું કે "મ્હને મગરેબ ઝમીન તરફ આઝાદમહેરની સાથે જવાનું છે, તો મ્હને આપ બતાવશો કે મગરેબ તરફ જવાનો રસ્તો કયો છે?"

તેઓએ જવાબ આપ્યો કે "મગરેબ તરફ જવાના બે રસ્તા છે, એક રસ્તો દરીયાવને માર્ગે છે અને એક રસ્તો ખુશકીનો છે. ઝમીનને રસ્તે કોઇબી કોઇ વખ્ત અહીંથી મગરેબ તરફ જઇ શકયું નથી, જેબી ગયા હોય તે દરીયાવનેજ માર્ગે ગયલા છે. ખુશકીના રસ્તામાં ઘણી ઘણી મુશકીલીઓ છે."

નામવર રૂસ્તમે પુછ્યું "ઝમીનને માર્ગે શું શું મુશકીલી છે તેનું જરા મ્હને બ્યાન સંભલાવો."

તેઓએ કહયું "અહીંથી સાત દીવસ સુધી ચાલ્યા પછી એક એવું તો મોટું જંગલ આવે છે કે જેમાં સીંહોનીજ વસ્તી છે. તે સીંહના જંગલને પસાર કરીને કોઇબી જઇ શકતું નથી. તે સીંહોની વચ્ચે એક મોટો સીંહ છે, જે શેરોનો શાહ છે, અને તેની આજુ-બાજુ બીજા શેરો બેસે છે. એ શેરોની આફત પછી એક રસ્તો એવો આવે છે કે જયાં એક મોટો પહાડ છે અને તે પહાડ આગલથી આગલ વધવાનો કોઇ માર્ગબી જડતો નથી! તે પછી એક પાણીનું નાલું આવે છે જેની પાસે એક અઝદાહ છે. જે અઝદાહથી અગર બે હજાર

માણુસોબી હોય તો જાન બચાવીને બીજી તરફ જઇ શકતા નથી. તે પસાર કર્યાં પછી પાણીની એક મોટી નદી આવેછ જેની પહોલાઇ બે માઇલની છે, અને તે નદીમાં કાચબા બહુ છે જેઓ માણુસને હયરાન કરે તેવા મોટા છે. નદી પસાર કર્યાં બાદ એક સુકકું વેરાન રણુ આવે છે કે જયાં ભુંજી નાંખનારી ગરમ રેતી એટલી તો સખ્ત રીતે તપેછ કે પહાડનેબી મોમ બનાવે, તો માણુસ ઝાત તેની આગલ શું બીસાદમાં? અગર માણુસમાં સો જાનબી હોય તો તે તે રેતીના રણુમાં જીવી શકે નહીં.–દરીયાવનો રસ્તો તેથી બહુજ સરસ, કેમજે તે રસ્તે મુશકીલી કોઇ નથી, ફકત દરીયાવને રસ્તે વખ્ત ઘણો લાગેછ. અમે આપને સલ્લાહ આપીએછ કે દરીયાવને લાંબે રસ્તેજ જાઓ, પણ ખુશકીને રસ્તે જલદી જવાને વાસ્તે બધી આફતોમાં ના ફસ્તા; કેમજે એ આફતોમાંથો આજ સુધી કોઇબી બચી શકયું હોય એમ અમે જાણ્યુંજ નથી. દરીયાવને રસ્તે સફર કરીને એક વરસે પહોંચશો પણ તે આસાનપહોંચાશે, મગર ખુશકીની મુસાફરીથી ઘણું જલદી પહોંચાય, પણ ત્યાંથી પસાર થવાયજ નહી તો પહોંચાયજ કયાંથી?"

નામવર રૂસ્તમે તે સાંભલીને કહયું "મ્હારે લાંબો વખ્ત ખોટી થઇને મગરેબ જવું નથી, હું તો ટુંકે રસ્તેજ જવા માંગુછ. દરીયાવ સાથ મ્હને કામ નથી, હું તો પાક ખુદાના લુત્ફથી ખુશકીનેજ માર્ગે આસાનીથી મગરેબમાં પહોંચીશ અને આઝાદમહેરનેબી પહોંચાડીશ. પાક ખુદાનુંજ લુત્ફ બંદાઓને માટે રાહનુમાય છે."

તેટલું બોલીને નામવર રૂસ્તમે ત્યાંના શહેરીઓને સલામ કીધી, તેઓએ નામવર રૂસ્તમને પાક ખુદા સલામત રાખે તેવી દુઆ દીધી, જે પછી નામવર રૂસ્તમ પોતાના રખ્શપર સ્વાર થયો. તે બાદ આઝાદમહેરબી પોતાને માટે તે મુલ્કમાથી લઇ લીધેલા એક તેઝ ઘોડાપર સ્વાર થયો. અને નામવર રૂસ્તમ તથા આઝાદમહેર મગરેબ ઝમીન તરફ જવા સારૂ નીકલ્યા.

પ્રકરણ ૭૦ મું.

સીંહોના જંગલમાં રૂસ્તમનું પહોંચવું, અને સીતેર સીંહોને મારી નાંખવું.

સાત દીવસ સુધી ચાલ્યા બાદ નામવર અને આઝાદમહેર એક મોટા જંગલમાં આવી પહોંચ્યા. ત્યાં નામવર રૂસ્તમે ઉતારો લેવા ચાહયું, પણ આઝાદમહેરે રૂસ્તમને કહયું "સીંહો જણાતા નથી તેટલાંજ ચાલી જવું આપણે માટે ઘણુંજ ઠીક થઇ પડશે. અહીં થોભીને સીંહોની બલામાં ફસવું તેના કરતાં સારી ટક મળેલી છે તો આપણે ચાલી જઇએ તો બહેતર થશે."

નામવર રૂસ્તમે તે સાંભળીને કહયું "અગરજો હું સીંહોની સાથે લડવાથી બીહું તો પછી મ્હારૂં નામ દુન્યામાં જેહાંપહેલવાન તરીકે કેમ કહેવાય? હું ગમે તેટલા સીંહો અહીં હશે તો તેથી બીહવાનો નથી, હું પહેલવાન છું, જેહાંપહેલવાન છું તો ફકત સીંહોથી બીહુ તો પછી મ્હારે પહેલવાની કરવાને બદલે ઘરમાં બેસવું જોઇએ!! કોહલા આગળ જેમ સીંહ નહીં બીહે, તેમ હું સીંહ આગળ નહી બીહતો. સીંહોને મારવું તે તો હું એક રમત સમજું છ. તું બીક ના, ખુદા પાક મ્હારો મદદગાર છે અને હું ત્હારા એક બાલને બી અલવલ નહીં પહોંચે તેમ કરીશ. તું બીલકુલ ફીકર ના કર, ઉતર ઘોડાપરથી આપણે જરા અહીં આસાએશ લઇશું."

નામવર રૂસ્તમ અને આઝાદમહેર ઘોડા ઉપરથી ઉતરી પડયા, અને પાણીનાં એક નાંલાં પાસે એક મોટું ઝાડ હતું તેની છાંવમાં આરામ લેતા તેઓ બેઠા.

તેજ નાંલાં પાસે સીંહો આનીને એરતા હતા, અને ત્યાંજ રૂસ્તમ આઝાદમહેરને લઇને બેઠો!

રાત પડી, અને એક ઝબરદસ્ત મોટો સીંહ મોટી ગર્જનાઓ કરતો તે નાંલાં તરફ આવ્યો. તેનું મોંઢું એક મોટી ઢાલ જેવું હતું, તેની આંખ એટલી તો ચલકતી હતી કે જાણે આપણી આંખ જો તેની આંખની તેજને જોય તો ઝાંખી થાય! તે મોંઢું ફાડતો ત્યારે જાણે એક મોટી ગાર હોય તેવો ખોહ જણાતો! કોઇબી ચીઝપર હુમલો લઇ જાય તો તેને પલમાં ફાડી નાંખે!

તેની પાછલ એકસો બીજા સીંહ ચાલી આવતા હતા, જેઓ બધા તે પાણીના નાંલાં તરફજ પગલાં લંબાવતાં હતાં!!

નામવર રૂસ્તમે ઘાસ અને પાંદડાના એક ઢગલાને ચકમકના આતશથી સલગાવી મુકયો, અને તેમ કરીને જંગલને આગ લગાડી. આતશને જોઇને બધા સીંહો બીહી ગયા, અને તેઓ ત્યાંથી ન્હાસી ગયા!!

આખી રાત એકબી સીંહ ત્યાં આવ્યો નહીં, અને સ્હવાર પડી ત્યારે નામવર રૂસ્તમ અને આઝાદમહેર ઘોડે સ્વાર થઇને નીકલ્યા.

થોડે રસ્તે ગયા નહીં તેટલાં તો તેઓની સામે સીંહોનું એક મોટું ટોળું ઉભેલું જણાયું!! નામવર રૂસ્તમે પોતાની તીર-કમાન ખેંચી કાહડતાં આઝાદમહેરને દીલાસો આપ્યો કે તેણે બીલકુલ બીહવું નહીં.

નામવર રૂસ્તમે આઝાદમહેરને દીલાસો દીધા પછી એક તીર કમાનમાં મુકીને સીંહોની તરફ માર્યો; સીંહોનો સરદાર તમામ સીંહોની આગલ ઉભેલો હતો, અને તે જંગલને જાવી નાંખનારી ગર્જનાઓ કરતો.

રૂસ્તમનો તીર જઇને આબાદ નેમથી તે સીંહોના સરદારના કપાલમાં લાગ્યો, અને તીરને રૂસ્તમના ઝોરથી એટલું તો બધું ઝોર

મર્યું હતું કે તે સીંહના કપાલમાંથી નીકલીને તેની પીઠને વીંધી પડયું ! શેરના સરદારે એક મોટો ઉછાલો માર્યો, અને તે ઉછાલા સાથેજ ઝમીનપર બેજાન થઇ પડયો ! !

નામવર રૂસ્તમે બીજો એક તીર કમાનમાં મુકી ખેંચી, છોડયો જે જઇને બીજા એક સીંહને લાગ્યો અને તેબી મૂઓ !

બીજોબી તીર નામવર રૂસ્તમે લગાવ્યો, અને તેથીબી એક સીંહ મૂઓ. એમ નામવર રૂસ્તમના દરેક તીરે એકેકો સીંહ બેજાન થઇને ઝમીનપર પડયો !

એક કલાકમાં તો નામવર જેહાં પહેલવાન રૂસ્તમે દીલેરે સીત્તેર સીંહોને મારી નાંખ્યા ! ! !

બાકીના સીંહોએ તે જોઇને જંગલ છોડીને ન્હાસવા માંડયું, અને તેઓ મોટી ફલાંગો મારીને તે જંગલ છોડી ગયા !



પ્રકરણ ૭૧ મું.

—⊱⊰—

મગરેબ જવાના રસ્તાપરની બીજી મુશકીલી: વીચીત્ર પાહાડ!

તે પછી ત્રણ મનઝલ ચાલ્યા બાદ એક પાહાડ રૂસ્તમની નઝરે પડયો. જે પાહાડની ટાંચ જાણે આસમાન સાથ વાત કરતી હતી, તે પાહાડની નીચેથી પાણીનો એક ઝરો વહેતો હતો, જે ઝરાની કીનારે કીનારે અસંખ્ય ન્હાની ન્હાની ટેકડીઓ હતી! પાહાડની પછવાડે એક ઘણોજ સાંકડો રસ્તો હતો, જેમાંથી તો નામવર રૂસ્તમ પસારબી થઇ નહીં શકે તેવું હતું! વલી તે અતીષ્ય સાંકડા રસ્તા ઉપર ઝાડી ઝાંખડાં અને કાંટાંના વનનો શુમારબી નહીં હતો! તે પાહાડની બાજૂએથી મગરેબ ઝમીન તરફ જવાનો તે એકપુરો સાંકડો રસ્તો હતો, અને તે એવો તો ખરાબ હતો કે તેમાંથી સીંહ-વાઘ કે કોઇ જાનવરબી પસાર કદી નહીં થયું હતું, અને કોઇ માણસે તો તે રસ્તો જોયોબી નહીં હતો!–તે વીચીત્ર પાહાડની આગલથી મગરેબ જવાનો આવો મુશકીલ રસ્તો જોઇને નામવર રૂસ્તમ બહુજ સર્દ દીલનો થઇ ગયો!

નામવર રૂસ્તમે જોયું કે જવાનો રસ્તો તો નહીં હતો, તે ઉપરાંત વલી ખોરાકીબી ખુટી હતી!!–અને તેથી, મુશકીલીપર મુશકીલીનો વધારોજ થયો હતો!

ત્યાં કોઇ શીકાર હાથ લાગે તેમબી નહીં હતું, અને જે હતું તે માત્ર પત્થરા અને કાંટાંના ઝાડ!–આઝાદમહેર તો તે મુશકીલી

જોઇનેજ ગભરાયો, અને તેનો સુર્ફેદ–ગુલાબી રંગ ફરીને પીલો થઇ ગયો ! તે ધાસ્તી ખાઇ ગયો કે હવે તે પાહાડમાંજ મોત હતું !

નામવર રૂસ્તમ મનમાં બોલ્યો "હું કોઈ બલામાં દહેસ્ત સાથે ફસ્યો હોઉં તો આ પહેલીજવાર ફસ્યો છું, આના જેવી લાચારી મેં કદી જોઇ નહીં હતી."

નામવર રૂસ્તમે પેલા ઝરાના પાણીથી પોતાનો ચહેરો ધોઇ લીધો, અને ઝમીનપર ગુઠન્યે પડીને પાક ખુદાની મોનાજાત કરતો બોલ્યો "અએ ખાલેક, અએ કીડી અને સાંપનેબી ખોરાક પહોંચાડ-નારા તું પાક પરવર, તુજ બધા ગુમરાહોનો રાહબર છે, તુંજ બધાનો નેક ભોમીઓ છે, તું જગ કીરતાર છે, તું સર્વેનો પાલનહાર દાતાર છે, ત્હારા સીવાય મ્હારા ગંમનો દુર કરનારો બીજો કોઇજ નથી, અને મ્હને ખબર છે કે તું મ્હને નાઉમીદ કરશેજ નહીં. અએ રાહનુમા, મ્હારી રાહનુમાઇ કર, અએ મુશકીલના આસાન કરનાર તું મ્હારી મુશકાલાને દુર કર, અએ મુશકીલ કુશા."

તે પછી ખુરશીદ ઝરરીન કોલાહ પહેડીને બીજી દુન્યામાં ટહેલવા ગયો, અને માહાતાબ દુન્યાની દોસ્તી કરવા આવ્યો, ત્યારે નામવર રૂસ્તમ ખાબ કરવાપર આમદા થયો.

નામવર રૂસ્તમ અને આઝાદમહેર તે પછી ખાબ કરવા પાહાડ-પરજ સુઇ ગયા. અને બેઉની આંખોપર ખાબે જલદીથી પોતાના હાથ મુકી દીધા !

રૂસ્તમે તે રાતે એક સ્વપ્નો જોયો. ખાબમાં તેણે એક બુઝર્ગ પીરમર્દને જોયો જેણે રૂસ્તમને કહયુ "રૂસ્તમ દુન્યામાં એજ છે, ઝહમત અને મહનત સીવાય કાંઇબી નથી. કોઇનો ગંજબી દુન્યામાં નથી તેને માટે રહયો, અને કોઈની રંજબી નથી રહી. કોઇ ગમગી-નીબી નથી હંમેશ રહી, અને કોઇ શાદમાનીબી નથી રહી. તું આજે

આએ અજાયબ પ્રકારની બલ્લામાં ફસ્યોછ તે જાણ તું કે ત્હારા પોતાના કરતુકથી તું આએ દામે બલામાં ગીરફતાર થયોછ. તેં ત્હારા પોતાના બેટા સોહરાબને જાનથી માર્યો તે ત્હારૂં કરતુક આજે તુને પોતાની સીહા બાજૂ બતાવી આપેછ. મગર, તે છતાંબી પાક પરવરદેગાર ત્હારીપર મ્હેરબાન થવા માંગેછ; તેં ભૂલથી એ હુલ્લડાઈ ભરેલું કામ કીધું અને તેને માટે તેં પુરો પસ્તાવો કીધેલો છે તેથી પાક દાદાર ત્હારાપર મ્હેરબાન થાયછ: સ્હવારના જ્યારે તું ખાબથી બેદાર થાય ત્યારે તુંને બે રસ્તા જણાશે, તું ડાભે હાથને રસ્તે જતો ના, પણ સીધા હાથના રસ્તાપર જજે—અને તું આ પહાડની બલાથી દૂર થશે, સીધે રસ્તે જતા એક બીજું જંગલ આવશે જ્યાં પાણીના નાંલા પાસે એક અઝદાહ બેઠેલો હશે, તે અઝદાહનું મૌત ત્હારેજ હાથ છે, તું તેને મારજે અને આગળ વધજે, પાક ખુદાની તુને મહરોમદદ છે તો તે ત્હારી સઘળી મુશ્કીલીઓ દુર કરી નાંખશે."

સ્હવારના ખાબમાંથી રૂસ્તમ બેદાર થયો કે તેણે કુદરતી બે નવા રસ્તા તે પાહાડપર જોયા. તેણે પાક ખુદાને યાદ કરીને પોતાના રખ્શને બોલાવ્યો, આઝાદમહેરને રાતના સ્વપ્નાની વાત કહીને તેનેબી ઘોડેસ્વાર થવા જણાવ્યું, અને આઝાદમહેરના સ્વાર થવા પછી બેઉ જણા જમણા હાથના રસ્તાપરથી પસાર થવા લાગ્યા.

તેઓ કેટલુંક ચાલ્યા બાદ એક બીજા જંગલમાં જઇ પહોંચ્યા, જ્યાં બેશુમાર ફુલના ઝાડો હતા, અને તે ઝાડોપર ખુશબુદાર ગુલલાલા ખીલીને મનને તાઝગી આપનારૂં ખુશબુ ફ્યલાવતા હતા. ત્યાં એક પાણીનું નાલું હતું, જેનું પાણી ઠંડુ બરફ જેવું અને મીઠું હતું.

નામવર રૂસ્તમે તે નાલાંનું પાણી પોતે પીધું, અને આઝાદમહેરનેબી તે પીવા કહ્યું.

પ્રકરણ ૭૨ મું.

—:o:—

મગરેબ જવાના રસ્તાની ત્રીજી મુશકેલી: ઝબરદસ્ત મોટા અઝદાહને રૂસ્તમ મારે છે.

નામવર રૂસ્તમે ત્યાં ઉતારો લેવાનો વીચાર કરતાં કહયું "અએ ખુબચહેર નેક જવાન, આપણે જોકે સખ્તી વેઠી તોબી તે પાક ખુદાએ આપણે માટે એક સુંદર ખુશબુદાર મનઝલ આરામ લેવા માટે આપ્યું. અહીં શાદ દાલે આપણે આસાએશ લઇશું અને હવે જોજે તું કે આપણે માટે તે પાક ખુદા ખોરાકબી મોકલી આપશે."

એઉએ પોતાના ઘોડાઓને ત્યાં ચરવા છોડી મુકયા, અને આસાએશ લેતા તે નાંલાં આગલ બેઠા. થોડોક વખ્ત પસાર થયો નહીં, તેટલાં તો ત્યાં એક ગોરખર ચરતું જણાયું, જેને જોઇને નામવર રૂસ્તમે તીર–કમાન ઉંચકયા અને એક તીર ખેંચીને માર્યો. તીર આબાદ નેમથી જઇને ગોરખરને લાગ્યો, અને ગોરખર પડયો. નામવર રૂસ્તમે આતશ સલગાવી ગોરખરને ભુંજી નાંખ્યું, અને તે તથા તેનો દોસ્ત આઝાદમહેર ખાવા બેઠા.

ખાઈ રહીને તેઓ વાતચીત કરતા બેઠા, તેટલાં દુરથી એક ઝબરદસ્ત મોટો અઝદાહ આવતો જણાયો! તે અઝદાહ જાણે કોઈ મોટો જીવતો પાહાડ તણાઇને આવતો હોય તેમ ચાલી આવતો હતો, અને તેનું મોટું ડાંચું જે ખુલતું તે જાણે ડુંગરમાં એક મોટી ગુફા હોય તેમ લાગતું, અને તે ભયકાર મોટા ડાંચાંમાંથી આગના શોહલા એ.વા મોટા નીકલતા હતા કે ત્યાંની ઝમીનબી તે શોહલાથી ગરમ

આગ થઇ જતી હતી!!—તે અઝદાહનું મુકામ ત્યાં હતું જયાં રૂસ્તમ આસાએશ લેવા બેઠો હતો!

રૂસ્તમની નઝર અઝદાહપર પડી અને અઝદાહની નઝર રૂસ્તમપર પડી! અઝદાહ તો પોતાની જગ્યાપર કોઇ માણસ ઝાતને બેઠેલા જોઇ ઘણો ગુસ્સાબાઝ બની ગયો, અને તે ઔરથી ઝીઆદા આગના શોહલાઓ કાઢીને ઝડપથી રૂસ્તમ તરફ ઘસી આવવા લાગ્યો.

નામવર રૂસ્તામે આઝાદમહેરને કહયું કે "તું એ સામેના મોટા ઝાડપર ચઢી જા, અને કોઇ ઉંચેની ડાંખળીપર તપાસીને બેસી રહે. હું એ અઝદાહ પોતે અહીં આવે તે અગાઉ તેની તરફ ઘસી જઇને તેને મારવા માંગું છ."

આઝાદમહેરે નામવર રૂસ્તમનું કહયું માન્યું, અને તે ઝાડપર ચઢી બેઠો, તે નામવર રૂસ્તમ તરફ ટગર ટગર જોવા લાગ્યો અને પાક ખુદાની બંદગી કરીને રૂસ્તમ માટે દુઆ માંગતો હતો કે તે નામવર પહેલવાન પાક ખુદાના લુત્ફો કરમથી જીવે, અને તે અઝદાહને હલાક કરે.

નામવર રૂસ્તમે પોતાની કમાને કયાની હાથમાં લીધી, અને તેમાં તીર મુકીને તે અઝદાહની તરફ એક તીર ખુબ ઝોરમાં ખેંચીને માર્યો. રૂસ્તમનો તીર પવનની મીસાલ ઉડીને ગયો, અને જઇને બરોબર તે તીર તે અઝદાહની જમણી આંખમાં દાખલ થયો! અઝદાહની જમણી આંખ ફુટી ગઇ, અને તેણે દર્દથી પોતાનું સર ઝમીનપર ઝોરથી અફાલી નાંખ્યું! માથું પટકતાંજ તેણે એક મોટો પોકાર માર્યો, ખુનનો એક ફવ્વારો તે આંખમાંથી વહેલો ગયો; અને બીજી આંખે જોઇને તે અઝદાહ હવે વધારે ઝોરમાં રૂસ્તમ તરફ ઘસી આવ્યો. નામવર રૂસ્તમે બીજેથી એક તીર ખેંચીને માર્યો, અને તે અઝદાહની બીજી આંખમાં જઇને લાગયો, તે તીરેબી પોતાની વફાદારી બતાવી. અને તે ઝબરદસ્ત મોટો દુશમન બન્ને આંખે આંધળો

બંધ ગયો!!—બેઉ આંખોમાંથી એટલું બધું તો લહુ નીકલવા લાગ્યું કે લહુની એક નદદીજ ત્યાં બની રહી!

રૂસ્તમે દોડી જઇને મ્યાનથી શમશીર ખેંચી કાઢી તેની ગરદન ઉડારી મુકી!

મરતી વખ્તે અઝદાહના દમમાંથી ઝહરેલી હવા એવી નીકલી કે નામવર રૂસ્તમને તમ્મર આવવા લાગ્યા, તે આઝાદમહેર જે ઝાડપર હતો તે ઝાડ આગલ દોડી ગયો અને બેહોશ થઇને પડયો. આઝાદમહેર રૂસ્તમની અગાઉથીજ બેહોશ થઇને ઝાડની ડાંખલીઓપર તૂટી પડીને જુલાઇ રહેલો હતો!!

એક કલાક પછી નામવર રૂસ્તમ હોશમાં આવ્યો; અને તે આઝાદમહેરને ડાંલીઓપર પડેલો જોઇ ઝાડપર ચઢી ગયો, અને તેને નીચે લઈ આવ્યો. આઝાદમહેરને હોશમાં લાવવા નામવર રૂસ્તમે તેના ચહેરાપર પાણી છીરકવા માંડયું, અને બીજા બે કલાક પછીજ આઝાદમહેર સુધીમાં આવ્યો!!

આઝાદમહેરે રૂસ્તમને કહયું "મેં ખાબમાં એવી ચીઝ જોયલી નહીં, અને એવા મોટા જાનવરોબી હોયછ તેનો મ્હને કોઇ ખ્યાલબી આજ સુધી નહી!"

તે પછી નામવર રૂસ્તમે ઘોડાઓની શોધ ચલાવી, તો તેને માલુમ પડયું કે આઝાદમહેરનો ઘોડો મરણ પામ્યો હતો અને તેનો પોતાનો રખ્શ બેહોશ બન્યો હતો!!

રૂસ્તમે રખ્શના ચહેરાપરબી પાણી છીરકયું, અને રખ્શ પાછો હોશમાં આવ્યો. રખ્શને નહવાડયા પછી રૂસ્તમ પોતેબી તે મીઠા પાણીના નાંલાં આગલ નાહયો, અને અઝદાહના ઝહરનો

સુધી તેના શરીર ઉપર નહીં રહે તેથી આઝાદમહેરેબી બરફ જેવા તે પાણીથી નહાઇ લીધું.

તન પાક કર્યાં બાદ તેઓ પાક ખુદાની બંદગી કરવા લાગ્યા.

તે નેક ભલા જેહાંપહેલવાન તહેમતને પોતાના મીત્રને કહયું "તું બીલકુલ ફીકર ના કર. તું મ્હારા રખ્શપર બેસીને સ્વારી કર, અને હું મ્હારા પગોપર ચાલીશ."



પ્રકરણ ૭૩ મું.

મગરેબના રસ્તાની ચોથી મુશ્કેલી:

દશ હજાર કાચબાઓને રૂસ્તમ મારે છે.

આઝાદમહેરે રૂસ્તમની લાયકી માટે મનમાં બહુ તારીફ કીધી, અને બોલ્યો "અએ જેહાંપહેલવાન, તું મ્હારા પીદર જેવો લાગે અને હું ત્હારા બેટા જેવો બેટો થઇને મુરબ્બીને પગે ચાલવા દઇ હું ઘોડાપર બેસું? એ વાત કેમ બને?"

રૂસ્તમે કહયું "ત્હારી વાત ખરી છે, બચ્ચા. મગર, ત્હારે એટલુંબી યાદ રાખવું જોઇએ કે તું મ્હારા જેટલો કદીબી ચાલી શકશેજ નહીં. હું તો ગમે તેટલું ચાલવાનું હોય તોબા ઠાકું નહીં, તું તો થોડાજ વખતમાં ઠાકશે, વાસ્તે મ્હારા ઘોડાપર સ્વાર થઇ જા."

નામવર રૂસ્તમનું સાંભલીને આઝાદમહેર રખ્શપર સ્વાર થયો, અને રૂસ્તમ રખ્શની સાથે પાઇ પ્યાદો ચાલવા લાગ્યો.

કેટલુંક ચાલ્યા પછી તે મોટી નદી આવી જેમાં હજારો મોટ કાચબા હતા! તે મોટી નદી ઘણીજ પહોળી હતી.

તે નદી આગળ તેઓએ મુકામ કર્યું, અને એક દીવસ અને એક રાત તેઓ આરામ લેતા બેઠા.

હવે તેઓ તે નદી પસાર કરી જવાનો વીચાર કરવા લાગ્યા, અને નામવર રૂસ્તમે પોતાના હાથમાં શમશીર લીધી. તે બધી વીચીત્ર

જગ્યાઓજ હતી, જે નામવર રૂસ્તમને પસાર કરવાની હતી અને આ નદી તેમાંની એક હતી. તે નદી પહોળી બહુ હતી, પણ ઘણી ઉંડી નહીં હતી, અને તેમાંના કાચબા માણુસને કરડે તેવા મોટા હતા. નામવર રૂસ્તમે નદી પસાર કરતા કાચબાઓને પોતાની તેઝ શમશીરથી મારવા માંડયા, અને રૂસ્તમના રખ્શે વલી પોતાના દાંતે તે કાચબાઓની ગરદન ચાવી નાંખી !!

દશ હઝાર કાચબાઓને મારી નાંખીને નામવર રૂસ્તમ પોતાના રખ્શ તથા તેપરના સ્વાર આઝાદમહેર સાથે બીજે કીનારે પહોંચ્યો. અને બીજે કીનારે પહોંચતાજ તેઓએ આસાએશ લીધી.

તે પછી તેઓ આગલ ચાલ્યા.

પ્રકરણ ૭૪ મું.

રૂસ્તમ સખ્ત ગરમીનું રણ પસાર કરે છે!

કાચબાઓની મુસીબત પસાર કરીને નદીને બીજે કીનારે ગયા કે નામવર રૂસ્તમે પાક પરવરદેગારની બંદગી કરી લીધી, અને પછી તે નામવર જેહાં પહેલવાને પોતાના દોસ્ત આઝાદમહેર સાથે થોડુંક ખાઇ લીધું.

એક રાત આસાએશ લઇ લીધા પછી તેઓએ આગલ રસ્તો કાપવાનો વીચાર કીધો. નામવર રૂસ્તમના ઘોડાપર આઝાદમહેર સ્વાર થઇ ગયો, અને જેહાં પહેલવાન પ્યાદો ચાલવા લાગ્યો.

બે મનઝલ ચાલવા પછી એક રેતીનું રણ આવ્યું, જયાં તાપ એટલો તો સખ્ત પડતો હતો કે પક્ષીબી ત્યાંથી ઉડી જાય તો કવાબ થઇને નીચે પડે!!

રૂસ્તમને બદલે કોઇ બીજો હતે તો જરાકબી તે રણમાંથી પ્યાદો ચાલી શકતે નહીં, મગર અહીં તો તે જેહાં પહેલવાન હતો. તેતો જોશમાંને જોશમાં ચાલ્યાજ કીધો. રખ્શપર બેઠેલો આઝાદમહેર ઘોડા ઉપર બેસવા છતાં જાણે હલાક થતો હતો અને તેની જીભ સુકકી થઇ ગઇ!

તે રણમાં એમ ચાલ્યા બાદ એક મીનારો આવ્યો, જે મીનારાની ઉપર લખેલું હતું કે "અએ નામવર રૂસ્તમે ઝાબુલી, તું આએ રણ-

માંથી જો જીવ સાબુત લઇને જવા માંગતો હોય તો દીવસે આસાએશ લેતો બેસજે અને રાતની વખ્તે ચાલજે. રાત સીવાય અગર જો દીવસના જવાની કોશીશ કરશે તો ત્હારા જાનને નુકશાની પહોંચશે. અહીંઆજ એક પાણીનો ઝરો છે જે છુપો છે, તું ત્હારી અકકલથી તે ઝરાને શોધ, તે ઝરો તુંને મલે તેમાંથી તું પાણી લઇ લેજે, કેમ જે આગલ ચાલતા બીલકુલજ પાણી તુને કેહેબી આએ રણમાં મલશે નહીં."

નામવર રૂસ્તમ તે વાંચીને વીચારમાં પડયો કે આવી જગ્યાપર પાણીનો ઝરો હોયજ ક્યાંથી? પણ તેણે જોયું કે પાક ખુદાએ તેને મદદ ગોયા મોકલી હતી, અને તેથી તે પાણીનો ઝરો કયાં હતો તે ત્યાં શોધવા પડયો.

તે મીનારાની થોડેક દુર ચાલતા તેણે થોડુંક ઘાસ ઉગેલું જોયું, અને તે જોઇને નામવર રૂસ્તમે શુકરાના કીધાં, ત્યાંજ બેસી ગયો, અને પોતાનું ખંજર ખેંચી કાઢીને તે જગ્યાપર ખોદવા લાગ્યો. થોડુંકજ ખોદતાં નીરમલ પાણી વહી જતું તેણે જોયું અને તે પાણીમાંથી દશ દીવસને વાસ્તેનું પાણી નામવર રૂસ્તમે મશકમાં ભરી લીધું.

ત્યાં દીવસના તે નામવર રહયો, અને રાત પડી ત્યારે તેઓ ત્યાંથી ચાલવા લાગ્યા.

મીનારાપર વાંચ્યા મુજબ દીવસે બેસીને રાતે ચાલતા તેઓને દશ દીવસ લાગ્યા, અને અગીઆરમે દીવસે તેઓને મગરેબ ઝમીનની હદ જણાઇ.

પ્રકરણ ૭૫ મું.

રૂસ્તમ ચાલીસ માણસોનું ખાવાનું એકલો ખાઇ જાય છે!!

ઉપલી મુસીબત ખમવાના બદલામાં કુદરતે જાણે રૂસ્તમને બદલો આપ્યો, તે એ કે નામવર જેહાંપહેલવાન મગરેબની સરહદ આગલ એવી એક જગ્યાપર પહોંચ્યો કે જયાંની હવાજ જાણે બુઢ્ઢાને જવાન બનાવે!! જાતજાતના પુલોના ઝાડો ત્યાં બેશુમાર હતા, અને ખુશબુ બો તો એવી સારી આવતી હતી કે મગઝથી તર થઇ જાય!

નામવર રૂસ્તમ અને આઝદમહેર તે જગ્યામાં પાક કીરતારના શુકરાના કરીને બેઠા, અને તેઓએ તે હરીઆલીદાર જગ્યામાં રખ્શને પેટ ભરતો ચરવા છોડી દીધો.

ત્યાં ભરવાડનું એક ટોલું ફરતું ફરતું આવ્યું, તેઓએ ત્યાં બે જણાને જોયા. રૂસ્તમને જોઇને તો તેઓ ગભરાઇ ગયા, પણ આઝાદમહેરને જોઇને તેઓ નમી નમીને સલામ કરવા મંડી ગયા. અને ઘણા ખુશ થયા.

આઝાદમહેરે નામવર રૂસ્તમને કહયું કે "એ મ્હારા પીદરના ઢોરો ચરાવનાર ખાસ શાહી ભરવાડો છે'

નામવર રૂસ્તમે આઝાદમહેરને કહયું કે "ત્હારા ભરવાડોનો સરદાર જે એમાં હોય તેને મ્હારી નઝદીકમાં બોલાવ, હું તેની સાથે કાંઇ વાત કરવા માંગુછ."

નામવર રૂસ્તમના કહેવાથી આઝાદમહેરે તે ભરવાડના વડાને પાસે બોલાવ્યો. નામવર રૂસ્તમ કાંઇબી તેને કહે તે અગાઉ આઝાદમહેરે ભરવાડના વડાને કહયું "ત્હમારી પાસે જેબી ખાવાનું હોય તે બધું અહીં લઈ આવો."

ભરવાડના વડાએ પોતાનાં હાથ નીચેના ભરવાડોને તે વાત કહી, અને બધા પોતપોતાનું ખાવાનું જે પોતાની સાથે લાવ્યા હતા તે જમાત્ર કરવા લાગ્યા.

તેઓ ચાલીસ ભરવાડો હતા, અને તે ચાલીસે ચાલીસ ભરવાડો પોતાનો ખોરાક એકઠો કરીને નામવર રૂસ્તમ પાસે લઇ ગયા.

નામવર રૂસ્તમ તે ચાલીસે ચાલીસ ભરવાડોનું ખાવાનું ખાઇ ગયો. અને તેટલું ખાવા છતાંબી તે હજૂણ ભૂખ્યો હોવાથી તેણે બીજું માંગ્યું !!!—ભરવાડોએ તો ગભરાઇને દાંતમાં આંગલી પકડી લઇ, પછી આઝાદમહેરને કહેવા લાગ્યા "અમો પાસે હવે બીજું તો અહીં કાંઇ નથી, ગમે તો શહેરમાં જઇને બીજું ખાવાનુ લઇ આવીએ."

નામવર રૂસ્તમે તે સાંભલીને કહયું "કાંઇ નહીં. અહીં નહીં હોય તો તકલીફ ના લેઓ. શહેરમાં જઇશું ત્યારે ત્યાં બીજું ખાઇશ. મ્હને એવી આદત છે કે હું દીવસો સુધી ભૂખોબી રહી શકુંછ, અને તે પછી વલી ખાઉંછ ત્યારે એકદમ.'

તે સાંભલીને ભરવાડોએ પોતાના શાહઝાદાને તેના પીલતન દોસ્તનું નામ પુછયું, જેના જવાબમાં આઝાદમહેરે જણાવ્યું "એ મ્હારા મોટા મીત્રનું નામ છે જેહાંપહેલવાન રૂસ્તમ."

પ્રકરણ ૭૬ મું.

શાહજાદા આઝાદમહેરનો પોતાના બાપ સાથ મેલાપ. આઝાદચ્ચહેર નામવર રૂસ્તમને મોટું માન આપે છે.

અઝાદમહેરે ભરવાડોના તે સરદારને કહ્યું કે "જા, જલદી તું શાહની પાસ, અને અમારા આવ્યાની વાત શાહને કહે."

આઝાદમહેરની વાત સાંભલીને તે સરદાર આઝાદચહેર પાસે ગયો. અને આઝાદચહેર તે સાંભલીને પોતાના ગાયબ થયલા શાહ-ઝાદાના શહેરમાં પાછા આવ્યાની ખબરથી ઘણોજ ખુશી થયો.—એટલો ખુશી કે તેણે ભરવાડને સોનામોહરોના ઢગલામાં દાટી દીધો!!

ભરવાડ તો તે ખુશી ભરેલી નવાઝીશ જોઇનેજ ખુશીથી દીવાનો બની ગયો!!

નામવર રૂસ્તમને અને આઝાદમહેરને લેવા સારૂ તે શાહે પોતાના તે વખ્તે દરબારમાં બેઠેલા તમામે તમામ દરબારીને હુકમ કીધો કે તેઓએ પોતે આવવું અને જઇને બીજા બની શકે તે બધાઓને, સાથે લઇ આવવું.

ઝરરીન લીબાસો સજીને તે શહેરના મોટા મોટા માણસો નામવર રૂસ્તમને અને પોતાના શાહઝાદાને એસતેકબાલ થવા ગયા. શાહની સરદારી તલે તે મોટી મજલીસ ગઇ, અને પોતાના બેટાને જોઇને આઝાદચહેર શાહ એટલો ખુશી થઇ ગયો કે તે ખુશીથી તેનાથી રડી પડાયું! તેના ખુશીના આંસુંથી તે પોતાના બેટાને ભેટયો.

પોતાના બેટાને ભેટયા બાદ આઝાદચહેર શાહ નામવર રૂસ્તમ આગલ આવ્યો, તે નામવર રૂસ્તમને જોઇનેજ એટલો ખુશી થયો હતો કે ગયબી મહર તેના દીલમાં ઉભરી આવી હતી, અને તે ગુઠન્યે પડી જઇ રૂસ્તમના પગોને ચુમવા લાગ્યો.

નામવર રૂસ્તમે શાહને પોતાની પાસે બેસાડયો; અને શહેરીઓ તમામ ખુશી અને શાદ થઇને રૂસ્તમને નમતા નમતા ત્યાં ઝમીન-પરજ બેસી ગયા! દરેક જણે નામવર રૂસ્તમનું ખુશ દીદાર જોઇને દાંનમાં આંગલી પકડી લીધી.

આઝાદચહેરે નામવર રૂસ્તમને કહ્યું "અએ બુલંદ ચક-બાલ નામવર પહેલવાન, તું મ્હારા બેટાને મ્હારી અગલ લાવ્યો તે જોઇને હું એટલો બધો તો ખુશ છું કે મ્હારો જાનબી તુને આપવા તૈયાર છુ, અગર જો મ્હારા સૌ જાનબી હોય અને તે મ્હારેથી તુને અપાતા હોય તો હું ઘણી મોટી ખુશી સાથે હમણા તે સર્વે પ્યારા જાનો તુને આપી દેઊં."

રૂસ્તમ: "શાહ આઝાદચહેર, તું એમ ના સમજ કે આઝાદ-મહેર ત્હારો દીકરો છે. હું તો એને મ્હારા બેટા સમાન ગણીને એની તરફ બાપીકો પ્યાર હોય તેમ મહર કુદરતીજ રાખુ છું. ત્હારૂં બખ્ત બુલંદ રહે અએ શાહ, તેં આજે મ્હને બહુજ મોટું માન આપ્યું છે."

ત્યાંની તે ખુશ જગ્યાપરજ ધામધુમ અને મોજમજાહ ચાલી. શહેરમાંથી જાતજાતની ચીઝો મંગાવવામાં આવી, તરેહવાર મેવા મીષ્ટાન આવ્યા, બધાઓએ ખુશી મનાવતા તે પ્યારા ન્યામતને ખાધું, અને નામવર રૂસ્તમની અને નામવર આઝાદમહેરની તંદુરસ્તીના ખુશીના પુકાર કીધા, અને તે પછી ત્યાંજ રામશગરોએ નાચ-ગાયણ ચલાવી સર્વેની ખુશીમાં ઓરબી ખુશી વધારી.

લોકોએ તે દીવસ તહેવાર તરીકે પળ્યો અને બીજા બે દીવસ સુધી પોતાના શાહ સાથે તેઓએ ત્યાંને ત્યાજ શાદમાનીમાં કાઢી નાંખ્યા.

ચોથે દીવસે હવે શાહ વાજતે ગાજતે નામવર રૂસ્તમને અને પોતાના બેટાને પોતાના મહેલમાં લઇ જવા નીકળ્યો.

પ્રકરણ ૭૭ મું.

રૂસ્તમ આઝાદચહેર શાહના ખાસ બનાવેલા મહેલમાં રહે છે.

——:૦:——

ચોથે દીવસે મોટી ધામધુમથી તેઓ શહેરમાં આવ્યા, જ્યારે દીવસના ફુલ-પાનથી લોકોએ તમામે તમામ મહોલ્લાઓ ભરી નાંખ્યા, ફુલોનો વરસાદ નામવર રૂસ્તમ, આઝાદમહેર, અને શાહ આઝાદચહેર ઉપર જાણે તુટી પડયો, અને તે રાત્રે તમામ શહેર રોશનીથી ચળકતું ઝળકતું થયું.

નામવર જેહાંપહેલવાનને માટે આઝાદચહેરે પોતાના મહેલમાં ખાસ રહેવાની જગ્યા કરી આપી, અને તે નામવરને વાસ્તે જેમ બને તેમ જલદી એક મહેલ જૂદો પોતાના મહેલની પાસેજ બનાવવાનો હુકમ આપ્યો. તે ઉમદા મહેલ નામવર રૂસ્તમને બરનો હતો અને તમામ તેની દીવાલપર હીરા-મોતી--લાલ-યાકુત-વીગેરે ઝહવાહીરોને મઢી લેવામાં આવ્યા હતા!!

તે પછી બે હઝાર ગુલામોને શાહે નામવર રૂસ્તમની નોકરીમાં આપ્યા, જેઓને સખ્ત તાકીદ હતી કે રાત અને દીવસ નામવર જેહાં પહેલવાનની નોકરીમાં વારા ફરતી બધાએ ધ્યાન આપવું, અને તે નામવર જેબી કામ કહે તે સીતાબીથી કરવું.

આઝાદમહેરને ગત્વાસની જાદુગરણી ઔરતથી નામવર રૂસ્તમ બચાવી લાવ્યો અને વળી મુશકીલીઓ કાપીને તેઓ આવ્યા હતા તે તમામ વાતની વાત શહેરમાં ચરચાઇ રહી, અને તે ચર્ચા ઉડતી

ઉડતી મગરેબના ૧૨૦ શહેરોના મોટા શહેનશાહ દોરાબને કાને પહોંચી ગઇ.

દોરાબ શાહે આઝાદચહેર શાહપર તેનો બેટો પાછો મલ્યાની ખુશી માટે મુબારકબાદી મોકલી આપી, અને તે મુબારકબાદી મોકલી આપતાં તેણે નામવર રૂસ્તમ પહેલવાન માટેની જે જે સાંભલ્યું હતું તે માટે મુબારકબાદી લખી મોકલીને આઝાદચહેરને ખુશ નસીબ જણાવ્યો કે તેને ત્યાં આવો એક મોટો જેહાં પહેલવાન પહરોણો ઉતર્યો હતો.

દોરાબ શાહે વલી તે મુબારકબાદી સાથે પયગામ મોકલાવ્યો કે "નામવર જેહાં પહેલવાન રૂસ્તમને અને આઝાદમહેરને મ્હારી આગલ મોકલો કે હું તેમના ખુશ દીદાર જોઇને શાદમાની મનાઉં, અને તે નામવર પહેલવાને મોટા ગવવાસ દેવને કેમ માર્યો હતો તેની બીનાથી વાકેફ થાઉં."

નામવર રૂસ્તમ અને આઝાદમહેર દોરાબ શાહને ત્યાં ગયા, જયાંબી નામવર જેહાં પહેલવાનને ઘણુંજ મોટું માન દોરાબ શાહ અને તેની રૈયત તરફથી મલ્યું.

તે પછી રૂસ્તમ પાછો આઝાદચહેરના મુલકમાં ગયો, અને પોતાને માટે ખાસ બનાવેલા મહેલમાં રહેવા લાગ્યો. તેણે ઇરાન અને કાબુલ જવાનું નામબી નહીં લીધું અને માઝનદરાનનેબી યાદ નહીં રાખ્યું!! તેનું દીલ પોતાના પ્યારા બેટા સોહરાબના તેનાજ હાથથી નીપજેલાં મરણ માટે એટલું તો દુખી થયું કે તેણે ઇરાન તરફ જવાના અને તે ઝખ્મને ફરીથી તાઝા કરવાના ખ્યાલથી બાઝ રહેવા ચાહયું.

તેથી, તે નામવર જેહાં પહેલવાન, વરસોના વરસો સુધી મગરેબ ઝમીનમાંજ આઝાદચહેરના શહેરમાં રહયો—અને જાણે સોહરાબના મોતથી ખેશાવંદોને અને વતનને તજી દીધાં!!

પ્રકરણ ૭૮ મું.

ઈરાની લશકર સાથે દારાબ શાહના લશકરની લડાઈ—મગરેબના લશકરનું હારી જવું.

હવે ત્યારે આપણે લગભગ ત્રીસ વરસો સુધી નામવર જેહાં પહેલવાન રૂસ્તમને મગરેબ ઝમીનમાં રહેલો જોઇ લીધો. તેતો મગરેબમાંજ સદા સુધી બને તો રહેવા માંગતો હતો, પણ તેના બેટા જેહાંગીર સાથે તેને જે વખતે અંજાણથી લડવું પડયું, પાછલથી બેઉએ એક બીજાને ઓલખ્યા, ત્યારે તેના બેટા જેહાનગીર અને તેના મોટા બેટા ફ્રામર્ઝે તેને સમજાવ્યો, અને સમજાવીને તેઓ તેને તે પછી ઇરાન લઇ ગયા.

તેથી, હવે આપણે પાછા ત્યાં જઈશું. જયાં દારાબ શાહ સાથે નામવર જેહાંગીર ઇરાની પહેલવાનો અને લશકરને લઇને લડવા આવ્યો છે.

બીજે દીવસે ઇરાનીઓ અને મગરેબીઓ—એ બેઉ તરફના લશકરોની લડાઇ થઇ. શમશીર, ગોર્ઝ, નેઝા, તીરની લડાઈ એવી તો ઝોરમાં ચાલી કે ઝમીનપર લહુની એક નદી ગોયા દોડવા લાગી!

રાત થવા આવી તેટલાં તો દારાબ શાહના તમામ લશકરની હાર થઈ ગઇ. અને જે જીવ્યા તે બધા તંબુ, ઘેડા, ઉંટ, બધે બધું મુકાન

જીવ બચાવતા ન્હાસી ગયા!!—એ રીતે દોરાબ શાહના મગરેથી લશકર ની હાર થઇ ગઇ, અને ઇરાનીઓએ જીત મેલવી.

તે એક ઘણીજ જંગી લડાઇ થએલ હતી. જેમાં એક લાખ અને ત્રીસ હઝાર દોરાબ શાહના લશકરમાંથી માત્ર ચાલીસ હઝાર માણસ જીવતા રહીને બચી ન્હાઠા!!!—તે ચાલીસ હઝારથી જે બચીને ન્હાઠા તે કોઇ ઝખમી થયલા હતા, તો કોઇ લડાઇથી બીમાર થયલા હતા!!



પ્રકરણ ૭૯ મું.

દોરાબ શાહની મદદે જેહાંપહેલવાન રૂસ્તમ!!

દોરાબ શાહે પોતાની સખ્ત હાર પછી આઝાદચહેર આગલ એક પયગામચી રવાના કીધો, અને તે તે પયગામમાં તેણે લખ્યું કે "અએ નામવર શાહ આઝાદચહેર, તું ઘણા વરસો સુધી જીવતો રહે. મ્હારી સામે જેહાનગીર નામનો એક પહેલવાન લડવા આવ્યો છે જેણે મ્હારા તમામ લશકરને તબાહ કરી નાંખ્યું છે, જે બાકી રહયા તેઓ તેના લશકરથી અને તેના પહેલવાનો તથા તેના પોતાનાથી બીહીને ન્હાસી ગયા છે, અને હું તદનજ હારેલો છું. હવે મ્હને મદદ કરવા તું ત્હારૂં લશકર મોકલ. અને ત્હારે ત્યાં જે રૂસ્તમ પહેલવાન છે તેને એ કોઇ જેહાંગીર સામે મ્હારી તરફથી લડવા મોકલી આપ, કે તે મોટો પહેલવાન એને બરોબર સ્વાદ ચખાડે.

પયગામચીનો પયગામ વાંચીને આઝાદચહેર અંદેશામાં પડયો. આઝાદમહેરઓ તેને કહયું "આપણે હવે રૂસ્તમને લેવા પોતે જઇએ, એ જેહાનગીર કોણ જાણે કોણ છે, એ કદાચ આપણી ઉપરઓ આવે. તેથી એને ખોખરો કીધેલો સારો!!"

આઝાદમહેરે કહયું તેથી આઝાદચહેરે જણાવ્યું "અએ બેટા, એ લડવા આવનારાઓ ઇરાન તરફના છે, અને રૂસ્તમ પોતેઓ ઇરાન તરફનો છે, તેથી હું નહીં કહી શકતો કે રૂસ્તમ આપણું

કહ્યું કરે!—તે છતાંબી ચાલ આપણે તેના મહેલમાં જઇને તેને સમજાવ્યે, અને જોઇએ તે શું કહેછે."

આઝાદચહેર અને આઝાદમહેર—એ બેઉ બાપ દીકરા—નામવર રૂસ્તમ આગલ તેના મહેલમાં ગયાં. રૂસ્તમે તેમને ઘણા માનથી અંદર લીધા, અને પછી તેઓની વાત સાંભલ્યા બાદ તે મોટા અંદેશામાં પડી ગયો! તેણે વીચાર કીધો કે ઇરાન તરફના છે એટલે તેના પોતાના ઇરાનીઓજ હોવા જોઇએ. નામવર જેહાંપહેલવાને ઘણો વખ્ત સુધી વીચાર કીધો, અને પછી પાક ખુદાના હાથમાં સોંપી, તેણે હુકમ કીધો કે રખ્શના શરીરપર ઝીન મુકવામાં આવે.

જે પછી તે જેહાંપહેલવાન ઘોડેસ્વાર થયો, અને આઝાદચહેર તથા આઝાદમહેર સાથે તે દોરાબ શાહની મદદમાં ગયો.

દોરાબ શાહે જ્યારે જાણ્યું કે રૂસ્તમ તેની મદદે આવે છે ત્યારે હદથી ઝીઆદા ખુશી થઇ ગયો!

તે પછી રૂસ્તમના આવ્યા બાદ આઝાદચહેરનું લશકર આવ્યું, અને ઇરાનીઓપર દોરાબ શાહે લડવાનું કહેણ મોકલાવ્યું.

ઇરાનીઓ લડવા તૈયાર થઇ ગયા, અને દોરાબ શાહ પોતાને મલેલી મદદ સાથ મયદાનમાં ઉભો.

પ્રકરણ ૮૦ મું.

રૂસ્તમ અને જેહાંગીરની લડાઈ!!!

નામવર રૂસ્તમે મગરેબ ઝમીનવાલાઓનો લીબાસ સજયો હતો, અને પોતાના રખશપરબાં ઝીન વીગેરે બધું મગરેબ ઝમીનના રસ્મ મુજબ મુકયું હતું. તે મગરેબી લીબાસથી નામવર રૂસ્તમ દુરથી ઓલખાઇ આવે તેમ નહીં હતું.

પેલી તરફ ઇરાનીઓ તરફ ખબર થઇ ગઇ કે મગરેબ ઝમીન-વાલાઓ તરફથી ઘણોજ એક મોટો પહેલવાન લડવા આવનાર હતો. તેટલીજ ખબર તેઓને મલી શકી, મગર રૂસ્તમના નામ–કામની કાંઇ વાત ઇરાની છાવણીમાં પહોંચી નહીં.

નામવર ફરામર્ઝે તેથી તે કોઇ મોટા પહેલવાન સામે પોતે લડવા જવા કહયું, મગર નામવર જેહાંગીરે તેને અટકાવીને પોતે લડવા જવાની ખ્વાહીશ બનાવી. અને તે ઘોડાપર સ્વાર થઇ ઘોડો મયદા-નમાં કુદાવી ગયો, અને ખુબ ઝોરમાં ઘોડો દોડાવવા લાગ્યો.

દોરાબ શાહે નામવર જેહાંગીરને ઘોડો ખુબ ઝોરમાં એમ તેમ દોડાવતો જોઇને નામવર રૂસ્તમને કહયું "આએજ તે પહેલવાન છે જેણે મ્હને હયરાન–હયરાન કીધો, એના ગોર્ઝથી મ્હારા હઝારો માણસો માર્યાં ગયા હશે. એ બહુજ ઝોરાવર છે."

રૂસ્તમ: "એ કોઇ તદનજ નવો પહેલવાન જણાયછ, જવાન છે તે એણે કાંઇ ઠરી બતાવ્યું હશે, પણ અએ શાહ, તું ખાત્રી રાખ કે તે મ્હારી સામે તો કાંઇબી નહીં કરી શકશે."

નામવર રૂસ્તમ એટલું બોલીને પોતાના રખ્શપર સ્વાર થઇ મયદાનમાં દોડયો.—ઇરાનીઓ ઘણા દુર હતા, તેઓએ વલી નામવર રૂસ્તમને જૂદા લીબાસમાં જોઇનેબી નહીં ઓલખ્યો. પણ, તેઓએ એટલું તો જોયું કે આજનો પહેલવાન ખરેખરેજ કોઇ ઝબરદસ્ત મ-રેબી પહેલવાન હતો.

તેઓ બે જે સામસામે લડવા ઉભા હતા, તે જો કે બાપ-બેટા હતા; પણ નામવર રૂસ્તમે પોતાના બેટાને કદી જોયો નહીં હતો, અને નામવર જેહાંગીરે પોતાના બાપને કદી જોયો નહીં હતો, એટલે તેઓ એક બીજાને ઓલખી શકયા નહીં.

નામવર જેહાં પહેલવાનને જોઇને નામવર જેહાંગીર દીલમાં ડરી ગયો કે આજે તેની ઝીંદગીમાં પહેલવહેલીજ વાર એક ઘણોજ મોટો ઝબરદસ્ત પહેલવાન તેની પોતાની સામે લડવા આવ્યો હતો.

નામવર જેહાંગીરે રૂસ્તમને કહયું "અએ પહેલવાન, તું મને ત્હારા નામથી વાકેફ કર."

રૂસ્તમ "મ્હારૂં નામ કાતીલ છે, અને હું તે કાતીલ છું કે જે મ્હારી સામે લડવા આવેછ તેને કત્લ કરીને આરામગાહનો રસ્તો બતાઉંછ. મ્હને હવે તું ત્હારૂં પોતાનું નામ કહે કે હું જાણું કે કોણની માય તેના બેટા માટે રડનાર છે."

જેહાંગીર: "મ્હારૂં નામ જેહાનગીર છે, અને હું ધારૂંછ કે હવે ત્હારા હાથથી હલાક ભવિષ્યમાં કોઇજ થનાર નથી, કેમ જે કાતીલને હું કત્લ કરવા આજે આવેલો છું તું પોતાને વાસ્તે બડાઇ હાંકે છે કે તું પોતેજ ઝોરાવર છે, પણ શું તું જોઇ શકતો નથી કે ત્હારા ત્રાજવાના બીજા પલ્લામાં હું છું-અને આપણા બન્નેના પલ્લા બરોબર વચમાં રહી શકેછ!! નેઝા મારીને હું ત્હારો જાન લઉં કે તું વધારે વખત કાતીલ બને નહીં."

એમ બોલીને હાથમાં નેઝા લઇને નામવર જેહાનગીર રૂસ્તમની સામે ધસારો લઈ ગયો, અને નેઝો મારી દીધો. મગર, નામવર રૂસ્તમે તે છટકાવ્યો, અને નામવર જેહાનગીર તે જોઇને ગમ ખાઈ ગયો. હવે, જેહાં પહેલવાને પોતાનો નેઝો ચલાવ્યો, મગર જેહાંગીરે તે છટકાવ્યો!

એવી રીતે નેઝાની લડાઇ તે અંજાણુપણે લડના બાપ-બેટાની વચ્ચે થઇ, લેકીન પાક ખુદાના હુકમથી કોઇભી ઝખમી થયો નહીં.

નેઝાની લડાઇમાં કાંઇ વલેલું નહીં જોઇને બેઉએ નેઝા નાંખી દીધા, અને ગોર્ઝ ઉંચકયા.

અને હવે ગદાની લડાઇ તે બાપ-બેટા વચ્ચે થઇ!

બેઉએ એક બીજાને એટલા બધા તો ગોર્ઝ માર્યા કે તેઓના હાથમાંની ઢાલના ટુકડે ટુકડા થઇ ગયા!!—નામવર રૂસ્તમ મનને કહેવા લાગ્યો કે આ લડવૈયો ખરેજ કોઇ ઝબરદસ્ત છે!

ગોર્ઝ ફેંકીને હવે તેઓએ પોતાની શમશીર મ્યાનમાંથી ખેંચી કાઢી, અને તે બાપ-બેટા વચે શમશીરની લડાઇ થઇ!

શમશીરની લડાઈમાંબી કોઇનું વલ્યું નહીં, અને હવે તે આખો દીવસ પસાર થઇને રાત પડવા આવી.

નામવર રૂસ્તમે કહયું "અએ પહેલવાન, હવે રાત થવા આવીછ, અને હું આશા રાખુંછ કે કાલેબી તુંજ મ્હારી સામે લડવા આવશે. કાલે જોઈશું કે ઝીંદગી કોણુને યારી આપેછ."

તે પછી રાત થઇ અને તે બન્ને બાપ-દીકરા પોતાના જૂદા જૂદા તંબુઓ તરફ ગયા. નામવર રૂસ્તમ મગરેબીઓ તરફ, અને નામવર જેહાંગીર ઇરાનીઓ તરફ.

નામવર રૂસ્તમ જેવો પોતાના તંબુમાં દાખલ થયો કે દોરાબ શાહ, આઝાદચહેર અને આઝાદમહેર તેની આગલ દોડી ગયા. નામવર

રૂસ્તમે કહયું "મેં આજ સુધી ઘણા પહેલવાનો જોયા છે, પણ એના જેવા ઝોરાવર તો કોઇજ જોયલા. એ પહેલવાન તો જાણે મ્હારા મરણ પામેલા બેટા સોહરાબના જેવો ઝોરાવર છે, જે મ્હારો મરહુમ સોહરાબજ મ્હને ઝમીનપર નાખીને હફાવી શકયો હતો!" અને અહીં રૂસ્તમની આંખમાંથી આંસુનાં બે ટીપાં સરી પડયાં!!–પણ, તે આંસું લુછી નાંખતા તેણે કહયું "હું કાલે જઇને જોઉં છ કે એ પહેલવાન શું કરી શકેછ! મ્હને તો લાગેછ કે ઇરાન તરફના એ લોક હોય તો ઇરાનની સરહદના કોઇ નવા હશે જેઓ મ્હારી ગયરહાઝરીમાં ઇરાનમાં ઉભા થઇને કાંઇ રંગ બતાવતા હોય!!"

તે નામેવર જેહાંપહેલવાને પોતે આસાએશ લેવાની ખ્વાહીશ કીધી, જેથી દોરાબ શાહ, શાહ આઝદચહેર અને શાહઝાદો આઝાદમહેર તેને છોડીને પોતપોતાના તંબુઓમાં ગયા.

પ્રકરણ ૮૧ મું.

બીજે દીવસે બાપ-બેટાની ફરીથી લડાઈ.

ખુરશીદ મશરેકમાંથી રોશન થયો તો મગરેબ ઝમીન તરફથી લડતો રૂસ્તમ હથ્યાર સજીને રખ્શપર સ્વાર થઇ મયદાને જંગમાં દોડયો.

પેલી તરફથી જેહાંગીર નામવર રૂસ્તમ સામે લડવા બહાર નીકલ્યો.

અને અંજાણપણે તે બાપ-બેટા ફરીથી તે બીજે દીવસેબી એક બાજા સાથે લડવા સામ સામે મયદાને જંગમાં આવી ઉભા.

તે બેઉએ એકબીજાપર તીરોનો મારો ચલાવ્યો, મગર એકનેબી કોઇ તીર લાગ્યો નહીં. ઘણાક તીર છટકાવવામાં આવ્યા હતા, તો વલી ઘણાક તીરો ઢાલપર જીલવામાં આવ્યા હતા.

તીરની લડાઇ પછી નામવર રૂસ્તમે સુચવ્યું કે કુસ્તી રમવી, અને તેમ કરવા નામવર જેહાનગીર કબુલ થયો.

હવે બેઉ જણાએ એકબીજાની કમર પકડી. કોઇવાર નામવર રૂસ્તમે જેહાનગીરને થોડોક ખેંચ્યો, તો કોઇવાર વળી જેહાનગીરેબી નામવર તહેમતનને જૂમબીશ આપી.

ઘોડા ઉપરની તે કુસ્તીમાં એટલું બધું ઝોર તે બન્નેએ વાપર્યું કે તેઓ પોતે પસીનાથી ભીંજાઇ જવા સાથે ઘોડાબી પસીને ગરકાવ થયા.

આખરે રાત પડી, અને દુન્યા અંધકારમાં ઢંકાઇ ગઇ ત્યારે બેઉએ એકબીજાને છોડયા, અને નામવર રૂસ્તમે કહયું "અએ

પહેલવાન, હું આશા રાખુંછ કે આપણે આવતી કાલેની કુસ્તી ખેલશું. જોઇએ કીરદેગારે જેહાંન કોણુને પોતાની મદદ આપેછ તે!"

તે પછી તેઓ બન્ને નરેશેરની મીસાલ પોતપોતાના તંબુ તરફ ઘોડા દોડાવી ગયા.

નામવર રૂસ્તમ પોતાના ખઇમાંમાં જઇને અંદેશાપર અંદેશા કરવા લાગ્યો, અને તેનું બધું ધ્યાન પોતાના હમનબદ પહેલવાનને કઇ તદબીરથી પાડવો તેમાં રોકાયલું રહયું.

પ્રકરણ ૮૨ મું.

બાપ-બેટાની ત્રીજા દીવસની લડાઇ! બાપના હાથપર બેટાનું હારીને ઝમીનપર પડવું, રૂસ્તમ જેહાનગીરને મારી નાંખવા તૈયાર થાયછે, રખ્શના હણહણાટથી ફરામર્ઝ દોડી આવી ભાઇને બાપના ખંજરથી બચાવે છે.

બીજે દીવસે મયદાનમાં રૂસ્તમ અને જેહાનગીર લડવા આવયા, અને આવતાને વાર તેઓ પોતપોતાના ઘોડા ઉપરથી ઉતરી પડીને ઘોડાઓને છુટા મુકી પાઉં પ્યાદા થઇ ગયા. તેઓએ કુસ્તી ખેલવા અગાઉ એકબીજાથી થોડીક વાત કીધી.

નામવર જેહાનગીરે કહયું "અએ પહેલવાન, મ્હને ત્હારી ઉપર ઘણીજ મહર છુટેછ. તું જો અગર અમારે શરણે આવે તો તુને મોટો દરજ્જો મલશે, અને ઘણા ઝર ઝહવાહીરથી ત્હને નવાઝી નાંખવામાં આવશે."

રૂસ્તમ: "અએ બચ્ચા, તું મ્હારી આગલ કુચ્છ બીસાદમાં નથી. તું એમ સમજતોબી હોય કે કદાચ બે દીવસો સુધી તું મ્હારી સાથે લડયો અને લડાઇમાં ટકયો તેથી ત્હારામાં કોઇ મ્હારા કરતાંબી વધારે કુવવત હતું, પણ નહીં, તું ત્હારા કીસમતથીજ બચી શકયોછ. પણ આજે તું હવે મ્હારે હાથ બચી શકનાર નથી! ત્હારા જેવા હઝારોને હું ઝમીનપર ખાક ચાટતા કરી ચુકેલો છેઉં, તો તું મ્હારી આગલ શું બીસાદમાં ?

નામવર જેહાંગીર તે સાંભલીને આતશની માફક ગરમ થઇ ગયો, અને તે નામવર રૂસ્તમ તરફ દોડી ગયો.

દોડતાને વાર તે રૂસ્તમને લપેટાઈ ગયો, અને હવે તે બેઉની કુસ્તી થઇ. કુસ્તીમાં જે દાવપેચ થતા હતા તેથી જાણે તેઓના પગ નીચેની ઝમીનથી ધરૂજી રહી હતી.

તેઓની કુસ્તી એટલી તો ઝોરઆઝમુદા હતી કે બન્ને પહેલવાન બાપ બેટાના પસીનાથી તેઓના પગ નીચેની ઝમીન ઉપર કાદવ થઇ રહયો!—આખરે નામવર જેહાંપહેલવાને એક મોટી બુમ પાડવા સમેત નામવર જેહાંગીરની કમરબન્દ પકડી લીધી અને એક મોટું ઝોર કરીને તેને ઝમીનપરથી ઉપર ઉઠાવી લીધો!! જેહાંગીરને ઉપર ઉઠાવી લેતાજ રૂસ્તમે એટલો ઝોરમાં તેને પાછો ઝમીનપર પટકી નાંખ્યો કે ઝમીનબી બધી ધરૂજી રહી!

જેહાંગીર ઝમીનપર પડયો કે રૂસ્તમ તેની છાતીપર ચઢી બેઠો, અને તુરતજ પોતાની કમરબન્દમાંથી આબદાર ખંજર ખેંચી કાઢયું.

રૂસ્તમે ખંજર જેવું ખેંચ્યું કે રૂસ્તમનો પાકઝાત ઘોડો રખ્શ એકદમ રૂસ્તમ તરફ દોડી આવ્યો અને એક મોટો હણહણાટ તેણે કર્યો.

પેલી તરફ ઇરાનીઓ જે તદનજ ગભરાતમાં હતા અને નામવર ફ્રરામર્ઝ લશકરી હદ છોડીને મયદાન તરફ કેટલોક ધસી આવ્યો હતો, તેણે રખ્શના ખંખારનો સાદ ગયો, અને ત્યારેજ નામવર ફ્રરામર્ઝ માહીતગાર થઈ શકયો કે તે ઘોડો તેના બાપ રૂસ્તમ પહેલવાનનોજ રખ્શ હતો.

રખ્શનો સાદ સાંભલીને નામવર ફ્રરામર્ઝે જાણી લીધું કે જેહાંગીરને ઝમીનપર પટકનાર પહેલવાન તેનો અને જેહાનગીરનો પીતા તહેમતન રૂસ્તમ પોતેજ હતો, અને તે ગભરાયો કે મરહુમ ભાઇ સોહરાબને જેમ ધોકામાં રૂસ્તમે માર્યો હતો તેમજ જેહાનગીરનેબી રૂસ્તમ મારી નાંખશે! અને તેથી, પવન કામ કરે તેટલી ઝડપથી નામવર ફ્રરામર્ઝ મોટી એક બરાડ પાડીને એકદમ રૂસ્તમ તરફ દોડી આવ્યો.

રૂસ્તમે ફરામર્ઝને જોયો, તેણે રખ્શનાહણહણાટથી હાથ ઉગ. મેલો જે હજુ ઉતાર્યો નહી હતો તે હાથ એમનો એમજ રાખ્યો. ફરામર્ઝે એકદમ દોડી આવતાંજ કહયું "પીદર, એ તો ત્હારો પોતાનોજ બેટો જેહાંગીર છે, માહારૂખે દેલનવાઝ એની માદર છે." રૂસ્તમે તે સાંભલ્યું કે તેના હાથમાંથી ખંજર આપોઆપ ફીસલીને પડી ગયું, અને રૂસ્તમ પોતેબી બેહોશ થઇને જેહાનગીરના શરીરપરથી ઉઠલાઇ જઇ ઝમીનપર પડયો ! !

નામવર જેહાનગીર એકદમ ઉઠીને ઉભો થયો, અને તે પોતાના બેહોશ બાપનો મુબારક ચહેરો જોતો તેની આગળ ગુડન્યે બેસી ગયો.

નામવર જેહાંપહેલવાન રૂસ્તમ જયારે હોશમાં આવ્યો ત્યારે તેણે પોતાની પાસે બેઠેલા જેહાનગીરને ઉઠાડયો અને તેને પોતાના પાંસાંમાં દાબી લીધો, અને ઘણા બોસાઓ તે પીદરે પોતાના પાકઝાત બેટાને લીધા. જે પછી તેણે પોતાના વડા બેટા ફરામર્ઝને પોતાની છાતીએ દાબ્યો, અને તે પછી એકેક હાથમાં પોતાના એકેક બેટાને દાબી લેતાં તે હરખના આંસુએ રડયો ! !

તે પછી તે નામવર પહેલવાન પોતાના બન્ને બેટાઓ સાથે ઇરાની લશકર તરફ રવાના થયો, અને ઇરાની પહેલવાનોએ તથા લશકરે જયારે નામવર જેહાં પહેલવાનને જોયો ત્યારે તેઓ જાણે ખુશીના દીવાના બની ગયા !!

પેલી તરફ શાહ દોરાબને ખબર થઇ કે નામવર રૂસતમ તો ઇરાની લશકરને મલી ગયો હતો !

દોરાબશાહ હવે ઘણોજ ગભરાયો અને કાંઇબી વખ્ત લગાડયા વગર તે પોતાના લશકરને લઇને હમાયુન પાહાડ તરફ ન્હાસી ગયો.

ઇરાનીઓએ ત્યાં એક મોટું જશ્ન કીધું.

પ્રકરણ ૮૩ મું.

દોરાબ જાદુગરણીની મદદ લેવા જાય છે, નામવર રૂસ્તમ તેને મારવા જાય છે.

દોરાબશાહ ન્હાસી ગયો અને નામવર રૂસ્તમે હવે તેની સાથે લડવા જેહાનગીરને ના કહયું, મગર, જેહાનગીરે પીદરની માફી માંગી લેતાં કહયું "એ દોરાબ જાણતો હતો કે અમો ઇરાનીઓ છીએ, ખુદ ઇરાનની અંદરના રહેવાશીઓ અને નામવર શાહ કાઉસના પહેલવાનો અને લશ્કરીઓ છીએ, છતાંબી તેણે તમને અમારેથી વાકેફ કીધા નહીં. અને આપણને બેઉને લડાવ્યા. મ્હારો એ દોરાબ શાહ પર ગૂસ્સો ઘણો છે, વલી હમણાજ એક જાસુસ આવીને મ્હને કહી ગયોછ કે દોરાબ શાહ આપણી ઉપર વેર લેવા માંગેછ અને તેથી તે હમાયુન પાહાડ તરફ પોતાની એક જાદુગરણી માશુકાની મદદ લેવા ગયોછ. વાસ્તે આપ પીદર ખ્યાલ કરો કે હવે એ દોરાબને સઝા કરવી જોઇએ કે નહીં ? એ જયારે જાદુગરણીની મદદ લઇને આપણી સામે લડવાજ માંગેછ ત્યારે તો આપણેબી એની સામે લડવુંજ જોઇએ."

નામવર જેહાંપહેલવાને પોતાના બેટાની વાતમાં વજુદ જોયું, અને તેથી તેબી હવે દોરાબ શાહ સાથે લડવા જવા તૈયાર થયો.

નામવર જેહાંપહેલવાને દોરાબ શાહ સાથે લડવાની તૈયારી કરીને પછી નામવર જેહાંગીરને સમજાવ્યું કે "આઝાદચહેર અને આઝાદમહેર સાથે આપણને કાંઇબી દુશ્મનાઇ બતાવવી નહીં જોઇએ. તેઓ આપણા ખરેખરા ખયરખ્વાહ છે. આઝાદમહેર વરસોનો મ્હારો દોસ્ત છે અને તેના બુઢ્ઢા પીતા આઝાદચહેરે મ્હારી તરફ ઘણીજ લાયકી

બતાવેલી છે. લગભગ ત્રીસ વરસો સુધી એમ સમજો કે હું આઝાદચહેરનો મહેમાન હતો."

તે પછી નામવર રૂસ્તમે આઝાદચહેર અને આઝાદમહેર આગળ પયગામ મોકલાવ્યો કે તેઓએ ઇરાનીઓથી બીહવું નહીં, કેમજે ઇરાનીઓ તેઓને મુદલજ હયરાન કરનાર હતા નહીં, પણ દોરાબ શાહ જે જાદુગરણીની મદદ લેવા ગયો છે અને મદદ લઇને ઇરાનીઓને મારવાનો ઇરાદો રાખે છે તેને તો ઇરાનીઓ બરોબર સ્વાદ ચખાડવા માંગતા હતા.

આઝાદચહેરે નામવર રૂસ્તમના પયગામચીને ખુશી કીધો, અને તેણે નામવર રૂસ્તમને ઘણી દુઆ માંગતા તેની મ્હેરબાની માટે ઘણો ઘણો ઉપકાર માન્યો, અને આઝાદમહેરને નામવર રૂસ્તમ આગલ મોકલી આપ્યો.—નામવર જેહાંપહેલવાને અને તેના લશકરે આઝાદમહેરને ઘણી ઇઝઝત આપી.

નામવર જેહાંપહેલવાને આઝાદમહેરને કહયું "જ્યાંસુધી હું ત્હમારો મહેમાન હતો ત્યાં સુધી હું દોરાબ માટે કાંઇ બોલ્યો નહીં, પણ હવે જયારે દોરાબ શાહે મ્હારી સામે દુશમનાઇ ચલાવવા પોતાની જાદુગરણીની મદદ લીધીછ ત્યારે હું તેને મારશ અને તેનું તમામ રાજય લઇ લેવશ. ત્હમો ફીકર કરશો નહીં, ત્હમારા એક બાલનેબી ઇજા નહીં પહોંચશે."

તે પછી નામવર રૂસ્તમ પોતાના બેટાઓ અને પહેલવાનો તથા લશકરને અને આઝાદમહેરને લઇને દોરાબ શાહની જાદુગરણી હતી તે પાહાડ હમાયુન તરફ જવા નીકલ્યો.

રસ્તામાં જતાં દોરાબ શાહની રાજયધાની આવી, જયાં દોરાબ શાહની શાદીની મ્હોરદાર પોતાના મહેલમાં રહેતી હતી. નામવર રૂસ્તમે તેની ઉપર કહેવડાવ્યું કે "હાલમાં દોરાબ શાહ ન્હાસીને કુહે હમાયુન તરફ

ગયલો છે અને રાજ્યની લગામ ત્હમારા હાથમાં છે. અમે ત્હમો ઓરત જાતને હયરાન કરવા માંગતા નથી, અને ત્હમારી સાથે લડવા માગતા નથી. પણ જો ત્હમો ખુદાપરસ્તી કબુલ કરો અને આઝાદચહેરની માફક ખુદાપરસ્ત થઇ જાઓ તો ત્હમારા દેશને કે ત્હમારા લશકરને કાંઇ પણ ઇજા કર્યાં વગર અમો દોરાબ શાહની જાદુગરણીની ખબર લેવા જઇશું."

દોરાબ શાહની રાણીએ નામવર જેહાંપહેલવાનનું કહયું માન્યું અને તેણે નામવર રૂસ્તમના હાથમાં રાજ્યની લગામ આપી દેતાં કહયું "આજથી દોરાબ શાહનું રાજ્ય ત્હમારૂં છે, ત્હમે ગમે તે કરો. ત્હમો મુખ્તયાર છો, અને હું આજથી ખુદાપરસ્ત છું."

નામવર રૂસ્તમે રાજ્ય કારોબાર દોરાબની રાણીનેજ હાલ તુરત તો ચલાવવા કહયું, અને જણાવ્યું કે તેણે પોતાની રૈયતને બનતાં સુધી સમજાવી સમજાવીને યઝદાંપરસ્ત બનાવવી.

તે પછી નામવર રૂસ્તમ, ફરામર્ઝ, જેહાંગીર અને બીજા પહેલવાનો તથા ઇરાની લશકર દોરાબ શાહની જાદુગરણીના પાહાડ "કુહે હમાયુન" તરફ લડવા ત્યાંથી આગલ ચાલ્યા.

દોરાબશાહની જાદુગરણી એક ઘણાજ મોટા કદની દેવીણી હતી, જે પોતાના જાદુના ઝોરથી ચલકતા દીવસનેબી જાણે અંધારી રાત હોય તેમ બનાવી દેતી !! તે અઝદાહને અને સીંહને તો પોતાની પાસે ઉભા રાખતી, અને તેમને મારતી, તેમની સાથે રમતી અને પોતાના જાદુના ઝોરથી સીંહ અને વાઘ (પલન્ગ અને બબર) એ બધાને જંગલમાંથી પકડી લાવતી !

ઇરાનીઓ કુહે હમાયુન આગલ જઇ પહોંચ્યા, અને દોરાબ શાહને દીલાસો આપતા તેની જાદુગરણી માશુકાએ ખુરશીદપર જાદુના ઝોરથી એક કાલું વાદલ એવું ઢાંકી દીધું કે જેથી ચલકતો તે દીવસ રાત

થઇ ગયો અને ત્યાં બધેબધ અંધારૂં અંધારૂં થઇ ગયું !!! વલી, પાહાડપરથી એક ઝબરદસ્ત મોટો અઝદાહ ઉતરી આવતો હતો, જેના મોંહામાંથી આતશના શોહલા બહાર પડતા હતા !

તે જાદુગરણી પોતે અઝદાહના અવતારમાં પોતાના જાદુથી ફેરવાઇ જઇને આવતી હતી, અને પાહાડ ઉતરીને તે નામવર જેહાનગીરના તંબુ આગલ ધસી આવવા લાગી !

જેહાંગીરની તરફ આવતાં આવતાં તે જાદુગરણીએ પોતાનો ચહેરો ફેરવીને ઇરાની લશકર તરફ આગના શોહલા કાઢયા, જેથી કેટલાક સીપાહો અને ઘોડાઓ સખ્ત રીતે દાઝી ગયા !

નામવર જેહાંગીરના તંબુ તરફ તે જાદુગરણી–અઝદાહ આગના શોહલા કાઢીને ધસી આવતી હતી, ત્યારે નામવર જેહાંપહેલવાન રૂસ્તમ પોતાના બેટાને બચાવવા અને નામવર ફરામર્ઝ પોતાના ભાઇને બચાવવા શમશીર લઇને તે અઝદાહ તરફ ધસી ગયા, મગર આગના શોહલા એવા નીકલવા લાગયા કે કાંઇ દેખાયજ્ની નહીં !!

હવે નામવર જેહાંગીરે પોતાની બાઝુબંધમાંથી પોતાના મમાવા મસીહાએ આબિદે આપેલું એસ્મે આઝમ કાઢીને પઢવા માંડયું, અને એસ્મે આઝમ પઢી રહયો કે જાદુગરણી–અઝદાહ ત્યાંથી અલોપ થયલી જણાઇ !!

★

પ્રકરણ ૮૪ મું.

નામવર જેહાંગીરના એસ્મે આઝમથી દોરાબ શાહની જાદુગરણી હલાક થાય છે અને દોરાબ શાહ નામવર જેહાંગીરના હાથપર માર્યો જાય છે.

નામવર જેહાંગીરના એસ્મે આઝમથી પેલી જાદુગરણી દફા તો થઇ, મગર થોડીવાર પછી તેણે એવું એક જાદુ ચલાવ્યું જેનાથી તમામ ઇરાની લશકરમાં જાણે આગની ગરમી ફેલાઇ ગઇ ! !

નામવર જેહાંગીરને તે વાતની ખબર થઇ અને તેથી તે નામવરે એસ્મે આઝમ લખીને તમામ સીપાહોમાં વાંચવાનો હુકમ આપ્યો. જે મુજબ નામવર જેહાંગીરના લખેલા એસ્મે આઝમ-પરથી ઉતારો કરીને ઇરાની સીપાહો તે વાંચવા લાગ્યા.

થોડાજ વખ્તમાં એસ્મે આઝમની બરકતથી સીપાહોમાંથી આતશની ગરમી દુર થઇ, અને વલી ખુરશીદના ઉજાસને બંધ રાખવામાં આવ્યો હતો તે જાદુબી તૂટી જવાથી ચલકતો દીવસ દેખાયો.

જાદુગરણીએ પોતાનું જાદુ ઘણુંજ ઝોરમાં ચલાવ્યું, મગર એસ્મે આઝમ આગલ તેનું કાંઇજ ચાલ્યું નહીં, અને દોરાબ શાહની તે ઝબરદસ્ત જાદુઇ-માશુકા હારીને બેઠી ! ! !

તેથી હવે દોરાબ શાહ પોતે લશકર સાથે પાહાડપરથી લડવા નીચે ઉતર્યો.

દોરાબ શાહ પોતે મયદાને જંગમાં લડવા આવ્યો, અને તેની સામે લડવા માટે નામવર જેહાંગીરે પોતાના પીદર રૂસ્તમની રજા

માંગી. નામવર જેહાં પહેલવાને રજા આપી, અને નામવર જેહાંગીર આતપરસ્ત શાહ દોરાબ સામે લડવા ગયો.

દોરાબ શાહ હાથીપર સ્વાર થયલો હતો, અને તેના હાથમાં એક ઘણુંજ ઝબરદસ્ત ગોર્ઝ હતું. તેણે જેહાંગીરને ઘોડેસ્વાર જોઇ પોતાના હાથીને કહયું "જા, જઇને ઘોડાને ત્હારી સૂંઢમાં લપેટી ઉડાર."

હાથી પોતાના માલેકનો હુકમ સાંભલીને જેહાંગીરના ઘોડા તરફ દોડયો, અને જેવી તેને સૂંઢ ઉપાડી કે જેહાંગીર સમજી ગયો, અને તેણે દોરાબને મારવા ઉગામેલી શમશીર હાથીની સૂંઢપર મારી. નામવર જેહાંગીરની શમશીરના એકજ ફટકાથી હાથીની સૂંઢના બે ટુકડા થઇ ગયા !!

હાથી ઝમીનપર પડયો, અને હાથી પડયો કે દોરાબ શાહબી તેની ઉપરથી નીચે ગબડી પડયો—નામવર જેહાંગીરે જોયું કે દોરાબ હવે ન્હાસી જશે, તેથી તેણે ઝડપ વાપરીને શમશીર ચલાવી જેનાથી દોરાબનો એક પગ કપાઇ ગયો. નામવર જેહાંગીરે બીજી શમશીર ચલાવી, જેથી દોરાબ શાહની ગરદન ઉડી ગઇ—અને નામવર જેહાંગીરે પોતાનો નેઝો ખેંચી કાઢી દોરાબ શાહનું માથું તે નેઝાપર ઉંચકી લીધું!!

જાદુગરણીએ પોતાના આશકને માર્યો ગયલો જોઇ તે પાહાડ ઉપરથી પોતાના લશકરને લઇને ઉતરી, અને દોરાબ શાહના લશકરનેબી પોતાના લશકરમાં શામીલ કરીને તે ઇરાનીઓપર ધસી ગઇ.

હવે ઇરાનીઓ અને જાદુગરણીના બોતપરસ્ત લશકરો વચે લડાઇ થઇ.

એ લડાઇ ચાલતી હતી તેટલાં સગલાબશાહ પોતાના લશકરને લઇને ઈરાનીઓની મદદમાં આવ્યો. નામવર રૂસ્તમે તેને કહયું કે

તેની મદદની કાંઈએ જરૂરત નહીં હતી, તેએી તે આવ્યો તે તેની લાયકી હતી.

સ્હાંજ પડવા આવી ત્યારે મરનાર દોરાબ શાહની તે જાદુગરણી માશુકાનું તમામ લશકર હાર્યું, ઘણુંખરૂં માર્યું ગયું, અને જે બચ્યા તે બધા ન્હાંસી ગયા!

નામવર ફરામર્ઝની કમન્દમાં તે જાદુગરણી પોતેએ પકડાઇ ગઇ, તેણે જાદુ ચલાવ્યું, મગર નામવર ફરામર્ઝે પોતાના નામવર ભાઇ જેહાંગીરથી શીખેલું એસ્મે આઝમ ભણીને જાદુગરણીનું જાદુ રદ કીધું.

કમન્દમાં પકડાયલી તે જાદુગરણીને નામવર રૂસ્તમ પાસે લઈ ગયા, નામવર જેહાં પહેલવાને હુકમ આપ્યો કે તેને આતશની ચેહમાં નાંખવી.

નામવર જેહાં પહેલવાનના હુકમ મૂજબ તે જાદુગરણીને આતશની ચેહમાં બાલીને મારી નાંખવામાં આવી.

તે પછી કુહે હમાયુનમાં જયાં તે જાદુગરણીનું મકાન હતું ત્યાં ઇરાનીઓ ધસી ગયા, અને તેઓને એક ઘણોજ મોટો ખઝાનો હાથ લાગ્યો.

નામવર રૂસ્તમે તે પછી દોરાબ શાહની રાણી તરફ જવાની મરઝી પોતાના બેટાઓને કહી, અને તેઓ સગલાબ શાહને લઇને ત્યાં ગયાં. ત્યાં તેઓએ સગલાબશાહ સાથે દોરાબશાહની રાણીની શાદી કરી આપી, અને સગલાબ શાહને દોરાબ શાહના તાજો તખ્ત આપી દીધા.

તે પછી નામવર જેહાં પહેલવાન, નામવર ફરામર્ઝ અને નામવર જેહાનગીર, બીજા ઇરાની પહેલવાનો અને ઇરાની લશકર બધા ઇરાન જવા સારૂ નીકલ્યા.

પ્રકરણ ૮૫ મું.

નામવર જેહાંગીરનું પોતાના પીદર જેહાં પહેલવાન રૂસ્તમની સાથે ઇરાન તરફ જવું. ઘણે વરસે ઝાલેઝર સાથે તેના બેટા રૂસ્તમની મૂલાકાત.

ઇરાનીઓ ઇરાન તરફ ચાલ્યા, અને શાહ કાઉસને ખબર થઇ કે નામવર રૂસ્તમ પહેલવાનને તેના બેટાઓ ઇરાન તરફ લઇને આવતા હતા, શાહ કાઉસ ઘણો ખુશી થયો કે તે જેહાં પહેલવાને ઇરાનને યાદ કીધું હતું.

નામવર જેહાં પહેલવાનના પીદર ઝાલેઝરનેબી ખબર મલી ગઇ કે તેનો તહેમતન બેટો ઇરાન આવતો હતો, અને તે ખબરથી ઝાલેઝર ઘણોજ ઘણોજ ખુશી થઇ ગયો. તે પીદર પોતાના પીલતન બેટાને એસતેકબાલ થવા ઝાબુલથી નીકલી પડયો.

ઇરાનની સરહદપર પહોંચતાજ ઝાલેઝરને જોઇને નામવર રૂસ્તમ પોતાના રખ્શપરથી નીચે ઉતરી પડયો, અને તે પોતાના પીદરના હાથીના પગો આગલ જઇ ગુઠન્યે પડયો. નામવર ઝાલેઝરબી હાથીએથી ઉતરીને પોતાના બેટાને મલ્યો.

નામવર ફરામર્ઝ અને નામવર જેહાંગીર તથા તમામ ઇરાની પહેલવાનો અને ઇરાની લશકર તે બેઉ બાપ–બેટાને પાઉં પ્યાદા જોઈ તેઓ તમામ પોત પોતાના ઘોડાપરથી ઉતરી જઇ પ્યાદા થયા. અને તેઓ બધાઓએ ઝાલેઝરને બહુજ મોટું માન આપ્યું.

તે વૃધ્ધ બાપ પોતાના બેટાને બગલગીર થયો ત્યારે જાણે દુન્યા તાઝી થઇ રહી, ખુરશીદ વધારે ચલકતો દેખાયો, અને ખુશીના આંસુંઓનો એક મીઠો દરીઆવ ત્યાં બની રહયો !!

તે પછી ઝાલેઝર નામવર ફ્રામર્ઝને અને નામવર જેહાંગીરને મલ્યો, અને જેહાંગીરને તેના મોટા પ્રાક્રમો માટે ઘણી મુબારકબાદી આપીને ઘણી નેક દુઆ દીધી.—તે પછી ગીવ, બેજન, તૂસ, ગોસતાહમ, ગૂરગીન, રાહામ, અરદેશીર, અને બીજા ઇરાની પહેલવાનોને નામવર ઝાલેઝર મલ્યો.

તે પછી રૂસ્તમનો ભાઇ ઝવારા આવીને રૂસ્તમને મલ્યો ભેટયો.

ઇરાનીઓએ તે જગ્યાપર એક મોટું જશ્ન કીધું.

નવબહાર ફ્રરવરદીન મહીને શાહકાઉસ ઇરાનથી નામવર રૂસ્તમને ભેટવા આવ્યો, અને શાહ કાઉસને તમામ પહેલવાનોએ અને લશ્કરે ઘણુંજ મોટુ માન આપ્યું.

રૂસ્તમને જોતાંજ શાહ કાઉસ તેને ભેટી પડયો, તેનું કપાલ ચુમતાં તે નામવર શહેનશાહે કહયું "હું તને જોઇને બેહદ ખુશી છું, અએ મ્હારા જેહાં પહેલવાન, તું શું કામ ઇરાન છોડીને ગયો હતો?"

રૂસ્તમ: "મ્હારૂં નસીબ મ્હને ઇરાનથી દુર લઇ ગયું હતું. મગર, હવે ત્હારો ચહેરો જોઇને હું ઘણોજ ખુશી થયો છું, અએ નામવર શહેરિયાર."

તે પછી નામવર શાહ કાઉસે નામવર જેહાંગીરને પાસે તેડીને તે નવજેહાંન પહેલવાનને મુબારકબાદી આપતાં, તેણે જે જે ચુનંદા પ્રાક્રમો કીધા હતા તે માટે શાબાસી આપી, અને તેને દુઆ દીધી.

તેઓ બધા ઝાબુલમાં ગયા, અને શાહ કાઉસ ત્રણ મહીના ઝાબુલેસ્તાન રહીને પછી ઇરાનમાં "રએ" શહેરમાં ગયો.

નામવર ઇરાની પહેલવાનો ઝાબુલેસ્તાનમાં રહયા, અને નામવર જેહાનગીરે પોતાની માદરને ઝાબુલેસ્તાન બોલાવી લીધી.

માહારૂખે દેલનવાઝ પોતાના ધણી નામવર જેહાં પહેલવાન રૂસ્તમને અને પોતાના બેટા જેહાનગીરને જોઇને બેહદ ખુશી થઇ ગઇ

પ્રકરણ ૮૬ મું.

પહેલવાન જેહાનગીરનું ગમખ્વાર મરણ.

ઝાબુલ તરફ એક પાહાડ હતો જે ઉપર શોભાયમાન ઘાસ ઉપ-રાંત જાત જાતના ફુલોનું એક ચમન હતું.

એક દીવસે નામવર જેહાનગીર પોતાના દોસ્તોની સાથે તે પાહાડ તરફ શીકારની મતલબે ગયો. તે પાહાડપર શીકાર કરતાં કરતાં જેહા-નગીરની નઝરે એક દેવ પડયો, જે દેવ ઘણોજ કદરબીહામણો હતો. તે કાલો દેવ નામવર જેહાનગીરપર ધસી આવ્યો, જે જોઇને નામવર જેહાનગીરે પોતાની શમશીર ખેંચી કાઢી. નામવર જેહાનગીરે મારવા માટે જેવી શમશીર ઉગામી કે તે દેવ ન્હાસી ગયો. નામવર જેહાનગીર અકેલો તેની પૂઠે દોડયો, અને તે દેવ પાહાડની ઉપર અને ઉપર છેક ટોંચ તરફ દોડયો, જે તરફ નામવર જેહાનગીરબી દોડયો.

પાહાડની છેક ઉંચી ટોંચપર નામવર જેહાનગીર પુગ્યો કે તે દેવ નામવર જેહાનગીરની નઝરથી દૂર કેઠે ગાયબ થઇ ગયો.

તે દેવ કયાં ગયો તે જોવા માટે નામવર જેહાનગીરે પોતાની આજૂબાજૂ જોયું.

એકાએક દેવ નામવર જેહાનગીરની પીઠથી નીકલી આવ્યો અને તેણે એક ઝોરનો આંચકો મારીને નામવર જેહાનગીરને તે પાહાડની છેક ઉંચાઇએથી નીચે ગબડાવી દીધો ! !

પાહાડના એક મોટા ટુકડા મીસાલ નામવર જેહાનગીર ઉપરથી નીચે પડયો, અને તેના માથામાં એક મોટો પત્થર લાગ્યો, જેથી તે નામવર પહેલવાનનું માથું ફાટી ગયું !!

અફસોસ, ઝમાનાએ તે નામવર પહેલવાનને ઝમાની અમાન નહીં આપી—અને તે કે જે આટલા બધા મોટા મોટા પ્રાક્રમો કરી ચુકયો હતો, તે એક પલવારમાં મોતને હાથ ગીરફતાર થઇ પડયો !!

તે દેવ કોઇજ નહીં, પણ દેવની સુરતમાં નામવર જેહાનગીરની મોત હતી; અને તેનાથી, તે નવજવાન ઝબરદસ્ત પહેલવાન બેજાન થઇ પડયો !

દુન્યા ! દુન્યા એજ છે !

મરહુમના દોસ્તો તે બહેસ્તનશીન પહેલવાનનું શબ ઘણી મોટી ઇઝઝતથી નામવર રૂસ્તમ પાસે લઇ ગયા, અને રૂસ્તમે તે જોઇને માથું કુટી નાંખ્યું, અને પોતાના કપડાં ફાડી નાંખ્યા.

જેહાનગીરનું મરણ થયલું સાંભલીને તેની માદર એટલી બધી તો દીલ શીકસ્તા થઇ ગઇ કે તે માથું પટકી પટકીને ત્યાંજ મરી ગઇ !!

મરહુમ પહેલવાનનું અને તેની માદરનું, એ બેઉના શબ માઝનદરાન લઇ જઇને મસીહાએ આબેદના દોખમાંની પાસે આરામ પામતા મુકવામાં આવ્યા.—અને તે વાતને આજે હઝારો વર્ષો થઇ ગયા છે.

પાક ખુદા કયારે પાછો એક જેહાનગીર ઇરાનીઓ માટે પહેલવાની કરવા મોકલી આપશે ?

સમાપ્ત.

ગુજરાતી હરફનું ફારસી જેહાંગીરનામું

—–:•:—–

ફારસી બેતોનું ગૂજરાતી હરફમાં લખાયલું જેહાંગીરનામું હું કેવા પ્રકારનું કાઢનાર છું તેનો એક નમુનો નીચે આપ્યો છે, આજનું મ્હારૂં ગૂજરાતી જેહાંગીરનામું જેઓએ વાંચ્યું હશે તેઓને ફારસી બેતબાઝીની મતલબ ઘણી જલદીથી સમજ પડી જશે:

> ખામહને ઝાલ બમઈદાને જેહાનગીર, સોખન ગોફતને
> ઝાલ બા જેહાનગીર, આશકાર કરદને જેહાનગીર
> નેજ઼ાતે ખોદરા પીશે ઝાલ.

જેહાનગીર રોખ સુયે મઇદાન નેહાદ, નખસ્તી ગ઼દમ સુએ જઓલાન નેહાદ.
સુ આમદ દેલાવર બમયદાને જેન્ગ, બેગરદીદ હરસુ હમચુન પલેન્ગ.
બેગ઼લબે સેપા બુદ કોવુસે કેઇ, બેનઝદીકે ઉ ઝાલે પરખન્દા પેઇ.
બેસુયે દીગર બુદ ગુદર્ઝે પીર, કે દર અગલો તદબીર બુદ બીનઝીર.
ચુ દીદન કરે જેહાન પાહલવાન, ખુરશી બરઆમદ ઝે પીરો જવાન.
કે-આમદ દીગર બારા ઉન કીનાજૂઈ, કેયારદ શોદન સુયે ઉ જેન્ગ જુઇ.
બેજોઝ ઝાલેઝર નીસ્ત કસ ઝીન સેપા, કેરૂ આવરદ સુયે ઉન રાઝમખ઼ાહ.
દેલે હર સરી હમચુન આતેશ દમીદ, મરૂરા સેતાદા બેમઈદાન ચુદીદ.
ચની ગોફ્ત કોવુસરા ઝાલેઝર, રવમ મન બેમઇદાને ઇન ખીરાસર.
અગર ઝન્દા બાઝઆયમ અઝ જેન્ગે ઉ, બેખ્ખાક અફકનમ તાજો અવરેન્ગે ઉ.

કીંમત માત્ર રૂપીઓ એક.

વી. પી. પોસ્ટથી મંગાવનારને રૂ. ૧)=

☞ એ પુસ્તક તા૦ ૧ લી મે ૧૯૧૭ ના દીવસે બહાર પડશે, નામ નોંધાવનારાં મ્હેરબાનોએ પોતાના મુબારક નામો અત્યારથીજ મોકલી આપવાં. આગમજથી નામ નોંધાવનારાં અઝીઝોના નામો તે પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે.

આ સરનામે એક પોસ્ટ કાર્ડ લખી ઓરડર નોંધાવવા: { મી૦ સોહરાબ શાહેરિયાર 'મશારેક' કાશીનાથ હાઉસ—ધોબીતલાવ—મુંબઇ.

બે પારસી બાનુઓની વાતચીત !

પીલાં—ડીયર આલુ, રોજના બજારનાં કંટાલાથી ને માણસોની બજારના પૈસામાંથી ચાંસ મારવાની આદતથી હું તો બા હવે જાણે કંટલઇ કંટલઇ ગઇછ ! મુઉં રોજ ઉઠીને એ પંચાતી કરવાની ! ખોદાયજીએબી પેટ નહીં મુકયું હોતે તો કેવું સારૂં થતે ?

આલુ—ડીયર, તું તો ભોલી છે. માણસો પાસે મંગાવવાની કડાકુટના દાહાડા હવે ગયા. અમે તો હાલમાં કાપડયાની કંપની મારફતે આખી બજાર મંગાવીએછ ને સહવારના પહોરમાં એવી મજેની બજાર એ કંપનીવાલા મોકલી આપેછ કે જાણે બે ઘડી જોયાજ કરીએ, ને વલી કીફાયત ભાવે મોકલેછ તે ખાતી વખતે ઘણા પૈસા બરબાદ થયાનો ધસ્કોબી પડતો નથી, એટલે જાણે પેટ ભરીને ગમનથી ખાણાંને ઇનસાફ અપાએછ. એ બીચારા જુજ કમીશને મુંબઇમાં જે હમા ચીજની બજાર મોકલી આપેછ, તેમ બહારગામબી મચ્છી, તરકારી, ફ્રુટ વીગેરે પારસલો પોતાની જાતી દેખરેખ હેઠલ મોકલેછ. તુંબી એજ જરથોસ્તી કંપની સાથે કામ પાર ને બજાર મંગાવ.

સરનામું નોંધજો—

કાપડયાની કંપની,

બજાર તથા શીપ સ્ટોર સપલાયર,

ક્રાફર્ડ મારકેટ, બીફ બઝાર સામે, મુંબઇ.

ઓફીસ નાંo ૧૫.

મી૦ મશરેક માટે બે બોલ.

——(૦)——

આ જેહાંગીરનામાની મોતેબર કેતાબ અસલ ફારસી ઉપરથી મી૦ "મશરેક" ચાલુ સુધારેલી ગુજરાતી ઝબાનમાં તરજુમો કરી બાહાર પાડી છે. એ એક ખરેખરૂં સ્તુતી પાત્ર કામ છે. પોતાના દેશ અને પુરાતન વતનનાં ઇતીહાસથી પોતાની કોમને માહીતગાર કરવી એના જેવી ઉદ્દાર દેશભક્તિ બીજી કોઈજ નથી.

મી૦ "મશરેક" એક જાણીતા લેખક છે, એઓની ઓળખાણ વાંચકવર્ગ સાથે કરાવવા માટે એવણના જાણીતી કલમથી લખાઇ પ્રગટ થયલી પાંચ પાંચ લાંબી વાર્તાંઓ અને તેટલાજ નાટકો પુરતા છે. મી૦ મશરેક પોતે જેમ શરીરે "ઓલ રાંઉન્ડ" છે તે પ્રમાણે એવણ પોતાનાં "ઓલ રાંઉન્ડ" હાથમાં જે કલમ પકડે છે તેબી "ઓલ રાંઉન્ડ" જ છે: યાને મી૦ "મશરેક" જેવી રીતે પુર ઝમકથી "કોમીક" લખાણો કરે છે, તેવીજ બરી ખુબીથી "ત્રેજીક" લખાણો પણ કરી શકે છે.

જો કે એવણનાં લખાણો ઘણાંક જાણીતા ચોપડી, ચોપાન્યા અને વર્તમાન પત્રોમાં દાખલ થઈ ચુકયાં છે, તોબી જ્યારે એવણનું એક "ત્રેજીક" પુસ્તક બાહેર પડયું ત્યારે કોઇ લખનાર તરફથી તેની ઉપર ગંભીર હુમલો કરી તેને ઉતારી પાડનારી નછાજતી કોશેષ થઇ હતી. મજકુર કોશેષ કરનાર માટે કમનસીબે અજાયબી પમાડનારી બીના તો એ હતી કે જ્યારે મી૦ "મશરેક" તે વાર્તા તેમના છાપામાં લખી ત્યારે તે તેઓને તદન લાયક અને ઘણીજ સારી જણાઇ, પણ જ્યારે તે વાર્તાએ એક ચોપડીના આકારમાં ફરીથી દેખાવ દીધો ત્યારે જેઓએ તેને વખાણેલી તેઓએજ તેને વખોડી! એવી વાંધાખોરી વળણને ફકત અદેખાઇ અથવા આપમતલબનોજ એલકાબ આપીશું.

મી૦ "મશરેક" પોતાની દરેક વાર્તાઓમાં પશ્ચીમ તરફના સારામાં સારા લેખકોની રીતને અનુસરીને કામ લેનારા છે, જેમ કે તે તરફનાં લેખકો જો એક બાબદ "કોમીક" ને નામે શરૂ કરે છે તો તેનું છેવટ પણ "કોમીક" માંજ લાવે છે, અને જો "ત્રેજીક" લખાણ કરે છે તો તેનું છેવટ પણ ત્રેજીકમાંજ લાવે છે. એજ પ્રમાણે નાટકો માટે પણ તેઓ તેજ પ્રમાણે કરે છે. તેઓ કદી પણ મેહેલાં "ત્રેજીક" થી શરૂઆત કરી "કોમીક" માં તેનું છેવટ લાવતાંજ નથી, કારણ એ પ્રમાણે ખીચડી ખુરચન કરવું તે તેઓ વાર્તા તથા નાટક લખનારાઓની પદતીથી ઉલટું સમજે છે, અને તેવા લખનારાઓને ત્યાંની વાંચનારી આલમ ઉત્તેજન પણ આપતી નથી. ખરાં "ત્રેજીક" તથા "કોમીક"ની ખરી ખુબીઓ તેની છેવટની બાબદોમાંજ સમાયલી હોય છે, અને જ્યારે એક બાબદની ખરી ખુબી તેનાં છેવટમાં સમાયલી હોય ત્યારે તે બાબદને તેનું છેવટ લાવતાં એકદમ બદલી નાંખી "ત્રેજીક" નું "કોમીક" કરી નાંખે, તો પછી તેની અસરમાં તે કેહેવું રહે તે લખ્યાં કરતાં સમજી લેવું બસ છે.

મી૦ "મશરેક" મને આ પ્રસ્તાવનાનું કામ સોપ્યું જેને એક ખરેખરી મોજ હું સમજું છું. જો કે મી૦ "મશરેક" જેવાના લખાંણ ઉપર નુકતેચીની કરવાની મારી લાયકાત હું માંનતો નથી, છતાં એ ભાઇએ મને જે કામ સોંપ્યું છે, તેને હું મારી યથા શક્તિ પ્રમાણે પુરતો ઇનસાફ આપીશ.

હું શરૂઆતમાં જણાવી દઇશ કે આ "જેહાંગીરનામું" લખવામાં મી૦ "મશરેક"ની મતલબ પોતાનાં ઇરાન વતન તરફની જાંન ફેશાનીનું છે, અને એક લેખકમાં ખરો ગુણ પોતાનાં વતન તરફની બુલંદ વફાદારીનોજ હોવો જોઇએ. કારણ એવા એકલા એકજ ગુંણથી ઘણાં એક માહાન લેખકોએ પોતાનાં દેશને તારેલા છે, જેના પુરાવા ઇતીહાસમાં મોજુદ છે.

તે ઉપરાંત મી૦ "મશરેક" નું આ પુષતક ગુજરાતી વાંચનારી આલમમાં જુન્નાં દોસ્તોને નવા લીબાસમાં રજુ કરે છે, યાને આજે લગભગ ચાલીસ પચાસ વર્ષોની વાત ઉપર નામાં લખવાનો અને નામાં વાંચવાનો પારસી આલમમાં જે શોખ હતો તેનો સંદતર નાશ થયો છે, તેનો આ "જેહાંગીર નામાં" મારફતે "મશરેક" ને હાથે જીરણોધ્ધાર થયો છે. નાં એટલુંજ નહીં, પણ આજે એક જમાંનાં કરતાં વધુ મુદ્દતથી એકની એક ઢબ ઉપર અંગ્રેજીમાંથી તરજુમાં થયલી વારતાઓ વાંચવાંથી વાંચક વર્ગ લગભગ કંટાળી ગયલો હોવાથી આ નામું તેઓને એક તદન નવીજ, નહીં તો લગભગ નવીન, જાતનું વાંચન પુરૂં પાડશે. વળી એ નામાં મારફતે ઉધરતી ઓલાદને પોતાંનાં વતન માટે કંઇક જાંણવા સમજવાનો લાભ મળશે, કારણ દુનીયાની તમામ પ્રજા પોતાનાં દેશની તવારીખની સ્કુલ મારફતે માહીતી મેળવે છે, જ્યારે પારસી કોમનો મોટાંમાં મોટો ભાગ પોતાની ઉત્પંતી, પોતાનાં દેશ, અને તેની માહાન તવારીખ, તથા પોતાની હાલની આવી હાલત કોણથી થઇ છે તેનાથી સદા સુધી કમનસીબે સદંતર માહીતી વગરનાં રહે છે.

તેમાં જો કોઇ વધારે ભણેલા યાને બી૦ એ૦, એમ૦ એ૦ થયલા જવાંનને જો કદાચ કોઇ અસલી ઇરાંનીયન તવારીખનાં અભ્યાસી સાથે મુલાકાત થઇ જાય છે તો તેવી વેળાએ પેલા બી૦ એ૦, એમ૦ એ૦ પોતાના વતનનું તવારીખી અજ્ઞાનપણું છુપાવવા માટે લાગલા મરહુમ શાએરાંન શાએર માહાન ફીરદોસી તુસીના શાહનાંમાને પકડી પાડી કંઇ થોડીક સાંભળેલી વીગતો ઉપર મદાર બાંધી તહરેવાર અદવા તદવા બકવા મંડી જઈ, ર વગરનાં રમુજીપણુંનો આશરો લઇ છટકી જાય છે. પણ જો કોઇ બાહોશ માણસ તે વેળાએ તેઓને એટલોજ સવાલ કરે કે કહો શા માટે યુરોપની પ્રજા કે જેઓ તહમારા ઉસતાદ અને ગુરૂઓ છે તેઓ પોતાની સઘળી

ઉધરતી ઓલાદને પોતાનાં દેશની પાછળી અને આગળી બારીકમાં બારીક તવારીખી બીનાંથી માહીતગાર બનાવી અને પરવીણ કરે છે? શું તેઓની જુની તવારીખમાં અલંકારીક અથવા નહીં માંનવાંમાં આવે એવાં લખાંણો નથી? છે, પણ તેઓનો પોતાનાં વતન તરફનો ભકતી ભાવ એવોતો જોરાવર છે કે કદી પણ તેઓ તેવાં લખાંણોને રમુજનું રૂપ આપતાજ નથી.

જોકે હાલમાં મોટે ભાગે એ ભુલ પારસી કોમે સુધારવા માંડી છે, અને જગત વીખ્યાત મહાન ગ્રંથ શાહનાંમાંનાં એક નહીં પણ અનેક લખનારાઓ તરફથી ગુજરાતી ભાષાંતરો બાહર પડે છે, એ ખરી ખુશીની બીનાં છે, અને તેવા સમયમાં મી૦ "મશરેક" એક ખરેખરી ઇરાંની તવારીખની સેવા બજાવે છે (કારણ મી૦ "મશરેક" ઘણી સારી રીતે જાણે છે કે, આ પુષતકથી તેઓને જરાબી લાભ થવાનો નથી, કાગજ અને શાહીનાં આવા મોંઘવારીનાં અઇયાંમમાં કોઇબી કમાવાની આશા રાખી શકેજ નહીં, જ્યાં જાહેર વર્તમાંન પત્રોને દુઃખે પાપે દાહાડા લેવા પડે છે ત્યાં પુસ્તક પ્રગટ કરવાનું કયાંથીજ પરવડે?) સબબકે આ "જેહાંગીર નામાં" નો આજ સુધી કોઇએબી અલંકારીક તરજુમો કરેલો નથી. તે વાત મી૦ "મશરેક"ની જાણમાં આવતાં પુર હીમ્મતથી તેનો તરજુમો કરવાનું કામ ઉપાડી લીધું. વળી મી૦ "મશરેક"ની માતૃ ભાષા પણ ફારસી હોવાથી અને પોતે પુરાંની ઇરાંની ઓલાદનાં કદીમ જરથોસ્તી હોવાથી, આ કામ માટે એવણનું કયાંની લોહી જોશમાં આવે તેમાં જરાબી શક નથી, તેમજ એક અભ્યાસીનાં કરતાં એક જનમથીજ ભાષા જાણનારો તેને જેવો ઇનસાફ આપે તેવો બીજો કોઈ તે ભાષાનો "સ્કોલર" પણ ઇનસાફ આપી નહીં શકે.

તેમાં મી૦ "મશરેક"ની તરજુમો કરવાની ખુબીજ કાંઇ ન્યારીજ છે. મેં ઘણાએક વારતાનવેશોની અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં

તરજુમો થયલી વારતાઓ વાંચી છે; પણ મી૦ "મશરેક" જેવી રીતે "એડેપટેશન" કરે છે તેવી રીત મેં કોઇનાંબી તરજુમાંમાં જોઇ નથી, સીવાય એક મરહુમ કેખુશરો ન૦ કાબરાજી. મી૦ "મશરેક" જેબી તરજુમો હાથ ધરે છે તેને સદંતર નવીનતા આપી દે છે. ના, એટલુંજ નહીં, પણ અલંકારો પણ તદન નવાજ લગાડે છે. દાખલા તરીકે આએજ કેતાબનાં ૨–જા સફા ઉપર ખુબસુરતીનું બ્યાન કરતાં લખે છે કે "તેના ચહેરાપર ખુદ ખુરશીદજ જાણે ચમકી રહયો હતો" ૪૪ માં સફા ઉપર લશકરની સફનાં બ્યાનમાં લખે છે કે "તે લશકરોએ એવી તો સફ સમારી હતી (યાને હાલના જમાના પ્રમાણે બોલીએ તો લાઇન ગોઠવી હતી) કે જાણે પવનબી તે સફ તોડીને બાહાર નીકળી શકતે નહીં હતો."

પણ મી૦ "મશરેક" નાં નવીન અલંકારોની અને "એડેપટેશન" કરવાની ખરી ખુબીઓ તો જેમ આપણે આગળ વાંચીએ છીએ તેમ જણાય છે. અને તે અલંકારો વાંચનારના લોહીને ખુદરતી રીતેજ જોશમાં લાવે છે. ૭૧–માં સફા ઉપર મી૦ "મશરેક" નીચલા શબ્દો એક ઇરાની પેહેલવાનનાં મોઢાંમાં મુકે છે. તુરાની પહેલવાન બોલે છે કે "ઇરાન હાલ જે બુલંદ સર રાખે છે તે તે વખતે તુરાંની ગુલામ બની જશે અને પોતાના બુલંદ સરને ઝમીનપર નમાવીને સીઝદો કરશે."

તેજ વખતે ઇરાની પેહેલવાન જવાબ આપે છે "નહી! નહી!! ઇરાન ગુલામ બનીને તુરાનને સીઝદો નહી કરશે. હા! મગર સીઝદો કરશે તો ત્યારે, કે જયારે તુરાન મરી ગયલું હશે, અને તેનો જનાઝો ઉઠાવવાની તૈયારી કરવામાં આવતી હશે ત્યારે."

એનાં કરતાંબી સુરસ અલંકાર નામવર ઝાલ અને જેહાંગીરની વચ્ચે ચાલતી વાતચીતમાં જેહાંગીરનાં મોઢાંમાં મુકવામાં આવેલા શબ્દોમાંથી જડે છે. જેહાંગીર પોતાનાં બુઝર્ગવાર મુરબ્બી ઝાલને જણાવે છે, કે તમો આવા નાકદર અને મગરૂર શાહ કાઉસની શામાટે સેવા બજાવો છો "તમે એ વાત

જાંણોછ, છતાંબી તમે તે સંગદીલ શાહની આવી અંધારી થઇ ગયલી સીહારાત ઉપર તમારા સુંદર ચલકતા ચીરાગની રોશની નાંખીને તેનાં રસ્તાને કેમ ઉજાલો બનાવોછ? ના બનાવો, ના બનાવો, એ સુંદર ચીરાગને ફેરવી લેવ, અને પ્યારા સોહરાબને માટે કપટ વસાવનારં એ સંગદીલ શાહને અંધારામાં ગોતાં ખાવા દો."

એજ વેળાએ નામવર ઝાલેઝર જે બુલંદ દરજ્જાની રાજ ભક્તિ દેશ ભક્તિ અને ધર્મ અભીમાન દેખાડનારૂં ભાશણ કરે છે તે ખરેખર દરેકે દરેક રાજ્યોનાં વફાદાર વઝીરો તથા અમીરોએ મોંઢે કરી મનમાં ઉતારી તે ઉપર અમ્મલ કરવા લાયક નસીહતોથી ભરપુર છે.

અફસોસ ચાનવંત તે જમાનાનાં પુરાં થવા પછી જે નવા નવા રાજ સેવકો થયા તેઓએ જે જે કાળાં કરતુકો કર્યાં તેની યાદ આવતાં ઘણુંજ દુઃખ થાય છે. એકજ દાખલો ગુજરાતનો લેશું. કરણ વાઘેલાનો માધવ નામનો પ્રધાન હતો, એ રાજ-સેવક જાતનો નાગર બ્રાહ્મણ હતો. પરથમ તે નહી જણાયલાં ઠેકાંણેથી રખડતો ભીખ માંગતો ગુજરાતમાં આવ્યો અને ધીમે ધીમે તેણે કરણ રાજાનાં મન ઉપર અસર કરી, કરણ રાજાએ તેને સૌથી મોટાંમાં મોટી પદવી ઉપર ચઢાવી આખાં ગુજરાતનો પ્રધાન કર્યો! રેહેવાને માટે મેહેલ અને ઇનાંમોમાં હજારો ગામો આપ્યાં, પણ છેવટે તે કંગાલ ભીખારીએ એક સ્ત્રીને માટે ગુજરાત-ગરવી ગુજરાત-નું ખેદાન મેદાન કરાવી નાંખ્યું!! એ ચંડાળ માધવે કેવા કેવા ઘોર અપ્રાધો કર્યાં, કે તેનો નર્કમાંબી ઠાર નહી થાય. જો માધવને વેરજ લેવું હતું તો તે કરણ ઉપર લેવું હતું, નહીં કે ગુજરાત ઉપર! માધવે વીચાર કરવો હતો કે "ગુસ્સો કરૂં તો કરણ ઉપર, ગુજરાત કે જેને મને આશરો આપ્યો તેને અને હીંન્દુ ધર્મે મારૂં શું બગાડયું છે કે તેઓનું હું આવી નીરદય રીતે નાશ કરાંઉ?" અફસોસ જે વઝીરોમાં એટલીબી અકકલ નહીં તેવા

વઝીરો વઝીરાત તો શું? પણ એક હલકામાં હલકી ફરાસનીઓ પદવીને લાયકનાં નથી.

એથી ઉલટુંજ, નામવર ઝાલેઝરનું આવું ભયંકર નુકશાન થયું છતાં પોતાનાં પાદશાહ ઉપર કે પોતાંનાં દેશ ઉપર સ્હેજઓ ઝીનો નહીં રાખતાં તેની ચાલુ ખીદમત પોતાનાં આખ્ખાં ખાંનદાંનના જીવનાં જોખમે ચાલુ રાખી, જો કે શાહ કાઉસે સામે નરીમાંનનાં ખાંનદાંનને મોટામાં મોટું નુકશાન કર્યું તે છતાં ઝાલેઝર જેવો વફાદાર વઝીર જે રાજ ભકિત શાહ કાઉસ તરફ, ઇરાંન દેશ તરફ દેખાડે છે તે આએ હાલનાં જમાનાંને ખરેખરી નસીહત રૂપ છે.

વલી "મશરેક"ના અલંકારનો એક સુંદર નમુનો બીજોઓ છે, જે દીવસ અને રાતને વાસ્તે એ લેખકે લખ્યો છે. "મશરેક" ૧૩૧ માં સફાપર જણાવેછઃ

"ખુરશીદની તે દીવસની ફર્ઝ જયારે ખતમ થઇ, ત્યારે ફલકે પોતાના સર ઉપર સીહા તાજ પહેરી લીધું; તે પહેરવા જતાં એકાએક નુરમંદ આફતાબનો સુફેદ લીબાસ હાથમાંથી સરીને પડી ગયો, ત્યારે દુન્યાએ ગભરાઇને લાજ ઢાંકવા તુરતજ પાસે પડેલી કાલી ચદ્દર ઉંચકીને ઓઢી લીધીઃ મગર, દુર ઉભેલા માહાતાબે જયારે જોયું કે જેહાંનપર કાલી ચદ્દર શોભતી નહીં હતી, ત્યારે તેણે તુરતજ દોડી આવીને પોતાના હાથમાંનાં સુફેદ ચલકતા કસબને તે સીહા ચદ્દરપર ઠામ ઠામ ટાંકી લઇને ફલકને ખુશચહેર બનાવી, મતલબ કે તે દીવસ ખતમ થઇને રાત પડી, અને તે રાત ચાંદની રોશનીવાલી હતી"— આહા, શું સરસ અલંકાર છે! શું સરસ ભાષા છે, અને વાકયની રચના કેવી દીલપઝીર રીતે ગોઠવાયલી છે! "મશરેક" ની મીઠી ભાષાનો આ એક ઉમદા નમુનો છે.

એ સઘળાં ઉપ્રાંત બીજી એક બાબદમાં મી૦ "મશરેક" નું આ જેહાંગીર નામું આલા દરજજો ભોગવે છે, તે એકે આજ એક જમાન

કરતાંબી વધુ મુદતમાં ચાલુ પ્યાર મોહબ્બત અને તેવીજ બીજી વાહીયાત બાબદોથી ભરપુર સાહીત્ય, વારતા યા તવારીખી વારતાને નામે ચાલુ બાહેર પડતું રહયું છે અને પડે છે. નથી તેમાં જરાબી બોધ કે રહેજબી કાંઈ નવાંપણું, બસ એકનું એકજ ફલાંનાએ ફલાંનાંને ચાહયો, તેઓની મોહબ્બતમાં હરકતો ઉભી થઇ, દુઃખ સંકટો પડયાં, કોઇ બદકારે પાયમાલ કરવા માટે તેમાં વધારો કર્યો, પછી શું, તો કહે સુખો છેવટ. દરેકે દરેક વાર્તાઓમાં એનું એજ, સમજ નથી પડતી કે આવું સાહીત્ય બાહર પાડીને તેના લખનારાઓ કઇ સેવા બજાવે છે? કયું સારૂં પરીણાંમ લવવાની આશા રાખે છે? બલકે હું ખુલ્લા સવાલ પુછું છું કે, આજ ત્રીસ વરસોથી પારસી ગુજરાતી સાહીત્ય બાહર પડયું છે તેમાં કયો માલ સમાયલો છે? (જોકે હું સઘળાંનેજ કેહેવા માંગતો નથી તેમાં અપવાદ તો છેજ) પણ તેવા થોડાક અપવાદો સીવાય જે પારસી ગુજરાતી સાહીત્ય બાહેર પડયું છે તેને પારસી કોમમાં ખરેખરો બગાડો કર્યો છે, અને તેના પ્રત્યક્ષ પુરાવાબી નજર સામે હાજર છે, તવાઇને તાવર્દાન થઇ ગયલી પારસી ઉધરતી ઐાલાદે એજ ફરમાસુ સાહીત્યનો આભાર માનવાનો છે. તકલીફી અને ખોટા દેખાવો, પ્યાર મહોબ્બતને વીગેરેનાં ધારણ કરવા એજ માહાન સાહીત્યએ પારસી કોમની ઉધરતી ઐાલાદને શીખવ્યું છે. અદેખાઇ, હુંપણું, આળસાઇ, ખોટા ખોટા મોટા વીચારો, અને તેને પ્રતાપે "હીસ્ટીરીયા" જેવાં શરીર તથા મનને કચડી નાંખનારાં દરદો, અને એજ સાહીત્યને પારસી કોમે દાખલ કરી તેની જડ દીન ઉગે ઉંડી અને ઉંડી કરી આપી છે, એવાં નાશકારક સાહીત્યો હજારોની સંખ્યામાં બાહેર પડે તેનાં કરતાં "જેહાગીરનાંમાં" જેવાં થોડાંક દજન પુસ્તકો કોમની ખરેખરી સેવા બજાવશે.

આ મારાં મત સાથે આજે પારસી કોમનો પોણો ભાગ મલતો થશે, એટલી હદ સુધીનો 'કંગાલ સાહીત્ય' એ આબરૂદાર પુરાંની કોમમાં

ભયંકર સડો લગાડેલો છે. અને તેનાં પુરાવા દીન ઉગે વધુ અને વધુ પારસી કોમની આંખ આગલ ચાલુ આવતાજ રહે છે.

વળી આ પુસ્તક તદન સહીસલામત રીતે પારસી કોમનાં જવાંનડુબ્ચ્યાંઓનાં હાથમાં મુકવામાં આવે તો તેમાં સ્હેજબી વીચાર કરવાનો નથી. કારણ, નથી એમાં હવાઇ પ્યાર મોહબતના કીસ્સા, કે નથી એમાં હીચકારાં કાવત્રાં કરનારાંઓના વર્ણન, કે નથી એમાં જુઠ્ઠા-બચ્ચા-દગલબાજોની બાજી ગોઠવવાની રીત, કે જેવાં વાંચનોથી જરૂર કુમળાં મગજો ઉપર અસર થવીજ જોઇએ. તેનાં કરતાં આવા સાહીત્યથી બહાદુરી અને મરદાંનગીનો જોશ શરીરમાં દાખલ થાય છે, અને એકવાર લોહીમાં એવો જુસ્સો દાખલ થયો એટલે તે ગમે એવાં દુઃખ દરદોને બાળીને ભષમ કરે છે.

એથી મારૂં કેહવું એવું છે કે જે સખી સાહેબો કેળવણીને ચાહતા હોય તેઓએ આ મી૦ "મશરેક" નાં પુસ્તકને પોતે ઉત્તેજન આપવું, યાને તેવા સાહેબોના લાગવગ હેઠળના કેળવણી ખાતામાં કોઇ એવો વીષ્ય દાખલ કરાવી તેમાં જેઓ કોઇ છોકરો યા છોકરી ચઢતે નંબરે આવે તો આ પુસ્તક ઇનાંમ દાખલ આપવું, તેથી થશે એમ કે જેમ હમણાંના જવાનો ખુશનસીબે પોતાંનાં દેશનાં ઇતીહાસથી અને પોતાંની હાલની અને આગલી હાલતથી વાકેફગાર થશે તો તેઓને દરેકેદરેક બાબદમાં સંસાર, વેહવાર, નીતી, ધર્મ, સર્વેમાં એવાં સાહીત્યો મોટી મદદ કરનારા થઇ પડશે અને કુમળી વયથી મગજ ઉપર જે છાપ પડશે તે કદી પણ મીટી શકવાનો નથી, બલકે તેમાં દીન ઉગત વધારોજ થતો રહેશે, અને હમણાં જે જવાનો સ્હેજબી સંકટનાં સમયમાં પોતાંની જીંદગીને એક બોજા રૂપ સમજે છે તેઓ ગમે તેવી આફતની વેળાએ જીંદગીને એક મોજનું સાંધન સમજશે અને ત્યારે આ કાંઇ થોડા સંતોષની વાત નહીં કેહવાશે કે જે સાહીત્યથી ખરેખરાં હીમ્મતવાન સ્ત્રી પુરૂષો બનાવી શકાય. આપણે

મોહબ્બત કુથલાના ચાલુ સાહીત્ય મારફતે વાંચનારાંઓને કંઇબી ફાયદો પુગાડી શકયા નથી, ત્યારે હવે એક વાર એવાં કટલરી સાહીત્યને પડતું મુકી, જે સાહીત્યમાં ઉંચી "કેરેકટર" સાથે હીમ્મત, પોતાની ઉપર આધાર રાખવાનું, સંકટમાં ધીરજ ધરવાની અને સાધારણુ સાદી રીતે સંસાર નીભાવી જીંદગીને પુર ઝમક સાથે ફતેહમંદ બનાવી શકાય એવું "પાણી" હોય તેવાજ સાહીત્યનો ફેલાવો કરવો.

એવાં સાહીત્યો બાહેર પાડવા માટે લેખકોએ પોતાના લખાણુની વળણુ બદલી તેમાં ઉપલી મતલબનું સાહીત્ય ઉત્પન કરી તે કોમના હાથમાં મેલવું. આ મારાં લખાણુથી એમ નથી સમજવાનું કે કેવળ ધર્મ અને નીતીની ઉપર વાયજ આપતા હોઇએ તેવાં લખાણો કરવા. નહીં, તેવાં સાહીત્યથી ધારેલી અસર ઝીનહાર થવાની નથી, બલકે તેવું સાહીત્ય ઉલટું અલખામણુંજ થઇ પડશે, પણ સૌથી સરસ સાદી એબારતમાં સુરસ વાર્તાનાં રૂપમાં રમુજ સાથે ગંભીરાઇનો ટેક જાળવી વીવેકી વર્ણનની શૈલીને આધારે દરજાદાર લખણો કરવાં અને તેમાં એક ખરેખરા સ્ત્રીપુરૂષોમાં કેવાં લક્ષણો જોઇએ તેનું જુદી જુદી રીતે વર્ણન કરવું.

વળી, આ નામાંની અર્પણ–પત્રીકા કરતાને એક સાચ્ચા સદ્‌ગુણી સપુત દાખલ પુરવાર કરે છે. મી૰ "મશરેક" જો ચાહતે તો કોઇ જાહેર પુરૂષને અથવા કોઇ બસો પાંચસો નકલ ખરીદી આશરો આપનારને ઘણી સહેલાઇથી અર્પણ કરી શકતે; પણ નહીં, મી૰ "મશરેક" જોકે ગજવે ગરીબ છે છતાં દીલે તવંગર છે. પૈસાની પુજા નહી સ્વીકારતાં એવણે ફરજનું કરજ અદા કર્યું છે. એ એક ખરેજ વખાણુને પાત્ર કામ એવણે કર્યું છે. જેવા સંપુર્ણ ભકિત ભાવથી મી૰ "મશરેકે" પોતાનું આ જેહાંગીરનામું પોતાના જન્મ દાતાઓને અર્પણ કર્યું છે, તેવીજ રીતે બીજા લખનારાંઓ પોતાનાં આવીતરો તરફની ફરજને નહીં ભુલતાં તેઓના પવીત્ર નામો મી૰

"મશરેક" મારફત પોતાના લખેલા સુંદર ગ્રંથોમાં આમેજ કરે એવું મારૂં ઇચ્છવું છે.

વળી, આ પુસ્તકમાં મી૦ "મશરેકે" પોતાનાં એક મરહુમ મસીઆઇ ભાઇનો "ફોટોગ્રાફ" દાખલ કર્યો છે. જોણુવાં મેળે મરહુમ ભરંજવાન વયે બેહેસ્ત મુકામ પામ્યા હતા, મી૦ "મશરેક"ના તેઓ એક ખાસ વખાણનારા હતા, અને એક ઇરાની બચ્ચાને આવી સરળ રીતે ગુજરાતીમાં વાર્તા અને રમુજી ચોપડીઓ વગેરે લખતાં જોઇ ઘણુા ખુશી હતા. એવા એક પોતાના વખાણનારનો મુબારક ચહેરો પોતાના આ જેહાંગીરનામામાં દાખલ કરી એક ભાઇ દાખલની પવીત્ર ફરજ મી૦ "મશરેકે" અદા કરી છે.

વળી મી૦ "મશરેક" થોડાજ વખતમાં આએ જેહાંગીર નામાને અસલ ફારસી બેતોમાં ગુજરાતી હરફે છપાવી બાહાર પાડવા માંગે છે. આ એક ખરેખરૂં સ્તુતી પાત્ર કામ છે. કારણુ, ફારસી જેવી શીરીન જબાન આખ્ખી દુન્યાંમાં બીજી કોઇજ નથી, અને "ઝબાને ફારસી બ હરફે ગુજરાતી" માં જેહાંગીરનામું નીકળશે તેબી ઘણોજ સારો આશરો પામશે એવી મને સંપુર્ણ આશા છે.

મી૦ "મશરેક"ની ખાત્રી થઇ છે કે દીન ઉગે ઉધરતી પારસી ઓલાદ પોતાનાં અસલ વતન અને તેની પુરાંણી ભાષાનો વધુ અને વધુ અભ્યાસ કરે છે, નાં એટલુંજ નહીં, પણ આ દુનીયામાં બુલંદ દરજ્જો ભોગવી ગયલાં પોતાનાં પુરાતન વતન માટે જેબી કાંઇ જયાંથીબી મલે અથવા આડકત્રી રીતે જાણી શકાય એવુંબી હોય તો તે મેળવવા માટે પારસીઓ હવે ખરાં જીગરથી અને દીલનાં ઉંડા ચાહથી કોશીશ કરે છે, આવી ઉમદા લાગણી પારસીઓમાં આજે બારસો વરસ પછી પેદા થઇ છે, અને તેનું સઘળું માંન શાએરાંન શાએર ફીરદૌસી તુસી અનોશહેરવાંનને ઘટે છે. અગર જો તે શાએરોનો શાહ આ દુન્યામાં પેદા નહીં થયો હતે તો કદી પણ શાહનામું

રચાયું નહતે, અને જો શાહનામું રચાયું નહતે તો પારસી અથવા જરથોસ્તી જેવી કોમ કદી પણ જગત મશહુર થઇ શકતે નહીં. ના, એટલુંજ નહીં પણ પારસી જેવી એક ઘણીજ નહાની કોમ દુન્યાંની સપાટી ઉપર હસ્તી ભોગવે છે, એવું દુન્યાના થોડાંક લાખ માણસો સીવાય વધું કોઇ જાણી શકતે નહીં.—એ મુબારક ફાલનું શાહનામું જયારે લખાયું હશે ત્યારે લખતી વેળાએ બેહસ્ત રોશન શાએર ફીરદોશીએ કદી એવો ખ્યાલ વટીક કર્યો નહીં હશે કે મારૂં આ પુસ્તક એક હજાર વરષ પછી પારસી કોમનો એક સાચ્ચો રાહબર થઇ પડશે.

અફસોસ, કે એક જમાનાં અગાઉ એ માહાન તવારીખી શાહદતો ધરાવનારા ગ્રંથ તરફ પારસીઓએ ઘણીજ કઢંગી રીતે લાગણી દેખાડી હતી, પણ હાલમાં એક દાયકા ઉપરની મુદતથી તેઓ એ માહાંન ગ્રંથને ઓળખતાં શીખ્યા છે, બલકે ચાલુ જમાનાથી તેને એક ધર્મ પુસ્તક દાખલનું ઉત્તમ માન આપતાં શીખ્યા છે. વલી, કોઇ કહેશે કે એ તો વખતની બલીહારી છે, પણ નાં તેમ નથી, વખત કાંઇ જમાનાંઓને જીવતો કરતો નથી, તે તો જમાનાંઓનો કાળ છે, દર પલેપલ તે જમાનાંનો ભક્ષ કરતોજ જાય છે, અને તે ઉપરાંત બીજી જેબી કોઇ વસ્તુ તેનાં હાથમાં આવે છે તેને તે પોતાની વીકાળ દાઢનો સવાદ પુરેપુરો ચખાડી દે છે. ફકત એકજ ચીજની આગળ વખત નાચાર છે, તે તેનો કદી પણ નાશ કરી શકતો નથી ને તે ચીજ સચ્ચાઇ છે. પછી તે કોઇબી રૂપમાં હોય, જીવદાર યા નીરજીવ સચ્ચાઇજ ફકત વખત ઉપર સરદારી ભોગવી શકે છે, અને તેનો જીવતો પુરાવો આ શાહનામું છે. એમાં દરેકે દરેક બીનાં સચ્ચાઇથી ભરપુર છે. અને જયારે તેમ હતું ત્યારેજ જમાનાંઓ પછી તે પોતાનાં ક્રુર ટીક્કાકારોને પોતાનાં ભકિત ભાવના પ્રતાપ દેખાડી શકયું છે.

અને તે સચ્ચાઇનાજ પુર્ણ પ્રતાપથી આજનાં જમાનાનાં પારસીઓએ પોતાની કઢંગી ટીકકારૂપી વળણુ બદલી નાંખી આજે કોઇનાં પણ કહયાં વગર તેવાં લખાણોને પવીત્ર ગણી તેની ગોયા પુજા કરે છે.

હું મારી મુળ બાબદથી જો કે સ્હેજ વેગળો ગયો છું, છતાં અલબત્ત તેમ થવુંજ જોઇતું હતું. કારણ, આ જેહાંગીરનામુંબી એક એવીજ કીસમનું લખાણ છે કે જેવી રીતે શાહાનામું લખાયું છે. અને જ્યારે તેનું રૂપાંતર ફારસી જેવી શીરીન જબાનમાં ગુજરાતી હરફે બેતોમાં થવાનું છે ત્યારે તેને માટે અથવા પુરાણાં લખાણો માટે જેટલુંબી લખી શકાય તેટલું લખીને વાંચનારાંઓને વાકેફ કરવા જરૂરનું છે.

મી૦ "મશરેક" ને આ "જેહાંગીરનામાં" માટે અને એમના "ફારસી બેત અને ગૂજરાતી હરફ" ના નવા નીકળનારા "જેહાંગીર-નામાં" માટે પાક પરવરદેગાર ફતેહ બક્ષે એવી દુઆ હું ચાહુંછું.

લી૦ સેવક,

પેસતનજી બેરામજી ભેસાનીઆ.

મુંબઇ, તા૦ ૧ લી ફેબરવારી ૧૯૧૭.

જેહાંગીરનામાના અગાઉથી થયલાં ઘરાકોના નામોની મુબારક ટીપ.

આ પુસ્તક છપાઇ બ્હાર પડયું તે આગમજ મ્હારાં ઘણાંક મ્હેરબાનોએ એક તથા અનેક નકલો માટેનો પોતાનો ઓરડર નોંધાવ્યો છે, જે મ્હારાં ખયરખ્વાહોના મુબારક નામોની એક ટીપ હું હેઠલ રજુ કરૂં છું:

મરહુમ ભાઇ મરઝબાને નામદાર કુચેબીઓગીની અશો યાદમાં:

મરહુમ બહેસ્તનશીન ભાઇ મરઝબાન નામદાર મરઝબાન કુચેબી-ઓગીની અશો યાદમાં જૂદા જૂદા ધર્મખાતાઓમાં મોકલવા માટે બસો નકલ એમના પીતાજી, ભાઇ, અને બ્હેનોએ લીધી છે:

	નકલ.
મરહુમના પીતાજી શેઠ નામદાર મરઝબાન કુચેબીઓગી........	૧૦૦
મરહુમના ભાઇ શેઠ કૈખુશરો નામદાર મરઝબાન કુચેબીઓગી...	૫૦
મરહુમના બ્હેન બાઇ પરવીઝ રૂસ્તમ ખોદાદાદ કુચેબીઓગી......	૩૦
મરહુમના ભાઇ શેઠ અસપંદીઆર નામદાર મરઝબાન કુચેબીઓગી.	૧૦
મરહુમના બ્હેન બાઇ કેશવર મીનોચહેર અરદેશીર મોબારકાઇ...	૧૦

મરહુમ બાઇ ગુલબાઇ બરજોરજી હોરમસજી બારીઆની અશો યાદમાં:

મરહુમ બહેસ્તનશીન બાઇ ગુલબાઇ બરજોરજી હોરમસજી બારીઆની અશો યાદમાં જૂદા જૂદા ધર્મખાતાઓમાં મોકલવા માટે મરહુમના ધણી શેઠ બરજોરજી હોરમસજી બારીઆએ એકસો નકલ લીધી છે.

	નકલ.
શેઠ બરજોરજી હોરમસજી બારીઆ...	૧૦૦

મરહુમ શેઠ કાવસજી દીનશાહ એદનવાલાની અશો યાદમાં:

મરહુમ બહેસ્તનશીન શેઠ કાવસજી દીનશાહ એદનવાલા સી. આઇ. ઈ. ની અશો યાદમાં એમના બખ્તે બુલંદ બેટા શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એદનવાલા એમ. વી. ઓ. એ પચાસ નકલ લીધી છે.

	નકલ.
શેઠ હોરમસજી કાવસજી દીનશાહ એદનવાલા એમ. વી. ઓ....	૫૦

——:o:——

શેઠ દીનશા મહેરવાન ઇરાની—મુંબઇ	૫
શેઠ બહેરામ ખોદાદાદ ઇરાની—મુંબઇ	૫
શેઠ પેસ્તનજી કાવસજી સરકારી—બસરા...	૩
શેઠ પાહલનજી નશરવાનજી પંચકી—ઝાલરાપાટણ... ...	૨
શેઠ સોહરાબજી ખરશેદજી ધાંડી—મુંબઇ	૨
શેઠ ખરશેદજી ફરામજી ગોવાડીઆ—માલતલાસરી... ...	૨
શેઠ દોરાબજી મીનોચેહેરજી કાંગા—મુંબઇ...	૧

શેઠ ખોદાદાદ રૂસ્તમ ઈરાની—પુના	૨
શેઠ ભીખાજી સી. તવડીઆ—મુંબઇ	૨
શેઠ જેહાંગીરજી રૂ. રૂઆલા—રાંદેર	૨
શેઠ ડોસાભાઇ મેહેરજીભાઇ તારાપોરવાળા—એદન... ...	૨
બાંઇ પીરોજા પેસ્તનજી પીટીટ—મુંબઇ	૧
શેઠ દી. બેહેરામજી—મુંબઇ	૧
શેઠ ગોદરેજ કે. ઇરાની—મુંબઇ	૧
શેઠ જેહાંગીર નવરોજી કોંત્રાકટર— મુંબઈ...	૧
શેઠ બેહેરામ મેહેરવાન આદર—મુંબઇ	૧
શેઠ જમશેદજી માણેકજી શેઠના—મુંબઇ	૧
બાઇ ડોસીબાઇ સીરવાઇ—મુંબઇ	૧
શેઠ ભીખાજી સોરાબજી સરકારી—મુંબઇ...	૧
શેઠ એન. જે. પંથકી—મુંબઇ...	૧
શેઠ મહેરવાન ખુશરૂ ઇરાની—મુંબઇ.	૧
શેઠ પીરોજશાહ મેહેરવાનજી મર્ઝબાન—મુંબઇ	૧
શેઠ સોરાબ બેહેરામ ઇરાની—મુંબઇ	૧
શેઠ કેકોબાદ નવરોજી મોદી—મુંબઇ	૧
શેઠ નાદરશાહ હોરમસજી એલચીદાણા—મુંબઇ	૧
શેઠ બેરામજી હોરમસજી કબીર—મુંબઇ...	૧
શેઠ જેહાંગીરજી ધનજીભાઇ કંત્રાકટર—મુંબઇ...	૧
શેઠ જેહાંગીરજી ડોસાભાઇ ભીંવડીવાલા—મુંબઇ... ...	૧
શેઠ સોહરાબ શાપુરજી ઇરાની—મુંબઇ...	૧
શેઠ દાદાભાઇ માણેકજી શરાફ—મુંબઇ...	૧
શેઠ ફરામરોઝ નવરોજી ભંડારી—મુંબઇ...	૧
શેઠ નાદરશાહ નશરવાનજી બાલીમોરીઆ—મુંબઇ... ...	૧
શેઠ એદલજી કાવસજી દુબાશ—મુંબઇ...	૧
શેઠ નાનુ ન૦ ભરૂચા—મુંબઇ...	૧

બાઇ આઇમાય રૂસ્તમજી કોટવાલ—મુંબઇ... ... ... ૧
શેઠ મેરવાનજી ફરામજી વાંદરેવાલા—મુંબઇ... ... ... ૧
શેઠ અસ્પંદીઆર મહેરવાન ઇરાની—મુંબઇ... ... ... ૧
શેઠ શાવકશાહ મંચેરજી મીસ્ત્રી—મુંબઇ... ... ... ૧
શેઠ નવરોજી નશરવાનજી ભેદવાર—મુંબઇ... ... ... ૧
શેઠ શહેરીયાર મરઝબાન ઇરાની—મુંબઇ ૧
શેઠ પેસતનજી દી૦ કરંજીઆ—મુંબઇ... ... ... ૧
શેઠ રૂસ્તમ બેહેરામ ઇરાની—મુંબઇ... ... ... ૧
શેઠ ફરામરોઝ હોરમસજી પાવરી—મુંબઇ... ... ... ૧
શેઠ બાપુજી કાવસજી દુબાશ—મુંબઇ... ... ... ૧
શેઠ દી. એમ. વરકીંગબોક્ષવાલા—મુંબઇ ૧
શેઠ અરદેશર માણેકજી—મુંબઇ... ... ... ૧
શેઠ રૂસ્તમજી ફરદુનજી ઇરાની—મુંબઇ... ... ... ૧
શેઠ સોહરાબશાહ મંચેરજી મવદાંવાલા—મુંબઇ... ... ૧
શેઠ નવરોજી પાહલનજી પાવરી—મુંબઇ... ... ... ૧
શેઠ જીજીભાઇ મહેરવાનજી બતીવાલા—મુંબઇ ૧
શેઠ સોરાબજી દાદાભાઇ દુબાશ—મુંબઇ ૧
શેઠ બાપુજી બેહેરામજી દારૂવાલા—મુંબઇ... ... ... ૧
શેઠ કુંવરજી ધનજીશાહ કેરાંવાલા—મુંબઇ... ... ... ૧
શેઠ બેહરામશાહ મેરવાનજી પોસ્ટવાલા—નીમચ ૧
શેઠ દીનશાહજી હો. અંકલશરીઆ—આલોટ ૧
શેઠ બી. જી. ગોટલા—મુબેડ-પાચોરા... ... ... ૧
શેઠ રૂસ્તમજી સોરાબજી પટેલ—મઉ ૧
શેઠ કાવસજી હોરમસજી બાલાપોરીઆ--જહાંસી ૧
શેઠ શીયાવક્ષ જમશેદજી—ઇનદોર ૧
શેઠ કાવસજી એદલજી દોતીવાલા—અંડારા ... ...
શેઠ મંચેરશાહ એન. શરોફ—ભાવનગર ૧

શેઠ અરદેશર અસપંદીઆર ઇરાની—પુના ૧
શેઠ દારાશાહ શાપુરજી દેશાઇ—અમદાવાદ... ... ... ૧
મીસીસ રૂસ્તમ જે. વકીલ—અમદાવાદ ૧
શેઠ બાપુજી રૂસ્તમજી શરાફ—થાણા... ... ... ૧
શેઠ હીરજીભાઇ દીનશાહ—હેદરાબાદ—દખ્ખણ... ... ... ૧
શેઠ એદલજી ફકીરજી દારૂવાળા—દમણ ૧
શેઠ જેહાંગીરજી ગામડીઆ લાયબ્રેરીમાં—નવસારી... ... ૧
શેઠ ખુરશેદજી ફરાંમજી માદન—અમરીતસર ૧
શેઠ પેસ્તનજી એસ. ગીઆરા—ચાંદા ૧
મોબેદ દોરાબ સોરાબજી રાઓ—ઇનદોર... ... ... ૧
યંગ મેન્સ ઝોરાસ્ત્રીયન એસોશીએશનમાં—કવેતા... ... ૧
શેઠ એફ. સી. રૂસ્તમજી—હીપનઘાટ ૧
શેઠ કેકોબાદ સોરાબજી કેકોબાદ—અહમદનગર ૧
શેઠ મેરવાનજી એસ. વકીલ—અજમેર ૧
શેઠ બેહેરામ એફ. બારીઆ—નવસારી ૧
શેઠ ફરદુનજી જમશેદજી ભાઠેના—સીઓરાહી ૧
શેઠ રૂસ્તમજી શાપુરજી ધાભર—શોલાપુર... ... ... ૧
શેઠ દીનશાહ અસપંદીઆર પેનટર—કલકતા ૧
શેઠ એદલજી રતનજી—હાથરસ... ... ... ૧
શેઠ ફીરોઝ એપ. વાડીઆ—બલસાર... ... ... ૧
શેઠ હોરમસજી ફરામરોઝ દસ્તુર—રાજકોટ... ... ... ૧
શેઠ બેજનજી નાનાભાઇ વેલાતી—અમદાવાદ... ... ... ૧
શેઠ ફરામરોજ આદરજી તારાપોરવાલા—ધાર... ... ... ૧
શેઠ ગૂસ્તાદજી બરજોરજી બારીઆ—નવલગુંડ... ... ૧
શેઠ નાદરશાહ ખરશેદજી—પથાણકોટ... ... ... ૧
શેઠ બેહેરામજી ફકીરજી કાંદોદવાલા—રાજાપુર... ... ૧
શેઠ ધનજીશાહ જમશેદજી માસ્તર—કરાંચી... ... ... ૧

શેઠ જેહાંગીર એફ. પંથકી—કરાંચી... ... ...
મેસર્સ એસ. મંચેરજી એન્ડ કં૦—કોકનાડા... ... ... ૧
શેઠ રૂસ્તમજી બરજોરજી—ઉટાકામંદ... ... ... ૧
શેઠ પેસ્તનજી રૂસ્તમજી નેતરવાલા—ઉસમાનાબાદ... ... ૧
શેઠ હોરમસજી દાદાભાઇ સુતરીઆ—એદન... ... ... ૧
શેઠ અરદેશર પાહલનજી તારાપોરવાલા—યાદાગીરી... ... ૧
બાઇ હીરાંબાઇ બેજનજી દારૂવાલા—માથેરાન... ... ... ૧
શેઠ રૂસ્તમજી એમ. શરાફ—બલસાર... ... ... ૧
શેઠ ફરામજી રૂસ્તમજી ખોખરી—સરભોણ... ... ... ૧
શેઠ એમ. આર. બલસારા—દારજીલીંગ... ... ... ૧
શેઠ જમશેદજી ફરામજી જાલનેવાલા—પરભણી... ... ૧
શેઠ પેસ્તનજી હીરજીભાઇ વેસુના—ભુસાવલ... ... ... ૧
શેઠ હોરમસજી માણેકજી તારાપોરવાલા—થાણા ૧
બાઇ નવાજબાઇ આદરજી રાઓ—અમદાવાદ ૧
શેઠ રતનજી મેહેરવાનજી વાહડીઆ—બલસાર ૧
શેઠ રૂસ્તમજી પી. દાજી—મદરાસ ૧
શેઠ ફરામરોઝ પાહલનજી ભીલાડવાલા—ભીલાડ ૧
શેઠ હોરમસજી રતનજી ભમગરા—કોશી... ... ... ૧
કેપતન જે. બી. એદીબામ—ગવાલીયર ૧
શેઠ બેરામજી એદલજી ડુંગરીવાલા—ભાઇંદર ૧
શેઠ માણેકજી દોરાબજી તાડીવાલા—ઉદવાડા ૧
શેઠ શહેરિયાર ખોદાદાદ ઇરાની—કરાંચી... ... ... ૧
મીસ એસ. બી. દાવર—અહમદનગર ૧
શેઠ દીનશાહજી કાવસજી તારાપોરવાલા—ધરમપોર ... ૧
મોબેદ મંચેરજી શાપુરજી ભાથા—ગોલવડ ૧
શેઠ પાહલનજી જીવનજી ચાર્જમેન—લાલાગુડા ૧
મેજર કે. એમ. મીસ્ત્રી—પટીયાલા સ્ટેટ... ... ... ૧

મેસર્સ નશરવાનજી એંડ કંપની—શ્રીનગર—કેશમીર ... ૧
શેઠ જમશેદજી મેહેરવાનજી દારૂખાનાવાલા—શોલાપુર ... ૧
શેઠ નવરોજી દારબજી કાતરક—નવસારી ૧
શેઠ રતનશાહ કુંવરજી અટલુ—અટગામ ૧
શેઠ જેહાનગીર પેસ્તનજી ચોથીઆ—બલસાર ૧
શેઠ રતનજી બેજનજી પારખ—મઉ ૧
શેઠ કાવસજી એદલજી ગંદેવીઆ (લાયબ્રેરી)—ગંદેવી ... ૧
શેઠ નશરવાનજી બી. મેહેતા—તીરોદી ૧
શેઠ સોહરાબ દી. જાબુલી—સુરત ૧
શેઠ હીરાજી રૂસ્તમજી શરોફ—ફલીઆણી... ... ... ૧
શેઠ રૂસ્તમજી બરજોરજી નારીયલવાલા—ફલીઆણી... ... ૧
શેઠ રૂસ્તમ ખોદાદાદ ઈરાની—પુના... ... ... ૧
શેઠ મેરવાનજી બમનજી દુધી—નવસારી... ... ... ૧
શેઠ મેરવાનજી કોલાભાઇ બચા—દખ્ખણ હેદરાબાદ... ... ૧
શેઠ હોરમસજી એદલજી દીવવાલા—દીવ... ... ... ૧
શેઠ ફરદુનજી કાવસજી—દાહોડ—પંચમહાલ... ... ... ૧
બાઇ બાનુબાઇ સોરાબજી ચારના—મલીઆધરા... ... ૧
શેઠ મેહેરવાનજી માણેકજી ચોકીદાર—વ્યારા... ... ... ૧
મોબેદ બમનજી એદલજી કરંજીઆ—કરંજ... ... ... ૧
મીસીસ જરબાઇ દી. મારકર—કોલમબો... ... ... ૧
શેઠ ફરામરોઝ ભીખાજી બારીઆ—નીઝામાબાદ... ... ૧
શેઠ ખરશેદજી નવરોજી બીલીમોરીઆ—ગરદાસપુર... ... ૧
શેઠ ફરામરોઝ સી. વાડીઆ—ચામપરમ... ... ... ૧
શેઠ બરજોરજી કાવસજી દુબાશ—કરાંચી... ... ... ૧
શેઠ એદલજી નશરવાનજી વાડીઆ—તુમ... ... ... ૧
શેઠ અરદેશર દાદાભાઇ તારાપોરવાલા—તાલ... ... ... ૧
શેઠ સોરાબજી એદલજી ભંડારા—મુલતાન... ... ... ૧

શેઠ મેહેરવાનજી રૂસ્તમજી—કરાંચી... ... ... ૧
શેઠ હોરમસજી રતનજી ગગરાટ—કાનપોર... ... ... ૧
શેઠ ટી. હોરમસજી—રંગુન... ... ... ૧
શેઠ પીરોશા દાદાભાઇ કેલકચવારા—વાંસદા ૧
શેઠ બેરામજી બરજોરજી—મનોરી... ... ... ૧

ઓનરરી સેક્રેટરી રાયચંદ દીપચંદ લાયબ્રેરી—ભરૂચ... ... ૨૦
શેઠ બદરૂદીન અબદુલ્લા કુર—મુંબઇ ૧
શેઠ મોહમદભાઇ અબદુલ હુસેન—મુંબઇ... ... ... ૧
શેઠ શમશુદીન એમ. કાઝીજી—મુંબઇ ૧
શેઠ અહમદજી મુમનજી—મુંબઇ ૧
શેઠ મોહમદઅલી ઇસાજી લોટીઆ—કરાંચી ૧
શેઠ ફાજલભાઇ મહમદઅલી—કરાંચી ૧
શેઠ નજરઅલી સાલેહભાઇ—અમદાવાદ... ... ... ૧
શેખ દીનમોહમદ પોરબંદરવાલા—કીયાકિકમે ૧
શેઠ એમ. એમ. મીઠાની—મેમીઓ ૧
શાહ છોટાલાલ ચુનીલાલ—વડાલી ૧
શેઠ નથુભાઇ જીવાજી—પુના ૧
શેઠ એમ. જી. દુવારકાદાસ—મદરાસ ૧
શેઠ મોહમદ ઇસમાઇલ—નાગપુર ૧
શેઠ અકબરઅલી રજબઅલી—નરસીંગપુર ૧
શેઠ આદમ અબદુલ કરીમ—ધારવાડ ૧
શેઠ ગુલામહુસેન અબદુલહુસેન—કરાંચી... ... ... ૧
શેઠ આહમદ મુસાજી ભાઇમદ—રંગુન ૧
શેઠ હાસમ મહમદ બોદી—બરમા ૧
મીસીસ એલ. બી. વેલીનકર—પેલેસ—ગવાલીયર... ... ૧
નામદાર બાંસાહેબ શ્રી ગુલાબ કુંવરબા—જેસલમીર... ... ૧